વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
જાન્યુઆરી - ૨૦૧૬
અંક : ૪૫૨

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૧૧૦)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# NAVNEET® નાં તદ્દન નવાં શ્રેષ્ઠ ૩ પ્રકાશનો





કિંમત : ₹ 80.00

## મોહક બાળ નામાવલી

બાળકનો જન્મ થતાં જ ઘરમાં સૌને બાળકનું નામ પાડવાની મીઠી મૂંઝવણ થતી હોય છે. નામ સાંભળતાં જ ગમી જાય તેવું મોહક અને નવીનતાવાળું હોવું જોઈએ, એવી બધાની અપેક્ષા હોય છે. નામ અને તેનો અર્થ સ્પષ્ટ, રુચિકર તથા શુભ ભાવોને વ્યક્ત કરનાર હોય ને આપણે પસંદ કરેલું નામ અનોખું એટલું જ ભાવસભર હોય એવી જ આપણી મૂળભૂત ઈચ્છા હોય છે.

આ સર્વનો ખ્યાલ રાખી અહીં વિવિધ નામો પ્રચુરપણે રજૂ કરવામાં આવ્યાં છે.

## શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો




### હૃદય


ઈશ્વરની એક અદ્ભુત બક્ષિસ

કિંમત : ₹ 150.00

### તાળી–ચિકિત્સા પદ્ધતિ

(સ્વ–સંમોહન સહિત)

કિંમત : ₹ 40.00




NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address** : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**Phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd @Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

# વર્ષ : ૨૦૧૫માં પ્રકાશિત તાજગીસભર જીવનપ્રેરક અને આધ્યાત્મિક પુસ્તકો

## જીવનપ્રેરક લેખસંગ્રહો


| | | |
|---|---|---|
| રળિયામણા રિલેશન્સ | રોહિત શાહ | 150 |
| જિંદગી ના મિલેગી દોબારા | રોહિત શાહ | 150 |
| સંસારની સિતાર | દિનેશ પાંચાલ | 200 |
| મનના માયાબજારમાં | દિનેશ પાંચાલ | 200 |
| દિલકે ઝરોખોંસે | કામિની સંઘવી | 115 |
| સ્ત્રી-સંવેદનાની કશ્મકશ | અમિતા મહેતા | 180 |
| સુખનો સૂરજ | હિતેન્દ્ર જોશી | 150 |
| પ્રતીક્ષા | જિગ્નેશ ઠક્કર | 100 |
| જવાહરલાલ નહેરુ સાથે વાચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી | 20 |
| ગુણવંત શાહ સાથે વાચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી | 20 |
| મા | સંપા. સુબોધ શાહ | 100 |
| દિલ કે ઝરોખોં સે | કામિની સંઘવી | 115 |
| નારીવાદ : પુનર્વિચાર | રંજના હરીશ, વી. ભારતી હરિશંકર | 300 |
| Perents Know Best | Com. C. F. Patel | 100 |
| આપણા સમાજની વિવિધ વાતો | ઉપેન્દ્રભાઈ શાહ | 100 |
| આપણા જીવનની વિવિધ વાતો | ઊર્મિલ જાની | 100 |
| અક્ષર | મહેન્દ્ર ભાટિયા | 150 |
| જ્વાલા | મહેન્દ્ર ભાટિયા | 90 |
| જીવનસરગમ | બિન્દુબહેન કચરા | 150 |
| અમૃતપર્વ (વ્યાખ્યાનો) | સંપા. મોહન દાંડીકર | 225 |
| સંવેદનાનો તાર-1 (જીવનઘડતર શ્રેણી) | જ્યોતિ ભટ્ટ | 100 |
| સંવેદનાનો તાર-2 (જીવનઘડતર શ્રેણી) | જ્યોતિ ભટ્ટ | 100 |
| **અધ્યાત્મ સાહિત્ય** | | |
| શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન | આ. વાત્સલ્યદીપસૂરિ | 350 |
| ગીતા જીવનની આચારસંહિતા | ડૉ. મૃદુલા મારફતિયા | 180 |
| શ્રીમદ્ ભગવદ ગીતા | ગિરાબહેન મનુભાઈ ત્રિવેદી | 90 |
| સ્વને ભૂલો તો સ્વર્ગ | ગીતા રમેન્દ્ર પરીખ | 150 |
| મરિતે ચાહિ ના આમિ (શ્રી અરવિંદ અને ટાગોરની કાવ્યસૃષ્ટિ) | સંપા. રાજેન્દ્ર પટેલ | 180 |
| પિછાણ તારા પંડને | જી. કે. મંકોડી | 400 |























## ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

### ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, • અમદાવાદ • 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

### સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

### ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
• અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
• મેલ : gurjarprakashan@gmail.com


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
QUALITY CONTROL ORDER
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON
100% Safe Water
High Performance
Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય



# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**

**BHARAT B. GALA** **NAVINCHANDRA D. DEDHIA**

SRE

# Raju
ENTERPRISE

**RE - ROLLING / S. S. PATTA - PATTI**

**179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.**
**Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710**

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***— મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- પ્રજાસત્તાક દિન ........ **પ્રતાપ નારાણજી દંડ** ...... ૯
- શ્રદ્ધા સુમન : શ્રી હરખચંદ કુંવરજી સાવલાની વસમી વિદાય ........ ૧૦
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૧

**લેખ વિભાગ**

**પર્વ વિશેષ**

- મકરસંક્રાંતિ ........ **કમલેશ ચાવડા** .... ૧૨
- સૂર્ય ચિંતન ........ **કેશુભાઈ દેસાઈ** .... ૧૩

**કચ્છ વિશેષ**

- ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં — **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
  કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૯) ........ **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૧૫
- ગાથા આનંદપુરની ........ **ડૉ. દિનેશ જોશી** .... ૧૯
- કચ્છમાં ઔદ્યોગીકરણ ........ **હરેશ ધોળકિયા** .... ૨૪
- હેતાળ કચ્છીઓ 'ગામ નામકરણ'માં રેતાળ ભૂમિની
  શુષ્ક વનસ્પતિઓને ય ભૂલ્યા નથી........ **જગદીશ ચં. છાયા 'શ્રેયસ'** .... ૩૦
- પત્રીની પરગજુ - પ્રસિધ્ધ પ્રતિભા : ટોકરશી લાલજી કાપડિયા ........ **સંજય પી. ઠાકર** .... ૩૧
- દાસી ફરાક — ઝીંકણી ........ **માર્કન્ડરાય મહેતા** .... ૩૩

**ધર્મ**

- જૈન દર્શનના મુખ્ય અંશ - મારી સમજ પ્રમાણે ........ **કીર્તિચંદ્ર શાહ** .... ૩૫
- જૈનોના શ્રી ૧૦૮ તીર્થ (પ્રકરણ-૪)........ **શ્રીવિજયઇન્દ્રસેન સૂરીશ્વરજી** .... ૩૬
- હિંદુ, હિંદુ ધર્મ અને ગોરક્ષા ........ **'ગાંધીદષ્ટિ'** .... ૩૮
  **મો.ક. ગાંધીમાંથી સંકલિત**

**વાર્તા**

- ઝેમોર ભોકુ ........ **કેશુભાઈ દેસાઈ** .... ૪૧
- સ્વ. અંબાકાકી ........ **ડૉ. ચંદ્રકાંત મહેતા** .... ૪૪
- અવની ........ **ડૉ. સુધીર ચી. મોદી** .... ૪૬
- દિલના દિલાવર માણસો ........ **ડૉ. આઈ.કે. વીજળીવાલા** .... ૪૭

**આરોગ્ય**

- બાયપાસ કે કૃત્રિમ ડાયવર્ઝન ........ **સૌજન્ય : 'પંગુમિત્ર'** .... ૫૦
- શેરડી - દાડમનો રસ : આરોગ્યનો ખજાનો........ **સૌજન્ય : 'પંગુમિત્ર'** .... ૫૨
- બ્લડ-પ્રેશર કન્ટ્રોલ માટેની અકસીર ગાઈડ........ **ડૉ. બિમલ છાજેર, M.D.** .... ૫૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વિભૂતિ વંદના


- શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી ........ **મ. જો. પટેલ** .... ૫૪
- સ્ટીવ જોબ્સ ........ **લેખક : વોલ્ટર આઈઝેક્શન** .... ૫૭
  **અનુવાદ : દિલીપ ગોહિલ**


## સમાજ ચિંતન


- ભ્રષ્ટાચાર મુક્તિ માટે રાષ્ટ્ર ચેતના ........ **નરેન્દ્ર મોદી** .... ૫૯
- ભારતમાં શિક્ષણ અને કૌશલ્યનો વિકાસ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૬૮
- મોટી વયે લગ્ન : ઉચિત? અનુચિત....? ........ **જયવદન પટેલ** .... ૭૦
- ઉત્તમ ગતિ - માનવ ગતિ, ઉત્તમ ભવ - માનવ ભવ ........ **નીતિન એચ. સંઘવી** .... ૭૨
- સૃષ્ટિના આપવાના અને લેવાના નિયમની ચમત્કારિક અસર ........ **યશ રાય** .... ૭૩
- આંતરિક સ્વતંત્રતા : સર્વોચ્ચ મૂલ્ય ........ **માવજી સાવલા** .... ૭૪
- સત્ય વિનાનો શબ્દ નિરર્થક છે ........ **ચંદ્રહાસ ત્રિવેદી** .... ૭૫
- સ્વજનોના મૃત્યુ પ્રસંગે ........ **કુલીનકાંત ચાંપશી લુઠિયા** .... ૭૬
- સેમિનાર ........ **મહેન્દ્ર સા. દોશી** .... ૭૭


## સમાજની ક્ષિતિજો


- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૨૧
  લગ્ન કોણે ન કરવાં જોઈએ? ........ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૭૮


## ઇતિહાસ


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ (પ્રકરણ-૪૪)...... **પ્રતાપ નારાણજી દંડ** .... ૮૦


## ભૌગોલિક


- નવેમ્બર ૧૭ નો એ ઉલ્કાપાત ........ **સ્વ. પ્ર.ચુ. વૈદ્ય** .... ૮૨


## હળવાશની ક્ષણોમાં


- વિઠ્ઠલની વેદના ........ **શાહબુદ્દીન રાઠોડ** .... ૮૩
- બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૮૫


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૮૬
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૮૭
- જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૮૮
- *Nano Nine* શબ્દ રમત-૧૧૨ ........ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૮૯
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૯) ........ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૧
- વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૯૨
- સમાજ દર્પણ ........ ૯૫
- સંસ્થા સમાચાર ........ ૯૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૪
- ઊડતી નજરે ........ ૧૦૬


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## પ્રજાસત્તાક દિન

*– પ્રતાપ નારાણજી દંડ*

જાન્યુઆરી માસ એટલે ભારતના પ્રજાસત્તાક પર્વનો માસ. તા. ૨૬-૧-૧૯૫૦ના દિવસથી સ્વતંત્ર ભારતના બંધારણનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાય સમયથી ભારતના બંધારણ અંગે તથા તેના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતનું બંધારણ ઘડેલ તેનો વિવાદ ચાલે છે. પણ અત્યારે આ બાબત અસ્થાને છે. સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે આપણો હક્ક છે તથા ફરજ છે કે ભારતનાં બંધારણ અંગે જાણવું. પણ બંધારણને જાણવું કે સમજવું એ સામાન્ય પ્રજાજન માટે અઘરું છે. એટલે સામાન્ય નાગરિક તરીકે આપણી ફરજ છે કે બંધારણ પ્રમાણે વર્તવું.

ભારતના બંધારણમાં ઘણાં બધાં છીંડાં છે અથવા અમલદારો તેનું ખોટું અર્થઘટન કરી પ્રજાને લૂંટવામાં વ્યસ્ત છે. સંપૂર્ણ ભારતમાં તમામ સ્તરે લાંચરુશ્વતની બદી બેફામ વધી ગઈ છે. અમલદારો કોઈપણ જાતની લાજ શરમ રાખ્યા વગર રુશ્વત લઈ રહ્યા છે. હવે તો લાગે છે કે સરકારી કામોમાં જ નહીં પણ આપણા આંતરિક વ્યવહારોમાં પણ આ બદી પેસી ગઈ છે. લોકોને સહેલાઈથી પૈસાદાર થઈ જવું છે. આપણા બંધારણમાં આ બદીઓ તથા અન્ય ગુનાખોરી માટે કોઈ એવી કડક જોગવાઈ નથી કે જેથી ભયભીત થઈ લોકો ભ્રષ્ટાચાર ના કરે. દરેક સ્તરે નૈતિકતાનું અધઃપતન થતું જાય છે અને આ બધા માટે ફક્ત અમલદારો જ નહીં, આપણે સૌ જવાબદાર છીએ. લોકો પોતાનાં કામો ત્વરિત કરાવવા માટે સહેલો રસ્તો અપનાવે છે. ડગલે ને પગલે આપણે પોતે જ એક અથવા બીજી રીતે જાણતાં કે અજાણતાં ભ્રષ્ટાચારને પોષી રહ્યા છીએ. આવી રીતે તો ભ્રષ્ટાચાર ઘટવાને બદલે વધતો જ જાય છે.

તારીખ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના પ્રજાસત્તાક દિવસે જ સમગ્ર ગુજરાતમાં ગોઝારો ભૂકંપ આવેલ હતો. આજે એ દિવસને પંદર વર્ષ પૂરાં થાય છે. વિસર્જનમાંથી નવસર્જન થાય છે. ભૂકંપથી કચ્છને ખૂબ જ નુકસાન થયું. આશરે ૨૦,૦૦૦ વ્યક્તિઓ મરણ પામી, જે ખોટ કદી પુરાઈ શકે નહીં. તે ઉપરાંત માલ-મિલ્કતની જે ખાનાખરાબી થઈ તે પછી કચ્છનું જે નવસર્જન થયું તે ખૂબ જ અપ્રતિમ છે. પહેલાંથી જ આપણો કચ્છ દેશ-વિદેશમાં ઘણી બધી બાબતો માટે પ્રખ્યાત છે પણ ભૂકંપ પછી કચ્છ સોળે કળાએ ખીલીને વિકસી રહ્યો છે. તેથી વિશ્વમાં વિખ્યાત થઈ ગયો છે. હવે આપણી ફરજ છે કે કચ્છના સર્વાંગી વિકાસની પ્રક્રિયા અવિરત ચાલતી રહે તેવા આપણે પ્રયત્નો કરતા રહીએ.

આજે ભારતના પ્રજાસત્તાક દિવસે આપણે બીજું કંઈ ન પણ કરીએ તો પણ એટલું પ્રણ તો લઈ જ શકીએ કે આપણે આપણાં કામ કરાવવા માટે ક્યારે પણ લાંચ રુશ્વતનો સહારો લઈશું નહીં. કદાચ સમજદાર લોકો એવું પ્રણ લે તો પણ ભ્રષ્ટાચારને નાથવામાં કેટલેક અંશે સફળતા મળી શકશે. દેશના વડાપ્રધાને સ્વચ્છ ભારતનો નારો આપેલ છે પણ અત્યારે બહારની સફાઈની સાથે આપણી આંતરિક સફાઈ, વિચારોમાં સફાઈ કરવી અત્યંત આવશ્યક છે. આંતરિક સફાઈ થઈ જશે તો લોકોના વિચારો સારા થશે. દેશ પ્રત્યેનો ભાવ જાગી જશે તો દેશમાંથી ચોક્કસ ભ્રષ્ટાચાર ઓછો થઈ જશે અને ખરા અર્થમાં સ્વચ્છ ભારત બની શકશે.

તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રીએ પણ 'મનની ગંદકી' દૂર કરવાનું કહ્યું હતું કે કેટલું સૂચક છે! ૨૬મી જાન્યુઆરી એ આપણું રાષ્ટ્રીય પર્વ છે. પ્રજાને તે દિવસથી સાચી સ્વતંત્રતા અને સત્તા સાંપડી હોઈ એ આપણા ઇતિહાસનું સોનેરી પૃષ્ઠ છે. આપણે એની ઈજ્જત જાળવવા અને વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધારવા યત્કિંચિત ફાળો આપી શકીએ તો આપણું ભારતીય હોવું સાર્થક લેખાશે. વળી ભારતમાં સાવ આથમણે ખૂણે પડેલો કચ્છ પ્રદેશ તો સદીઓ - સહસ્રાબ્દીઓથી એની સાહસિકતા અને અપ્રતિમ આત્મબળ માટે જાણીતો છે. એને ભલભલા ભૂકંપ નથી ડગાવી શક્યા કે વાવાઝોડાં નથી નમાવી શક્યાં. ફિનિક્ષ પંખીની જેમ એનામાં રાખમાંથી બેઠા થવાની ચમત્કારિક શક્તિ છે. આપણે એ પરંપરાગત ઓજસ અને તેજસનો વારસો જાળવવાનો સંકલ્પ લઈએ તે જ આપણા દિવંગત ભાઈભાંડુઓના આત્માને સાચી શ્રદ્ધાંજલી લેખાશે.

*૬, મુદ્રા એપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

# શ્રદ્ધા સુમન

## શ્રી હરખચંદ કુંવરજી સાવલાની વસમી વિદાય



### શ્રી હરખચંદ કુંવરજી સાવલા

**(કચ્છ તલવાણા – મુંબઈ, ગાંધીનગર - કેલિફોર્નિયા)**

**જીવન સફર : ૧૯૪૮-૨૦૧૫**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કર્મનિષ્ઠ ટ્રસ્ટી અને દાતાશ્રી હરખચંદ કુંવરજી સાવલાનું તા. ૩-૧૨-૨૦૧૫ના રોજ અમેરિકા ખાતે નિધન થયેલ છે.

શ્રી હરખચંદ કુંવરજી સાવલાનું જીવન બહુમુખી પ્રતિભાસંપન્ન હતું.

શ્રી હરખચંદભાઈનું શરૂઆતનું શિક્ષણ મુંબઈ તેમજ કચ્છમાં થયું. I.I.T. માં પ્રવેશ મેળવી B.Tech. (Electrical Engineering) ની ડિગ્રી પ્રાપ્ત કરી. આ કુટુંબ તેમજ ગામ માટે ગર્વની વાત હતી. Self Entrepreneurshipનું સ્વપ્ન ધરાવનાર, મુંબઈમાં થોડાં વર્ષનો અનુભવ મેળવી તેમણે અમદાવાદ અને પછી ગાંધીનગરમાં "Savla Circuits"ની સ્થાપના કરી. ઈન્ડસ્ટ્રીમાં બેસ્ટ ક્વોલિટી PCB મેન્યુફેક્ચરિંગ કરનાર અને ફ્લેક્સીબલ PCBના પાયોનીયર તરીકે એમની પોતાની એક સફળ ઈન્વેન્ટર અને બિઝનેસમેન તરીકે આગવી છાપ ઊભી કરી. તેમનાં ધર્મપત્ની મંજુલાબેનનો, ધર્મપત્ની તરીકે જીવનના દરેક ક્ષેત્રમાં એમને સંપૂર્ણ સાથ સહકાર મળ્યો. બેઉ એકમેકના પૂરક બલકે પડછાયા જેવાં - આદર્શ દંપતી.

જીવનમાં સતત જ્ઞાનની શોધ કરનાર, બાળ-ઉછેર, પોષણ, ધર્મ, કેન્સર અને ગોલ્બલ વોર્મિંગ જેવા વિવિધ વિષયો તેમને મનપસંદ હતા. તેમને પોતાને કેન્સર હતું. જેને એક તક અને ચેલેન્જની જેમ સ્વીકાર કરી એમણે કેન્સર વિષે ઘણું સંશોધન કરી "Answer to Cancer" પુસ્તક પબ્લિશ કરાવ્યું. આ ઉપરાંત 'Cosmos', 'ભૂમિ સંસ્કાર', 'મારી તતુડી' જેવાં અનેક બીજાં પુસ્તકોનું હજારોની સંખ્યામાં છપાવીને જાગૃતિ લાવવા માટે ભેટ તરીકે વિતરણ કર્યું. ઉચ્ચ શિક્ષણ માટે સમાજના મોટા દાનવીર અને સફળ સલાહ સૂચન આપનાર તરીકેની છાપ ઊભી કરી. ગાંધીનગરમાં એમની પ્રતિષ્ઠા ઉચ્ચ કક્ષાના બુદ્ધિજીવી વિચારક તરીકેની ઊપસી હતી.

બાળકો સાથે સમય વિતાવવો એમનો અતિપ્રિય શોખ હતો. બાળકોનું મનોવિજ્ઞાન (Psychology) સમજી, તેમની સાથે કેવી રીતે વાતો કરવી, રમવું અને રડતા બાળકને શાંત કરવું એ બહુ સહજ અને સરળતાથી કરી શકતા. બાળકોનું એવું તો મન મોહી લેતા કે એમના આવવાની, બાળકો આતુરતાથી રાહ જોતા. માટે જ તે બાળકોના લાડીલા નાના, દાદા, બાપા, બલૂનવાળા અંકલ, જાદુવાળા ચાચા તો કોઈના ગોડફાધર બન્યા.

કેન્સર જેવા રોગને હસતા મુખે સ્વીકારી, એ કહેતા કે ‘This is a happiness tumor. I am the happiest man in the world.’ એમના આ પોઝિટિવ વિચારથી ઈમ્પ્રેસ થઈ ‘San Francisco Gate’ ન્યુઝ પેપરે ફ્રન્ટ પેજ પર એમના આર્ટીકલ પ્રસ્તુત કર્યો. પોતાને કેન્સરમાં જે દવા કામ લાગી હોય એ લોકોને કેવી રીતે પહોંચતી કરવી તે હંમેશાં વિચારતા. CoQ10 દવા લાખોને વાજબી કિંમતે પહોંચાડવા માટે તેમણે જાતે મેન્યુફેક્ચરિંગ અને ડિસ્ટ્રીબ્યુશનની જવાબદારી ઉપાડી અને પૂરી કરી. આ રીતે સફળ એન્જિનિયરમાંથી લોકોના મોઢે “Dr. Savla”ના નામે જાણીતા થયા.

શ્રી હરખચંદભાઈ સાવલા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઘણાં વર્ષોથી ટ્રસ્ટીપદે કાર્યરત હતા. તેઓ સમાજનાં જુદાં જુદાં કાર્યો માટેની સમિતિના સલાહકાર રહ્યા. તેમજ તેમણે સમાજનાં અનેક કાર્યો માટે ઉદાર હાથે મદદ કરીને કાર્યોના વિકાસ માટે સતત સતર્ક રહ્યા. આ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમનું સદાયને માટે ઋણી રહેશે.

જીવનની છેલ્લી ક્ષણો એમણે અમેરિકામાં પોતાના પરિવારની સાથે સુખ શાંતિથી વિતાવી. મુખ પર એવું સ્મિત કે જાણે સફળ જિંદગી જીવી હોય એનો ભારોભાર સંતોષ.

પરમ કૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે કે સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • તા. ૧૩-૧-૨૦૧૬ સાંજે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | વયસ્ક સમિતિને ૧૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે એક કાર્યક્રમ. |
| • તા. ૧૭-૧-૨૦૧૬ બપોરે ૩.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | “Positive Parenting” વિષે સેમિનાર શ્રીમતી રચના દલાલ દ્વારા. (૩થી ૯ વર્ષના બાળકોના વાલીઓ માટે) |
| • તા. ૨૬-૧-૨૦૧૬ સવારે ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ. |
| • તા. ૩૧-૧-૨૦૧૬ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | તબીબી સેવા સમિતિ | બાળ આરોગ્ય કેમ્પ (નિઃશુલ્ક) |
| • તા. ૩-૨-૨૦૧૬ બપોરે ૨.૩૦ વાગ્યાથી | બેકર્સ સ્ટુડિયો - અમદાવાદ | મહિલા ઉત્કર્ષ સમિતિ | લેટેસ્ટ સ્પેશિયલ બેકરીની વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન. |
| • તા. ૨૪-૨-૨૦૧૬ સવારે ૬.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | મોડાસા ખાતે એક પ્રવાસ. |
| • ફેબ્રુઆરી-૨૦૧૬ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | તબીબી સેવા સમિતિ | ‘ડિપ્રેશન’ વિષય અંગે એક વર્કશોપ. |

પર્વ વિશેષ

# મકરસંક્રાંતિ

• કમલેશ ચાવડા •

૧૪મી જાન્યુઆરીએ આવતી મકરસંક્રાંતિનું ભારતમાં વિશેષ મહત્ત્વ જોવા મળે છે. ભારતના વિવિધ પ્રાંતોમાં આ પર્વ વિશિષ્ટ રીતે ઊજવાય છે. તેથી જ આ પર્વ ભારતના એક પ્રાંત પૂરતું મર્યાદિત નથી પણ સાર્વત્રિક છે.

ગુજરાતમાં મકરસંક્રાંતિનું આ પર્વ ધાર્મિક રીતે તો પળાય છે સાથે સાથે વિશિષ્ટ રીતે 'પતંગોત્સવ' તરીકે પણ ઊજવવામાં આવે છે.

આ એક એવો ઉત્સવ છે જે અંગ્રેજી કેલેન્ડર માસની ચોક્કસ તારીખે આવે છે. એ સમયે વિક્રમ સંવતનો પોષ માસ હોય છે. ૧૪મી જાન્યુઆરીએ ખગોળશાસ્ત્ર મુજબ સૂર્ય મકર રાશિમાં પ્રવેશે ત્યારે તે ઉત્તર તરફ ગતિ કરે છે. આ કારણે આ દિવસને 'ઉત્તરાયણ' કહેવાય છે. શરદ ઋતુ સમાપ્ત થાય છે અને શિશિરઋતુનો આરંભ થાય છે. આ ઉત્સવના ધાર્મિક માહાત્મ્ય ઉપરાંત વૈજ્ઞાનિક માહાત્મ્યનો ખ્યાલ આપનાર રિવાજો પ્રચલિત છે.

મકર સંક્રાંતિના દિવસે તલના લાડુ તેમજ તલની વિવિધ વાનગીઓ ખાવા-ખવડાવવાનો, ગુપ્તદાનમાં વહેંચવાનો રિવાજ છે. આ દિવસે ગાયોને ઘાસચારો, રજકો તથા દાણા વગેરે ખવડાવવામાં આવે છે. ગરીબોને અન્ન, વસ્ત્ર વગેરે હોંશે હોંશે દાનમાં આપવામાં આવે છે.

ઉત્તરાયણ એ ગુજરાતીઓનો અતિપ્રિય તહેવાર છે. ગુજરાતના લોકો વહેલી સવારથી જ પતંગ ચગાવવાની શરૂઆત કરી દે છે. શહેર હોય કે ગામડું, ગલીઓ, પોળો, સોસાયટી, બંગલા, ફ્લેટનાં ધાબાં ઉપર કે ખુલ્લા મેદાનમાં વિશાળ માનવ મહેરામણ જોવા મળે છે. અવનવા વેશપરિધાન, મેક-અપ કરીને અવનવી રંગબેરંગી કેપ કે સ્ટાઈલિશ ગોગલ્સ ધારણ કરીને બાળકોથી લઈને વડીલો પતંગયુદ્ધની જે-તે ધાબાપાર્ટીમાં જોડાય છે. 'એ...લપેટ... કાપ્યો...છે...'ના હર્ષનાદો ગુંજી ઊઠે છે. ઉત્તરાયણની ઉજવણી કરવા માટે ઢોલ, બ્યૂગલ, થાળીની સાથે ડી.જે. ટેપરેકોર્ડર, મ્યુઝિક સિસ્ટમના તાલે ઠુમકા લગાવતાં લગાવતાં પતંગની મજા માણે છે. આખું આકાશ વિવિધ પ્રકારની રંગબેરંગી પતંગોથી ભરાઈ જાય છે. રાત્રે પણ 'ટૂકલ' તરીકે ઓળખાતી પતંગો ચઢાવવામાં આવે છે. આકાશમાં ઠેર ઠેર તારોડિયાંની જેમ પ્રકાશ વેરતાં ટુક્કલ ઝગમગી ઊઠે છે.

આ દિવસે ઊંધિયું, જલેબી તથા તલપાપડી (ચીકી)નું ખાસ મહત્ત્વ હોય છે. આ ઉપરાંત ચણીબોર, ખારેકબોર, જામફળ, શેરડી વગેરે પણ ખરાં.

ગુજરાતમાં અમદાવાદમાં જાન્યુઆરી મહિનામાં તા. ૧૩, ૧૪, ૧૫ના દિવસોમાં અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાય છે. આ મહોત્સવમાં ભારતનાં રાજ્યોમાંથી તથા વિદેશમાંથી પતંગબાજો અમદાવાદમાં પતંગો ચગાવવા તથા વિવિધ જાતની વૈવિધ્યસભર રંગબેરંગી પતંગો બનાવવાની હરીફાઈમાં ભાગ લેવા ઊતરી પડે છે.

મકરસંક્રાંતિ પર્વ પતંગોત્સવ સાથે ધાર્મિક - સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે. ભારતીય સંસ્કૃતિમાં દરેક પર્વોનું આયોજન સહેતુક હોય છે. જીવનની નરી સ્થૂળતામાં જ રમમાણ રહી નર્યો ભૌતિક આનંદ લૂંટવાનો વિચાર પર્વોમાં અગ્રાહ્ય છે. આથી જ તો પર્વ પ્રસંગે આધ્યાત્મિક સાધના, દિવ્ય સંકલ્પ લેવાય, સુમિલન દ્વારા વ્યક્તિલક્ષીને બદલે સમાજલક્ષી ઉત્થાન થાય એવા કાર્યક્રમો યોજાય છે. મકરસંક્રાંતિ પર્વ પણ કંઈક આવી જ પાર્શ્વભૂમિકા ધરાવતું પર્વ છે. પ્રાચીમાં પ્રગટતા ભગવાન સવિતાનારાયણ ગૈરિક ધ્વજ ફરકાવતા ચોમેર વિજયસંદેશ પ્રસરાવે છે. આપણે ભારતવાસી સૂર્યના - તેજના ઉપાસકો છીએ. આથી એ દેવનાં દર્શન થતાં આપણી કવિતામય વાણી મુખરિત થાય છે. આપણે બધા એ પ્રેરણાપુંજને આ પર્વ નિમિત્તે અર્ઘ્ય પ્રદાન કરી જીવનના સમસ્ત તમસને નષ્ટ કરી, દૃષ્ટિ અને સૃષ્ટિને તેજથી વિભૂષિત કરવા પ્રાર્થના કરીએ છીએ.

મકરના સૂર્યનું ભ્રમણ ઉત્તર ભણી
લોપશે યામિની, તાપશે દિનમણિ,
અંધકાર હરી, વિશ્વ તેજે કરી
સૃષ્ટિ સંકેત આ – પ્રગતિ કર માનવી.

મકરસંક્રાંતિ પર્વના મંગળ દિવસે ભગવાન સૂર્યનારાયણ મકરમાં સંક્રાંત કરતા હોવાથી તડકાનો ટાઢ ઉપર, પ્રવૃત્તિનો નિદ્રા પર વિજય પ્રસ્થાપિત થાય છે. દક્ષિણના બંદીવાસમાં પડેલા સહસ્રરશ્મિ તિમિરનાં આવરણો નષ્ટ કરી મુક્તિની લહેર પ્રસરાવે છે, ત્યારે રાષ્ટ્રચેતના જાગૃત થતી લાગે છે. એટલું જ નહિ, પણ તે પછી દિનપ્રતિદિન તેની શક્તિ અને સામર્થ્યના દર્શન થતાં રહેશે એવો ઉમળકો જાગે છે.

આ પર્વ નિમિત્તે ભારતીયો એકમેકને સ્નેહ અને માધુર્યના આદાનપ્રદાન રૂપી તલગોળની આપ-લે કરે છે. સૂર્ય પાસેથી તેજસ્વિતા પ્રાપ્ત કરી, એકમેક સાથે પ્રેમ અને સ્નેહની વહેંચણી કરી, ઠંડીની પ્રખરતા સહી, ઠંડી તાકાતથી થનગનતા રાષ્ટ્રપુરુષની ભવ્યતા, તેજસ્વિતા અને શક્તિ સંપન્નતા હંમેશ માટે પ્રભાવશાળી જ રહે. આજના મંગળ પરોઢે ભારતીય સરસ્વતીનો સંગમ રચનાર પુણ્યસરિતા ગંગા-યમુનાના તીરે સ્નાન અને દાનનું માહાત્મ્ય છે. ધર્મભગિની યમુનામાં સ્નાન કરનારને 'યમ' પણ સ્પર્શતા નથી - અર્થાત્ 'મૃત્યુ'થી બચે છે. એ જ રીતે ગંગામાં સ્નાન કરીને પાવન થનાર દીનહીન રહેતો નથી. આમ પવિત્ર નદીસ્નાન કરનાર ભારતીયોને આગવી અસ્મિતાની દીક્ષા પ્રાપ્ત થાય છે.

આમ મકર સંક્રાંતિનું પર્વ માનવને સંદેશ આપે છે કે –

***સમય વીતી ગયો, આરામ વિશ્રામનો,***
***સમય પાકી ગયો, કામ ઉદ્યોગનો,***
***ફરજ તણી જાગૃતિ, તેજપંથી બનો,***
***સૃષ્ટિ આદેશ આ – પ્રગતિ કર માનવી.***

# સૂર્યચિંતન

• કેશુભાઈ દેસાઈ •

ઉત્તર શબ્દમાં જ ઊર્ધ્વતાનો સંદર્ભ છુપાયેલો છે. ઉત્તરાયણ એટલે ઉત્તર દિશા તરફની ગતિ. ઉત્તરાયણ કેવળ સૂર્યને જ નહીં, માનવી માત્રને ગમે. કારણ કે એ ઊર્ધ્વપ્રયાણ છે. ઉપર તરફની યાત્રા છે. ભારતીય સંસ્કારોમાં પૂર્વ જેટલો જ, બલકે એથીય અદકેરો મહિમા ઉત્તર દિશાનો છે. કારણ કે કૈલાસ ઉત્તરમાં છે. હિમાલય અને એને ખોળે પાંગરેલાં તીર્થો અને ગંગા-યમુના-સરસ્વતી, સિંધુ કે બ્રહ્મપુત્ર અને માનસરોવર એ ઓતરાદી દિશામાં આવેલાં છે. કાકાસાહેબ 'હિમાલયનો પ્રવાસ' લખીને અટકી જતા નથી. એ 'ઓતરાદી દીવાલો'ની વાત પણ માંડે છે. લોકમાતા ગંગાનું વર્ણન કરતાં એ કેવા મુગ્ધ બની જાય છે! પોતાને ધર્મનિરપેક્ષ નેતા તરીકે ઓળખાવવા જીવનપર્યંત પ્રયત્નશીલ પંડિત જવાહરલાલ નહેરુ ગંગાને જોઈને ઘેલા થઈ જતા હતા. યુવાવયે એમણે કૈલાસ માનસરોવરની સાહસિક યાત્રાની તૈયારીઓ કરેલી. એમનું કૈલાસયાત્રાનું સોણલું અધૂરું રહી ગયાનો વસવસો એમની આત્મકથા વાંચનાર પણ આબેહૂબ અનુભવી શકે એવો તીવ્ર છે. મરતાં મરતાં એમણે પોતાનાં અસ્થિ હિમાલયનાં શિખરો પર વિખેરી દેવાનું અને પવિત્ર ગંગામાં વહેવડાવી દેવાનું વીલ કર્યું તે શું સૂચવે છે? આત્માની ઊર્ધ્વગતિના પ્રતીક પંથે પાંડવો હિમાળે હાડ ગાળે છે અને ઋષભદેવ કૈલાસ ('અષ્ટાપદ')ને ચરણે દેહના બંધ છોડે છે. ઉત્તરનો કોઈ ઉત્તર નથી. એ લા-જવાબ છે. ખગોળની ભાષામાં સૂર્ય - માત્ર એક - સ્વયંપ્રકાશિત તારો છે. સૃષ્ટિ એની આસપાસ ફેરફુદરડી ખાય છે. દૃષ્ટિભ્રમને લીધે સૂર્યનારાયણ ફરતા લાગે છે. પૃથ્વી સ્થિર લાગે છે! ક્યારેક ગૅલિલિયોને આટલું જ સત્ય બોલવા બદલ આકરી, જીવલેણ સજા વેઠવી પડી હતી. આપણા આર્યભટ્ટ કે ભાસ્કરાચાર્યને એ સત્ય ઘણું વહેલું લાધ્યું હતું. એનો ક્યાંય પ્રતિકાર થયાનું જાણમાં નથી. પરંતુ આપણે મૂળભૂત રીતે કવિતા જીવનારી પ્રજા છીએ. તેથી સૂર્યને આગનો ગોળો ગણવાનું આપણને ફાવે જ નહીં. એ તો જાગતો દેવતા છે : સૂર્યનારાયણ છે. ઋષિએ એને ફક્ત तमोऽरि – અંધકારનો શત્રુ કહીને સંતોષ નથી માની લીધો. એણે સૂર્યને 'सर्वपापघ्न' – બધાં પાપોને હણનાર 'દિવાકર' કહીને નમસ્કાર કર્યા છે. ભારતીય સંસ્કૃતિ સૂર્ય-સંસ્કૃતિ છે. સૂર્યપૂજા દુનિયાભરમાં થતી રહી, પણ ટકી આપણી ભૂમિમાં. સૂર્યપૂજકોના દેશમાં માણસ માત્ર પ્રકાશ તરફ ગતિ કરવા ઝંખે એ સ્વાભાવિક છે. तमसो मा ज्योतिर्गमय. અજ્ઞાનનાં અંધારાંમાંથી જ્ઞાનનાં અજવાળાં ભણી વળવાની આ સુષુપ્ત લિપ્સા જ આપણને અન્ય પ્રજાઓ કરતાં જુદા પાડે છે. એ જ કદાચ આપણી શાશ્વતતાનું કારણ હશે. मृत्योर्मा अमृतं गमय – અજવાળાંની સાથે જ આપણે અમૃત પણ ઝંખ્યું છે.

ઉત્તરાયણ કદાચ એકમાત્ર એવો દેશવ્યાપી હિંદુ તહેવાર છે, જે ગ્રેગરીઅન કેલેન્ડર મુજબ ચૌદમી જાન્યુઆરીએ જ ઉજવાય છે. સૂર્યદેવનો મકર-પ્રવેશ નિશ્ચિતપણે આ જ અરસામાં થતો હોય છે. ગ્રેગરીઅન કેલેન્ડર મુજબ ઉજવાતો બીજો એક રાષ્ટ્રીય તહેવાર છે 'બૈસાખી.' એ પંજાબ અને ઉત્તરાંચલ ('ઉત્તરાંચલ' એટલે એ નામે તાજેતરમાં અસ્તિત્વમાં આવેલું રાજ્ય એકલું જ નહીં, બલકે ઉત્તર ભારત સમસ્ત)નો તહેવાર છે. એ તેરમી એપ્રિલે આવે છે. સૌર પંચાંગની આ સ્તો કમાલ છે. રમજાન ઈદ ફરતી ફરતી કોઈ પણ મોસમમાં આવી શકે, પણ ઉત્તરાયણ - મકરસંક્રાંતિ નિશ્ચિત તારીખે જ આવે. બાવીસમી ડિસેમ્બરથી ખરું ઉત્તરાયન (ઉત્તર + અયન) શરૂ થઈ જાય છે. દિવસ લાંબા થવા માંડે છે. ઠંડી ઘટવા લાગે છે. દેશભરમાં આ સંક્રાંતિ એક યા બીજા સ્વરૂપે ઉજવાય છે. ક્યાંક ક્યાંક તો મકરસંક્રાંતિ ('પોંગલ')થી નવું વરસ પણ બેસે છે. પૂર્વાંચલમાં એ 'બિહુ'નો ઉત્સવ છે, દક્ષિણાપથમાં પોંગલ. સૂર્યની ઉત્તર-કૂચનાં સર્વદેશીય વધામણાં આપણા ઋતુવિજ્ઞાનની સાહેદી પૂરે છે. શાસ્ત્ર પણ સૂર્યને અનુસરે છે. ભીષ્મ પિતામહ સૂર્યના ઉત્તરાયણની પ્રતીક્ષા કરતા બાણશય્યા પર પોઢી રહ્યા, તે જ કેવું મહિમાવંતું દૃષ્ટાંત છે! સૂર્ય ઉત્તરના થાય એ પછી જ જીવ એના અજવાળે મોક્ષમાર્ગની યાત્રા આરંભે છે. આ આપણી આસ્થા છે.

મકરસંક્રાંતિની લગોલગ વસંતપંચમી આવી જ સમજો. હવે પ્રકૃતિ નવાં કલેવર ધરશે. વૃક્ષોનાં પર્ણ ખરવા લાગ્યાં છે. એકવાર શિશિરની કસોટીમાંથી તવાઈને ટકી ગયેલાં વૃક્ષોને નવી કૂંપળો ફૂટશે. વસંતના આગમન સાથે જ જીવમાત્રમાં ઉલ્લાસની લહેર દોડી જશે. કોકિલ ઘેલો થઈને ટહુકી ઊઠશે. પવનમાં પણ ઉન્માદ જાગશે. ભમરા ગુંજન કરતા કરતા ફૂલોનું અમૃત ચૂસી લેશે. રાજાએ પ્રજા પર કેટલો કર નાખવો જોઈએ? ચાણક્યે કહ્યું : ફૂલને ઈજા પહોંચાડ્યા વગર એનું મધ ચૂસનાર ભ્રમરની પાસે એનો જવાબ છે! વસંત વરણાગી ઋતુરાજ છે. એ કામદેવની મિત્રતા થકી રળિયાત છે. ભલભલા ચમરબંધીઓને એણે ધૂળભેગા કરી દીધા છે. એણે મહાદેવ જેવા મહાદેવનું અભિમાન ઉતારી દીધું છે!

કુંભપર્વ પણ અદ્દલ મકરસંક્રાંતિથી મૌની અમાવાસ્યા પર્યંત ચાલશે. એ રીતે જોતાં આ દિવસો માનવીની શાશ્વત અમરત્વ ઝંખનાના દિવસો ગણાય. કોઈ પણ જાહેરાત વગર કે કોઈ પણ સરકારી સમર્થન વગર કુંભમેળામાં કેવડો મોટો માનવ-મહેરામણ ઊમટે છે! કરોડોનું કીડિયારું ઊભરાય છે, છતાં કાયદો કે વ્યવસ્થાની કોઈ જ સમસ્યા સરજાતી નથી. વિશ્વની આ સૌથી મોટી સ્વયંસ્ફુરિત મેદનીમાં સામેલ થવા દુનિયાભરના જિજ્ઞાસુઓ દોડી આવ્યા છે.

પેલા ભવમાં કદાચ એ બધા આ દેવભૂમિમાં વિચર્યા હશે! આપણી ભોમકા વિશે આપણને નથી એવડો અહોભાવ આ પારકી પ્રજાને છે. એ કેવા સમર્પણભાવથી ગંગાસ્નાન કરે છે! સૂર્ય તો એમના દેશમાં પણ ઊગે છે, પણ ભારતવર્ષના સૂર્યમાં એમને યુગોનું સંચિત તપ તપી રહેલું વરતાય છે. એમનું ચાલે તો એ બધા અહીં જ રહી પડે — ગંગાકિનારે જ શેષ આયુષ્ય સમર્પિત કરી દે. આવું આપણને કેમ નહીં થતું હોય વારું? આપણે પેલા કસ્તૂરીમૃગ જેવા છીએ : દૂંટીમાં છુપાયેલી સુગંધને પણ ઓળખી શકતા નથી. કોક મૅક્સમૂલર કે કોક બર્નાર્ડ શૉ આપણને આપણી ઓળખાણ કરાવે ત્યારે જ આપણી સાન ઠેકાણે આવે છે. શાકુંતલને માથે મૂકીને કેટલા ભારતીયો નાચ્યા હશે? ગટે એની પૂંઠળ ગાંડો થયો ત્યારે આપણને સમજાયું કે આ તો બહુ જબરી ચીજ છે! ટાગોર કે ડૉ. ખુરાના કે ડૉ. અમર્ત્ય સેનને ઓળખાવા માટે પશ્ચિમનાં પ્રમાણપત્રો લાવવાં પડ્યાં છે. આપણે તો એમને ઉકરડે જ નાખ્યા હોત!

સૂર્યની ઉત્તર ગતિમાં શુભત્વનો શ્વાસ અંતર્નિહિત છે. આપણે પરંપરાને અનુસરી સંક્રાંતિ પૂર્વેના કેટલાક સમયગાળાને ‘કમૂરતાં’ જેવું અપશુકનિયાળ નામ આપ્યું છે. સૂર્ય માટે કોઈ સ્થળ, કોઈ ક્ષણ — કોઈ પળ અશુભ હોઈ શકે ખરાં? એ તો દેવોનો દેવ. રાજાઓનોય રાજા. એને શુકન - અપશુકન જેવી ક્ષુલ્લક બાબતો સાથે શો સંબંધ? છતાં આપણે પામર જીવો એ બધી પળોજણો થકી ટેવાઈ ગયા છીએ. સૂર્યને એથી કશો ફરક નથી પડતો. એ તુ પુરુષાર્થનું મહાકાવ્ય છે. એની અખંડ યાત્રા ચાલુ જ છે. એને મન કોઈ પ્રદેશ અસ્પૃશ્ય નથી. એ તો બધે જ અજવાળાં ઢોળે છે. અમૃત રેલાવે છે. કોણ કેટલું ઝીલે છે, એની પણ એને તમા નથી. અહર્નિશ પોતાની કર્મયાત્રામાં પરોવાયેલો સૂર્ય જીવસૃષ્ટિનો કારક છે. જરા કલ્પના તો કરી જુઓ : એકાદ દિવસ સૂર્ય ઊંઘી જાય તો!!! આપણને એ વિભાવરીની સોડમાં સૂતેલો ભાસે છે, ત્યારે પણ એ કોઈ બીજા ભૂખંડમાં તો જાગતો જ હોય છે. સૂર્યથી મોટો કોઈ જાગતો જોગંદર હોઈ શકે ખરો? न तत्र भाति सूर्यः કહીને ગીતાનાયક જે ઊંચી ફિલસૂફી ડહોળે છે, એ તો આપણા મગજમાં ઊતરે જ શાની? આપણને તો શ્રીરામ કે શ્રીકૃષ્ણ પણ સૂર્યને અંજલિ અર્પતા રહે, એ જ અપેક્ષિત હોય. સમગ્ર સૃષ્ટિના જીવનનું મૂળ સ્રોત સૂર્ય છે. ભગવાન પણ સૂર્યનો જ અંશ હોવો જોઈએ. એવા સૂર્ય સામે બાથ ભીડવાની બાળ હનુમાન હિંમત કરે છે : लील्यो ताहि मधुर फल जानू.... આપણા કવિને કોણ પહોંચી શકે? એટલેસ્તો કહ્યું હશે : જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ!

સૂર્યોપનિષદ ગાવા જ બેઠા છીએ, ત્યારે એના વિભૂતિ-તત્ત્વનો સારશ્લોક કેમ વીસરીએ?

*उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा ।*
*सम्पत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥*

સૂર્ય ઊગતી વેળાએ જ નહીં, આથમતી વખતે પણ રાતો જ દીસે છે. મહાપુરુષને મન વળી સંપત્તિ શું ને વિપત્તિ શું?

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લૉટ-૧૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર.*
*મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

કચ્છ વિશેષ

## ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં
# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૯)

• આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી •

## તબક્કો ત્રીજો
## સ્વાતંત્ર્ય સંગ્રામના આખર તબક્કાની શરૂઆત

### ૪૧. શ્રી ભચાઉ પરિષદ અધિવેશન પાંચમું

તારીખ ૨૦-૨૧-૨૨ નવેમ્બર, ૧૯૩૭.

પૂર્વભૂમિકા : તા. ૪-૭-૩૭ના ભચાઉમાં જાહેર સભામાં પરિષદ અધિવેશન ભચાઉમાં ભરવાનો ઠરાવ થયો અને સ્વાગત મંડળની રચના થઈ હતી. તે સભાના પ્રમુખ તરીકે શ્રી ગોકુળદાસ ખીમજી હતા. તેમાં હાજરોમાં (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી મલુકચંદ માધવજી, (૩) શ્રી રસિકલાલ જોશી, (૪) શ્રી ત્રિભુવનદાસ મોહનદાસ, (૫) શ્રી ગિરધારીલાલ, (૬) શ્રી ગોપાલજી શિણાય, (૭) શ્રી છગનલાલ ભવાનીશંકર.

(૧) ભચાઉના પટેલ વસ્તા, (૨) રતનશી ઉત્તમચંદ વગેરે સ્થાનિકોની હાજરી હતી.

સભામાં મંત્રીઓ તરીકે (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૩) શ્રી થાવર આસ્પર, (૪) શ્રી ઈંદરજી ગાંગજી.

સ્વાગત મંડળની કારોબારીના સભ્યો : (૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૨) શેઠ ડુંગરશી ધરમશી, (૩) શ્રી શેઠ કલ્યાણજી ધનજી, (૪) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૫) શ્રી રામજી તેજપાળ, (૬) શ્રી જુસબ અલારખ્યા, (૭) શ્રી આણંદજી દેવશી, (૮) શ્રી કૃપાળ જીવાણી, (૯) શ્રી પ્રાગજી જોષી, (૧૦) શ્રી વસ્તા પૂજા પટેલા, (૧૧) શ્રી રતનશી ઉત્તમચંદ, (૧૨) શ્રી પટેલ કરશન ભારા, (૧૩) શ્રી દેશળ રાણા, (૧૪) શ્રી ત્રિભુવનદાસ મોહનદાસ, (૧૫) શ્રી ગિરધારીલાલ, (૧૬) શ્રી પોપટલાલ લવજી મેતા, (૧૭) શ્રી ખેંગાર દામજી, (૧૮) શ્રી જાદવજી માનસંગ, (૧૯) શ્રી સ્વરૂપચંદ ન્યાલચંદ, (૨૦) શ્રી આશકરણ પોપટભાઈ, (૨૧) શ્રી રાવજી લાલજી, (૨૨) શ્રી ચાંપશી ગુણશી, (૨૩) શ્રી જટાશંકર લધુભાઈ, (૨૪) શ્રી જમનાદાસ ગાંધી, (૨૫) શ્રી મોતીરામ.

**૨.** પરિષદ માટે તારીખો ૧૭-૧૮-૧૯ ઓક્ટોબર, ૧૯૩૭ના નક્કી થઈ હતી. તારીખ ૧૫-૮-૧૯૩૭ની મિટિંગમાં સ્વાગત પ્રમુખ તરીકે પોપટલાલ લવજીભાઈ મહેતાની પસંદગી થઈ હતી. વિશેષ મંત્રી તરીકે જમનાદાસ ગાંધીને લેવામાં આવ્યા હતા અને ભચાઉમાં તા. ૧૩-૯-૧૯૩૭ની સભામાં પરિષદના પ્રમુખ તરીકે શ્રી બિહારીલાલ અંતાણીની બહુમતીથી ચૂંટણી થઈ હતી.

રાજ્યની કડવી નજર પરિષદના કાર્યકરો પર હતી. તેની અસરથી વાગડના ગામોમાં મૂક સહાનુભૂતિ ઘણી હતી, પણ જાહેરમાં સહભાગી થતાં અચકાતા હતા. તે સિવાય વાગડના ગામોમાં ગરાસદારી અને અજ્ઞાન પણ કારણભૂત હતા. આ પરિષદ માટેનાં નાણાં વાગડમાંથી સ્વાગત સમિતિની મૂંઝવણ વધતી હતી. તે વખતે ભુજપુરના ભેદા કુટુંબના વડા ઉમરશીબાપા - જેમનો રાજ્ય સાથે ઘણો સારો અને અંગત સંબંધ હતો, તે છતાં જનજાગૃતિની અગત્ય સમજનાર તરીકે મદદગાર બન્યા. તેમણે પોતાના મિત્રમંડળ દ્વારા ખાનગી ફંડથી સ્વાગત મંડળની મૂંઝવણ ટાળી હતી. આ હકીકત પુરવાર કરે છે કે તેઓ તત્ સમયે સારા હૃદયથી સ્વાતંત્ર્ય સંગ્રામ પ્રત્યે સહાનુભૂતિથી એ સમયે મોટો આધાર બની જાગૃતિની જ્યોત ટકાવવામાં ખાસ યશપાત્ર બન્યા હતા. તેમના પુત્રો પ્રેમજી તથા ભવાનજી પણ તેમાં મદદગાર બનતા આવ્યા છે.

**૩.** પરિષદની તા. ૨૦-૨૧-૨૨ નવેમ્બર ૧૯૩૭ પર વરાયેલ પ્રમુખની સગવડ ખાતર રહી હતી.

**૪.** ભચાઉ પરિષદ તા. ૨૦-૨૧-૨૨ નવેમ્બર, ૧૯૩૭. પ્રમુખસ્થાને શ્રી બિહારીલાલ નારાણજી અંતાણી, બાર-ઍટ-લૉ, મુંબઈથી આવેલા (૧) શેઠ મૂલરાજ કરશનદાસ, (૨) શેઠ શૂરજી વલ્લભદાસ, (૩) શ્રી લક્ષ્મીદાસ તેરસી, (૪) શ્રી મહેરઅલી, (૫) શેઠ શિવજી ધરમશી શેઠિયા, (૬) તે ઉપરાંત લાકડિયા ઠાકોર શ્રી ગજસિંહજી, (૭) કોટડી જાગીરદાર ચાંદાજી, (૮) શેઠ ચત્રભુજ મનકર્મી - માંડવી, (૯) શેઠ કલ્યાણજી ધનજી - માંડવી, (૧૦) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૧૧) હરિરામ માધવજી મચ્છર, (૧૨) શ્રી ફૂલશંકર પટ્ટણી વગેરે પ્રમુખ સાથે આવ્યા હતા.

અધિવેશનમાં ભાગ લેનાર (૧) બિહારીલાલ અંતાણી, (૨) સ્વા. પ્રમુખ શ્રી પોપટલાલ લવજી મેતા, (૩) શ્રી લક્ષ્મીદાસ રવજી તેરસી, (૪) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૫) શ્રી છમનાદાસ ગાંધી, (૬) શ્રી ફૂલશંકર પટ્ટણી, (૭) શ્રી યુસુફ મહેરઅલી, (૮) શ્રી ગોકુળદાસ ખીમજી, (૯) શ્રી આણંદજી દેવજી શાહ, (૧૦) શેઠ સૂરજી વલ્લભદાસ, (૧૧) શ્રી મુલરાજ કરશનદાસ, (૧૨) શ્રી જમિયતરાય ગુ. વૈદ, (૧૩) શ્રી ચિત્રભુજ મમકર્મી, (૧૪) શેઠ કલ્યાણજી ધનજી, (૧૫) શ્રી દેવજી ધારશી પટેલ, (૧૬) શેઠ તુલસીદાસ મુળજી શેઠ, (૧૭) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૧૮) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૧૯) શ્રી રસિકલાલ જોશી, (૨૦) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી.

**૫.** નીચે પ્રમાણે કારોબારી કમિટી ચુંટાયેલ જાહેર થયા હતા. પ્રમુખો : (૧) ડૉ. બિહારીલાલ ના. અંતાણી, (૨) શેઠ લક્ષ્મીદાસ રવજી તેરસી, (૩) ડૉ. પુનશી હીરજી, (૪) પ્રો. ખુશાલ ત.

શાહ, (૫) શ્રી દેવચંદ ધરમશી શેઠિયા, (૬) શ્રી મુળરાજ કરશનદાસ, (૭) શ્રી યુસુફ મહેરઅલી, (૮) શ્રી ભવાનજી અરજણ ખીમજી, (૯) શ્રી વ્રજલાલ ભ. છાયા, (૧૦) શ્રી ધરમશી ખેંગાર મેતા, (૧૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૧૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૧૩) તુલસીદાસ મૂ. શેઠ, (૧૪) શ્રી પ્રેમજી રાઘવજી, (૧૫) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૧૬) શ્રી જમનાદાસ ત્રિ. ગાંધી, (૧૭) શ્રી કલ્યાણજી ધનજી, (૧૮) શ્રી ગોકુળદાસ ખીમજી, (૧૯) શ્રી યુસુફ અલારખ્યા પટેલ, (૨૦) શેઠ સુરજી વલ્લભદાસ.

**૬.** 'જયકચ્છ'ના તંત્રી શ્રી ફૂલશંકર પટ્ટણી તા. ૨૦-૧૧-૧૯૩૭ના ભચાઉ પરિષદ વખતે કોર્ટના સમન્સ બદનક્ષી કામે બજયા હતા. આમ પરિષદ સમયે પણ ભય ફેલાવવાની તક રાજ્યના અધિકારીઓએ ઝડપી હતી. પણ તે નિરર્થક બની. તેથી જનજાગૃતિને વેગ મળ્યો હતો.

**૪૨.** કચ્છ સ્થાનિક સમિતિ ઉપરની કારોબારી ઉપરાંત પાંચ સભ્યો કો-ઓપ્ટ થાય ને તા. ૫-૧૨-૧૯૩૭ના ઉપરના દસ સભ્યોને કો-ઓપ્ટ કર્યા હતા.

(૧) જાદવજી રાઘવજી - રાપર, (૨) આણંદજી દેવશી શાહ, (૩) જયંતીલાલ રેવાશંકર, (૪) જમિયતરાય વૈદ્ય, (૫) શ્રી રસિકલાલ જોશી.

સ્થાનિક કમિટીના પ્રમુખ તરીકે શ્રી ગુલાબશંકર અમૃતલાલ અને મંત્રી તરીકે શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી અને ખજાનચી તરીકે શ્રી કલ્યાણજી ધનજી, એ પ્રમાણે ચૂંટણી થઈ હતી.

ભચાઉ પરિષદના પ્રમુખ બિહારીલાલ સ્થાનિક કચ્છમાં રહેવાસી હોતાં સ્થાનિક કમિટીનું કાર્યક્ષેત્ર વધારે વેગીલું બનાવવાના અને જનજાગૃતિનો વિસ્તાર વધારવાના સુયોગ્ય સંજોગો પણ અસરકારક બન્યા. આ પરિસ્થિતિથી સ્વાતંત્ર્ય સંગ્રામના આખર તબક્કાના પ્રારંભમાં એંધાણ વરતાવા લાગ્યા.

સ્થાનિકની પરિષદ પ્રવૃત્તિ સ્થાનિક કમિટી તરફથી જે થતી હતી, તેથી જનજાગૃતિ પણ કચ્છમાં સર્વત્ર પ્રગટ થવા લાગી હતી.

## તબક્કો ચોથો
## સ્વાતંત્ર્ય સંગ્રામનો આખર તબક્કો

***ભચાઉ પરિષદ તા. ૨૨-૧૧-૧૯૩૭ના મળી. મુંદ્રા પરિષદ તા. ૨૬-૨૭ ડિસેમ્બર, ૧૯૩૬૮ના મળી. વચ્ચેના સમયમાં સ્થાનિક કમિટીની પ્રવૃત્તિ અને જનતાને માર્ગદર્શન આપ્યાની વિગત અને જનતાને કોચવણોનો ઉકેલનાં માર્ગદર્શક પત્રિકાઓ સ્થાનિક કમિટીના મંત્રી તરફથી પ્રસિદ્ધ થઈ છે. જેની અસર અને વિસ્તાર કચ્છના ગામેગામ પહોંચી હતી.***

***સ્થાનિક કમિટીની મિટિંગો નીચે પ્રમાણે હતી.***

| | |
|---|---|
| ૧. તા. ૧૫-૧૨-૧૯૩૭ – માંડવીમાં. | ૧. તા. ૧૩-૧૨-૧૯૩૭ ખળાં ભરાવા અંગે. |
| ૨. તા. ૧૬-૧-૧૯૩૮ – ભુજપુર | ૨. તા. ૧૮-૧૨-૧૯૩૭ વેઠ કરવાની સાફ ના પાડો. |
| ૩. સ્થાનિક કમિટી અને વેપારીઓની | ૩. તા. ૧-૧-૧૯૩૮ કોચવણોની દાદ ન મળે તે જણાવવા. |
| ૪. સ્થાનિક કમિટી તથા વેપારીઓની મિટીંગ. ભુજ, તા. ૭-૨-૧૯૩૮ | ૪. |
| ૫. તા. ૧૩-૨-૧૯૩૮ પરિષદ કારોબારીની કચ્છમાં પહેલીવાર મિટિંગ મળી. | ૫. તા. ૭-૧-૧૯૩૮ના નનામી અરજી અંગે ખેડૂતોને બોલાવશો નહીં. |
| ૬. તા. ૨૦-૩-૧૯૯૩૮ – અંજાર. | ૬. રાજ્યના કામે બેગાર પકડવાનો અધિકાર કોને બાબત. |
| ૭. તા. ૨૩-૩-૧૯૩૮ – મહારાવ પાસે તા. ૧૭-૫-૧૯૩૮ – હૂંડિયામણ ડેપ્યુટેશન ગયું. | ૭. વળોટ ક્યારે અને ક્યારે નહીં, તે અંગે. |
| ૮. કોચવણો દૂર થવા સ્થાનિક સમિતિના પ્રમુખ તથા મંત્રીએ (૧) દીવાન, (૨) પોલીસ કમિશ્નર, (૩) રેવન્યુ કમિશ્નરથી ચર્ચા કરી હતી. તા. ૪-૪-૧૯૩૮ | ૮. તા. ૮-૨-૧૯૩૮ સ્થાનિક કમિટીની કાર્યવાહીની નોંધ |
| ૯. તા. ૧૭-૫-૧૯૩૮ – સ્થાનિક કમિટીની એક બેઠક ભુજ મળવા બાબત. | ૯. તા. ૧૮-૩-૧૯૩૮ દરબારી સામે મજુરીના કામ અંગે, મજુરીના પૈસા. |
| ૧૦. તા. ૧૬-૬-૧૯૩૮ – ભુજ | ૧૦. ભૂંડી ભુચ્છી બાબત. |
| ૧૧. તા. ૧-૭-૧૯૩૮ – ભુજ | ૧૧. ચિતાના હુમલા બાબત. |
| ૧૨. તા. ૧૬-૭-૧૯૩૮ – મુંદ્રા. મુંદ્રા પરિષદ અંગે. | ૧૨. તા. ૧૨-૩-૧૯૩૮ ખેપિયાઓથી પત્રો મોકલવા બાબત. |

૧૩. તા. ૨૦-૮-૧૯૩૮ – ભુજ

૧૪. તા. ૯-૯-૧૯૩૮ – ભુજ

૧૩. તા. ૨૭-૩-૧૯૩૮ છાદુરાના ખેડૂતોને કોચવણો બાબત.

૧૪. તા. ૨૯-૫-૧૯૩૮ કોચવણો દૂર થવા સંબંધમાં સક્રિય માર્ગદર્શન.

૧૫. તળોત દેવાનું નથી બાબત.

૧૬. તા. ૧૯-૯-૧૯૩૮ પાણાનું બાંભનું દાણ ન લેવાય.

---

કચ્છમાં ચિત્તાના ત્રાસ બાબતના વિગતો પરિશિષ્ટ નં.-૩ થી સામેલ છે.

**૨.** અંજારમિલમાં હડતાળ અંગે મિલમાલિક અને સ્થાનિક કમિટીના પ્રમુખ અને મંત્રી વચ્ચે વાટાઘાટ અંતે સંતોષકારક ઉકેલ થયો હતો.

**૩.** અબડાસા ગરડાનો પ્રવાસ તા. ૧૨-૪-૧૯૩૮થી તા. ૧૭-૪-૧૯૩૮ સુધીનો શરૂ. તેમાં પરિષદના પ્રમુખ ઉપરાંત (૧) શ્રી કાંતિપ્રસાદ અંતાણી, (૨) શ્રી જમનાદાસ પાંધી, (૩) વ્રજલાલ છાયા, (૪) શેઠ સુરજી વલ્લભદાસ, (૫) શ્રી ગોકુળદાસ ખીમજી, (૬) શ્રી ધરમશી ખેંગાર, (૭) શ્રી રસિકલાલ જોશી હતા.

**૪.** ભુજ તાલુકા સંમેલન પ્રમુખસ્થાને શ્રી મુલજી ગોવિંદજી શેઠ. સ્વાગત પ્રમુખ : શ્રી પ્રેમજી રાઘવજી. તા. ૭-૬-૧૯૩૮.
ભાગ લેનારા : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૩) શ્રી કણબી બેચર શામજી, (૪) શ્રી મલુકચંદ માધવજી, (૫) શ્રી પ્રભુલાલ ધોળકિયા, (૬) શ્રી પ્રેમજી ભવાનજી, (૭) શ્રી ગોપાલજી ઉમરશી, (૮) શ્રી જમનાદાસ ગાંધી, (૯) શ્રી રસિકલાલ જોશી, (૧૦) શ્રી ગોપાલજી સિંયાણ, (૧૧) શ્રી જમિયતરાય વૈદ્ય, (૧૨) શ્રી કલ્યાણજી ધનજી, (૧૩) શ્રી તુલસીદાસ મુળજી શેઠ, (૧૪) શ્રી નરભેરામ શામજી, (૧૫) શ્રી મોહનલાલ શિવચંદ શાહ, (૧૬) શ્રી ઉમાશંકર ભગવાનલાલ.

**૫.** કચ્છમાં નવયુવાન કાર્યકર સંઘ : મંત્રી : રસિકલાલ જે. જોશી. અન્યો : બંસીલાલ છાયા, ગોપાલજી શિયાણ, વજુભાઈ કોટક કવિ અબ્દ હતા. તેમણે સુવર, ચિત્તા અંગે સત્યાગ્રહ કરવા સુધીની કાર્યવાહી કરી હતી, પછી તે પરિષદના પ્રમુખ અને રાજ્ય વચ્ચે વાતચીત થતાં તા. ૧૨-૭-૧૯૩૮ના આ સત્યાગ્રહ મોકૂફ રહ્યો હતો. આ રીતે પ્રજાજાગૃતિ અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેજ અને સીધા પગલાની શરૂઆત થઈ હતી.

**૬.** કૃપાલ જીવાણી પર જખૌમાં લાઠીથી હુમલો થયો હતો.

**૭.** ભુજ સ્ટુડન્ટ્સ બ્રધરહુડ ડેપ્યુટેશનમાં પ્રાણલાલ ના. શાહ, ઉમાકાંત બી. ધોળકિયા, પુષ્પકાંત લાલજી માંકડ, જશભાઈ ગુ. ધોળકિયા વગેરે હતા. તા. ૨૧-૮-૧૯૩૮થી તેમણે પણ પ્રજા જાગૃતિને વેગવાન બનાવવામાં ઝુકાવ્યું હતું.

**૮.** ગોકુળદાસ ખીમજીને ભુજમાં માર પડી હતી.

**૯.** રખાલ સત્યાગ્રહ, સરઘસ ભુજમાં તા. ૯-૯-૧૯૩૮નાં નીકળ્યું. આ અંગે પરિષદ પ્રમુખનાં રાજ્ય સાથે લખાણ ચાલુ હતા પરંતુ તે પ્રત્યે દુર્લક્ષ સેવાતાં યુવાન કાર્યકર સંઘે આ બાબત ઉપાડી લીધી હતી.

**૧૦.** રખાલ સત્યાગ્રહની શરૂઆત થઈ તા. ૧૮-૩-૧૯૩૮થી. સત્યાગ્રહીઓ ગોપાલજી શિણાય, પ્રાણલાલ શાહ, રસિકભાઈ જોશી હતા. તેમની સાથે સાકરચંદ પાનાચંદ અને ગુલાબશંકર એ. ધોળકિયા રહી અને યુવરાજ સાથે વાટાઘાટો થઈ હતી. આ વાટાઘાટ સંતોષજનક નીવડતાં સત્યાગ્રહ મોકૂફ રહ્યો હતો.

આ રીતે અખિલ પરિષદ પ્રવૃત્તિ ખૂબ સક્રિય, અસરકારક અને આક્રમક રહ્યો હતો. તેની અસર અને સાર્થકતા મુંદ્રા પરિષદની સફળતામાં પશ્ચાદભૂમિકા તરીકે રહી હતી. આમ જનજાગૃતિ અને સ્વાતંત્ર્ય સંગ્રામનો તબક્કો સીધા સામના અને સત્યાગ્રહ સુધી પહોંચે તે માટે પરિષદ કાર્યકરો મવાળ (મૉડરેટ) દેખાય ત્યાં સુધી જનજાગૃતિનો જુવાળ પહોંચ્યો હતો.

કચ્છના રાજકારણમાં ભચાઉ પરિષદ નવેમ્બર ૧૯૩૭માં હતી, તે પછીના આઠ માસમાં પરિષદ સ્થાનિક કમિટીના એકધારા અને સર્વવ્યાપી કાર્યવાહી, પ્રચારો, પ્રવાસો થકી કચ્છનું રાજકારણ Superchargedની પરિસ્થિતિએ પહોંચી ગયું હતું. તેવા વાતાવરણની ભૂમિકામાં મુંદ્રામાં પરિષદ ભરવાનો સ્થાનિક કમિટીનો ઠરાવ થયો હતો.

## ૪૪. તા. ૧૬-૭-૧૯૩૮ના કચ્છી પ્રજાકીય પરિષદનું મુંદ્રામાં છઠ્ઠું અધિવેશન.

**૧.** પૂર્વભૂમિકા : તા. ૧૬-૭-૧૯૩૮ના સ્થાનિક કમિટીની મુંદ્રાની મિટિંગમાં મુંદ્રા પરિષદ ૩-૪ ડિસેમ્બર, ૧૯૩૮ના ભરવાનો ઠરાવ થઈ મુંદ્રા તાલુકા પરિષદ કમિટીને તેની સત્તા આપવામાં આવી.

**૨.** તા. ૩-૯-૧૯૩૮ના ગાંધી ચોકમાં સ્વાગત મંડળની જાહેર સભા ભરાઈ હતી. જેમાં શેઠ મુળજી ગોવિંદજી, કાંતિપ્રસાદ અંતાણી, ગુલાબશંકર અમૃતલાલ, આણંદજી દેવશી, જમનાદાસ ગાંધી, નારણદાસ મહેતા, ભગવાનજી ભટ્ટ, ગોપાળજી શિણાય, સ્વાગત સમિતિમાં નિમાયા. સ્વાગત સમિતિની બેઠક તે જ દિવસે શેઠ મુળજી ગોવિંદજીના પ્રમુખપણાં હેઠલ મળી હતી. જેમાં નીચે પ્રમાણે હોદ્દેદારો નિમાયા હતા.

મુંદ્રા પરિષદની સ્વાગત સમિતિ. પ્રમુખ : વકીલ રેવાશંકર હરિશંકર વ્યાસ. ઉપપ્રમુખ : ડૉ. મુળજી ગોવિંદજી શેઠ. મંત્રીઓ : (૧) શ્રી રતિલાલ હરિશંકર વ્યાસ, (૨) શ્રી જયંતીલાલ રેવાશંકર, (૩) શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, (૪) શ્રી આણંદજી દેવશી શાહ, (૫) શ્રી વાઘજી કેશવજી સોલંકી. ખજાનચીઓ : (૧) શ્રી વીરજી

મુલજી, (૨) શ્રી કરશનજી શિવરાજ, (૩) શ્રી ભવાનજી ઉમરશી.

**૩.** તા. ૩૧-૧૦-૧૯૩૮ પરિષદના પ્રમુખ તરીકે શ્રી યુસુફ મહેરઅલી ચૂંટણી થઈ હતી અને પરિષદ માટે તારીખો ૨૬-૨૭-૨૮ ડિસેમ્બર, ૧૯૩૮ નક્કી થઈ હતી.

**૪.** તા. ૨૬-૧૧-૧૯૩૮ મુંદ્રા પરિષદના પ્રચારકો (૧) શ્રી ભુજંગીલાલ ચંદ્રશંકર અંતાણી, (૨) શ્રી મનસુખ ગઢવી, (૩) શ્રી રસિકલાલ જોશી, (૪) શ્રી કૃપાળ જીવાણી, (૫) શ્રી સવાઈલાલ જ. ધોળકિયા, (૬) શ્રી પ્રાગજી પ્રેમજી રાઠોડ, (૭) વૈદ્ય નરભેરામ શામજી.

**૫.** રાષ્ટ્રપતિ સુભાષબાબુ કચ્છમાં મુંદ્રા પરિષદ વખતે આવવાના હતા. તે પ્રવાસ બંધ રહ્યો હતો. આ સમયે ભારતના રાજકારણમાં પણ બે ભાગ વર્તાતા હતા : (૧) આક્રમણ માટે ઉત્સાહક અને (૨) જનતાની નાડની સાચી પરખ કરી તે પ્રમાણે ચાલવું. ભારતના રાજકારણનો તત્સમયે પડઘો સર્વત્ર તેમ કચ્છમાં પણ પડે એ સ્વાભાવિક હતું.

### ૪૫. મુંદ્રા પરિષદ તા. ૨૬-૨૭ ડિસેમ્બર, ૧૯૩૮.

પ્રમુખ સ્થાને યુસુફઅલી મહેરઅલી હતા.

મુંબઈથી આવેલા (૧) શ્રી શેઠ સૂરજી વલ્લભદાસ, (૨) શ્રી બિહારીલાલ અંતાણી, (૩) શ્રી વ્રજલાલ છાયા, (૪) શ્રી મુલરાજ કરશનદાસ, (૫) શ્રી પુરુષોત્તમ ત્રિકમદાસ બેરીસ્ટર, (૬) શ્રી નરભેરામ પોપટ, (૭) શ્રી કે.ટી. શાહના પુત્ર શ્રી રતિલાલ, (૮) શ્રી કાકુભાઈ હીરજી લાલન.

ચર્ચામાં - અધિવેશનમાં ભાગ લેનારા : (૧) શ્રી યુસુફઅલી મહેરઅલી, (૨) શ્રી રેવાશંકર હરિશંકર, (૩) શ્રી બિહારીલાલ ના. અંતાણી, (૪) શેઠ સૂરજી વલ્લભદાસ, (૫) ડૉ. નારણદાસ મેઘજી - મુંદ્રા, (૬) જુસબઅલી લધુભાઈ - મુંદ્રા, (૭) નગરશેઠ સાકરચંદ પાનાચંદ - ભુજ, (૮) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૯) શ્રી લાલજી મુલજી, (૧૦) શ્રી યુસુફ અલારખ્યા પટેલ - માંડવી, (૧૧) શ્રી શિવજી પેરાજ - કરાંચી, (૧૨) શ્રી આણંદજી દેવશી - ભુજપુર, (૧૩) શ્રી કૃપાલ જીવાણી, (૧૪) શ્રી જાદવજી રાઘવજી, (૧૫) શ્રી હરિભાઈ પ્રભુજીભાઈ, (૧૬) શ્રી મનસુખ ગઢવી, (૧૭) શ્રી મુલરાજ કરશનદાસ, (૧૮) શ્રી ફૂલશંકર પટ્ટણી, (૧૯) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨૦) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૨૧) શ્રી પાનબાઈ ઠાકરશી, (૨૨) શ્રી ચત્રભુજ જસાણી, (૨૩) શ્રી રસિકલાલ જોશી, (૨૪) શ્રી ચત્રભુજ વલ્લભદાસ, (૨૫) શ્રી નરભેરામ નરશીરામ પોપટ, (૨૬) શ્રી પરષોત્તમ ત્રિકમદાસ, (૨૭) શ્રી જમનાદાસ ગાંધી, (૨૮) શ્રી નારણદાસ વિશનજી, (૨૯) શ્રી પ્રાગજી મોનજી, (૩૦) શ્રી પ્રબોધચંદ્ર ખીમજી ચૌહાણ, (૩૧) શેઠ કલ્યાણજી ધનજી, (૩૨) શ્રી પ્રેમજી પંજાબી, (૩૩) શ્રી ગિરીશ મેતા, (૩૪) શ્રી ખીમજી માંગણ - ભુજપુરિયા, (૩૫) શ્રી લાલજી વીરજી, (૨૬) શ્રી રતિલાલ વ્યાસ, (૩૭) શ્રી કરમશી, (૩૮) શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર.

આ પરિષદના અધિવેશનમાં પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર મેળવવાનો જાહેર ઠરાવ થયો હતો અને લડત માટે તૈયારીઓ - ફંડફાળા, સ્વયં સેવકોની અપીલ, પ્રમુખશ્રી મહેરઅલીએ કરી તેના ઉત્સાહભેર જવાબમાં સવા લાખ કોરીનું ફંડ એકઠું થયું અને પહેલી એપ્રિલ ઝિંદાબાદથી વાતાવરણને જનજાગૃતિનો શિર ટોચ પર લાવી મુક્યા હતા.

કારોબારી સમિતિ : મુંબઈના (૧) શ્રી યુસુફઅલી મહેરઅલી, (૨) શેઠ શૂરજી વલ્લભદાસ, (૩) શ્રી લખમીદાસ રવજી જેરસી, (૪) શ્રી બિહારીલાલ ના. અંતાણી, (૫) શ્રી મુલરાજ કરશનદાસ, (૬) શ્રી પુનશી હીરજી મહેશ્વરી, (૭) શ્રી પુરુષોત્તમ ત્રિકમદાસ, (૮) શ્રી નરભેરામ પોપટ, (૯) શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા, (૧૦) શ્રી રતિલાલ વ્યાસ.

કચ્છના : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી વેલજી ઠાકરશી, (૩) શ્રી યુસુફ અલારખ્યા પટેલ, (૪) શ્રી કલ્યાણજી ધનજી, (૫) શ્રી ગોકુળદાસ ખીમજી, (૬) શ્રી કાંતિપ્રસાદ અંતાણી, (૭) શ્રી રસિકલાલ, (૮) શ્રી ગિરીશ મેતા, (૯) શ્રી તુલસીદાસ મુ. શેઠ, (૧૦) શેઠ નગરશેઠ સાકરચંદ પાનાચંદ.

મંત્રીઓ : (૧) શેઠ મૂળરાજ કરશનદાસ, (૨) તુલસીદાસ મુળજી હતા.

ઉપરાંત સ્થાનિક કમિટીમાં પાંચ કો-ઓપ્ટ થયા હતા : વકીલ જમિયતરામ ગુલાબશંકર, મોરબીયા જાદવજી, જમનાદાસ ગાંધી, કૃપાલ જીવાણી, પ્રાણલાલ ના. શાહ.

ચાર પત્રકારોમાં કરાંચીવાળા શ્રી રવજી ગણાત્રા પણ હતા અને પ્રવૃત્તિમય રહ્યા હતા.

તા. ૨૬-૨૭ ડિસેમ્બર, ૧૯૩૮ની મુંદ્રા પરિષદના ''જવાબદાર રાજ્યતંત્ર''ના જયઘોષના પડઘારૂપ બનાવો નીચે પ્રમાણે છે.

***(ક્રમશઃ)***

## સત્સંગનું ફળ

એક બહેન, નામે કુસુમ. મોટરકાર એક્સિડન્ટમાં એના પતિનું મૃત્યુ થયું. એનો જુવાનજોધ છોકરો પણ મરી ગયો અને ખુદના હાડકાંય ભાંગ્યાં. એક વરસ સુધી તેને આગ્રાની હૉસ્પિટલમાં રહેવું પડ્યું. પરંતુ તે હંમેશાં ખુશ રહેતી. ખાટલામાં પણ પડ્યે ભાગવત વાંચતી. કોઈએ એને પૂછ્યું, 'તમે આટલો બધો સત્સંગ કરો છો, તોય તમારા ઉપર આ આફત કેમ આવી પડી?' તેણે કહ્યું, 'આફતને દૂર કરવી કે એને મટાડવી એ સત્સંગનું ફળ નથી. (સારા નરસાં કર્મો તો ભોગવવાં જ પડે.) દુઃખ સહન કરવાની શક્તિ આવે, એ સત્સંગનું ફળ છે.'

એને (કુસુમને) મળવા બાબા વૃંદાવનથી પદયાત્રા કરીને આગ્રા ગયા.

***– સ્વામી અખંડાનંદ સરસ્વતી***
***સૌજન્ય : "ગોરક્ષાપાત્ર"***

# ગાથા આનંદપુરની

• ડૉ. દિનેશ જોશી •

અમીધારા વરસાવીને કુદરતે 'વરસે તો વાગડ ભલો' ની કહેવત યથાર્થ ઠેરવી દીધી છે. સર્વત્ર આનંદ છવાઈ ગયો છે. અને એવો જ સાત્ત્વિક આનંદ વાગડની ધીંગી ધરાની ગાથાઓ ભાવુકને આપે છે ને!

ઝીણી છાંટવાળી પાઘડી પહેરેલા વયોવૃદ્ધ રાજપારબાપા આનંદપુરની વાત કહી રહ્યા છે. ભાદરવાના ભૂસાકા જેવી વાદળીએ વલ્લભીપુરી કટારિયા પર પોતાનું સઘળું જોર અજમાવ્યું છે અને ૧૯૮૯ ના બેસતી ઓક્ટોબરે આ સંશોધક ત્યાં ફસાઈ જાય છે; કારણ તત્સમયે ચાર છાંટા પડે એટલે એસ.ટી. બંધ!

આવી પરિસ્થિતિમાં ભેંકાર ભાસતી બજારમાં અચાનક રાજપાર બાપા મળે છે. ઝાપટાનો પણ આનંદ માણી શકે એ સાચો વાગડવાસી. એ ન્યાયે એ કરચલીવાળા ચહેરા પર સ્મિત છવાયેલું છે. ગામડાના લોકકથકોને ઝંખના છે કો સાંભળનારની! અજાણ્યો ચહેરો જોતાં મને ઊભો રાખી પૃચ્છા કરે છે અને આવો સારો શ્રોતા તો નસીબદારને જ મળી શકે એવા ભાવથી આનંદપુરની ગાથા આરંભે છે. ગાથા જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ સારો એવો શ્રોતાવર્ગ એકઠો થવા લાગે છે. ક્રમશઃ બધા વાર્તારસમાં તન્મય થતા જાય છે.

★ ★ ★

અને એ નગરમાં કાયમ ચોમેર આનંદ છવાયેલો રહેતો એટલે જ આનંદપુર નામ પડેલું ને! ના, એ માત્ર નગર નહોતું, પરંતુ પૂર્વ કચ્છનું ધીકતું બંદર પણ હતું.

લોકવાયકા કહે છે કે આનંદપુરના અસ્તિત્વના વિસર્જન બાદ વિકલ્પે ભદ્રેશ્વર વિકસતું ગયું. (અલબત્ત, ઓગણીસમી સૈકાની શરૂઆતમાં ભદ્રેશ્વરમાં ચાતુર્માસ ગાળી રહેલા મુનિશ્રી ખંતવિજયજીએ ભદ્રેશ્વરને લગતી કરેલી કેટલીક પુરાતાત્ત્વિક હકીકતો સંશોધનને આધારે વિ.સં. પૂ. ૪૪૯માં હરિવંશના સિદ્ધસેને આ દહેરાં બંધાવ્યાં હોવાનું જાણવા મળે છે. તત્સમયે તે ભદ્રાવતીના નામે ઓળખાતું હોવાનું તથા બંદરનો વિકાસ પ્રારંભિક તબક્કામાં હોવાનું જાણવા મળે છે. આ વંશના અંતિમ રાજવી દાનજીરાજ બાદ ભદ્રાવતી પર જાણે પનોતી બેઠી. લાંબા સમયની અંધાધૂંધી બાદ આખરે મુંજપુરના વનરાજ વાઘેલાએ ભદ્રાવતી હસ્તગત કરી. એ વંશના ચોથા રાજવી વઈસિદ્ધ (વિજયરાવ) સમયે ભદ્રાવતી પુનઃલૂંટાઈ, ત્યાર બાદ પવારગઢના કાઠીઓનું અહીં વર્ચસ્વ જામ્યું. ત્યાર બાદ લગભગ દોઢસો વરસે પાટણના કનક ચાવડા (સં. ૬૧૮) એ ભદ્રાવતીનો કબજો કાઠીઓ પાસેથી લઈ લીધો અને ઠે...ઠ સં. ૧૩૦૦ માં વાઘેલાઓ પાસેથી જગડુશાના વોરાવટને લીધે ભદ્રેશ્વરનો કબજો મેળવી તેનો વિકાસ કર્યો. આનંદપુરની કથિત લોકવાયકા મુજબ ભદ્રેશ્વરની અંધાધૂંધી તથા વિકાસ આનંદપુરના પતન બાદ કેન્દ્રસ્થ બની હતી અને પોતાના પૂર્વજોના સ્થળને 'રામરામ' કરી જગડુશાએ ભદ્રેશ્વર તરફ દૃષ્ટિ કરી હતી.

ખેર, એ જે હોય તે; પણ તત્સમયે જગડુશાના પૂર્વજોની ઊંચી મહેલાતોથી ઓપતું આનંદપુર દોમ દોમ સાહ્યબી ભોગવતું હતું. (જગડુશાના પૂર્વજોના ઉલ્લેખો આનંદપુરની સમીપે આવેલા કંથકોટ સાથે જોડાયેલા છે. 'જગડુચરિત્ર' ના પ્રથમ સર્ગનો ૨૩મો શ્લોક જગડુશાના પૂર્વજ 'વરણાગ'ની જન્મભૂમિ કંથકોટ એક અતિસમૃદ્ધ નગરી હોવાનું જણાવે છે. કચ્છના રણકંઠારે વસેલા ચોબારીની સમૃદ્ધિની વાતો અને પૂર્વીય કચ્છનાં બંદરોના દરિયાઈ વેપારથી જૈન વેપારીઓ અઢળક દ્રવ્ય મેળવતા હોવાની માહિતી મળી આવે છે.)

પૂર્વ દિશાએ સૂરજ ઊગે અને નગરમાં આનંદની હેલી ઊમટે. નક્કર સોનું અને રત્નજડિત હાથાવાળા જંઘર પર અનાજ દળતી વખતે વૃદ્ધ નારીઓનાં ગળાં ગહેકી ઊઠતાં; એ સાથે જ જુવાન વહુઆરુઓ અને દીકરીઓના ખિલખિલાટ હાસ્ય વડે સોનાનાં બેડાં માથાં પર ગોઠવાઈ જતાં.

સૂર્યનું બીજું કિરણ એ બેડાં પર પડતાંવેંત એના પરાવર્તનથી ગામ આખું ઝળહળી ઊઠતું.

તો સૂર્યનું પહેલું કિરણ દહેરાસરજીના સોનાનાં શિખરોનો સ્પર્શ લઈ પાવન થતું.

અને એ સાથે જ ગામ આખું સ્ફૂર્તિવંત થઈ ઊઠતું. ગામમાં વેપારીઓની પેઢી ફટાફટ ખૂલી જતી અને એ સાથે કેટલાક ગાડાં બંદર ભણી રવાના થતાં તો આગલી સાંજે બંદરેથી ઊતરેલો માલ વહેલી સવારના ગામમાં ઠલવાતો. (હાલના શિકારપુર પાસેથી એક નાળ (Creek) પ્રાચીન આનંદપુર સુધી પહોંચતી હોવા ઉપરાંત જગડુશાના પૂર્વજોની શાખ ચોબારી, કંથકોટથી માંડીને આનંદપુર તથા દરિયાપારના દેશોમાં વિસ્તરેલી હોવાની સાથે આનંદપુર લૂંટાઈને છિન્નભિન્ન થઈ ગયા બાદ ધરતીમાતાએ પણ ભૂકંપરૂપી જાકારો આપતાં દરિયો ત્યાંથી શિકારપુર સુધી ખસી ગયો હોવાનું અહીંના રહેવાસીઓ આજે પણ માને છે.)

રાજસ્થાન, સિંધ, થરપારકર અને અણહિલપુર પાટણના સમગ્ર વેપારનું કેન્દ્રબિંદુ એટલે વાગડનું આનંદપુર વિ.સં. ૬૦૦ ની આસપાસ સુવર્ણકળાએ હતું. (વાચકમિત્રો, આપણી ગાથા વિ. સં. ૬૦૦ ની આસપાસ મંડરાય છે...આગળ ભદ્રાવતીના ઉલ્લેખ વખતે વિ. સં. ૬૦૦ ની આસપાસનો ગાળો તથા બાદમાં એ ઉલ્લેખો - જે અંધાધૂંધીનો સમય નિર્દેશી જાય છે તે આનંદપુરના લક્ષમાં જ છે.)

શાંત અને સંસ્કારી ગ્રામવાસીઓને લીધે આનંદપુરની સુવાસ દૂર-સુદૂર સુધી ફેલાયેલી હતી. આ રીતે આનંદપુરમાં વિક્રમના છઠ્ઠા શતક દરમ્યાન માત્ર જૈન વેપારીઓ નહીં પણ પચરંગી પ્રજા રહેતી

હતી. કારણ કે એ ગાળા દરમિયાન ગુર્જર જાતિનું આગમન ઉત્તર ગુજરાતની મરુભૂમિમાંથી થયું હતું. અનેક-ભાતીગળ-લોકસંસ્કૃતિના આદાન-પ્રદાન સમી વાગડની ધરા અનેક રાજસત્તાઓ અને લોકજાતિઓનું વહન કરનારી ભૂમિ - Transit land રહી છે. ગુર્જર સંસ્કૃતિના વંશજ તરીકે ગુજરિયા નામે ઓળખાતી કેટલીક ક્ષત્રિયકુળની જાતો આજે પણ વાગડમાં વસી રહી છે.

તો રામસિંહજી રાઠોડે નોંધ્યું છે એ પ્રમાણે 'વિ.સં. ૬૦૦ ની આસપાસ ગુજરાત-કચ્છમાં ચાવડા, રાષ્ટ્રકૂટો, પ્રતિહારો વગેરેની કેટલીય નાની નાની ઠકરાતો જામે છે. અને એ કાળ દરમિયાન જ સિંધમાં થઈ કચ્છ મારફતે અથવા સીધા કચ્છના બંદરે ઊતરેલી પરદેશી ટોળીઓ સાથે ગુજરાતના રક્ષણ માટે કચ્છમાં ધર્મયુદ્ધો ખેલાયાં છે.' ('કચ્છનું સંસ્કૃતિ દર્શન' પૃ. ૩૯)

આવી ટોળીઓ પૈકી કોઈ એક ટોળીની અડફેટમાં આપણું આજની ગાથાનું સમૃદ્ધ નગર આનંદપુર આવી જવાની આપણે ધારણા બાંધી શકીએ. કારણકે કોઈપણ ઐતિહાસિક પ્રમાણો ન દર્શાવતી માત્ર લોકવાયકા સમી આ નગરીના અવશેષો આજે પણ વલ્લભપુરી - કટારિયા અને વાંઢિયા વચ્ચે મળી આવતા હોવાના ત્યાંના રહેવાસીઓ દાવો કરે છે.

ગામને ફરતે ન કોઈ ગઢ કે ન કોઈની જાગીર યા શાસન તળે આવતું આ સ્વતંત્ર અને સાર્વભૌમ વિકસિત બંદર માત્ર વેપારી વર્ગની શાખને લીધે લયબદ્ધ જીવન જીવ્યે જતું હતું. અરે, તત્સમયે પોતપોતામાં અટવાયેલી રાજસત્તાઓને પણ આનંદપુર તરફ જાણે નજર કરવાની ફુરસદ નહોતી.

'આનંદપુરની સમૃદ્ધિ ફાટફાટ થાય છે. તમને નથી લાગતું કે ગામ ફરતે ગઢ હોવો જોઈએ કે ગામનું રક્ષણ કરી શકે એવું સૈન્ય હોવું જોઈએ?' વર્ષોનું ડહાપણ કેટલાય સમયથી વૃદ્ધોમાં ઘૂંટાતું જતું હતું. તે હવે કેટલાય દિવસોથી ગામના યુવાન વેપારીઓ પાસે મૂંઝવણરૂપે ઠલવાતું જતું હતું.

પણ યુવાનો એક જ પ્રત્યુત્તર આપતા, 'કુદરતના લોખંડી રક્ષણ હેઠળ આપણે છીએ. ઉત્તર તરફથી ભીષણ રણ ઓળંગીને કોણ આવી શક્યું છે? તો દક્ષિણ અને પૂર્વ દિશાએ રત્નાકાર આપણું રક્ષણ કરી રહ્યો છે. કોની તાકાત છે કે કુદતની આ અભેદ કિલ્લેબંધીને તોડીને અહીં આવી શકે?'

કારણ કે છેલ્લા કેટલાક સમયથી અંધાધૂંધીના સમાચારો વહાણવટીઓ લાવતા હોવાથી ગામના બુઝુર્ગોને ચિંતા થતી હતી.

'જુઓને, હવે તો બાવાઓ જેવા લાગતા પરદેશીઓ પણ આવવા લાગ્યા!' એક જણ બોલ્યું. એનો ઈશારો આનંદપુરથી થોડે દૂર આવેલા અને આઠ-દસ દિવસથી વાંઢ બાંધીને રહેલા છ-સાત અવધૂતો તરફ હતો.

યુવાનો હસ્યા, 'વડીલો, એ તો બાવાઓ છે. યાત્રાએ નીકળ્યા હશે. થોડા દિવસમાં ચાલ્યા જશે.'

'પણ તોયે ચેતવા જેવું ખરું. જમાનો બહુ ખરાબ આવતો જાય છે.' એક વૃદ્ધે સમાપનમાં દુનિયાદારી ડહોળી.

તોય યુવાનીને ક્યાં ચિંતા હતી? એ તો પોતાની મસ્તીના કેફમાં હતી.

પણ બનવાકાળ બાબત ક્યારે કોઈ પરિસ્થિતિરૂપે બને છે એ કોણ જાણી શક્યું છે?

વૃદ્ધોની ચેતવણીને સાચી પાડતું હોય, કે જાહોજલાલીને કોઈની નજર લાગી હોય એમ પોતાની મસ્તીમાં બેફિકર જીવ્યે જતા નગર પર અચાનક કોઈ પરદેશી કટક તૂટી પડ્યું.

ગામલોકોને વિચારવાનો કોઈ મોકો ન મળ્યો; કટક ક્યાંથી ઊતરી પડ્યું એ સમજવાનો અવસર સુદ્ધાં ન મળ્યો.

બેધ્યાન, બેખબર લોકો પર સશસ્ત્ર હુમલાખોરો તૂટી પડ્યા. ગામના તમામ છેડાઓ પરથી વ્યૂહાત્મક ચોપાંખિયો હુમલો શરૂ થયો. માણસો ટપોટપ પડવા લાગ્યા, ઘરો લૂંટાવા લાગ્યાં, ડરના માર્યા માણસો ઘરના બારણાં બંધ કરી અંદર પેસી ગયાં તો ઘરો તોડીને તેમને પકડી પકડી મારવામાં આવ્યા. સર્વત્ર ચીસાચીસ થઈ રહી. અંધાધૂંધીમાં સ્ત્રીઓનાં નાક, કાન, હાથ, પગ અરે ગળાં સુદ્ધાં.... ચોતરફ ભયનો ઓથાર...અને એ વચ્ચે પૈશાચિક અટ્ટહાસ્ય વડે દાનવતાનું નગ્નનૃત્ય ચાલી રહ્યું.

સામે તરફ બંદર પર પણ એવી જ હાલત હતી. વેપારી પેઢીઓ, વખારો લૂંટાવા લાગી. માણસોને પકડી પકડીને કાં તો દરિયામાં ફેંકવામાં આવ્યા યા કત્લેઆમમાં હોમી દેવામાં આવ્યા.

બંદરના માણસોને નગર તરફ ભાગવું હતું પણ એમનો માર્ગ રૂંધાઈ ચૂક્યો હતો. તો નગરના માણસોને નગરમાંથી બહાર નીકળવું હતું. પણ તમામ માર્ગો પરના ઘાતકી પરદેશીઓ એમને મોતના માર્ગે દોરી જવા તૈયાર બેઠા હતા.

લોકવાયકા કહે છે કે દિવસોના દિવસો સુધી આ કાપાકાપી ચાલી. નગરીને સંપૂર્ણ ધ્વસ્ત કરી દેવામાં આવી અને સર્વસ્વ લૂંટી દેવામાં આવ્યું. બચી ગયેલા મુઠ્ઠીભર લોકોને એવું લાગ્યું કે આ ક્રૂર પરદેશીઓ હવે કાયમ માટે અહીં જ રહેશે.

અને શા માટે ન રહે! માખણમાંથી વાળ નીકળી શકે એટલી સહેલાઈથી એમણે બંદર, વેપાર, સમૃદ્ધિ અને રૈયતના પ્રાણ હરી લીધાં હતાં ને!

જિજીવિષા કુદરતદત્ત એક અમૂલ્ય બક્ષિસ છે. જિજીવિષા જીવમાત્રને પોષણ, રક્ષણ કે આક્રમણ માટેની પીઠિકા પૂરી પાડે છે. ફફડતા હૈયે અને ફળફળતા નિસાસા વચ્ચે જીવતા પુરવાસીઓ ભયનો ઓથાર વીંધી નાસી છૂટવા માગતા હતા.

અને એમને મોકો મળ્યો એક અંધારી રાતે. રાત્રિની કાલિમા આનંદપુરના દુર્ભાગ્ય પર આંસુ સારી રહી છે. આકાશમાં અનરાધાર વરસતો મેહ નગરી પર જામેલી પીડારૂપી મેંશને ધોવા પ્રયત્ન કરી રહ્યો છે.

'આ કુદરતદત્ત મોકો છે.' બચી ગયેલા કમનસીબોમાં આશાસભર સ્વરમાં ધીમી ગુસપૂસ સંભળાઈ.

ઉપર આભ અને નીચે ધરતીમાતાના સહારે જીવતા અને ખંડેરોમાં લપાતા-છુપાતા જીવો પર કુદરતે બારે મેઘ વરસાવીને જાણે એમને જીવતદાન માટેનો છૂપો રસ્તો દેખાડ્યો.

નગર આખાનું પાણી ખંડેરો વચ્ચેથી

રસ્તો કરતું કરતું વોંકળામાંથી જોસભેર નીકળી રહ્યું હતું. ગામમાંથી ચકલુંય સરકી શકે નહીં એવો કડક જાપ્તો રાખી બેઠેલા નરપિશાચોએ પાણીના મારા પાસે જાણે પીછેહઠ કરી હોય તેમ વાડમાંના છીંડા પેઠે એક જ માર્ગ ખુલ્લો હતો.

અને ઝનૂન પર આવી ગયેલાં સ્ત્રી-પુરુષો એક પછી એક ખાબકવા લાગ્યાં. જેમને તરતાં આવડતું હતું એ પોતાની સાથે અન્યોને બચાવવા ઝનૂનપૂર્વક પ્રયત્નો કરતા હતા અને પાણીના વહેળા સાથે સામે પાર પહોંચી જતા હતા. તરતાં ન આવડતું હોવા છતાં કેટલાક સદ્નસીબ જીવો આવા તારુઓના હાથે પડતા એ બચી જતા; બાકીના કેટલાક કમભાગીઓ ડૂબી જતા હતા.

પણ એક યુવાન માતાના દબાયેલાં હીબકાં એને પાણીમાં પડતાં રોકતાં હતાં. કારણ હતું પાછળ આનંદપુરના ખંડેરમાં રહી જતું એનું બાળક.

'ના, તમે બધાં જાઓ. હું મારા બાળકને મૂકીને નહીં આવું.' ધીમું આક્રંદ દાંત ભીડીને બોલતું હતું.

'મા, બેન, દીકરી...તું જે હો તે ચાલ, એવું હોય તો તારા બાળકને છાતીએ વળગાડી લે...પણ પાણીમાં એની બચવાની કોઈ ખાતરી નહીં.' ધીમા સ્વરો એ સ્ત્રીને ઘેરી વળ્યા.

'ના તમે બધાં જાઓ. હું મારા બાળકને મૂકીને નહીં આવું.'

પણ આ અબળાને ભેંકાર ભાસતી નગરીમાં એકલી મૂકી શકાય? ગામલોક સમજતું હતું.

ઝનૂન પર આવી ગયેલું માતૃત્વ જીદ નહીં મૂકે એવું સમજી ચૂકેલા ડહાપણે આખરે અંતિમ પગલું ભર્યું અને એક જણે એને પાણીમાં ધક્કો માર્યો.

અને એ સાથે બાકી રહેલાં બધાં કૂદી પડ્યાં. કાળા ડિબાંગ અંધકારમાં પણ કેટલાક ઓળા એ સ્ત્રીને શોધી, બચાવવા માટે એની પાસે પહોંચી ગયા.

આખરે પછડાતા, ડૂબતા અને બચતા એ લોકો સામે પાર પહોંચ્યા.

પણ મહામુસીબતે ખેંચીને લાવેલી એ સ્ત્રી તો ત્યાં પહોંચ્યા બાદ પાછી પાણીમાં સામા પ્રવાહે જવાની કોશિશ કરવા માંડી.

હવે તો માણસોને પકડી રાખવી પડી. એ સ્ત્રીનું આક્રંદ તો આકાશને પણ ધ્રૂજાવવા લાગ્યું, 'મારું બાળક...! એ નગરીમાં રહી ગયું. રાક્ષસો એને મારી નાખશે.'

માતાનું આક્રંદ તો કાળમીંઢ પથ્થરોનેય પિગળાવી દે. એની આંખમાંથી વહી નીકળતા શ્રાવણ-ભાદરવાને જોઈને આકાશના અનરાધાર વરસાદને પણ શરમ આવી હોય એમ એ બંધ થઈ ગયો.

અને એ સાથે સ્ત્રીના મુખ પર હાથ દાબી દેવામાં આવ્યો. સમગ્ર સીમમાં રહી ગયા સીસકારા અને નિસાસા...

માતાની વેદના દ્વિગુણિત થતી જતી હતી. ગામલોકોએ આખી રાત માતાની આસપાસ કાઢી નાખી.

હવે ભોંભાંખળું થતું જતું હતું. ગામમાંથી રાત્રિથી ધસી આવતું પાણીનું વહેણ નહિવત્ થતું જતું હતું. અચાનક એ યુવાન માતાએ કમખામાં છાતીસરસી સંતાડી રાખેલી કટારી કાઢી અને પાગલની જેમ ઊભી થઈ જતાં ચીસ પાડી ઊઠી, 'હું મારા બાળકને કોઈ પણ ભોગે પાછું મેળવીશ!'

અને ચોપાસ એને ઘેરીને બેઠેલા ટોળા પરથી કૂદકો મારી બહાર નીકળી પાછું મુખ ફેરવીને ટોળાને ઉદ્દેશીને કહ્યું, 'અરે, જુઓ શું છો? આપણે ધરતીમાતાનાં સંતાનો છીએ. જે માતા આપણને પાળે છે, પોષે છે; આનંદ આપીને આનંદપુરી બને છે. એના પ્રત્યે આપણી ફરજ છે...' પછી જાણે સ્વગત કહેતી હોય એમ બોલી, 'અને મારી ફરજ છે મારા બાળકને બચાવવાની, આજે મા અને દીકરો તમારી સહાય માગે છે.'

વાક્યનો શ્લેષાર્થ ગામલોકોનાં રૂંવાડાં ઊભા કરી ગયો. અને એમણે પણ એ યુવાન રમણી પાછળ દોટ મૂકી.

આ તરફ લૂંટારાઓને સવારના ખબર પડી કે રાતના બંદીજનો નાસી છૂટ્યા હતા. ઘોડા નાસી છૂટ્યા પછી તબેલાને તાળું દેવા જેવી પરિસ્થિતિ વિશે એ લોકો શું કરવું એની ચર્ચા કરી રહ્યા હતા ત્યાં તો ધસમસતા ઘોડાપૂરની પેઠે ટોળું આવતું દેખાયું.

બે ક્ષણ તો કશું સમજાયું નહીં.

'શા માટે મરવા ખાતર આવે છે!' ટોળીનો સરદાર તુચ્છકારથી બોલ્યો.

'અને આગળ તો સ્ત્રી આવે છે' બીજો બોલ્યો.

અને એ લોકો કંઈ સમજે એ પહેલાં તો એ રમણીએ આવતાવેંત છલાંગ મારીને પહાડ જેવા કદાવર અને ઊંચા સરદારની છાતીમાં એક મૂઠ જેટલી ઊંડી કટાર ઉતારી દીધી.

'દગો, દગો...!' આક્રમણખોરોની વિશાળ ટોળીમાં દરિયાના ઊછળતા લોઢની માફક વાત ફેલાઈ ગઈ. બીજી પળે લૂંટારુઓ શસ્ત્રો હસ્તગત કરી નિઃશસ્ત્ર મુઠ્ઠીભર માનવીઓ પર તૂટી પડ્યા.

પણ ના...આજે માહોલ જુદો હતો. આજે જીવ પર આવી ગયેલ એક-એક નિઃશસ્ત્ર આદમી બબ્બે હથિયારધારીને ઢાળતો હતો; કવચિત્ પોતે પણ ફના થઈ જતો હતો પણ અન્યો તો મોકો મળતાંવેત મૃત અને ઘાયલ પરદેશીઓ પાસેથી શસ્ત્રો પણ ઝૂંટવી લેતા હતા.

સરદાર વિનાનું સૈન્ય મૂંઝાવા લાગ્યું. ચોતરફથી દબાવેલા રસ્તા છોડીને એકત્રિત થઈ તેમણે ગામવાસીઓ તરફ મોરચો માંડ્યો ત્યાં તો એ લૂંટારુ સેનાના બીજે છેડે બૂમ પડી, 'અરે, આ બાવાઓ ઝનૂની બનીને લાઠીઓ લઈ ત્રાટક્યા છે...સંભાળજો.'

પતી ગયું. અલખ ગિરધારી સંત ઝનૂનમાં આવી જાય એટલે રુદ્રનું ત્રીજું નેત્ર જોઈ લો!

વાંઢમાં કેટલાય દા'ડા થી પડ્યા રહેલા બાવાઓને આજે ઋણ ફેડવાનો અવસર પ્રાપ્ત થયો હતો અને એ લોકો લાઠીપ્રહાર વડે આતતાયીઓનો અંત લાવી રહ્યા હતા.

આક્રમણકારી લૂંટારુઓ બે બાજુથી ભિડાયા. ક્રોધિત રુદ્રે તાંડવ નૃત્ય કરતી વખતે જટા ખૂલી મૂકીને જમીન પર પછાડતાં જે રીતે અતુલિત શક્તિમાન વીરભદ્ર પ્રગટ થયો હતો અને રુદ્રની આજ્ઞાનુસાર ખેદાનમેદાન કરવા મંડી પડ્યો હતો, એ રીતે બાવાઓના પંડમાં વીરભદ્ર પ્રગટ થયો

હોય એમ એ લોકો લૂંટારાઓ પર તૂટી પડ્યા હતા. ત્ર્યંબકના અવતાર સમા અવધૂતોના દેહ ઝનૂનમાં અસલ તાંબાના બની જતા હોય છે. એ રીતે તામ્રવર્ણી વપુ પર અનેક પ્રહારો કરવા છતાં ઘણીવાર શસ્ત્રોના ટુકડા થઈ જતા હતા.

તો ઓલી પા રમણી પણ ઝનૂને ચડી હતી. એક માત્ર કટારીના સહારે રણચંડી બનીને તૂટી પડેલી રમણીએ શત્રુસૈન્યમાં હાહાકાર મચાવી દીધો હતો. પુરવાસીઓ તો કેટલાય પાછળ રહી ગયા હતા. રાની હિંસક પશુઓમાં હરણી સમી આ રમણીનું સિંહણમાં પરિવર્તન થયું હોય એ રીતે કૂદી પડીને એ ત્રાસ ફેલાવી રહી હતી. કટારીના એક જ ઘાએ શત્રુઓના પ્રાણ હરતી આ રમણીની નજીક ફરકવાની કોઈ હિંમત નહોતું કરતું.

'મારી માતૃભૂમિને બચાવવાની મારી ફરજ છે અને હવે મારા દીકરા સુધી પહોંચું એટલે બસ.' આ એક જ વાક્યનું રટણ કરતી એ દુશ્મનદળને ધમરોળી રહી હતી.

લૂંટારાઓનું ધ્યાન એના ફફડતા હોઠ પ્રત્યે ખેંચાયું.

'શું બોલે છે?' એક જણ ઉવાચ.

બધાએ કાન માંડ્યા. અલબત્ત, લૂંટારાઓ પરદેશી હતા. રમણીની ભાષા કોઈ જાણતું નહોતું. પરંતુ 'બેટા, બેટા' ના રટણને આ લોકો સમજવા કોશિશ કરવા લાગ્યા. અને કોઈક એકાદને થયું કે આવડું ઝનૂન માતૃત્વમાં જ હોઈ શકે. મૃગશિશુ માટે મૃગલી પણ ઝનૂની બનીને સિંહણનો રસ્તો રોકી શકે છે; જ્યારે આ તો જાન પર આવી ગયેલી સ્ત્રી.

અને તુર્તજ બૂમ પડી, 'આ ઘવાયેલું માતૃત્વ લાગે છે, ગામમાં એકલ-દોકલ રઝળતું બાળક હોય તો શોધો.'

અને એ સાથે નષ્ટ ખંડેરોમાં શોધાશોધ ચાલી. એક તૂટી પડેલા છાપરાને સહારે ઘોડિયામાં રાત આખી વિતાવેલ બાળક... હજુ પણ જીવતું રહીને આક્રંદ દ્વારા હાથ-પગ ઉછાળીને માતાને બોલાવી રહ્યું હતું.

લૂંટારાઓ બે પળ નીરખી રહ્યા.

'શું આજ બાળક હશે?'

'જે હોય તે. લાગે તો તીર નહિતર તુક્કો. એ સ્ત્રીના દેખતાં જ બે ટાંટિયા ખેંચી એના ફાડિયાં કરી નાખો. પછી જોઈએ કે એનામાં કેટલું ઝનૂન રહે છે.'

તુર્તજ એ બાળકને રમણી સમક્ષ લાવવામાં આવ્યું અને એના દેખતાં જ બાળકના બે ફાડિયાં...આ દશ્ય જોતાં જ માતાના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ. અને બીજી ક્ષણે હાથમાં રહેલી કટારી પોતાના કાળજામાં ભોંકી તે મૃત્યુ પામી.

શું બાળકનું એ દશ્ય માત્ર માતાએ જ જોયેલું? ના, એક તરફ પુરવાસીઓ અને બીજી બાજુ અવધૂતોએ આ દશ્ય જોયું. રાક્ષસ પણ ધ્રૂજી ઊઠે એવા આ દશ્યને જોતાંવેંત તેમનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં... એ સાથે માતાના મૃત્યુને લીધે એમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો.

બીજી ક્ષણે ગગનભેદી ચિચિયારીઓ પડી... શું એ ભયની હતી? ના, ભીતરનો લાવારસ પ્રગટાવતી, દાવાનળને ફેલાવતી, આતંક સામેના પડકાર સમી એ અગનજવાળાઓ હતી.

અને એ જ પળે લૂંટારાઓના ગાત્રો ગળી ગયાં. તેઓ શસ્ત્રો ફેંકી, મુઠ્ઠીઓ વાળી નાસવા માંડ્યા. એકાદ-બે બચેલા અવધૂતો અને થોડાઘણા બચી ગયેલા પુરવાસીઓએ એમની પૂંઠ પકડી.

બરાબર અવધૂતોની વાંઢ પાસે એમનો ભેટંભેટો થઈ ગયો. ભયંકર ધિંગાણામાં છેલ્લા બચેલા અવધૂતોએ પણ શહાદત વહોરી.

નાસી છૂટેલા લૂંટારાઓને ધોળે દિવસે તારા દેખાડી આખરે આનંદપુરે મુક્તિનો શ્વાસ લીધો.

પણ એ શ્વાસમાં રહી ગઈ હતી વેદના અને વલવલાટ.

પુરવારસીઓ એકઠા થયા. જખમો ખૂબ ઊભર્યા હતા. બધું નષ્ટ થઈ ચૂક્યું હતું. માનવસર્જિત ભૂકંપની ભુતાવળમાંથી હજુ પણ ખંડેરોમાંથી નીકળતી ધૂમ્રસેરો, મૃતદેહો, લૂંટાયેલી માલ-મિલકતો. અને આ તમામ ઉપરાંત એક તરફ રમણીનો મૃતદેહ અને બીજી તરફ અવધૂતોનાં નિશ્ચેટ શરીર એમને નવું સર્જન કરી એમનું તર્પણ કરવા આહ્વાન આપી રહ્યા હતા...

...અને આ વેદનામાંથી એમ થોડું બહાર આવી શકાય?' રાજપાર બાપા વર્તમાનમાં સરી પડતાં બોલી ઊઠે છે.

હું પણ જાગ્રત થઈ એમની સામું જોઈ રહું છું. એમના ચહેરા પર અતીતકાલીન વેદનાના અંશો આજકાલના તાજા હોય એવા દેખાય છે.

થોડીક ક્ષણો સન્નાટો છવાઈ રહે છે.

સાંભળનારા બધા ચૂપ છે.

અચાનક કોઈ પાણીનો લોટો ભરી આવે છે. રાજપાર બાપાને તે આપે છે. તેઓ પાણી પીને સ્વસ્થ થાય છે.

'વિનાશમાંથી નવસર્જન એ પ્રકૃતિના નિયમોને માનવીએ પોતાના જીવનમાં બહુ સારી રીતે ઉતાર્યો છે,' બે-એક ક્ષણ એ ખામોશ રહે છે. અને પછી અનુસંધાન જોડે છે, 'અને આ જ ભાવનાએ માનવીને સદાકાળ ચિરંજીવ રાખ્યો છે.'

એમની વાતો સમજવા બધા પ્રયત્નો કરે છે. એટલે ફોડ પાડતાં એ બોલી ઊઠે છે, 'થોડા દિવસો બાદ એ કારમા ઘાની કળ વળી એટલે માણસો પાછા ભેગા થયા અને પોતાનું તૂટેલું - ફૂટેલું જીવન સજાવવા લાગ્યા.'

એમને હજુ ઘણું કહેવું હતું પણ વાત જામતી ન હોય એવું એમને પોતાને લાગતું હતું. તેથી મૂળ મુદ્દાને ઊપસાવતાં બોલ્યાં, 'પણ હવે આનંદપુરના સ્થાને એમને વસવાની મજા ન આવી.'

નિ:શબ્દ શાંતિ છવાયેલી હતી. અચાનક વાતનું અનુસંધાન તોડીને એ અન્ય વાત પર આવ્યા, 'આ કમનસીબ ઘટના પછી કહે છે કે અન્ય કોઈ કુદરતી પ્રપાતને લીધે દરિયો પણ આનંદપુર પાસેથી ખસી ગયો અને હાલના શિકારપુર પાસે એ અટકી ગયો.'

'પણ તો પછી એ બચી ગયેલા લોકો ક્યાં વસ્યા?' ટોળામાંથી એકે વળી મૂળ મુદ્દાને પકડ્યો.

બાપાના ચહેરા પર સ્હેજ ચમકારો આવી ગયો. પોતાના પૂર્વજોના સ્થળાંતર,

પુનવર્સન જેવી બાબતોને જાણવાની માનવીને અજબની જિજ્ઞાસા હોય છે. અંતે બધાની જિજ્ઞાસાને સંતોષવા બાપાએ રહસ્યોદ્‌ઘાટન કર્યું, 'અને તેથી એ લોકો આનંદપુર નગરીથી દૂર જ્યાં એ કટારીયુક્ત રમણી પડી હતી ત્યાં એના સ્મરણાર્થે એમણે નવી પુરીનું સર્જન કર્યું અને એનું નામ રાખ્યું 'કટારિયા.'

'હેં...? કેટલાક યુવાનો આશ્ચર્યમાં બોલી પડ્યા.'

'હા,' બાપાએ હોંશથી હોંકારો દેતાં બાકીની પૂર્તિ કરી, 'એની બાજુમાં જ આનંદપુરી જેવી અન્ય નગરી હતી. 'વલ્લભીપુરી' એની સાથે એ વિશેષણ જોડાઈ જતાં બન્યું 'વલ્લભીપુરી-કટારિયા'

બધા હજુ પણ કશુંક વિશેષ સાંભળવાની અપેક્ષાએ ઊભા હતા. તેથી બાપાએ જાણે ગાથાનું સમાપન કરતાં ઉમેર્યું, 'અને અવધૂતો જ્યાં વાંઢ બાંધીને રહેતા હતા ત્યાં એમણે વસાવ્યું 'વાંઢિયા.'

ટોળું આશ્ચર્યચકિત થઈ બાપા સામે જોઈ રહ્યું.

હવે એમણે મારી તરફ મુખ ફેરવ્યું. 'આજે પણ કટારિયા અને વાંઢિયા વચ્ચે આ પ્રાચીન નગરીના નષ્ટપ્રાય અવશેષો જોવા મળે છે.'

મને એ નગરીના અવશેષો જોવાની પ્રબળ ઈચ્છા થઈ આવી. પણ હું કંઈ બોલું એનાથી પહેલાં આનંદના અવાજો સંભળાયા, 'બસ આવી... બસ આવી...'

અને બધાનું ધ્યાન એ મહામૂલી બસ તરફ દોરાયું. તપમાં બેઠેલ કોઈ સાધકનો તપોભંગ થાય એ રીતે એ જમાનામાં અપ્સરા સમી બસ મને લલચાવી રહી.

'આ તો ઝાપટાં પડ્યાં એનાથી પહેલાં નીકળેલી બસ છે. હવે જો ડેપોમાં ખબર પડશે તો બીજી બસો નહીં આવે.' બાપાના શબ્દો સંભળાયા.

'ચાલ જીવ, જાગી જા. નહિતર કોઈ વાહન નહીં મળે.' અંદરથી કોઈએ મને ધક્કો માર્યો.

મારું મન આનંદપુરના અવશેષો શોધવા બહાવરું થઈ ઊઠે છે, શ્રેય અને પ્રેય વચ્ચે દોલાયમાન થતો હું આખરે અનિચ્છાએ બસ તરફ દોરવાઉં છું...

...અને કેટલાંય વરસોથી મારા મનમાં આનંદપુર બળવો પોકારતું રહે છે. હવે તો વાહન વ્યવહાર ઝડપથી અને સુગમ બન્યો છે. નેશનલ હાઈવે - ૮એ પરથી જતાં શિકારપુરનું પાટિયું આવતાં આજે પણ મારું મુખ એ દિશામાં મંડરાઈ જાય છે. મને ઊતરી જવાની અદમ્ય ઈચ્છા થાય છે....ત્યાં જઈને મારે આનંદપુર સાથે તાદાત્મ્યીકરણ સાધવું છે... શું હશે વલ્લભીપુરી-કટારિયા અને વાંઢિયા વચ્ચેના સીમાડામાં? શું ત્યાં ખરેખર આનંદપુરના અવશેષો હશે? કે પછી કોઈપણ ઐતિહાસિક પ્રમાણો ન ધરાવતી માત્ર લોકવાયકા!?

*મો. ૯૮૭૯૩ ૨૧૬૫૬*
*ઈ-મેઈલ : dr_dmj24@yahoo.in*

## ઇ ધરવી ધરા માઁ ગુર્જરીજી...

કવિ-કલાને કસબી-જિત્ત, ઇ કુધરતી લીલા ઐશ્વર્યજી,
દ્વારકાજે ધણીકે ગમઈવી, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧)

સિદ્ધાચલને ગિરનાર, ઇ સિદ્ધ ભૂમિ સિદ્ધ પુરુષેંજી
સિદ્ધ થ્યાને સિદ્ધ પુરુષ લભેં, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૨)

શંખેશ્વરાને ખંભાતી દેરા, સત્તાધારને સાપુતારાજી,
મહુડી-અંબાજીજા અમી આશિષ, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૩)

કાળ પ્રવાહ સામે ટેકીર્યો ધરખમ, ઇ સોમનાથ મહાદેવ પાટણજી,
જેંજી ઇતિહાસ પૂરે સાક્ષી હિત્ત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૪)

મહાન જૈન આચાર્ય હેમચંદ્રસૂરિ, અહિંસાલા કરાંયાં અમારી પાલનજી,
રજકણ ઝંખે જીવદયા હિત્ત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૫)

કુંવરબાઈજો મામેરો ક્યાં શ્રીકૃષ્ણ, છૂપે વેશેં હિત્ત ર્યા પાંડવજી,
અડીકડીવાવ નવઘણ કૂવો, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૬)

શોભે શુક્લ તીરથજી, ધરિયા વિચ્ચ અજાયબી દ્વારકાજી,
લભે ન મૂડ-મૂડીયા કબીર વડજા, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૭)

હિત્તે ડો પ્રચેતા તપ્યા તપ, સચ્ચાઇ જિત જેસલ તોરલજી,
ડુકારકે જોંકાંય જગડુશા દાતા, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૮)

હેળે છપ્પનીએ ડુકારમેં, ઉન જમાનેંમેં લખ્ખેંસેં ડૈ દાનજી,
કચ્છ-હાલારકે ઉકાર્યા ઇ ખેતા ખીંયશી ધુલ્લા, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૯)

વ્યવસ્થાપક ભનાંય દામજી જેઠાકે, ખરચ્યાં અઢળક ધન વાલજી લધાજી,
ને છપ્પજે ડુકારમીંજા ભચાંયાં કચ્છડો, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૦)

"માતા જો મડ" મેં બિરાંજે આશાપુરાજી, જેંકે નમેં કચ્છ રાજજી,
નારાયણસર-કોટેશ્વર તીર્થધામ વડા, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૧)

ઝારેતેં લડી લાખેજી ખપીવ્યા, બાબા ધોરમનાથ ને સંત મહેકણજી,
શોભે કારો ડુંગરને ધીણોધર, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૨)

સતવીયું સુમરીયેંજી શીલલા, અબડો લડ્યો છેવટ તાંઈજી,
જખ્ખ બહુતેરાને ભેણ સાંયરી આયા હિત, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૩)

લાલપરમેં લભેં દાદા ભલારાજી, ને વીરપુરમેં વસેં સંત જલારામજી,
શોભે સંત ઓધવરામને વાલદાસજી, ઇ ગરવી ધરા માઁ ગુર્જરીજી. (૧૪)

*'રશ્મિનજો રણકાર : ભાગ-૩'માંથી સાભાર*

• શુભેચ્છા સહ.... •

**સૌ. લીનાબેન હંસકુમાર શાહ**

**મે. હેમંત સર્જીકલ ઈ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. મદનમોહન માલવિયા રોડ,
ટેલીફોન એક્ષચેન્જની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૨

# કચ્છમાં ઔદ્યોગીકરણ

• હરેશ ધોળકિયા •

કચ્છ સદીઓથી વિશિષ્ટ અને વિચિત્ર પ્રદેશ રહ્યો છે. ભૌગોલિક રીતે કર્કવૃત્ત પર છે. તેથી કાયમી વરસાદ ઓછો જ હોય! ખેતીપ્રધાન સંસ્કૃતિ વ્યવસ્થામાં વરસાદ હેરાન કરે. સમગ્ર પ્રદેશ સૂકો રહ્યો. તેથી ખેતી પણ ન વિકસી અને અન્ય વ્યવસાયો પણ ન વિકસી શક્યા. તેથી પ્રજાની સતત હિજરત થતી રહી. દેશના આત્યંતિક પશ્ચિમ ખૂણામાં છે. વળી આસપાસ રણ અને દરિયો છે. આ બધાને કારણે સદીઓ સુધી તે અન્ય ભાગો સાથે નહીંવત્ સંપર્કમાં રહ્યો. ઈતિહાસમાં રાજાઓ પણ એવા ન આવ્યા જેમના પાસે કોઈ વિઝન હતું જે કચ્છને વિકસવામાં મદદ કરે. સ્વતંત્રતા પછી અહીં એવા નેતા ન આવ્યા જેના પાસે આધુનિક વિઝન હોય! આમ, કચ્છ એક બાજુ કુદરતની થપાટો ખાતું રહ્યું અને બીજી બાજુ વિઝન વગરના રાજાઓ અને નેતાઓના કારણે સદીઓ સુધી પછાત રહ્યું. ૨૦૦૧ના ધરતીકંપ પછી કંઈક સ્થિતિ સુધરી અટલબિહારી વાજપેયીના વિઝનના કારણે. પરિણામે કંઈક વિકાસ શરૂ થયો છે. પણ હજી પણ સબળ સ્થાનિક નેતાગીરી ન હોવાથી ધાર્યો વિકાસ વેગ પકડી શકતો નથી.

આ બધી પરિસ્થિતિના કારણે કચ્છમાં બહુ ઓછું ઔદ્યોગીકરણ થયું છે. અને જ્યાં સુધી ઔદ્યોગીકરણ ન થાય, ત્યાં સુધી તે પ્રદેશનો ક્યારેય વ્યવસ્થિત વિકાસ થઈ શકતો નથી. કચ્છની આ જ હાલત થતી રહી છે. છેક ૨૦૦૧ પછી તેની શરૂઆત થઈ છે. આજે જ્યારે, ભલે અવ્યવસ્થિત પણ, ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે, ત્યારે સમગ્ર ઈતિહાસ દરમિયાન કચ્છમાં ઔદ્યોગિક સ્થિતિ શું હતી તેનું સિંહાવલોકન કરવું જરૂરી છે. આ ઔદ્યોગિક વિકાસને ત્રણ તબક્કામાં જોવાની જરૂર છે : (૧) સ્વતંત્રતા પહેલાંનો, (૨) ૧૯૪૮થી ૨૦૦૧ દરમિયાનનો વિકાસ અને (૩) વર્ષ ૨૦૦૧ પછીનો ઔદ્યોગિક વિકાસ.

- **સ્વતંત્રતા પહેલાં :**

કચ્છમાં અંગ્રેજો આવ્યા, તે પહેલાં કોઈ દસ્તાવેજીકરણ દેખાતું નથી. તેથી શું સ્થિતિ હતી તેનો ખ્યાલ આવતો નથી. ઓગણીસમી સદીના અંતમાં અંગ્રેજોના કારણે પ્રથમ વાર ગેઝેટ બહાર પાડવામાં આવ્યું. તેથી ત્યારથી ચિત્ર સ્પષ્ટ થવાની શરૂઆત થાય છે. એટલે ત્યારથી જ કચ્છની આર્થિક અને ઔદ્યોગિક સ્થિતિ જોવાની શરૂઆત કરવી પડશે.

ખેતી અને પશુપાલનને બાદ કરતાં કચ્છમાં જેને 'ઉદ્યોગ' કહી શકાય તેની હસ્તકળાઓ હતી.

જૂના ગેઝેટમાં નજર કરીએ છીએ તો સોનાકામ, ચાંદીકામ, કોપરવર્ક, લોખંડકામ, ગિલ્ડિંગકામ, પોલિશિંગ, કડિયાકામ, સુથારીકામ, વણાટકામ, ભરતકામ, રંગાટકામ, રેશમ-વણાટ, રેશમ-પ્રિન્ટિંગ, ઢાલ બનાવવી, તેલ, બ્રેસલેટ બનાવવાં, ચામડાકામ વગેરે ઉદ્યોગોનો ઉલ્લેખ દેખાય છે. આ બધામાં ભરતકામ જ મહત્ત્વનું દેખાય છે.

કચ્છના બધા રાજાઓમાં કેવળ રાવ લખપતજી એક જ કલ્પનાશીલ રાજવી દેખાય છે. તેમના સમયમાં ઉદ્યોગો બાબતની હલચલ દેખાય છે. તેમના સમયમાં ઓખાથી એક યુવાન રામસિંહ માલમ કચ્છમાં આવ્યો હતો. તે યુરોપમાંથી અનેક ઉદ્યોગો શીખી આવ્યો હતો. પણ તત્કાલીન સૌરાષ્ટ્ર અને ગુજરાતના કોઈ રાજા તેની પ્રતિભાને ઓળખી ન શક્યા, પણ રાવ લખપતજી પોતે જ પ્રતિભાશાળી હોવાથી તરત રામસિંહની બુદ્ધિમતાને પારખી ગયા. તેને કચ્છમાં કામ કરવાની પૂર્ણ સ્વતંત્રતા આપી દીધી. પરિણામે રામસિંહે કચ્છમાં અનેક ઉદ્યોગોની શરૂઆત કરી. તેણે કચ્છમાં સોના કામ, ચાંદી કામ, ટાઈલ્સ બનાવવી, કાચનું કારખાનું, ઈનામેલ વર્ક, મકાન બાંધવાં, ઘડિયાળ બનાવવાં, ઢાલ બનાવવી, તોપ બનાવવી વગેરે અઢાર જેટલા ઉદ્યોગો શરૂ કર્યા હતા. આ બાબતે તત્કાલીન કચ્છમાં રોજગારી પર મોટી અસર કરી હશે. આ ઘટનાનો ઉલ્લેખ એટલે કરવો જરૂરી છે કે ત્યારે હજી યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ હતી, પણ તેનો પ્રભાવ હજી યુરોપ બહાર શરૂ થયો ન હતો. ત્યારે આ સમયે, માત્ર કચ્છમાં, રાવ લખપતજી અને રામસિંહના મિલનના કારણે, ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ હતી એમ કહી શકાય. સમગ્ર ભારત જ્યારે કેવળ ખેતી પર આધાર રાખતું હતું, ત્યારે કચ્છમાં આટલા ઉદ્યોગો શરૂ કરી રામસિંહે કચ્છને પ્રગતિશીલ કરવાનો ભારે પુરુષાર્થ કર્યો હતો. ઈતિહાસે આની આર્થિક સંબંધમાં નોંધ નથી લીધી તે કરુણતા છે. કમનસીબે, રાવ લખપતજીના મૃત્યુ પછી તેને વિશેષ ટેકો ન મળ્યો અને આ પ્રક્રિયા નામશેષ થઈ ગઈ. કેટલાક જ ઉદ્યોગો બચ્યા. ફરી કચ્છ સામાન્યતામાં ગરકાવ થઈ ગયું.

ઉદ્યોગો બાબતે પુનઃ હલચલ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જોવા મળે છે. ૧૮૭૭માં કચ્છ રાજ્યની મદદથી ભુજમાં મિણબત્તી અને દીવાસળીનાં કારખાનાં શરૂ કરવાનો પ્રયાસ થયેલ દેખાય છે. પણ તેનું મેનેજમેન્ટ બરાબર નહીં ચાલ્યું હોય - નેતૃત્વના અભાવે-તેથી થોડા જ સમયમાં તે બંધ થઈ ગયાં.

વીસમી સદીમાં ફરી હલચલ દેખાય છે. કચ્છ રાજ્ય દ્વારા ત્રણ જિનિંગ ફેક્ટરી અને ત્રણ હાઈડ્રોલિક ફેક્ટરી શરૂ થાય છે. તેમાં એક એક અંજારમાં શરૂ થાય છે. ૧૯૩૪માં રાજ્યની મદદથી કંડલામાં 'કચ્છ સૉલ્ટ વર્કસ' શરૂ થાય છે. પછી તેનું નામ

'યુનાઈટેડ સૉલ્ટ વર્ક્સ' થાય છે. માંડવીના મેરાઉ ગામમાં બ્રાસ અને કૉપરના વાસણોની ફેક્ટરી શરૂ થાય છે. ૧૯૪૪-૪૫ આસપાસ માંડવીમાં દિવાસળીનું કારખાનું અને પછી આઠ ઑઈલ મિલો શરૂ થાય છે.

પણ આ સમગ્ર પ્રયાસ તરફ આલોચનાત્મક રીતે જોવામાં આવે, તો કચ્છમાં ઉદ્યોગો સ્થાપવાનો બહુ જ ઓછો પ્રયાસ થયો છે. રાવ ખેંગારજી બીજા તો સતત પરદેશ જતા હતા. બધું જ જોતા જ હશે, છતાં કચ્છમાં વિકાસ થવો જોઈએ એવો તેમને કેમ વિચાર નહીં આવ્યો હોય? અલબત, તે ભાયાતોની સમસ્યાથી હેરાન હતા. તેમાંથી ઊંચા જ આવતા ન હતા. ભાયાતો તદ્દન પછાત હતા. તેમને વિકાસ શબ્દ જ ખબર ન હતો. પરિણામે કચ્છની જનતા રૂઢિચુસ્તતા અને પછાતપણા વચ્ચે ભીંસાતી રહી. કચ્છ પાસે એવો કોઈ લોકનેતા પણ ન હતો કે આ બાબતે ધ્યાન દોરે અથવા જાતે કરે. જો કે, એક મત પ્રમાણે, રાવ આધુનિકતાને પ્રોત્સાહન જ નહોતા આપતા. તેથી કોઈ કરત તો પણ તે કેટલો સફળ થાત તે સવાલ છે. પણ પ્રયાસ જ ન થયો એ મોટી વાત છે.

- **સ્વતંત્રતા પછી : પ્રથમ પચાસ વર્ષ :**

૧૯૪૮માં કચ્છમાં રાજાશાહીનો અંત આવ્યો. તે ભારત સંઘ સાથે ભળી ગયું. શરૂઆતમાં "ક" રાજ્ય તરીકે રહ્યું. ૧૯૫૬ માં બૃહદ મુંબઈ સાથે ભળી ગયું. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની શરૂઆત થતાં તે ગુજરાતનો એક જિલ્લો બની ગયું.

સ્વાભાવિક છે કે ભારતમાં ભળવાથી તેનો વિકાસ શરૂ થયો. દેશમાં પંચવર્ષીય યોજનાઓ શરૂ થઈ અને દેશના ખૂણેખૂણામાં વિકાસ થવાની શરૂઆત થઈ. તેનો લાભ કચ્છને પણ મળવો શરૂ થયો. તેનો પ્રથમ લાભ કંડલાને મળ્યો. કરાંચી પાકિસ્તાનમાં જતાં તેના વિકલ્પે એક બંદર વિકસાવવાની જરૂર ઊભી થઈ. એટલે સ્વાભાવિક રીતે કંડલા પર નજર પડી. ત્યારે સમાંતરે ગાંધીધામ સંકુલનો પણ વિકાસ થતો હતો. તેથી કંડલાને તૈયાર માળખું મળતું હતું. તેથી પણ કંડલાનો વિકાસ ઝડપી થવો શરૂ થયો. ત્યાં વિકાસની ગતિ વધે માટે "ફ્રી ટ્રેડ ઝોન" શરૂ કરવામાં આવ્યું. અતુલ ડ્રગ ફેક્ટરી કંડલામાં શરૂ થઈ. તેણે અન્યોને આવવા પ્રેરણા આપી અને વિકાસ આગળ વધ્યો. સાથે બ્રોસર પ્લાન્ટ, વીજળીના થાંભલા, પાઈપ ફૅક્ટરી વગેરે પણ શરૂ થયાં.

સમાંતરે અન્યત્ર નજર કરીએ તો માંડવી, જખૌ, લાકડિયા, મુંદ્રામાં ઓઈલ મિલ શરૂ થઈ. ગાંધીધામમાં ગાંધીધામ સ્પિનિંગ એન્ડ વિવિંગ મિલ શરૂ થઈ. મુંદ્રા અને અંજારમાં જિનિંગ ફેક્ટરી શરૂ થઈ. આ રીતે ક્રમશઃ કચ્છમાં નાના નાના ઉદ્યોગો આવવાની શરૂઆત થઈ.

સ્વાતંત્ર્ય પછી કચ્છમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના ઉદ્યોગો શરૂ થયા : કુટીર અને ગ્રામ્ય ઉદ્યોગો, નાના પાયાના ઉદ્યોગો અને મધ્યમ અને મોટા ઉદ્યોગો. વીસમી સદી પૂરી થઈ ત્યાં સુધી આ ત્રણેમાં આવી કંઈક સ્થિતિ હતી.

કુટીર અને ગ્રામ્ય કક્ષાના ઉદ્યોગોની ચોક્કસ નોંધણી થતી નથી. તેથી તેના નક્કર આંકડા મેળવવા અશક્ય હોય છે. છતાં એક અંદાજ પ્રમાણે કચ્છમાં ૧૨,૦૦૦ થી વધારે કુટિર ઉદ્યોગો હોવાનો સંભવ છે. તેમાં લગભગ ૨૫૦૦૦ કારીગરો રોજગારી મેળવે છે. એ જ રીતે હસ્તકળા અને કુટિર ઉદ્યોગો આધારિત લઘભગ ૧૨૩ જેટલી સહકારી મંડળીઓ કામ કરે છે.

નાના પાયાના ઉદ્યોગો સંદર્ભે ૧૯૯૫ સુધી ૨૮૪૩ એકમો કચ્છમાં નોંધાયાં હતાં. એટલે વીસમી સદીના છેલ્લા દાયકામાં આ પ્રકારના ઉદ્યોગોની સંખ્યા વધતી રહી છે.

મોટા અને મધ્યમ કદના ઉદ્યોગો પચાસ વર્ષ દરમ્યાન ખાસ ન હતા. કેવળ કંડલા અને ગાંધીધામ આસપાસ જ હતા. તેનાં કારણો, આગળ કહ્યું તેમ, ગાંધીધામ સંકુલનો વિકાસ, કંડલા મુક્ત ઝોન અને ત્યાં બ્રોડગેજ રેલવેનું હોવું વગેરે હતાં. છતાં ૨૦૦૦ ની સાલ સુધી લગભગ ૩૦ જેટલા ઉદ્યોગો સ્થપાયા હતા એવી નોંધ છે. તેમાં એકાદ માંડવી આસપાસ હતો, બાકી બધા ગાંધીધામ બાજુ જ વિકસ્યા હતા.

ઔદ્યોગીકરણ બાબતની વિચારણા તો શરૂઆતથી જ થતી હતી. કચ્છના એક સાસંદ ડૉ. મહિપત મહેતાએ "કચ્છ વિકાસ બોર્ડ"ની માગણી કેન્દ્ર સરકાર પાસે કરી હતી. તેમની માગણી ૧૯૭૭માં તત્કાલીન ગવર્નરે જાહેરાત કરી, પણ પાછળથી જનતા સરકારે રદ કરી હતી. પરિણામે તેમણે ઇંદિરા ગાંધી પાસે માગણી કરી હતી. ફરી ગવર્નરે તેની જાહેરાત કરી, પણ રાજ્ય આધારિત! કરુણતા એ છે કે ડૉ. મહેતાએ જ તેને છેતરપિંડી ગણાવી. નાની પાલખીવાલાને મતે આ માગણી જ વ્યર્થ હતી. પણ તેને કારણે ડૉ. મહેતા કચ્છમાં લોકપ્રિય બન્યા હતા.

૧૯૭૫ના ડિસેમ્બરમાં કચ્છનો સર્વાંગી વિકાસ કરવાના હેતુથી ગાંધીધામમાં એક સેમિનાર થયો હતો. તેમાં રાજ્યના મંત્રીઓ, અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, નાણા નિગમો અને ઉદ્યોગ સાહસિકો એકઠા થયા હતા. તેમાં ઉદ્યોગોની જરૂરત અને તે માટે જરૂરી સગવડોની ચર્ચા થઈ હતી. પણ તેનું ખાસ પરિણામ આવ્યું ન હતું.

પ્રથમ પાંચ દાયકા તરફ નજર કરીએ તો આવું ચિત્ર જોવા મળે છે. ત્યારે ઉદ્યોગો સ્થાપવા માટે સરકારી લાભો, સગવડો, સ્થાનિકે ઉપલબ્ધ કાચો માલ, કુશળ અને બિનતાલીમી કર્મચારીઓની હાજરી વગેરે બાબતો તપાસવામાં આવતી.

૧૯૭૮માં કેન્દ્રે એક નવી ઉદ્યોગ નીતિ તૈયાર કરી. તેના સંદર્ભે કચ્છમાં "જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર" ની સ્થાપના કરવામાં આવી. તેના કારણે કચ્છમાં લઘુ ઉદ્યોગ વિકાસની શરૂઆત થઈ. વીસમી સદીની શરૂઆતમાં ૬૦૮૯ લઘુ એકમો નોંધાયાં હતાં. એટલે કે તક મળતાં કચ્છના ઉદ્યોગ સાહસિકોએ તેનો લાભ લીધો હતો. આ સંદર્ભમાં સરકારે દરેક તાલુકામાં જી.આઈ.ડી.સી. ની સ્થાપના પણ કરી હતી. ૧૯૮૯માં ગુજરાતમાં જે બે ગ્રોથ સેન્ટર જાહેર થયાં તેમાં એક કચ્છમાં આપવાની જાહેરાત થઈ હતી. અલબત્ત,

તેનો ખાસ વિકાસ ન થયો.

ટૂંકમાં પ્રથમ પચાસ વર્ષ દરમ્યાન કચ્છમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગો વિકસ્યા, પણ એકાદ બે ને બાદ કરતાં કોઈ જ મોટા ઉદ્યોગો ન શરૂ થયા. એ સંદર્ભમાં કચ્છ પછાત જ રહ્યું.

- **એકવીસમી સદીમાં ઔદ્યોગીકરણ :**

૨૦૦૧ની ૨૬ જાન્યુઆરીએ કચ્છમાં ભયાનક ભૂકંપ આવ્યો. સમગ્ર કચ્છ હચમચી ગયું. કચ્છમાં વ્યાપક નુકસાન થયું અને હજારો લોકોનાં મોત પણ થયાં. કચ્છ હવે ક્યારેય ઊભું નહીં થઈ શકે તેવી ધારણા સ્થાનિકે અને અન્યત્ર પણ ઊભી થઈ ગઈ.

પણ હકીકતે ઊલટું જ બન્યું. આ વખતે સરકારને કેવળ રાહત કાર્યોનો જ વિચાર ન આવ્યો. સદ્ભાગ્યે કેન્દ્ર સરકારમાં વડાપ્રધાન તરીકે અટલ બિહારી વાજપેયી હતા. તેમણે તાત્કાલિક મદદનો ટૂંકો વિચાર કરવાને બદલે કચ્છના લાંબાગાળાના વિકાસનો વિચાર કર્યો. તેનાં પ્રથમ પગલાંરૂપે તેમણે, કચ્છમાં આવ્યા ત્યારે, ભુજની ધ્વસ્ત જનરલ હોસ્પિટલને એક અબજના ખર્ચે બાંધી આપવાની જાહેરાત કરી. પછી તરત જ તેમણે કચ્છમાં લાંબાગાળાની રોજગારી ઊભી થાય અને કચ્છ ઝડપથી વિકસે માટે ત્યાં ઉદ્યોગો આવે માટે તેમને પ્રોત્સાહનરૂપે પાંચ વર્ષ માટે ''ટેક્સ હોલી ડે'' જાહેર કર્યો. આ જાહેરાત કચ્છ માટે અદ્ભુત હતી. છેલ્લાં પાંચસો વર્ષથી કચ્છ પછાત હતું. વિકાસનો પાયો – ઉદ્યોગો જ કચ્છમાં ન હતા. એવું કોઈ પર્યાવરણ પણ સર્જાયું ન હતું જે તેમને આવવા પ્રેરે. પણ વાજપેયીજીનાં આ એક પગલાંએ ઉદ્યોગોને પળભરમાં પ્રોત્સાહન આપી દીધું. અત્યાર સુધી કેવળ બે જ ઉદ્યોગો અહીં આવ્યા હતા : સાંઘી અને અદાણી. પણ આ ટેક્સ હોલીડેના પરિણામે કચ્છમાં અનેક ઉદ્યોગોએ આવવાની શરૂઆત કરી અને કચ્છનો ચહેરો પાંચસો વર્ષમાં પહેલી વાર બદલાવા લાગ્યો. કચ્છમાં ક્રમશઃ મધ્યમ અને મોટા ઉદ્યોગો આવવા લાગ્યા અને વિકસવા લાગ્યા.

- **મોટા ઉદ્યોગો :**

પ્રથમ દોઢ દાયકામાં કચ્છમાં લગભગ ૭૨ જેટલા મોટા ઉદ્યોગો આવી ગયા છે. તેમાં મહત્ત્વના એશિયા મોટર્સ, ઍન્કર, આશાપુરા, એજીબી સિમેન્ટ, અજંટા મેન્યુફેક્ચરિંગ, યુરો, અંજન સિમેન્ટ, વેલસ્પન, જિંદાલ, રત્નમણિ, સોલારિસ, સુઝલોન વગેરેને ગણી શકાય. પણ તેમને તાલુકાવાર જોઈએ તો ભુજ તાલુકામાં ૧૭, અંજારમાં ૧૭, ગાંધીધામમાં ૧૪, મુંદ્રામાં ૦૭, ભચાઉમાં ૧૫, લખપતમાં ૦૧ અને નખત્રાણામાં ૦૧ ઉદ્યોગો છે.

આ ઉદ્યોગોનું પૃથ્થકરણ કરીએ તો મુખ્યત્વે ઈજનેરી, પાવર, સ્ટીલ પાઈપ, સિમેન્ટ, હસ્તકળાઓ, બાંધકામ, કેમિકલ્સ, સીરામિક અને કાપડ છે. તે સાથે ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે કચ્છમાં ગુજરાતનું ૬૦ ટકા મીઠાનું ઉત્પાદન થાય છે જે મોટા ભાગે બાંગલાદેશ અને કોરિયામાં નિકાસ થાય છે. અહીં સૌ પાઈપનો સૌથી મોટો પ્લાન્ટ છે.

- **મધ્યમ કક્ષાના ઉદ્યોગો :**

પ્રથમ દોઢ દાયકામાં કચ્છમાં લગભગ ૨૯ જેટલા મધ્યમ કક્ષાના ઉદ્યોગો આવ્યા છે. તેમને તાલુકા પ્રમાણે વિભાજન કરીએ તો અંજાર તાલુકામાં ૫, અબડાસામાં ૬, ભચાઉમાં ૧૨, રાપરમાં ૧, માંડવીમાં ૧, ગાંધીધામમાં ૪ આવેલા છે.

- **ઉદ્યોગોની વિકાસ ગતિ :**

આ ઉદ્યોગોની વિકાસ ગતિ તરફ નજર કરીએ તો દેખાય છે કે તેઓ પ્રોત્સાહન અને ડાયમેન્શનલ દૃષ્ટિથી ધાર્યો વિકાસ કરતા નથી. તેમાં રાજ્ય સરકારની નીતિઓ જવાબદાર છે. નાણાકીય ટેકો, માર્કેટ ઈન્ટેલિજન્સ, વૈશ્વિક દૃષ્ટિકોણનો અભાવ, અપૂરતી ટેકનોલોજીકલ ગતિશીલતા વગેરે છે. સ્થાનિક નેતૃત્વના વિઝનનો અભાવ તો પહેલેથી જ છે. એટલે આ ઉદ્યોગોને ગતિ મળે તે માટે પૂરતો ટેકો, તેની સંભાળ, દૃષ્ટિકોણમાં વિશાળતા વગેરે બાબતોની તાતી જરૂર છે. ટેક્સ હોલી ડે પણ પૂરો થયો છે. તે પણ પ્રોત્સાહન ઘટવાનું એક પરિબળ છે.

- **પેટા ઉદ્યોગો :**

એક પ્રદેશમાં મધ્યમ કે મોટા ઉદ્યોગો આવે એટલે તેની પાછળ પેટા ઉદ્યોગો પણ આવતા હોય છે. આ મોટા ઉદ્યોગોને અનેક વસ્તુઓની જરૂર પડતી હોય છે. તે બધી જ વસ્તુઓ પણ પોતે બનાવવાનો પ્રયત્ન નથી કરતા. તે માટે તે અન્ય લોકોને તે બનાવવા કહે છે અને પછી તેના પાસેથી ખરીદી, પોતાને ત્યાં ઍસેમ્બલ કરે છે અથવા ઉપયોગ કરે છે. આ જે અન્ય લોકો આ વસ્તુઓ તૈયાર કરે છે, તેને પેટા ઉદ્યોગો કહી શકાય.

કચ્છમાં પુષ્કળ મધ્યમ અને મોટા ઉદ્યોગો આવ્યા છે. તેના પરિણામે આવા પેટા ઉદ્યોગો માટે વિશાળ તક ઊભી થઈ છે. આ પેટા ઉદ્યોગો નવા ઉદ્યોગ સાહસિકો દ્વારા ચલાવાતા હોય છે. કચ્છમાં પણ ઉદ્યોગો આસપાસ આવા પેટા ઉદ્યોગોની શરૂઆત થઈ છે. તેણે રોજગારીમાં ઘણો જ વધારો કર્યો છે. સરકારે પણ આવા પેટા ઉદ્યોગોની યાદી બહાર પાડી છે જેમાંથી પણ કોઈ કરી શકાય છે. આ યાદીમાં ૩૮ જેટલા પેટા ઉદ્યોગોનાં નામ છે. તેમાં મહત્ત્વના ટીન પ્લાન્ટસ, પ્લાસ્ટિક બેગ, ગુંદર, કોસ્ટિક, ફોસ્ફરિક એસિડ, સલ્ફ્યુરિક એસિડ, બોઈલ કેમિકલ્સ, લુબ્રિકન્ટ, બોલ બેરિંગ્સ, રબ્બર કન્વેયર બેલ્ટસ, ટાયર્સ અને ટ્યુબ્સ, મશીનરી સ્પેર, વાયર્સ, આર.સી.સી. સિમેન્ટ પાઈપ, કોટન હેન્ડગ્લોઝ, સેફ્ટી શુઝ, અગ્નિશામક મશીનો, કોરુગેટેડ બોકસીસ, વાલ્વ્સ, એક્રેલિક શીટ્સ, જનરેટરો વગેરે.

આ બધા નાના ઉદ્યોગો ગણી શકાય. પણ તે મોટા ઉદ્યોગોને બહુ જ મદદરૂપ થતા હોય છે. ઉદ્યોગોની જે માંગ છે તે જોતાં આ પેટા ઉદ્યોગોના વિકાસની પુષ્કળ તકો છે એમ માનવામાં આવે છે. તેથી જિલ્લાના જ યુવાન નવા ઉદ્યોગ સાહસિકોને પણ તકો છે. તેઓ જો ઉત્તમ કામ કરે તો તેમને વિશાળ બજાર મળી રહેવાની પૂરી તકો છે.

આ સાથે સમાંતરે ''સેવા ક્ષેત્ર''ને પણ પુષ્કળ તકો છે. તેમાં પ્રોફેશનલ અને

સ્વરોજગારવાળા લોકો પોતાના ક્ષેત્રની નિષ્ણાતપણાની સેવાઓ ઉદ્યોગોને પૂરી પાડી શકે છે. તેમાં રિટેલ વેપાર, રોડ ટ્રાન્સપોર્ટ ઑપરેટરો, નાના ઉદ્યોગો વગેરેનો સમાવેશ થાય છે. તેમને કામ શરૂ કરવા માટે બેન્કો પણ લોન આપે છે. સરકાર પણ તે માટે યોજનાઓ ચલાવે છે.

આમાં શહેર અને ગામડાની બહેનોને પણ સ્વરોજગાર કરવાની તકો છે. તેમને કસ્ટમ ટેલરિંગ, કપડા ધોવાની સેવાઓ, બ્યુટી પાર્લર વગેરેની કીટ આપવામાં આવે છે. આ ઉપરાંત સેવા ક્ષેત્રમાં સાઈકલ રિપેરિંગ, ઘરનાં વિદ્યુત સાધનોનું રિપેરિંગ, પ્લમ્બિંગ, ટી.વી. વગેરેનું સમારકામ, વાહન રિપેરિંગ, વાહન ભાડે આપવાં, ખેતીના સાધનોનું સમારકામ, વાળંદકામ, વિવિધ વસ્તુઓ ભાડે આપવી, કડિયાકામ, કેટરીંગ કામ વગેરે સેવાઓની પણ પુષ્કળ જરૂર પડે છે અને તેમાં લોકો સ્વરોજગાર કરી કમાઈ શકે છે, કમાય પણ છે.

- **ઉદ્યોગોને મદદરૂપ થતી સંસ્થાઓ :**

કચ્છમાં, આમ તો સમગ્ર ગુજરાતમાં, ઔદ્યોગીકરણ વધે તે માટે ગુજરાતમાં વિવિધ સંસ્થાઓ મદદરૂપ થાય છે. આ સંસ્થાઓમાં મુખ્ય આ છે :

ઉદ્યોગોના રજિસ્ટ્રેશન અને સલાહ માટે 'જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર'. જમીન મેળવવા માટે 'ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન.' નાણાકીય મદદ માટે 'વાણિજ્ય બેન્કો.' કાચો માલ અને મશીનરી માટે 'નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ.' વીજળી માટે 'ગુજરાત વિદ્યુત કોર્પોરેશન.' ટેકનિકલ નો-હાઉ માટે 'એમ.એસ.એમ.ઈ.ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ.' ગુણવત્તા જાળવણી માટે 'બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડઝ.' માર્કેટિંગ અને નિકાસ મદદ માટે 'એમ.એસ.એમ.ઈ. ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ.' બીજી મદદરૂપ સંસ્થાઓમાં 'સી.ઈ.ડી.', 'આઈ.જી.ટી.આર.', 'જી.આઈ.ટી.સી.ઓ.', 'સી.આઈ.પી.ટી.ઈ.', 'એન.આઈ.ડી.', 'ઈન્ડસ્ટ્રીયલ એક્સ્ટેન્સન બ્યુરો' વગેરે.

## એક દસકાનાં ઔદ્યોગીકરણનું ચિત્ર

| વર્ષ | રજિસ્ટર્ડ એકમોની સંખ્યા | રોજગાર | મૂડી રોકાણ (લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૩૧૬ | ૩૦૩૨ | ૧૬૬૬.૭૯ |
| ૨૦૦૨-૦૩ | ૨૧૪ | ૧૮૧૫ | ૧૩૫૭.૪૮ |
| ૨૦૦૩-૦૪ | ૨૦૦ | ૫૬૮ | ૫૨૨.૭૯ |
| ૨૦૦૪-૦૫ | ૨૫૦ | ૪૨૦ | ૧૬૫.૪૨ |
| ૨૦૦૫-૦૬ | ૨૫૦ | ૬૮૭ | ૯૩૪.૨૬ |
| ૨૦૦૬-૦૭ | ૧૯ | ૨૭૭ | ૧૮૨૨.૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૧૬ | ૧૯૫૪ | ૮૭૬૦.૩૩ |
| ૨૦૦૮-૦૯ | ૩૦૧ | ૫૩૦૧ | ૨૩૩૩૨.૩૮ |
| ૨૦૦૯-૧૦ | ૧૫૮ | ૩૬૮૬ | ૧૯૨૩૦.૭૧ |
| ૨૦૧૦-૧૧ | ૨૨૮ | ૩૭૫૪ | ૧૬૫૬૪.૯૭ |
| **કુલ** | **૭૦૮૫** | **૫૨૮૦૩** | **૧૦૩૯૪૧.૮૬** |

## ઔદ્યોગીકરણની કચ્છ પર અસરો

૨૦૦૧ના ભૂકંપ પછી જ કચ્છમાં વ્યાપક રીતે ઔદ્યોગીકરણ શરૂ થયું. તે પહેલાં, સામાન્ય રીતે, કચ્છનું અર્થકારણ સ્થગિત હતું. ખેતી, હસ્તકળા કે પશુપાલન જ મુખ્ય વ્યવસાયો હતા. તેથી કચ્છનો સમાજ પણ એક સ્થગિત અને પછાત સ્થિતિમાં જીવતો રહ્યો હતો. તેમાં કોઈ જ ગતિશીલતા ન હતી. ઉલટું, વરસાદની અનિયમિતતા હોવાથી વસ્તીનું સ્થળાંતર થતું રહેતું હતું.

પણ જેવું ઔદ્યોગીકરણ શરૂ થયું કે તરત કચ્છના સમાજમાં એક સળવળાટ શરૂ થયો. એક નવું જ વાતાવરણ લોકો સામે આવ્યું. એક નવી જ વ્યવસ્થા તેમને દેખાવા લાગી. આ નવી વ્યવસ્થા સ્થગિતતા અને રૂઢિચુસ્તતાને પડકારવા લાગી. ગામ અને નગરોના માળખાને હચમચાવવા લાગી. આ અસરો પણ સમાજ તીવ્ર રીતે અનુભવવા લાગ્યો છે. તેણે અનેક સ્તરોએ અસર કરી છે. તેથી તેનો અભ્યાસ પણ મહત્ત્વનો બની જાય છે.

- **આર્થિક અસરો :**

સ્વાભાવિક છે કે ઔદ્યોગીકરણની સૌથી મોટી અસરો આર્થિક જ હોઈ શકે. ખેતીપ્રધાન અર્થકારણ એક પ્રકારનું જીવન સ્તર ઊભું કરે છે. તેના સંદર્ભમાં ઔદ્યોગીકરણ પાયામાં તફાવત ઊભા કરે છે. તેની બેવડી અસરો હોય છે. ફાયદાકારી પણ હોય છે અને નુકસાનકારી પણ હોય છે.

પ્રથમ લાભદાયી અસરો તપાસીએ. કચ્છમાં ઔદ્યોગીકરણ આવવાથી કચ્છના અર્થકારણમાં આમૂલ પરિવર્તન આવવું શરૂ થયું છે. ઔદ્યોગીકરણના કારણે અનેક નવા રોજગારો ઊભા થતા જાય છે. રોજગારીની તકો પણ વધતી જાય છે. ઉદ્યોગ સતત નવા અને કુશળ લોકો માગે છે. એટલે કુશળ લોકોની માંગ પણ વધતી જાય છે. કચ્છમાં પણ આ ઘટના બની રહી છે. યુવા વર્ગને રોજગારીની અનેક તકો મળવી શરૂ થઈ છે. જેઓ સ્પર્ધાત્મક અને કુશળ છે, તેમને તરત તક મળે છે. ઉદ્યોગો સાથે અનેક પેટા ઉદ્યોગો અને સેવાઓ પણ આવે છે તે પણ અનેક લોકોને રોજગારી આપે છે. એટલે કચ્છમાં એવી પરિસ્થિતિ જોવા મળે છે કે આજ સુધી જેઓ પરંપરાગત વ્યવસાયો કરતા હતા, તેઓ પણ હવે આ નવા વ્યવસાયો તરફ વળે છે. જૂના વ્યવસાયોને છોડી રહ્યા છે.

જ્યાં પણ ઔદ્યોગિક એકમો શરૂ થયાં છે, તેની આસપાસનાં નગરો અને ગામડાઓમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. ભુજ, મુંદ્રા, નાના કપાયા, અબડાસાનાં ગામો, દૂધઈનો પટ્ટો વગેરે ઝડપથી વિકસવા લાગ્યાં છે. ઉદ્યોગોના કર્મચારીઓ ત્યાં વસવાટ કરવા લાગ્યા છે. તેથી નગરો અને ગામડાઓનો વિસ્તાર વધવા લાગ્યો છે. ત્યાં રહેઠાણના નવા વિસ્તારો વિકસવા લાગ્યા છે. એટલે બાંધકામ વગેરે વ્યવસાયોનો વિકાસ થવા લાગ્યો છે. સાથે કર્મચારીઓની જરૂરતો માટેની વસ્તુઓ માટે દુકાનો, હોટેલો, વાહન વ્યવહારની સગવડો વગેરે પણ વિકસવાં શરૂ થયાં છે. શિક્ષણની સગવડો પણ વધવા લાગી છે. આને કારણ એ વિસ્તારોમાં અનેક નવા રોજગારો ઊભા થતા જાય છે. લોકો વ્યસ્ત થતા જાય છે. ત્યાંના અર્થકારણમાં ગતિશીલતા આવતી જાય છે. ખાસ કરી હસ્તકળાના કારીગરોના વ્યવસાયમાં ભારે ઉછાળો આવ્યો છે. ભૂકંપ પછી અનેક ઉદ્યોગો આવવાથી હસ્તકળાના કારીગરો સમૃદ્ધ થયા છે. તેમના જીવન ધોરણમાં સતત સુધારો થતો જાય છે.

પણ, સમાંતરે, વિપરીત અસરો પણ જોવા મળે છે. સદ્‌ભાગ્યે તેના અનેક અભ્યાસો થયા છે. તેથી આ અસરો વિશે પુષ્કળ માહિતી મળે છે. સૌથી મોટી વિપરીત અસર દરિયા કાંઠાના વિસ્તારોમાં જોવા મળે છે, કારણકે અનેક મોટા ઉદ્યોગો સમુદ્ર કિનારે આવ્યા છે. તેની સૌથી મોટી નુકસાનકારક અસર પર્યાવરણ અને માછીમારો પર પડી છે. મુંદ્રા-માંડવી-અબડાસાના કિનારાઓનો અભ્યાસ કહે છે કે આ ઉદ્યોગોની ભયંકર નુકસાનકારક અસર તે વિસ્તારમાં રહેતા માછીમારો પર પડી છે. ઉદ્યોગોએ શરૂઆતમાં જેટી વગેરે બાંધવા ત્યાં ઊગતાં ચેરીયાં (મેંગ્રોવ્ઝ) ને કાપ્યાં. આ વૃક્ષો દરિયાઈ વાતાવરણ માટે ખૂબ જ ઉપયોગી છે. તેના કારણે માછલીઓના ઉત્પાદન પર અવળી અસર પડી. આ જેટી વગેરેને કારણે માછીમારો માટે દરિયા કિનારે જવાનો માર્ગ જ બંધ થઈ ગયો. તેની તેમના વ્યવસાય પર ખૂબ જ ખરાબ અસર પડી. તેમની આર્થિક સ્થિતિ ખૂબ નબળી થઈ ગઈ. મુંદ્રાના પઘડિયા માછીમારો એનો સૌથી મોટો દાખલો છે. આવી જ અસર મીઠાના અગરિયાઓ પર પડી છે. એ જ રીતે જમીન ઉદ્યોગો પાસે જવાથી ગામોમાં જે ગૌચર જમીન છે તે પણ સતત ઘટી રહી છે. તેનો પ્રભાવ પશુપાલન વ્યવસાય પર પડી રહ્યો છે. તેમની રોજગારી પર પણ અસર પડી છે. તેમનામાં પણ બેરોજગારી વધવા લાગી છે. આમ, પરંપરાગત વ્યવસાયો પર અવળી અસરો વધી રહી છે. સાથે ઉદ્યોગો ભૂગર્ભ જળ ખેંચે છે. તેથી જમીનમાં પાણી ઘટતું જાય છે. તેની વિપરીત અસર ખેતી પર પડી રહી છે. જમીન ખારી થતી જાય છે. પરિણામે પાક પર અસર પડી રહી છે. તેનો ભોગ ખેડૂતો બની રહ્યા છે. જે ખેડૂતો પાસે જમીનના નાના નાના ટુકડા છે, તેઓ માટે ખેતી ખોટનો ધંધો બનતો જાય છે. પરિણામે તેઓ ધીમે ધીમે ખેતી છોડી રહ્યા છે. તેના વિકલ્પે મજૂરીને શરણે જવું પડે છે. તેમની આર્થિક સ્થિતિ નબળી પડી છે. એટલે, એક બાજુ ઉદ્યોગો આવવાથી આર્થિક સમૃદ્ધિ વધતી જાય છે, તો સમાંતરે જેઓ સમાજના છેડે રહેનાર લોકો છે તેમને ખૂબ જ ખોટ જઈ રહી છે. મૂડીવાદી સમાજમાં તેમને કોઈ સાંભળનાર છે નહીં, તેથી તેઓ તો વિકાસનો સતત ભોગ જ બનતા રહે છે. બનતા રહેવાના જ છે!

- **સામાજિક અસરો :**

ખેતીપ્રધાન સંસ્કૃતિમાં રહેતા સમાજ જમીન સાથે જોડાયેલ સમાજ હોય છે. તે સ્થિર રહે છે. તેનામાં ગતિશીલતા ઓછી હોય છે. તેથી મોટા ભાગે રૂઢિચુસ્ત રહે છે. તેમાં પ્રગતિની શક્યતા નહિંવત હોય છે. કચ્છના સમાજની પણ આ જ સ્થિતિ સદીઓથી રહી છે. એ જ પરંપરામાં ડૂબેલો સમાજ રહ્યો છે.

પણ ભૂકંપે આ સમાજને હલબલાવી નાખ્યો. અચાનક બધુંજ ગબડી પડ્યું. સમાજ મૂંઝાઈ ગયો. હજી તેને કળ વળે ત્યાં તો ઉદ્યોગો આવવા શરૂ થયા. ઉદ્યોગોના કારણે સમગ્ર ભારતની પ્રજા અહીં આવી. તેઓ પોતા સાથે તેમની સંસ્કૃતિ અને સભ્યતા લાવ્યા. સ્વતંત્રતા અને સ્વચ્છંદતા પણ આવી. વિવિધ ભાષાઓ આવી, આધુનિકતા આવી. આ બધાએ કચ્છના પરંપરાગત સમાજને દિન પ્રતિદિન હચમચાવવા માંડ્યો. તેના બે પ્રભાવ પડ્યા : જેઓ સંરક્ષણવાદીઓ હતા, તેઓ વધારે સંકોચાયા. તેઓ રૂઢિ, જ્ઞાતિ, જાતિ, ધર્મનો આશ્રય લઈ વધારે સંકુચિત બની ગયા. તો અન્યો-ખાસ કરીને નવી પેઢીને આ નવીનતા પસંદ પડી. તેઓ જૂના સમાજથી કંટાળેલા હતા, બંધન અનુભવતા હતા. તેમને આ ઔદ્યોગીકરણથી આવેલ આધુનિકતા પસંદ પડી. તેઓ મુક્ત થવા લાગ્યા. સમાજ બે બાજુ ઝોલાં ખાવા લાગ્યો છે.

ઉદ્યોગો, મોટાભાગે અનેક ગામડાઓની નજીક આવ્યા છે. સરહદ પાસે પણ આવ્યા છે. ગામડા અને સરહદ પર તદ્દન રૂઢિચુસ્ત સમાજો રહે છે. તેઓ પર આ ઉદ્યોગોનો જબરો પ્રભાવ પડવો શરૂ થઈ ગયો છે. તેમની કચ્છી ભાષામાં હિંદી ઘૂસવા લાગી છે. વસ્ત્રો, ખોરાક, રહેણીકરણી, પાર્ટીઓ, મોબાઈલ, વાહનો વગેરેએ પ્રવેશ કર્યો છે. હવે તેમને સમજાય છે કે તેઓ ભણ્યા નથી. બરાબર ગુજરાતી પણ બોલી શકતા નથી. બિન ગુજરાતીઓ તો અંગ્રેજીમાં વધારે બોલે એટલે અંગ્રેજી શીખવાની જરૂરત પણ અનુભવે છે. ઉદ્યોગોના અધિકારીઓની કુટુંબની બહેનો સાથે સ્થાનિક બહેનોને બોલવાનો સવાલ ઊભો થાય છે ત્યારે તેમને હિંદીમાં બોલવું પડે છે. તેથી ગામડાની બહેનો રૂબરૂ કે ફોન પર હિંદી બોલવાનો પ્રયાસ કરે છે. ઉદ્યોગના કોઈ કાર્યક્રમમાં જાય તો બધા સાથે ભળવું પડે છે. ત્યારે પણ મુક્ત રીતે ભળવાનો પ્રયાસ કરવો પડે છે. ગામોમાં જે ધાર્મિક વડા હોય છે, જે બાળકોને ધાર્મિક શિક્ષણ આપે છે, તેમની પાસે પણ હવે કમ્પ્યુટર અને અંગ્રેજીના જ્ઞાનનો આગ્રહ રખાય છે. નવી ટેકનોલોજીનો પ્રવેશ પણ લોકોને, ખાસ કરીને બહેનોને, વિશાળ વિશ્વ સાથે સંપર્ક કરી આપે છે. મહિલાઓનું સશક્તિકરણ પણ વધતું જાય છે. તેઓ બહાર ફરવા લાગી છે, ભણવા લાગી છે. પુરુષોના વ્યવસાયોમાં કામ કરે છે. તે પણ તેમનામાં રહેલ રૂઢિચુસ્તતાને જબરા ઘા મારે છે. આ

બધું જૂના અને પરંપરાવાદી વડીલોને બહુ હેરાન કરે છે. તેમને આ વધારે પડતું હળવું ભળવું, મોજમજા નથી ગમતી. પરિણામે કુટુંબોમાં સંઘર્ષો પણ થાય છે. ક્યાંક નવી પેઢીની હઠ આગળ વડીલો આંખ બંધ કરી ચલાવી લે છે. આવાં કુટુંબો બેવડી નીતિથી જીવે છે. સાથે સમૃદ્ધિ વધવાથી ઘર આધુનિક થવા લાગ્યાં છે. ઘરમાં ટેકનોલોજી પ્રવેશી છે. ટી.વી., બાઈક, કાર, મોબાઈલ વગેરે સામાન્ય બનતાં જાય છે. પરંપરાગત વ્યવસાય પ્રત્યે પણ નવી પેઢી ઉદાસીન બનવા લાગી છે... આવાં અનેક પરિવર્તનો ચૂપચાપ પગલે કચ્છના ગ્રામ્ય સમાજમાં પ્રવેશી રહ્યાં છે જે સમાજમાં રહેલ રૂઢિચુસ્ત માનસને હચમચાવે છે. સમાજમાં મોટું વલોણું ચાલી રહ્યું છે. સમાજ 'કન્ફ્યુઝડ' થઈ રહ્યો છે.

● **શૈક્ષણિક અસરો :**

વીસમી સદીમાં કચ્છમાં શિક્ષણનો વિકાસ ખાસ ન હતો. શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા પણ ઓછી હતી. બહુ ઓછાં ગામડાંઓમાં શાળાઓ હતી. ગ્રામ્ય અને સરહદી પ્રજામાં તો ભણવાનો તો ઉત્સાહ પણ ન હતો. અનેક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો છતાં ગામડાના યુવકો શિક્ષણમાં રસ લેતા ન હતા. વડીલો પણ ઉદાસીન હતા.

પણ જેવું ઔદ્યોગીકરણ શરૂ થયું, તરત અનેક તકો ઊભી થવા લાગી. કંપનીઓ વિવિધ પ્રકારની કુશળતાઓ માગવા લાગી. તે ન હોવાથી સ્થાનિક યુવાનોને કામ હાથમાંથી છટકી જતું દેખાતું હતું. કેટલાક ઉદ્યોગોએ તો સ્થાનિકોને જ લેવાનો આગ્રહ રાખ્યો અને ન્યૂનતમ સાતમું ધોરણ માગ્યું. છતાં ત્યાંના યુવાનો તો એટલું પણ ભણ્યા ન હતા. એટલે એવાઓને કામ નહોતું મળતું. ત્યારે તેમને ભાન થયું કે તેમની શિક્ષણની અવગણના ભારે પડતી હતી. ગામના વડાઓને પણ આનો ખ્યાલ આવ્યો. તેથી તેઓ દોડાદોડ કરી ગામમાં માધ્યમિક શાળાઓ લાવ્યા. છોકરીઓને પણ ભણાવવા લાગ્યા. એસ.એસ.સી. થયેલ વિદ્યાર્થીઓને કૉલેજમાં મૂકવાની શરૂઆત થઈ. પરિણામે ગામડાઓમાં પણ શાળાઓ વધવા લાગી અને આજે તો અનેક શાળાઓ થઈ ગઈ છે.

આ દરમ્યાન કચ્છમાં યુનિવર્સિટીની શરૂઆત થઈ. શરૂઆતમાં તો બહુ જ ઓછી કૉલેજો હતી. કેવળ આર્ટસ-કોમર્સની જ હતી. પણ સ્થાનિકે સભાનતા વધતાં વિવિધ અને નવા વિષયોની કૉલેજો શરૂ થવા લાગી. યુનિવર્સિટીમાં પણ આધુનિક કોર્સીસ શરૂ થયા. આજે લગભગ ૪૫ જેટલી કૉલેજો કચ્છમાં થઈ ગઈ છે અને હજી પણ નવી શરૂ થવાની તૈયારી કરે છે. ઈજનેરી, મેનેજમેન્ટ, કમ્પ્યુટર, મેડિકલ વગેરે અભ્યાસક્રમો અહીં આવી ગયા છે. સમાંતરે આઈ.ટી.આઈ. નું પણ મહત્ત્વ વધવા લાગ્યું અને વધારે ભણી ન શકતા વિદ્યાર્થીઓ તેમાં તાલીમ લઈ સરળતાથી ઉદ્યોગોમાં કામ મેળવી શકે છે. વિદ્યાર્થીઓને ઝડપથી તૈયાર કરવા માટે કોચિંગ વર્ગોની સંખ્યા પણ વધતી જાય છે.

આમ, ઉદ્યોગો આવ્યા પછી કચ્છમાં શિક્ષણનો તો ખૂબ જ ઝડપી વિકાસ થયો છે. અલબત્ત, તેની ગુણવત્તા કેવી છે તે અભ્યાસનો, કદાચ ચિંતાનો વિષય છે, પણ બાહ્ય લાયકાતો તો મળવા લાગી જ છે અને યુવા વર્ગ તેનો લાભ લઈ રહેલ છે. સામાજિક અને રાજકીય નેતૃત્વ જાગૃત હોય તો હજી આ ક્ષેત્રે ઘણું કરી શકાય તેમ છે.

● **અન્ય અસરો :**

આ સિવાય પણ અનેક પરિવર્તનો કચ્છમાં આવી રહ્યાં છે. રસ્તા, આરોગ્યની સગવડો, ટ્રાન્સપોર્ટ, રેલવે, હવાઈ સેવા બધામાં ઝડપી પ્રગતિ થઈ રહી છે. બહાર જવાની સગવડો તો ખૂબ જ વધી છે. મનોરંજન ક્ષેત્ર પણ તેના પ્રભાવથી આધુનિક થતું જાય છે. હોટેલ ઉદ્યોગ પણ વિકસે છે. શહેરો પહોળાં થતાં જાય છે. ગામડાઓનો વિસ્તાર પણ વધતો જાય છે. ત્યાં પણ સગવડો વધવા લાગી છે. ખુદ ખેતીમાં પણ નવા વિચારોનો અમલ થવો શરૂ થઈ ગયો છે. કચ્છનો ખૂણેખૂણો ધમધમી રહ્યો છે.

તેની કેટલીક નકારાત્મક અસરો પણ અનુભવાય છે. જ્યાં સુધી કેવળ સ્થાનિક પ્રજા હતી, ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થાના સવાલો ન હતા. પ્રજા શાંતિથી જીવતી હતી. પણ હવે તો આખા ભારતમાંથી લોકો આવે છે. તેના પ્રભાવથી ગુંડાગીરી, ચોરી ચપાટી, વેશ્યાગીરી, ખૂનખરાબા વગેરે પણ વધતાં જાય છે જેનું સંચાલન કરવું જૂનવાણી પોલીસ માટે લગભગ અશક્ય બની ગયું છે. તેથી કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો પણ વધતા જાય છે. ભ્રષ્ટાચાર પણ બેફામ થઈ રહ્યો છે જેનાથી વહીવટીતંત્ર નબળું પડે છે. સામાન્ય પ્રજા હેરાન થાય છે.

આમ, ઔદ્યોગીકરણનાં બન્ને પાસાંનો અનુભવ કચ્છ કરી રહ્યું છે. પણ એકંદરે વિચાર કરવામાં આવે તો સદીઓથી સ્થગિત, રૂઢિચુસ્ત સમાજમાં જે પરિવર્તન થઈ રહ્યું છે તે આવકારદાયક છે. સમગ્ર વિશ્વ જ્યારે કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે, ત્યારે કચ્છ પાછળ રહે તે પોષાય નહીં. તેના યુવાનોને તક ન મળે તો તેઓ લાભથી વંચિત રહી જાય. કેવળ ઔદ્યોગીકરણ જ આ લાભ અપાવી શકે તેમ છે. એટલે તેની નકારાત્મક અસરો સાથે પણ ઔદ્યોગીકરણ આવકારદાયક છે. સમય જતાં, સંભવ છે કે સમાજ, સ્વસ્થતાના ઉપાયો વિચારશે અને નકારાત્મક અસરોને ખાળવા પ્રયાસ કરશે. એ પણ સંભવ છે કે આવતી કાલની રાજકીય નેતાગીરી પણ કદાચ જાગૃત આવે અને કચ્છને વિઝન આપવા સમર્થ બને. તો ઔદ્યોગીકરણમાં સોનામાં સુગંધ ભળશે. પણ કચ્છે વિકાસ જોવા સદીઓ સુધી રાહ જોઈ છે. પછાતપણાના આકરા ડોઝ પીધા છે. એટલે હવે જ્યારે આ તક આવી છે, ત્યારે તેને તેની બધી જ મર્યાદાઓ સહિત પણ આવકારવી જોઈએ.

**સંદર્ભો :**


★ ***Gazetteer of India; Kutch District. (Govt. of Gujarat)***

★ *ભાતીગર ભોમકા કચ્છ : નરેન્દ્ર જોશી.*

★ *શ્રુતિ અને સ્મૃતિ - કચ્છ : કુંદનલાલ ધોળકિયા*

★ *ઔદ્યોગિક વિકાસની કેડીએ : અખિલેશ અંતાણી (કચ્છ તારી અસ્મિતા)*

★ *ઉદ્યોગિકરણનો યુગ : દીપક માંકડ (કચ્છમિત્ર : સાઠ વર્ષનાં સંભારણાં)*

★ *કચ્છમાં ઉદ્યોગો : નિખિલ પંડ્યા. (કચ્છનો સર્વાંગી ઈતિહાસ - ૨)*

★ ***Brief Industrial Profile of Kutch District; MSME-Development Institute. (Govt. Of India)***

★ *આભાર : જયેશ મહેતા (કચ્છ મિત્ર)*



***ન્યુ મિન્ટ રોડ,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

# હેતાળ કચ્છીઓ 'ગામ નામકરણ'માં રેતાળ ભૂમિની શુષ્ક વનસ્પતિઓને ય ભૂલ્યા નથી!

• જગદીશ ચં. છાયા 'શ્રેયસ' •

*આપનું આગમન થયું....*
*ને...*
*...રણ...અમારું*
*...મુઠ્ઠી ઊંચેરું થયું...!*
*લાગણીએ 'લીલુંછમ' થયું.*
*– 'શ્રેયસ'*

અમિતાભ પહેલાં ઓઢો જામ...

હલો, હોથલ કચ્છડે!

ઓઢા જામને જ્યારે હોથલ કહે છે, 'કચ્છમાં કખ, કાંટા ને કસ્તર સિવાય બીજું છે શું?' ત્યારે ઓઢો 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'ના ભાવ સાથે જવાબ આપે છે :

*'ખેરી, બેરી ને બાવરી*
*ફૂલ કંઢા ને કખ,*
*હાલો હોથલ કચ્છડે,*
*જીત માડુ સવાયા લખ.'*

અરે, અમિતાભ તો હવે બોલ્યા, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.' વાસ્તવમાં સદીઓ પહેલાં ઓઢા જામે, હોથલને આપેલ જવાબમાં એવો જ ભાવ વ્યક્ત કર્યો હતો. હેતાળ કચ્છીઓ રેતાળ શુષ્ક વનસ્પતિઓનેય ગામ નામકરણ વખતે ભૂલ્યા નથી!

- **ખેરનું બહુમાન :**

ચામડીના રોગોનું ઉત્તમ ઔષધ છે – ખેર.

*"ખદિરઃ સર્વ કુષ્ઠધ્નાનામ્ શ્રેષ્ઠઃ"*

ખદિરાદિ, ખદિરારિષ્ટ ઔષધોનાં નામથી સૌ પરિચિત છીએ. કચ્છીઓએ તો કચ્છની 'ઓળખ' આપતી આ વનસ્પતિનું નામ આખા એક મોટા વિસ્તાર "ખડીર"ને આપીને (ખેર-ખદિર)નું બહુમાન કર્યું છે. ખેરની કોઈ અવગણના કરશે તો એની ખેર નથી.

- **કંઢો**

કાંટાળું વૃક્ષ સૌરાષ્ટ્રમાં 'કંટાળા' ગામ છે. ગામથી કોઈને કંટાળો હોય? એ તો 'કંઢો' પ્રભાવિત નામ છે. કચ્છમાં ગામ કંઢેરાઈ, કંઢાય, કંઢોરા... બનાસકાંઠામાં આવળ માતાજીનું મંદિર છે.

- **બોર**

બોરડી ક્ષુપનું રાતું-મીઠું ફળ તે... બોર. કહેવતમાં 'બોલે તેના બોર વેચાય.'

***રાતી રાતી ચણોઠડી ને બીજું રાતું બોર***
***ત્રીજું રાતું ચોળિયું ને ચોથું દુઃખિયું રાતુંચોળ***

જો કે હવે માર્કેટિંગમાં માહિર હોય એવા બળૂકા વક્તા તો... બોરની સાથે એના ઠળિયા પણ વેચી નાખે છે.

બોર ૩ પ્રકારનાં : સામાન્ય બોર, અજમેરી બોર અને ચણી બોર.

અહીં 'બોર' વિષે લાંબુંલચક લખીને કોઈને 'બોર' કરવાનો હેતુ નથી. આપણી ચર્ચાનો મૂળ મુદ્દો 'ગામ નામકરણ પર બોરનો પ્રભાવ' છે.

ગામો... બોરડી, બોરસદ, બોરીઆવી.

કચ્છનાં ગામો (કચ્છીમાં બોરને 'બેર' કહે છે) બેરુ, બેરડો, બોરાણા, બેરાજા, બોરીચા.

નળિયા ગામ માટે કહેવત છે

*'નરિયો બેર જો ફરિયો.'*

સસ્તો શિયાળુ મેવો તે બોર.

શબરીને રામના 'ટેસ્ટ'ની જરૂર જાણ હોવી જોઈએ. નહિતર શબરીએ, પોતે ચાખેલાં મીઠાં બોર રામ માટે રાખી મૂક્યાં ના હોત.

ચાલો, આપણેય હૈયે રાખીએ હામ, બોર ખાવા ક્યારેક આવશે રામ.

- **બાવળ**

*'આપણે તો આવળ, બાવળની જાત,*
*ઊગવાનું હોય ત્યારે પૂછવાનું નહીં.'*
*- કૃષ્ણ દવે*

આડેધડ ઊગવાની એની ટેવનો ભરપૂર લાભ લેવો જોઈએ. પાણી વિણ પાંગરતાં આ વૃક્ષો કચ્છનાં સાચાં મિત્રો છે. એને ઝાકળના પાણીથીય આનંદ! એવાં સંતોષી!

ગાંડા બાવળનીય એક આગવી ઓળખ છે, ઉપયોગિતા છે, ગરિમા છે.

પણ આપણે તો અહીં ફક્ત ગામ નામના મુદ્દે જ ચર્ચા કરીએ છીએ.

બાવળા (અમદાવાદ), બાવળ (ખેડબ્રહ્મા).

કચ્છમાં ગામ... બિબ્બર...

જીહા, 'પાવરપટ્ટી'માં આવાં 'સંસ્કૃત' નામો ધ્યાન ખેંચે એવાં છે...!

'અરલ' પણ સંસ્કૃત નામ જ છે ને!

બાવળ તો વૈશાખનાં 'ગુલમહોર' છે!

વસંતના સંતો છે!

- **પ્રાંસલા**

કચ્છનાં 'લૈ' વનસ્પતિ પ્રભાવિત ગામો... લૈયારા, લૈયારી.

'લૈ'ને ગુજરાતીમાં 'પ્રાંસલી' કહે છે.

સૌરાષ્ટ્રમાં ઉપલેટા પાસે એક ગામનું નામ છે 'પ્રાંસલા'.

એ ગામનું નામ છાપામાં બહુ ચમક્યું છે. કારણકે એ ગામ 'પ્રાંસલા'માં તાજેતરમાં ૧૮૦૦૦ બાળકો માટે રાષ્ટ્રકથા યોજાઈ હતી. એ ગામ નામ પ્રાંસલા નામ પણ વનસ્પતિ 'લઈ' પ્રભાવિત છે.

કચ્છીમાં જેને 'લઈ' કહીએ છીએ, એને ગુજરાતીમાં 'પ્રાંસલી' કહે છે. ગામ

(અનુ. : જુઓ પાના નં.-૪૩ ઉપર)

પત્રીની પરગજુ - પ્રસિદ્ધ પ્રતિભા

# ટોકરશી લાલજી કાપડિયા

• સંજય પી. ઠાકર •

*ગુજરાતના ગૌરવ સમા કચ્છી કર્મવીર, સર્વોદય કાર્યકર, ગાંધીવાદી સમાજસેવક, સખીદાતા અને પત્રીના પનોતા પુત્ર ટોકરશી લાલજી કાપડિયાની ૧૯મી જાન્યુઆરીના ૧૦૦મી જન્મ જયંતીએ એક ભાવાંજલિ...!*

કચ્છ જ નહીં, બલકે ગુજરાતના ગૌરવ સમા સર્વોદયી અગ્રણી, ગાંધીવાદી સમાજસેવક, પત્રીના પનોતા પુત્ર અને આંધ્રપ્રદેશના એક અત્યંત પ્રતિષ્ઠિત નાગરિક ટોકરશીભાઈ લાલજી કાપડિયાનો જન્મ આજથી બરાબર સો વર્ષ પહેલાં ૧૯મી જાન્યુઆરી, ૧૯૧૬ ના કચ્છના કાંઠી વિસ્તારના પત્રી (તા. મુંદ્રા) ગામે કચ્છી વીસા ઓસવાળ જૈન કુટુંબમાં થયો હતો.

## • જન્મ અને ઉછેર :

ટોકરશીભાઈની માતાનું નામ વેજબાઈ હતું. સાધારણ સ્થિતિ ધરાવતા પિતાશ્રી લાલજી દેવજી ધરોડ ધર્મપ્રેમી અને સેવાભાવી હતા. લાલજીભાઈએ મુંબઈમાં કાપડનો ધંધો શરૂ કરતાં તેઓ કાપડિયા તરીકે ઓળખાવા લાગ્યા અને પછીથી કાપડિયા એમની અવટંક બની ગઈ!

ફક્ત દસ વર્ષની ઉંમરે જ પિતાની છત્રછાયા ગુમાવનાર, પાંચ ભાઈઓ અને એક બહેનમાં સૌથી નાના ટોકરશીભાઈએ અનેક કઠણાઈઓ વચ્ચે પત્રીમાં પાંચ ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. મોટા ભાઈઓ પિતાજીના અવસાન પછી પોતાનું નસીબ અજમાવવા મુંબઈ, સિલોન, બર્મા જેવાં દૂરનાં સ્થળો પર ચાલ્યા ગયેલા. ટોકરશીભાઈ વિદ્યાર્થી જીવન દરમિયાન પત્રીના પુસ્તકાલય, રાત્રિ પાઠશાળા અને હરિજન સેવાનાં સત્કાર્યોમાં તન-મનથી જોડાઈ ગયા હતા. એ નાની વયમાં જ જે સેવામય જીવનની ભાવના અંકુરિત થઈ એ બાદમાં એમનામાં નિરંતર વિકસિત થઈ રહી હતી.

મોટા ભાઈ શામજીભાઈના કહેવાથી ટોકરશીભાઈ અગિયાર વર્ષની ઉંમરે જ મુંબઈ નોકરી કરવા ચાલ્યા ગયા. મુંબઈમાં ચપરાશીનું મામૂલી કામ કર્યું. તનતોડ મહેનતભર્યું એક વર્ષ પસાર કરી તેઓ બ્રહ્મદેશ (બર્મા - હાલના મ્યાનમાર) ગયા. સામાન્ય શિક્ષણ લેવાવાળા ટોકરશીભાઈને અનુભવનું ભાથું મળતું ગયું અને ઘડતર થતું ગયું. બ્રહ્મદેશમાં રહીને તેઓએ ભંડોળ એકઠું કરીને 'હરિજન પાઠશાળા'ને માટે પત્રી મોકલાવ્યું હતું. એમનાં અમૃતબાઈ સાથે ૧૯૩૨માં લગ્ન થયાં ત્યારે પણ ખાદીવસ્ત્ર પહેરવાનો એમનો સફળ આગ્રહ પ્રશસ્ય રહ્યો હતો.

## • પત્રીની પ્રગતિના પ્રેરક :

બીજા વિશ્વયુદ્ધને કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં ટોકરશીભાઈએ જાન્યુઆરી ૧૯૪૨માં બ્રહ્મદેશ છોડ્યું. બ્રહ્મદેશથી તેઓ કલકત્તા આવ્યા. ત્યાં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. ત્યાંથી પોતાના વલા વતન પત્રી (કચ્છ) આવી ખાદી પ્રવૃત્તિ શરૂ કરી. એમણે પત્રી ગામમાં 'જૈન હિતવર્ધક સમાજ'ને 'પત્રી સર્વોદય સમાજ'માં પરિવર્તિત કરી, એની સેવા દરેક કોમ સુધી, ખાસ કરીને દલિત લોકો સુધી પહોંચાડી. આજથી સાત દાયકા પહેલાંનું આ કાર્ય ક્રાંતિકારી કદમ હતું. ગામની આઠ એકર જમીન અને પંચાવન હજાર રૂપિયાની રકમ દાનમાં અર્પણ કરી. એમની પ્રેરણાથી અને 'પત્રી સર્વોદય સમાજ'ની સતત મહેનત અને લગનથી પત્રીમાં ગાંધી વિદ્યાલય (હાઈસ્કૂલ) નું નિર્માણ થયું અને એક રળિયામણું છાત્રાલય પણ બની ગયું. જ્યાં આજે પણ દરેક વર્ગના વિદ્યાર્થીઓ એનો લાભ લઈ રહ્યા છે. ગામમાં બાગ, કૂવો અને ખેલકૂદ માટે વ્યવસ્થા થઈ. પત્રીમાં બાલમંદિર, કન્યાશાળા, વાંચનાલાય, બસ સ્ટેશન ઇત્યાદિની પણ સુવિધા ઊભી થઈ. ખૂટતી કડી જેવાં સીવણ વર્ગ અને દવાખાનાનો ઉમેરો થયો. આજે પત્રી ગામનું રૂપ જ બદલી ગયું છે. એક રીતે એનો કાયાકલ્પ જ થયો છે. પત્રીમાં ૧૬ જેટલી સંસ્થાઓ આજે કાર્યરત છે એમાં ટોકરશીભાઈ કાપડિયાનો અગ્રફાળો - સહયોગ રહ્યો છે.

## • હૈદ્રાબાદની યશોગાથા :

પત્રીમાં થોડાં વર્ષો ગાળી તેઓ હૈદ્રાબાદ વેપાર ધંધા અર્થે આવ્યા. પુરુષાર્થ અને પ્રામાણિકતાથી ભરપૂર ટોકરશીભાઈને પ્રારબ્ધનો સહારો મળ્યો. એમના પર લક્ષ્મીજીની કૃપા વરસી અને સાથે સાથે દાન દેવાની અને સેવા કરવાની પ્રવૃત્તિ પણ વધતી ગઈ. તેઓએ ગાંધી આદર્શો અને ગાંધીકાર્ય માટે સતત પ્રવૃત્ત રહેવાનું નક્કી કર્યું હતું. તેઓ ગાંધીજી સાથે થોડા દિવસો સેવાગ્રામ આશ્રમ (વર્ધા) માં પણ રહ્યા હતા. જે તેમની મધુર અને ગૌરવપૂર્ણ સ્મૃતિ બની રહ્યા હતા. આચાર્ય વિનોબા ભાવે, લોકનાયક જયપ્રકાશ નારાયણ અને મૂકસેવક રવિશંકર મહારાજ જેવા સર્વોદયી નેતાઓ સાથે નિકટના પરિચયમાં આવનાર ટોકરશીભાઈનું જીવન સર્વોદય અને સમાજસેવાના રંગે રંગાઈ ગયું.

હૈદ્રાબાદમાં રહેવાની સાથે ટોકરશીભાઈએ ધનની સાથે યશની ખૂબ કમાણી કરી. અહીં એમનું જીવન એટલું સેવામય થઈ ગયું કે તેઓ શહેરના અગ્રગણ્ય અને લોકપ્રિય વ્યક્તિઓમાં વિશિષ્ટ વ્યક્તિ ગણાવા લાગ્યા હતા. વ્યાપારના ક્ષેત્રમાં તેમણે ઊંચેરું સ્થાન મેળવ્યું હતું. આંધ્રપ્રદેશ ઑઈલ મિલર્સ એસો. અને હૈદ્રાબાદ ઑઈલ સીડ્સ એસો. ના તેઓ અધ્યક્ષ હતા. આંધ્રપ્રદેશ સ્ટીલ રિ-રોલિંગ એસો., ગ્રેઈન્સ

એન્ડ સીડ્સ મર્ચન્ટસ એસો.ના મંત્રી અને અધ્યક્ષપદે, આંધ્રપ્રદેશ ચૅમ્બર ઑફ કોમર્સની કારોબારી સમિતિના પ્રમુખપદે ટોકરશીભાઈ રહ્યા હતા. આંધ્રની અનેક સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક સંસ્થાઓને એમનું મહત્ત્વપૂર્ણ યોગદાન મળતું રહ્યું હતું. એમણે તેલુગુ પ્રજાના આદર અને પ્રેમ મેળવ્યા હતા. હૈદ્રાબાદમાં એમના અને એમની પત્નીના નામે બે કૉલેજો, હાઈસ્કૂલ અને મહાવીર હોસ્પિટલ જેવી અનેક સમાજ ઉત્કર્ષની સંસ્થાઓ, પુસ્તકાલયો, વાંચનાલયો, અતિથિગૃહો વગેરે ચાલે છે. એમના માતબર દાન દ્વારા અનેકવિધ સાંસ્કૃતિક - સામાજિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. તેઓએ અનાથ કુમારિકાઓ માટે 'વેજબાઈ બાલ નિવાસ' પણ ઊભું કર્યું હતું. તેઓ 'આઈ બેન્ક' ના મંત્રી અને 'દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભા'ના કોષાધ્યક્ષ પણ રહી ચૂક્યા હતા.

ટોકરશીભાઈ હૈદ્રાબાદના 'ગુજરાતી પ્રગતિ સમાજ' ના મંત્રી અને પછી પ્રમુખપદે રહ્યા હતા. 'કચ્છી ભવન'માં પણ એમની પ્રેરણા અને સખાવત પ્રશસ્ય રહી છે.

- **સેવા, સહયોગ અને સખાવતનો સંગમ :**

ટોકરશીભાઈ પોતાનાં વિવિધ વ્યવસાયિક કાર્યક્ષેત્રો ઉપરાંત સર્વોદય, સમાજસેવા, ચક્ષુદાન, કુદરતી ચિકિત્સાલય, હોસ્પિટલ, જૈન ધર્મ વિકાસ, વિશ્વ હિંદુ પરિષદ, શિક્ષણ પ્રસાર, નારી ઉત્કર્ષ, અનાથાલય, ખાદી, કૃષિ સુધારણા, ગ્રામોદ્યોગ, ગાંધી જ્ઞાનમંદિર તથા રોટરી ક્લબ ઇત્યાદિ પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. અનેક અખિલ ભારતીય સંગઠનો સાથે એમનો ઘનિષ્ઠ સંબંધ રહ્યો હતો.

હસમુખા અને મિલનસાર પ્રકૃતિના કર્મયોગી ટોકરશીભાઈએ જે કાર્યક્ષેત્રમાં પદાર્પણ કર્યું તેને સફળ બનાવીને જ જંપ્યા હતા. નિઃસ્પૃહ, નિર્વ્યસની તથા નિરાભિમાની ટોકરશીભાઈમાં સંપન્નતાની સાથે ઉદારતા, પ્રસિદ્ધિની સાથે વિનમ્રતા તથા આવરદાની સાથે બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસના ગુણ સહજરૂપથી જોવા મળતા હતા. સેવા, સહયોગ અને સખાવતના ત્રિવેણી સંગમ સમા ટોકરશીભાઈનું ચૈતન્યમય જીવન પ્રેમ તથા માનવતાવાદનો સંદેશ આપે છે.

દસ વર્ષની નાની વયે જ પોતાના સેવામય જીવનના શ્રીગણેશ કરનાર પત્રીની પરગજુ પ્રતિભા સમા ટોકરશીભાઈ સમાજ અને રાષ્ટ્રને સમર્પિત સેવામૂર્તિ હતા. એમના સેવાવ્રતી જીવન માટે, પિતાશ્રી લાલજીભાઈ તથા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રેરણા કારણભૂત હતી. એમણે 'જીવન અને જાગૃતિ', 'નિવૃત્તિ અને પ્રવૃત્તિ' તથા 'ડાયનેમિક્સ ઓફ માય લાઈફ' પુસ્તકો લખ્યાં છે.

કંઈ કેટલીયે રચનાત્મક પ્રવૃત્તિઓના રાહબર ટોકરશીભાઈ કાપડિયાની સેવાનો વ્યાપ અને વિસ્તાર અગણિત છે. ઈ.સ. ૧૯૭૬માં હૈદ્રાબાદ ખાતે એમનો ષષ્ઠીપૂર્તિ સમારોહ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની હાજરીમાં ગૌરવ અને ઉમંગભેર ઉજવાયો હતો. સો જેટલી સંસ્થાઓ તથા અનેક નાગરિકો તરફથી એમને સન્માનવામાં આવ્યા હતા. ૧૯૯૩માં કચ્છ શક્તિનો કચ્છ - રત્ન ઍવૉર્ડ એમને એનાયત કરાયો હતો. ૧૯૯૪માં વિશ્વ ગુર્જરીનો પ્રતિષ્ઠિત ઍવૉર્ડ પણ એમને જ અર્પણ કરાયો હતો.

કચ્છ, ગુજરાત અને આંધ્રપ્રદેશના આ સમર્પિત સર્વોદય કાર્યકર, શિક્ષણપ્રેમી, ઉદ્યોગપતિ, ઉદાર દાતા અને માનવતાવાદી સુધારકનું ૧૬મી માર્ચ, ૧૯૯૬ શનિવારના હૈદ્રાબાદ ખાતે ૮૧મા વર્ષે નિધન થયું. એમના જન્મ શતાબ્દી (૧૯૧૬-૨૦૧૬) ના અવસરે આપણી ભાવભરી શ્રદ્ધાંજલી...!

*બી/૧, પ્લોટ નં. ૧૭૨, ઓધવવિલા,*
*આઈયાનગર, મુંદ્રા રોડ,*
*ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩, મો. ૯૪૨૮૮૧૯૪૫૩*
*ઈ-મેઈલ : sanjaythaker01@gmail.Com*

## ઇતિહાસ બોધ

માણસે ભૂતકાળના અનુભવોમાંથી બોધપાઠ મેળવી વર્તમાન ઘડવાનું હોય અને ભવિષ્યનું આયોજન કરવાનું હોય. ઇતિહાસ ભણવાનો અર્થ જ એ કે કરેલી ભૂલો ટાળી શકાય. બાકી તો ફાસીવાદ કે નાઝીવાદ દેશમાં લાવશું તો ત્રીજું વિશ્વયુદ્ધ લડવાનું થશે!

મહમદ ગઝની લૂંટારો હતો અને સોને મઢેલાં શિખરો જોઈ મંદિરને લૂંટવાનું કોને મન ન થાય? બાબર તો આગ્રાથી આગળ ગયો જ નહોતો, તોય એના નામે અયોધ્યામાં પરિકલ્પના ચાલી. મંદિર તોડી બાબરી મસ્જિદ બાંધી. સાચું હોય તો એ ખોટું કહેવાય પણ હજાર વર્ષ પછી આપણે સોમનાથથી અયોધ્યા કૂચ લઈ જઈ, ઈરાદાપૂર્વક ચોક્કસ ટુકડીઓ દ્વારા બાબરી તોડીએ, તે સાચો ઈતિહાસબોધ ન કહેવાય. પરિણામ મુંબઈએ ભોગવવું પડ્યું.

અમીર ખુશરો, રસખાન, અકબર, કબીર જેવા કવિ, સમ્રાટ અને સંતે હિંદુ-મુસ્લિમ ઐક્યના તાણાવાણા ગૂંથ્યા, એને ઔરંગઝેબે તોડ્યા, તે ખોટું થયું. પણ એના વિચારો સાવરકર - ઝીણાએ અપનાવી દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત લાવ્યા. પરિણામે દેશના ભાગલા થયા. હજારો લોકોની હિજરત - કતલ થઈ, બળાત્કાર - અપહરણ થયાં. ગાંધી જેવા પયગંબરને ખોવો પડ્યો. આને ઈતિહાસબોધ કહેવાય?

જહાંગીરે થોમસ રોને વિદેશ વ્યાપાર - રોકાણ - રક્ષણનો પરવાનો આપ્યો. એ જ ઈસ્ટ ઇન્ડિયા કંપની આખું મોગલ સામ્રાજ્ય ગળી ગઈ. દેશ આખો ગુલામ થયો. જહાંગીરની એ ભૂલ આપણે ભોગવી અને નેવું વર્ષ સુધી લડ્યા ત્યારે આઝાદી મેળવી.

હવે આજે પણ ઇંગ્લેન્ડ - અમેરિકા જઈ થોમસ રો ને 'મેઇક ઇન ઇન્ડિયા' કહીએ છીએ — વિદેશી મૂડી રોકાણ માટે, એને ઈતિહાસ બોધ કહેવાય?

***પ્રવીણ ગઢવી***
***સૌજન્ય : "તમન્ના"***
***(લેખક નિવૃત્ત સનદી અધિકારી છે.)***

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

# દાસી ફરાક-ઝીંકણી

• માર્કન્ડરાય મહેતા •

ઝીંકણી – જેના નામ પરથી જામ ફૂલે આ ગામ વસાવ્યું. ભુજ તાલુકામાં આવેલ આ ગામ ઝીંકણી હબાય ડુંગર પાસે જામ ફૂલે પોતાની પાલક માતાના નામથી વસાવ્યું. શા માટે? ચાલો તે દાસી ફરાક જેનું બીજું નામ ઝીંકણી હતું તેણે એવું તે શું કર્યું કે રાજાને પોતાની દાસી પરથી એક ગામ વસાવી તેણીનું નામ આપ્યું – ઝીંકણી – આ વાર્તા અદ્‌ભુત છે. ત્યાગની પરિસીમા છે. ચાલો તે વાંચીએ.

જૂના વખતમાં સિંધમાં ઘલુરાનો બાદશાહ કીર્તિરાજ હતો. એ બહાદુર રાજાને એક પુત્રી હતી – યશોદાકુમારી. પિતાએ તેણીને લાડકોડથી ઉછેરેલી, એટલે હતી મસ્ત. તોફાન મસ્તી કરવી - પુરુષવેશમાં જંગલોમાં રખડવું - પોતાની સાહેલીઓની છેડખાની કરવામાં તેણી ચાલાક હતી. એકવાર શરદ પૂર્ણિમાની રાત્રે તેણી પોતાની સાહેલીઓ સાથે ચાંદની માણવા ઘલુરાથી બહાર જંગલ વિહાર કરવા નીકળી. સરખી સાહેલીઓ સાથે હતી. તેથી મસ્તી-તોફાન કરતાં કરતાં તેઓ કેટલે દૂર નીકળી ગઈ. ત્યાં એક સુંદર તળાવ આવ્યું. એટલે તેને કિનારે બેસી, સાથે લાવેલી જાતજાતની વાનગીઓ ખાવા બેઠી. ખૂબ રખડી હોવાને લીધે ભૂખ પણ ખૂબ લાગેલી. તેથી બધી વાનગીઓ ખાવામાં મસ્ત બની - પણ ત્યાં તળાવમાં પાણી પીવા એક ચિત્તો આવ્યો. પોતાનો શિકાર હાથમાં આવ્યો છે જાણી તેણે ઘુરકાટ કર્યો. તેનો અવાજ સાંભળી બધી બીહ્‌ની અને નાસવા લાગી - નાસ્તો નાસ્તાની જગ્યાએ રહ્યો અને બધી આડી અવળી નાસવા લાગી. તેમાં રાજકુમારી તો સીધી ચિત્તા પાસે જ પહોંચી - ચિત્તાએ તરાપ મારી એટલે તેણી બેહોશ થઈ ગઈ. આથી ચિત્તો તેણીનો લાંબો ચોટલો મ્હોંથી પકડી તેણીને ઢસડવા લાગ્યો. રાજકુમારી ચીસો પાડવા લાગી – બચાવો... બચાવો... એક ગોવાળિયો ત્યાં ગાયો ચરાવતો હતો. તેણે આ બૂમો સાંભળી. તરત જ તે દોડ્યો અને ચિત્તા પર પોતાની તલવાર વડે વાર કર્યા. ચિત્તાએ રાજકુમારીને છોડી ગોવાળિયા પર તરાપ મારી. પણ તે તૈયાર હતો. તરત જ તેણે પોતાની તલવાર વડે તેને ચીરી નાખ્યો. ચિત્તો જમીન પર પડી મરણ પામ્યો. હવે બધી સાહેલીઓ પાછી આવી. રાજકુમારી તો બેહોશ હતી. તેથી સાહેલીઓ મૂંઝાઈ. ત્યારે પેલા ગોવાળિયાએ રાજકુમારીને ઊંચકી લીધી અને પોતાના ખભા ઉપર તેણીને શહેરમાં - રાજમહેલ પહોંચાડી દીધી. જેવી રાજકુમારી મહેલે ઊપડી કે તેણીનાં માતા-પિતા એટલે કે રાજા રાણી તરત જ દોડી આવ્યા અને પૂછપરછ શરૂ કરી. પોતાની પ્યારી પુત્રીને બેહોશ જોઈને તરત જ તેણીને એક સુંદર પલંગ પર પોઢાડી દીધી અને તરત જ વૈદરાજને બોલાવવા નોકરોને મોકલી દીધા. મહેલમાં બધા ઉદ્વેગમાં આમતેમ ફરવા લાગ્યા - રાણીસાહેબા તો રડવા જ લાગી ગયાં. ત્યારે રાજાએ પાણી મંગાવી તેણીના મુખ પર છાંટ્યું. ત્યાં તો રાજવૈદ પણ આવી પહોંચ્યા અને થોડીવારમાં જ રાજકુમારીએ આંખો ખોલી. વૈદરાજે તેણીને તરત જ દવાની એક માત્રા પાઈ દીધી અને આશ્વાસન આપ્યું કે કાંઈ ખાસ નથી - જરાયે બીવા જેવું નથી, હવે બધું ટળી ગયું છે. તું નિરાંતે આરામ કર. ત્યારબાદ વૈદરાજે તેણીને ગરમાગરમ રાબ પીવડાવી અને સૂઈ જવા કહ્યું.

રાજાએ રાજકુમારીની સાહેલીઓ પાસેથી બધી વિગતો જાણી અને તેણીને બચાવનાર વીર પુરુષને બોલાવ્યો. તે રાજકુમાર ફૂલ હતો અને ઘલુરામાં ગાયો ચારનાર તરીકે કાર્ય કરતો હતો. રાજાએ તેની પાસેથી બધી વિગતો જાણી, તેના પર ખુશ થઈ જે વરદાન જોઈએ તે માંગવા જણાવ્યું. રાજકુમારે જણાવ્યું કે મારે શું માગવું તે માટે હું મારી માતાને પૂછી આવું. આમ કહી તે પોતાની માતા દાસી ફરાકને બોલાવી લાવ્યો. દાસી ફરાકે રાજા પાસે આવી જણાવ્યું કે હું આ ગોવાળિયાનું કામ કરનારની સગી માતા નથી પરંતુ આ તો એક રાજકુમાર છે. અને તેણી તેના પિતાની દાસી હતી. રાજા કીર્તિદેવને પોતાની પુત્રીને બચાવનાર કોઈ રાજકુમાર છે જાણી આનંદ થયો. તેમણે પોતાને દાસી તરીકે ઓળખાવનારને પૂછ્યું – 'મને બધી વાત - તમારો પરિચય અને આ છોકરો ક્યાંનો રાજકુમાર છે તે વિગતવાર કહો.' એટલે દાસી ફરાકે જણાવ્યું, તો સાંભળો :

"સિંધનો રાજા જ્યારે મૃત્યુ પામ્યો ત્યારે તેનો પાટવી કુંવર ઉન્નડ ગાદીએ બેસે એવું નક્કી હતું. પણ તેના ભાઈઓ મોડ અને મનાઈએ ભેળા મળી ઉન્નડનો વધ કર્યો. આ વાતની ખબર પડતાં ચાવડીરાણી તલવાર લઈને મોડ અને મનાઈને મારવા ધસી આવી. આની ખબર પડતાં મોડ અને મનાઈ નાઠા – સિંધ છોડી ઠેઠ કચ્છમાં પોતાના મામા વાઘમ ચાવડા પાસે આવ્યા અને મામા પાસે કરગર્યા અને આશ્રય આપવા વિનંતી કરી. વાઘમે તેમને આવકાર્યા અને રહેવાની વ્યવસ્થા કરી આપી. પણ એક દિવસ જ્યારે વાઘમ ચાવડો પોતાના ઈષ્ટદેવ મહાદેવની પૂજા કરતો હતો ત્યારે બંને ભાઈઓએ તલવારથી તેનું મસ્તક ઉડાડી દીધું અને પાટગઢના રાજા થઈ બેઠા. દેશલપરમાં રાજ્ય કરતા સાત સાંગોએ તેમને બોલાવ્યા અને જવાબ માંગ્યો. એટલે તેમણે પહેલાં તો સાત ગાડાં વાસ માધમ આપતો હતો તો અમે દરરોજ ચૌદ ગાડાં આપશું એવું કહી તેમને મનાવી લીધા. પણ થોડા રોજ બાદ દગાથી એ સાતેય સાંગોને તેમણે વેતરી નાખ્યા. આમ મોડ અને મનાઈ પશ્ચિમ કચ્છના ધણી થઈ બેઠા - પણ થોડા સમય બાદ મોડને પોતાના રાજ્યનો વિસ્તાર કરવાની ઈચ્છા થઈ. તેથી તે વાગડ - ગેડી - ધૃતપદી ગયો. ત્યાં રાજ્ય કરતા ધરણ વાઘેલા સાથે દોસ્તી બાંધી અને તેના મહેમાન થઈ થોડો સમય રોકાયો. ધરણ તેના પર ખુશ થયો અને તેણે પોતાની બહેનને તેના પુત્ર સાડ સાથે પરણાવી. મોડ આજુબાજુ ફરતો હતો. ત્યાં તેણે ઘણો પ્રદેશ વગર માલિકીનો જોયો. અને ખાસ કરી કંથકોટનો કિલ્લો જે ડુંગર પર હતો તે ગિરિદુર્ગ પર ગઢ બાંધી રહેવા ધરણ પાસે રજા માંગી. ધરણે તે ખુશીથી આપી. પણ મોડ જ્યારે કિલ્લો બાંધવા લાગ્યો ત્યારે તેણે ત્યાં એક યોગી કંથડનાથને તપ કરતા જોયા.

તેણે કંથડનાથને ત્યાંથી ઊઠી, બીજે જવા કહ્યું. પણ કંથડનાથ ન માન્યા. ત્યાં કિલ્લાનું બાંધકામ શરૂ કર્યું. પણ અજાયબભરી વાત એ હતી કે જેટલું કામ દિવસે થતું તે રાત્રે જમીનદોસ્ત થઈ જતું. કંથડનાથ દિવસે એક ગોદડીમાં દોરા પરોવે ને રાત્રે તે દોરા કાઢી નાખે એટલે દિવસે કરેલું બાંધકામ રાત્રે જમીનદોસ્ત થઈ જાય. આમ વારંવાર થવાથી મોડે કિલ્લો બાંધવાનું છોડી દીધું. પણ ત્યારબાદ વર્ષો પછી મોડના પુત્ર સાડે કંથડનાથને રીઝવી કિલ્લો બાંધ્યો. કંથકોટ હવે રમણીય ગિરિદુર્ગ બની ગયો. ત્યાં જૈન લોકોએ એક ભવ્ય જૈનમંદિર બાંધ્યું.

ધરણે જોયું કે સાડની સત્તા વધતી જાય છે. તેને ધર્મસંકટ ઊભું થયું. એક તરફ પોતાની બહેન, તો બીજી તરફ પોતાનું રાજ્ય – કોને રાખવું? તેણે સાડને મારી નાખવાનો નિર્ણય કર્યો અને એક ભયંકર રાત્રે તે સાડના મહેલે જઈ તેને પથારીમાં જ રહેંસી નાખ્યો. સાડની દાસી ફરાક આ બધું જોતી હતી. તેણીને સમજાઈ ગયું કે ધરણ હવે સાડના પુત્ર ફૂલને પણ મારી નાખશે. તેથી તેણી પોતાના પુત્ર તથા ફૂલને લઈ તરત જ નાસવા લાગી. ધરણે સાડને તો મારી નાખ્યો. હવે તેને સૂઝ્યું કે તેના પુત્ર ફૂલને પણ મારી નાખવો જોઈએ. તેથી પોતાના સિપાહીઓને ફૂલને ગમે ત્યાંથી પકડી મારી નાખવો એવો હુકમ આપ્યો. દાસી ફરાક રાજકુમાર ફૂલને લઈને નાસી ગઈ છે એવા ખબર મળતાં સિપાહીઓ તેની પાછળ પડ્યા. દાસી બે બાળકો સાથે નાસવા લાગી. પણ તેણીની ગતિ ધીમી હતી એટલે ઘોડેસવારોએ તેણીને પકડી પાડી - દાસી ફરાકે ઘોડેસવારોને આવતા જોયા એટલે તેણીએ વિચાર્યું કે હવે આ લોકો રાજકુમારને મારી નાખશે. એને બચાવવા મારે ગમે તેવું બલિદાન આપવું પડે. તેથી તેણીએ પોતાના પુત્રનાં કપડાં રાજકુમારને, ઘારે રાજકુમારના કપડાં પોતાના પુત્રને પહેરાવી દીધાં. ઘોડેસવારો તદ્દન નજીક આવી ગયા અને ધમકી આપતાં રાડ પાડી, 'ઓ દાસી, અટકી જા. રાજકુમાર અમને સોંપી દે. નહિંતર અમે તને અને આ બે બાળકોને મારી નાખીશું.' દાસી ફરાકે કાંઈ જવાબ ન આપ્યો. આથી એક ઘોડેસવાર દાસી પાસે આવી, રાજકુમારના કપડાં પહેરેલા દાસીપુત્રને પકડી ત્યાં ને ત્યાં તેનું ડોકું તલવારથી ઉડાડી દીધું અને એક કપડામાં તેનું માથું વીંટી પાછા ફર્યા. દાસી ફરાક અવાક્ થઈ ગઈ. પોતાના પ્રિય પુત્રનું આવું કારમું મૃત્યુ જોઈને તેણીનું હૃદય ફાટફાટ થવા લાગ્યું. પણ તેણીને સંતોષ હતો કે મારા પુત્રના ભોગે પણ મેં રાજકુમારને બચાવી લીધો છે. આવું આશ્વાસન લઈ તેણી જરાપણ સમય ગુમાવ્યા વગર નાસના લાગી કારણકે તેણીને ડર હતો કે કદાચ ઘોડેસવારોને જાણ થઈ જાય કે તે માથું રાજકુમારનું નથી તો તેઓ ફરી પાછા મારી પાછળ આવે. તેથી તેણી નાસતી નાસતી કચ્છની સરહદ છોડી સિંધમાં ધલુરા પહોંચી. ત્યાં તેણીના મામાનું ઘર હતું. સિપાહીઓએ ધરણને જણાવ્યું કે તેઓ રાજકુમારને મારી તેનું માથું લાવ્યા છે. ધરણ આથી ખુશ હતો. તેણે હુકમ કર્યો કે તે માથું જંગલમાં કોઈ ઊંડા કૂવામાં ફેંકી દો. હવે તેને નિરાંત થઈ કે હવે નથી સાડ કે નથી તેનો પુત્ર ફૂલ. છેવટે દાસી ફરાકે જણાવ્યું, નામદાર, આ છે રાજકુમાર ફૂલ. જેણે તમારી પુત્રીને બચાવી. હું છું તેમની દાસી.''

રાજાએ ખુશ થઈ પહેલાં તો દાસી ફરાકને અભિનંદન આપતા જણાવ્યું, 'ખરેખર, તમારું બલિદાન અભૂતપૂર્વ છે. પોતાના પુત્રનું બલિદાન આપી - તમે તમારા રાજકુમારને બતાવ્યો એ ખરેખર અનોખું છે. આવું કોઈ ન કરે - તમે તે કરી બતાવ્યું છે. તેથી હું તમને ધન્યવાદ આપું છું અને તમારા રાજકુમારની પ્રશંસા જેટલી કરું તેટલી ઓછી છે. હું તેની બહાદુરી - સમયસૂચકતા પર આફરિન છું અને રાજકુમારીની ઈચ્છા પ્રમાણે તેને તમારા રાજકુમાર સાથે વરાવીશ.' – આ સાંભળી દાસી ખૂબ જ ખુશ થઈ. 'બસ હવે મારું બલિદાન સફળ થયું. મારો રાજકુમાર ફરીથી પોતાની ગાદી પ્રાપ્ત કરે એ જ મારી મહેચ્છા છે.' રાજાએ કહ્યું, 'એ બધું થઈ રહેશે તમે જરાય ચિંતા ના કરશો.' પછી રાજાએ પોતાના બે શ્રેષ્ઠીઓ અજા અને અણગોરને બોલાવ્યા અને રાજકુમાર ફૂલની સોંપણી કરી. 'જુઓ, આ એક રાજકુમાર છે. તમે તેને માટે એ રીતની સગવડ કરો.' અજો અને અણગોર પોતાને મળેલા કામથી ખુશ થયા. તેમણે ફૂલકુમારને પોતાના ઘેર જ રાખ્યા અને તેમની એવી આગતાસ્વાગતા કરી જાણે તે પોતાનો રાજા જ હોય, આમ કીર્તિદેવની ઈચ્છાથી રાજકુમારી યશોદાકુમારી સાથે ફૂલ કુમારનાં ધામધૂમથી લગ્ન ઉજવાયાં. લગ્ન ઊજવાયા બાદ થોડા જ દિવસમાં રાજા કીર્તિદેવે ફૂલકુમારને બોલાવી તેની ઈચ્છા જાણવા કહ્યું, 'બોલો કુમાર, હવે તમારી શી ઈચ્છા છે?'

રાજકુમારે તરત જ જવાબ વાળ્યો, 'વડીલશ્રી, હવે મારી ફક્ત એક જ ઈચ્છા છે કે મારા પિતાશ્રીને મારનારા ધરણને યમસદન પહોંચાડવો તથા મારું રાજ્ય પાછું મેળવવું. આપ તેમાં મદદરૂપ થાઓ એવી મારી પ્રાર્થના છે.' રાજાએ ખુશ થઈ પોતાના સેનાપતિને બોલાવ્યો અને ચુનંદા સૈનિકો તૈયાર કરી રાજકુમારની સાથે જવા તૈયાર થવા કહ્યું – મોટું લાવલશ્કર લઈ ફૂલકુમાર કચ્છમાં ઊતર્યો – ત્યાં એણે હબાય પાસે પડાવ નાખ્યો. ફૂલકુમારને આટલાં મોટાં લશ્કર સાથે આવેલો જોઈ બધા તેને તાબે થયા. સાથે આવેલ શ્રેષ્ઠીઓ અજો અને અણગોરે રાજ્યની તમામ વ્યવસ્થા સંભાળી લીધી – આમ ફરીથી જામફૂલનું રાજ્ય ધમધમવા માંડ્યું. પછી તો ફૂલકુમારે કંથકોટ પણ જીતી લીધું અને ત્યાં બધી વ્યવસ્થા ગોઠવી – પોતાની સત્તા જમાવી દીધી. જ્યારે બધું બરાબર થઈ ગયું ત્યારે ફૂલકુમારે પોતાની સાથે આવેલ બંને શ્રેષ્ઠીઓનું નામ અમર કરવા બે ગઢ બંધાવ્યા. અજા અને અણગોર ગઢ. અને પછી પોતાના માટે પોતાના પુત્રનો ભોગ આપનાર પોતાને રાજ્યપદ અપાવનાર દાસી ફરાકનું નામ અમર કરવા એક નવું ગામ વસાવ્યું અને તેનું નામ દાસી ફરાકના બીજા નામ ઝીંકણી પરથી 'ઝીંકણી' વસાવ્યું. આમ ફૂલકુમારે પોતાની માતા સમાન ફરાકને દાસી નહીં પણ પોતાની સગી માતા હોય તેમ રાખતો અને તેટલું જ માન આપતો. અને તેને રાજી રાખવા તમામ પ્રયત્નો કરતો. રાજ્યના મોટા મોટા નિર્ણયો પણ તેણીની સલાહથી કરતો. ધન્ય છે આવી વીર નારીને – કે જેણે પોતે દાસી હોવા છતાં પોતાના રાજા ખાતર, પોતાના વતન ખાતર, પોતાની રાજ્ય ભક્તિ બતાવી. પોતાના પુત્રનું બલિદાન આપી ફૂલકુમારના પ્રાણ બચાવ્યા અને ધલુરા રહી ફૂલકુમારને મોટા કર્યા અને આખરે રાજ્ય અપાવ્યું.

ધન્ય છે આ વીર નારીને. તેના બલિદાને આજે પણ ભુજ તાલુકામાં હબાય ડુંગર પાસે ઝીંકણી ગામ હયાત છે અને એ વીર દાસીની યાદગીરી કાયમ રાખી રહ્યું છે.

# જૈન દર્શનના મુખ્ય અંશ – મારી સમજ પ્રમાણે

• કીર્તિચંદ્ર શાહ •

જૈન દર્શન પ્રમાણે લોકનાં (એટલે સૃષ્ટિનાં) ઉદ્‌ભવ અને અંત નથી. જ્યારે સૃષ્ટિના સ્વરૂપનું વિસ્તારપૂર્વકનું વિવરણ છે. જેમાં પૃથ્વીની ભૂગોળ અને આકાશી ખગોળ આવી જાય છે. જૈન ખગોળ ભૂગોળની પ્રરૂપણા અને એજ વિષયનાં વર્તમાન વૈજ્ઞાનિક તારણો ક્યાંય મળતાં આવતાં નથી. આથી વિચારશીલ જૈન સાધકના મનમાં ગૂંચવાડો થાય ખરો. જૈન ભક્તગણ તીર્થંકરો અને કેવળજ્ઞાનીઓને અનંત જ્ઞાન દર્શનના ધારક સમજે છે. એમની પ્રરૂપણા ભૂલ ભરેલી કેમ હોય!

હું જૈન તીર્થંકરોને અને કેવળજ્ઞાનીઓને સિદ્ધ પુરુષ યોગીઓ તરીકે જોઉં છું. એટલે જૈન ખગોળ ભૂગોળમાં આસ્થા ન બેસે તેથી જૈન દર્શનની મહત્તા અને સંભાવનાઓમાં કશો ફરક પડતો નથી. અનેક યોગીઓએ, મુમુક્ષુઓએ જીવન અને જગતનાં રહસ્યો ખોજવા પુરુષાર્થ આદર્યો. એકનાં દર્શન બીજાનાં સોપાન બન્યાં. સમજણના સરવાળા થયા. એ રીતે આપણને મળ્યો છે જ્ઞાન-દર્શનનો ખજાનો. આ કોઈ નામધારી સંત કે સંપ્રદાયનો ઈજારો નથી. અનેક ખોજીઓના પુરુષાર્થ અને તપસ્યાનો પરિપાક છે. જે સ્થળ કાળથી પર છે.

અહિંસાપ્રધાન તરીકે જગવિખ્યાત થયેલ જૈન ધર્મ ખરેખર કર્મવાદના નિર્વિવાદ સ્વીકાર પર રચાયેલ છે. એનો બીજો પાયો છે જીવાત્માની સ્વતંત્ર હસ્તીનો સ્વીકાર. કર્મવાદ પ્રમાણે જીવાત્મા મન-વચન-કાયાથી જે કંઈ આચરે છે, એનાં બંધન પેદા થાય છે. જે કર્મ છે. કર્મ પુદ્‌ગલ રૂપે હોય છે એ તો જૈનદર્શનની અત્યંત મૌલિક વૈજ્ઞાનિક સમજણ છે. પુદ્‌ગલ એટલે પદાર્થ. અંગ્રેજી પર્યાય છે matter. પદાર્થ હંમેશાં પોતાના ગુણધર્મને અનુસરે છે. પદાર્થમય કર્મ કાલાંતરે સમાન પરિણામ લાવે છે. જે જીવાત્મા - કર્તા ભોગવે છે. કર્મનું આ dynamics ઋષિઓએ જોયું હશે. એ તો આપણે પણ જોઈ શકીએ છીએ કે ક્રોધ-ઈર્ષા જેવા કષાયો આપણા ચિત્તને ક્ષુબ્ધ કરે છે, આરોગ્યને હાનિ કરે છે. જ્યારે ક્ષમા, સંતોષ, ભક્તિભાવ, પ્રસન્નતા લાવે છે અને આરોગ્ય બક્ષે છે.

આ પ્રમાણેનાં કર્મબંધનાં કારણો જેમકે કામ-ક્રોધ ઈર્ષા, લાલસાને આશ્રય કહેવાય છે જ્યારે કર્મબંધનાં નિવારણો જેવાં કે કરુણા, સંતોષ, આરાધના ઈત્યાદિને સંવર કહેવાય છે. કર્મનાં બંધન પડતાં રોકવા અને જૂના કર્મનાં બંધન તોડવા - નિવારવા માટે જૈન દર્શનમાં વિસ્તૃત આચારસંહિતા છે. એમાં અહિંસા અગ્રસ્થાને છે. તો સત્યાગ્રહ, અચૌર્ય, શીલ, મૈત્રી વગેરે છે. જૈન સમજણના અપ્રમાદ અને સામયિક તો Power house છે. અને એ તો સર્વાંગે મુક્તિના રાજમાર્ગ છે. જ્યારે આત્મતત્ત્વ જાગૃત અને સક્રિય થાય છે ત્યારે પદાર્થ જગત ઝૂકી જાય છે.

વર્તમાન પદાર્થવિજ્ઞાન, પદાર્થ અને ઍનર્જી એમ બે તત્ત્વોને સ્વીકારે છે. જ્યારે ભારતવર્ષમાં ઉદ્‌ભવેલાં બધાં દર્શનો, ચેતન, ચૈતન્ય, આત્માને સ્વતંત્ર અને સાર્વભૌમ તત્ત્વ તરીકે જુએ છે.

તત્ત્વ દ્રષ્ટાઓએ આ તત્ત્વોનાં dynamics વત્તે ઓછે અંશે જોયાં હશે.

જૈન આચારસંહિતા મનુષ્યજીવન અને સમાજ જીવનની અનેક શક્યતાઓને આવરી લે છે, એટલી વ્યાપક છે. એનું પાલન - અનુશીલન વ્યાવહારિક જીવનમાં અને સમાજ જીવનમાં શાંતિ અમન પણ વધારે છે.

કર્મવાદની ખોજ અને સ્વીકાર માટેનું એક મુખ્ય કારણ છે, મનુષ્ય મનુષ્ય વચ્ચેની વિષમતાના કારણની ખોજ, મનુષ્યોના સુખદુઃખનાં કારણો અને એની વિષમતાનાં કારણોની ખોજ. કર્મવાદ સ્વીકારો તો આ કોયડાના જવાબ જાણે મળી જાય છે.

વળી પુર્નજન્મ છે કે નહિ? એનો જવાબ પણ કર્મવાદમાં મળી જાય છે.

જૈન ધર્મમાં અહિંસાને પ્રાધાન્ય અપાયું એનું કારણ મને સામાજિક લાગે છે. બીજા પાપાચાર, જેમકે લાલસા, દંભ, જૂઠની અપેક્ષાએ હિંસા સ્થૂળ છે. હિંસા આચરનાર તત્કાલ બીજાને ઈજા પહોંચાડે છે અને સમાજના નૈતિક અને કાનૂની માળખાને પડકારે છે. બીજા કષાયો સૂક્ષ્મ છે. દંભ-જૂઠ ઈત્યાદિની સમાજના માળખા પર ક્રમિક અસર થાય છે. પરોક્ષ રીતે પણ થાય. સામાન્યજનને દેખાય પણ નહીં. અહીં મારો ઈરાદો હિંસાની તરફેણનો નથી. હું માનું છું કે આપણે કોઈ પ્રત્યે કરડી નજરે જોઈએ, એ પણ હિંસા છે જે પણ નિવારવી જોઈએ.

આપણે કર્મવાદ ન સ્વીકારીએ તો? કેટલાંક દર્શન સર્જનહાર / પાલક પિતાને સ્વીકારે છે તો કેટલાંક દર્શન એ પણ નથી સ્વીકારતાં. વળી કેટલાંક ચિંતકો એમ માને છે કે આપણને સૃષ્ટિનાં રહસ્યો ઉપલબ્ધ થવાનાં નથી – Unknown is unknowable.

આવી અનિર્ણાયક સ્થિતિ રોમાંચક પણ લાગે કે બિહામણી પણ લાગે.

સ્ટીફન હોકિંગ્સ લખે છે કે બ્રહ્માંડમાં નિયતિ નથી, સંભાવનાઓ છે. વળી એ એમ પણ કહે છે કે અમારા (વિજ્ઞાનના) જવાબો સાચા પણ હોય કે હાસ્યાસ્પદ પણ હોય (કે અધૂરા હોય).

પણ મનુષ્યની ખોજ ચાલુ જ રહેશે. માંડ બે-ત્રણ ગજની કાયા અને મુઠ્ઠીથી નાનું મગજ ધરાવનાર મનુષ્યની હેસિયત લાજવાબ છે. એને સૃષ્ટિનાં રહસ્યો ખોલવાં છે અને એને શબ્દસ્થ કરવાં છે. સૃષ્ટિનું માપ લેવું છે.

આ હેસિયતે જ આપણને સુખ-સગવડો અને જ્ઞાન અને ડહાપણના શિખરે પહોંચાડ્યા છે. એને જાણો, કે એને માણો કે એની અવજ્ઞા કરો, આપણને છૂટો દોર મળ્યો છે.

# જૈનોનાં શ્રી ૧૦૮ તીર્થ : ઇતિહાસની એક ઝલક (પ્રકરણ-૩)

• શ્રી વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી •

## (૨૩) શ્રી કંબોઇ તીર્થ (ગુજ.)
### મનમોહન પાર્શ્વનાથ ભગવાન.

વિક્રમની ૧૧મી સદી પહેલાં વસેલ આ ગામ મધ્યે કાચના જડાઉ કામથી આકર્ષક જિનાલયમાં સંપ્રતિકાલીન ૭૫ સે.મી.ના શ્વેતવર્ણના મનમોહક મુખ-નયનોમાંથી શાંત સંવેગ રસને વહાવતા શ્રી મનમોહન પાર્શ્વનાથને સં. ૨૦૦૩ મહા સુદ-૧૫ ના મૂળનાયક તરીકે બિરાજમાન કરતા પરમાત્મ બિંબમાંથી અમીનો પ્રવાહ કલાકો સુધી વહેલ. ક્યારેક સુગંધી કેસર કે વાસક્ષેપની વૃષ્ટિ થાય છે. એકવાર મંદિર પર કલાકો સુધી દિવ્યપ્રકાશ પથરાયેલ, જેમનું સ્નાત્રજળ દિવ્ય ઔષધરૂપ છે. અહીં ફાગણ સુદ-૨ ના રોજ મેળો ભરાય છે. સોળમી સદીના લેખો મળેલ છે. બીજા બાલી (રાજસ્થાન)માં પણ શ્રી મનમોહન પાર્શ્વનાથની પ્રાચીન પ્રભાવક પ્રતિમા છે જે સંકેત અનુસાર પ્રાપ્ત થયેલ છે.

## (૨૪) શ્રી ઉપરિયાળા તીર્થ :
### શ્રી આદીશ્વર ભગવાન

જયસાગરજી ચૈત્યપરિપાટીના ઉલ્લેખથી ૧૫મી સદી પૂર્વેનું આ તીર્થ, અહીંના શ્રાવકોએ ૧૬મી સદીમાં ઠેર ઠેર જિનમંદિરો બંધાવેલ સં. ૧૯૧૯ વૈશાખ સુદ ૧૫ના રત્નાકુંભારને સ્વપ્ન સંકેત, ખેતરમાંથી પ્રતિમાઓ મળતાં, ભક્તિ આદર સાથે સંઘને સમર્પિત કરતાં, સંઘે જિનાલયમાં સં. ૧૯૨૦ કારતક સુદ-૧૫ નાં પધરાવ્યાં. પછી નવ નિર્મિત જિનાલયમાં સં. ૧૯૪૪ મહા સુદ ૧૩ના મૂળનાયક તરીકે ૭૬ સે.મી. ના ચંદનસમા શીતલ ચંદન વર્ણના શ્રી આદીશ્વર ભગવાનને પ્રતિષ્ઠિત કર્યા. જમણે શ્વેત શાંતિનાથ, ડાબે પીળા પાર્શ્વનાથ બિરાજે છે. વર્ષોથી અખંડ દીપકની કેસરવર્ણી જ્યોત ચાલુ છે. અનેક ચમત્કારો થાય છે. ક્યારેક નગારા-વાદ્ય સંગીતના સૂર સંભળાય છે. પ્રતિવર્ષ ફાગણ સુદ-૮ ના રોજ મેળો ભરાય છે. વિરમગામથી ૩૧ કિ.મી. ના અંતરે આ તીર્થ છે.

## (૨૫) શ્રી મહેસાણા તીર્થ :
### શ્રી સીમંધરસ્વામી ભગવાન.

૧૨મી સદી પૂર્વે મહેસાજી ચાવડાએ વસાવેલ આ મહેસાણામાં શરૂઆતથી જ જિનાલય શોભતાં હતાં, જે શિલાલેખો પરથી જણાય છે. બહાર હાઈવે રોડ ઉપર દ્રવ્ય જીવંત શિલ્પકળાથી શોભતા મંડપ, ઘુમ્મટ દરવાજાથી બેનમૂન ૧૨૫ ફૂટનું ઊંચું ગગનચુંબી શિખરયુક્ત આ વિશાળ "કૈલાસ પ્રાસાદ" જિનાલય ભાવિકોને દૂરથી જ આકર્ષે છે. જેમાં ૧૪૫ ઇંચનાં વિશાળકાય પ્રભાવશાળી પ્રતિમા સાક્ષાત્ શ્રી સીમંધરસ્વામીની સ્મૃતિને યાદ કરાવતાં શ્રી સીમંધરસ્વામી મૂળનાયક તરીકે બિરાજે છે. જેની પ્રતિષ્ઠા વૈશાખ સુદ-૬ ના વિ.સં. ૨૦૨૮ માં પ.પૂ. આ.ભ. કૈલાસસાગરસૂરિ મ.સા.ની નિશ્રામાં થયેલ છે. ગામમાં ૧૪ જિનાલયો શોભી રહ્યા છે તથા અનેક શાસનરત્નોને તૈયાર કરતી શ્રી યશોવિજય સંસ્કૃત પાઠશાળા પણ ત્યાં શોભી રહી છે.

## (૨૬) શ્રી ઈડર તીર્થ :
### શ્રી શાંતિનાથ ભગવાન.

પ્રાચીન નામ ઈલ્વદુર્ગ, અહીં વીર નિર્વાણથી ૨૮૫ વર્ષે શ્રી સંપ્રતિરાજાએ શ્રી શાંતિનાથ જિનાલય બંધાવેલ. જિનપતિસૂરિ તીર્થમાળામાં ઈડરગિરિ ઉપર કુમારપાળ રાજાએ ઋષભદેવ પ્રાસાદનું નિર્માણ કરેલ. મુનિસુંદરસૂરિ સ્તવનમાં તેનો જીર્ણોદ્ધાર ગોવિંદશ્રેષ્ઠીએ પછી ચંપકશ્રેષ્ઠીએ કરેલ. સં. ૧૬૮૧માં આ. વિજયદેવસૂરિએ નૂતન આદિનાથની પ્રતિષ્ઠા કરેલ. ૧૭મી સદી પછી શ્રી સંઘે જીર્ણોદ્ધાર કરી ૭૮ સે.મી.ના શ્વેતવર્ણના અનુપમ શાંતિનો અનુભવ કરાવતાં શ્રી શાંતિનાથને મૂળનાયક તરીકે બિરાજમાન કર્યા. છેલ્લો જીર્ણોદ્ધાર સં. ૧૯૭૦ માં આ. લબ્ધિસૂરિના હસ્તે થયેલ. આ ભૂમિ પર આ. આનંદસૂરિ, આ. દેવસૂરિ તથા દાનવીર શ્રેષ્ઠીઓનો જન્મ થયેલ છે. કારતક અને ચૈત્રી પૂનમે અહીં મેળો ભરાય છે.

## (૨૭) શ્રી તારંગા તીર્થ :
### શ્રી અજિતનાથ ભગવાન :

પાંચ મુખ્ય તીર્થમાં ગણાયેલ આ તીર્થ પર વિક્રમની પહેલી સદીથી સિદ્ધાયિકાદેવી મંદિર, સં. ૧૨૧૧ માં મહારાજા કુમારપાળે ઉત્કૃષ્ટ શિલ્પકળાથી સમૃદ્ધ ૧૫૦ ફૂટ લાંબું ૧૦૦ ફૂટ પહોળું વિશાળ અને વિશ્વની અજાયબીરૂપ આકાશને આંબતા ૧૪૨ ફૂટ ઊંચા શિખર યુક્ત આ 'મહામેરુ' પ્રાસાદમાં ૨૭૫ મીટરના શ્વેતવર્ણના અદ્ભુત પ્રભાવને પાથરતા શ્રી અજિતનાથ પ્રભુને બિરાજમાન કર્યા, પછી ગોખલા વગેરેમાં વસ્તુપાળ તેજપાળ આદિએ પ્રભુ પધરાવેલ છે. આ મંદિરના વિશાળ પ્રાંગણમાં શ્રી કુંથુનાથ-સહસ્રકુટ-નંદીશ્વર-ચૌમુખજીનાં મંદિર તથા કોટિશિલા, મોક્ષબારીની રચના આકર્ષક દર્શનીય છે. આ તીર્થ તારંગા હિલ સ્ટેશનથી ૫ કિ.મી. દૂર પહાડ ઉપર છે.

## (૨૮) શ્રી શંખલપુર તીર્થ :
### શ્રી શાંતિનાથ ભગવાન

આ તીર્થ પ્રાચીન સલખણપુર હતું. લક્ષ્મણરાજાએ વસાવેલ; ૧૪મા સૈકામાં પેથડશાહે જિનાલય બંધાવેલ. ૧૪ થી ૧૭ સૈકામાં

અહીંયાં જૈનોનું વર્ચસ્વ હતું. સુમતિસાધુ સૂરિના અહિંસા ઉપદેશે વેપારી કોચરે ખંભાતના સાજણસિંહ સહાયે સુલતાન પાસેથી ૧૨ ગામનો અધિકાર મેળવી બહુચરાજીમાં હિંસા બંધ કરાવેલ. સં. ૧૮૪૮માં રાતેજથી બે મૂર્તિ સાથે આવેલ ચોરને દાણા આપી પ્રતિમા લઈ એક ટુવર સંઘને, બીજાં પ્રતિમા માટે જગ્યા લઈ મંદિર માટે ખોદતાં ભોંયરું મળ્યું તેમાંથી ૨૦૦ પ્રતિમા વગેરે મળતાં ત્યાં જ ત્રણ શિખરવાળુ ભોંયરાયુક્ત વિશાળ જિનાલય બંધાવી આ પ્રભાવશાળી શ્રી શાંતિનાથ આદિને સં. ૧૯૦૫ માં પ્રતિષ્ઠિત કર્યા. અહીંના શંખલાનવખંડા પાર્શ્વનાથ ચમત્કારી છે. ક્યારેક સુગંધ યુક્ત કેસરથી પૂજાય છે. ઘંટનાદ આપમેળે વાગે છે.

## (૨૯) શ્રી પ્રહલાદનપુર તીર્થ (પાલનપુર, ગુજ.) : શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ ભગવાન

વિ.સં. ૧૦૦૧માં શિવભક્ત પ્રહલાદન રાજાએ પ્રહલાદનપુર વસાવ્યું પછી ત્યાંના પ્રભુના બિંબને ઓગાળી નંદી બનાવી શિવમંદિરે સ્થાપતાં, તત્કાળ તે કોઢી બન્યો ને રાજ્યભ્રષ્ટ બન્યો. દુઃખી ભટકતાં તેને શાલિભદ્રસૂરિએ સુવર્ણબિંબ ભરાવી નવ વાર પૂજવા પ્રેરણા કરી. તેમ કરતાં રાજ્ય પ્રાપ્તિ અને કાયા કાંતિથી પલ્લવિત બનતાં ઉત્તુંગ મંદિર બંધાવી પ્રભુને પ્રતિષ્ઠિત કર્યા. નામ પલ્લવિયા. પ્રસિદ્ધ મહિમા વધ્યો. જ્યાં રોજ ૧૦૦ મણ ચોખા અને ૧૬ મણ સોપારી આવતાં, કાળક્રમે તે પ્રતિમા ભંડારી દેવાઈ. તેની જગ્યાએ તે જ નામે ૪૫ સે.મી.ના મનોહર શ્વેતવર્ણના બિંબને કોરંટગચ્છના કક્કસૂરિ હસ્તે સં. ૧૨૭૪ ફાગણ સુદ-૫ ના પ્રતિષ્ઠા કરી. આ ત્રણ માળના વિશાળ મંદિરમાં ગોડીજી શાંતિનાથ શીતળનાથ બિરાજે છે. આ. સોમસુંદરસૂરિ ને આ. હિરવિજયસૂરિની જન્મભૂમિ આ જ પાલનપુર છે.

## (૩૦) શ્રી પાટણ તીર્થ : શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાન.

સં. ૮૦૨ માં અણહિલ ભરવાડે બતાવેલ જગ્યાએ નાગેન્દ્રગચ્છના શીલગુણસૂરિના મંત્રોચ્ચાર પૂર્વક વીર વનરાજે આ નગર સ્થાપના, ઉપકાર સ્મૃતિએ ગુરુચરણે રાજ્ય ધર્યું. નિઃસ્પૃહ ગુરુ પ્રેરણાએ ભવ્ય જિનાલય બંધાવી તેમાં પૂર્વજોની રાજધાની પંચાસરથી લાવેલ સંપ્રતિકાલીન શ્વેતવર્ણના ૪૫ ઈંચના આ અલૌકિક પ્રભુને ગુરુ હસ્તે પ્રતિષ્ઠિત કર્યા. નામ 'પંચાસરા' પ્રસિદ્ધ થયું. હેમચંદ્રસૂરિ મ.સા. ને કુમારપાળના રાજ્યકાલે મહિમા ફેલાયો. સં. ૧૩૫૬ મુસ્લિમ આક્રમણે નગર-મંદિરનો નાશ થયો. ફરી નવું પાટણ વસ્યું, ને આ વનરાજ વિહાર અને સેંકડો મંદિર નિર્માણ થયાં. છેલ્લો જીર્ણોદ્ધાર થઈ સં. ૨૦૧૧ જે. સુદ-૫ ના શ્રી સમુદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી. અત્યારે ૮૪ મોટા અને ૧૩૪ નાના જિનાલયો શોભી રહ્યા છે.

## (૩૧) શ્રી કુંભારિયાજી તીર્થ : શ્રી નેમિનાથ ભગવાન.

આનું પ્રાચીન નામ આરાસણ. મંત્રી ગોગાના પુત્ર પાસીલ દરિદ્રતાથી વ્યાપાર માટે પાટણ-રાજવિહાર જિનાલયમાં પ્રતિમાને માપે છે. તે જોઈ છાડાશેઠની બાળ વિધવા પુત્રી હાંસીએ તેની સ્થિતિ જોઈ મજાકમાં કહ્યું શું આવા પ્રભુ ભરાવવા છે? પાસીલે કહ્યું - બહેન! મારા માટે આ દુર્લભ પરંતુ જો આવું મંદિર બનાવું તો બહેન તરીકે આવજો. પાસીલે અંબિકા આરાધના પ્રભાવે, શીશાની ખાણ ચાંદીની થતાં આબુ જેવી કોતરણીવાળું ભવ્ય દેવવિમાન તુલ્ય જિનાલય બંધાવી ૨૧૩ સે.મી. ના પદ્માસનસ્થ શ્રી નેમિનાથ ભગવાનને મૂળનાયક તરીકે પ્રાયે ૧૨મા સૈકામાં વાદીદેવસૂરિ હસ્તે પ્રતિષ્ઠા કરાવી. બહેન હાંસીને સમાચાર, આશ્ચર્ય સાથે આવીને નવ લાખ રૂ. વાપરી વિશાળ ''મેઘનાદ મંડપ'' નો લાભ લીધો. સં. ૧૬૭૫ માં તેનો જીર્ણોદ્ધાર થઈ મહા સુદ-૪ ના વિજયદેવસૂરિ હસ્તે પ્રતિષ્ઠા. બીજા મહાવીરસ્વામી, પાર્શ્વનાથ, શાંતિનાથ, સંભવનાથ-મંદિર છે. આ તીર્થ અંબાજીથી ૧ કિ.મી. ના અંતરે છે.

## (૩૨) શ્રી વામજ તીર્થ : શ્રી આદીશ્વર ભગવાન.

સંપ્રતિકાલીન અને સં. ૧૫૬૨માં કવિ લાવણ્યગણિએ 'આલોયણ વિનંતી' કાવ્યમાં આ તીર્થની આ પ્રભુની સ્તુતિ કરેલ છે તે જ આ તીર્થની પ્રાચીનતા પુરવાર કરે છે. કહેવાય છે કે અહીંથી ૬ કિ.મી. દૂર આવેલ શેરીસા તીર્થ સુધી જવાય તેવું ભોયરું હતું. પછી કાળના પ્રવાહમાં તીર્થ નાશ, પ્રતિમાં ભંડારી દીધા હશે. સં. ૧૯૭૯માં એક મુનિરાજને સંકેત મળતાં અહીંના કણબી મહોલ્લામાંથી પ્રભુ પ્રગટ થતાં અનેક ચમત્કારે યાત્રાળુઓના આકર્ષણે અહીંયાં જ સુંદર જિનાલય બંધાવી આ ૪૨ા ઈંચના શ્વેતવર્ણના આ અદ્ભુત આદિનાથને શાસનસમ્રાટ શ્રીના પટ્ટધર ગીતાર્થ શિરોમણિ આ.શ્રી. વિજયોદયસૂરિના હસ્તે પ્રતિષ્ઠા થયેલ છે. બાજુના બે કાઉસગ્ગીયા પણ પ્રાચીન છે. આ તીર્થ અમદાવાદથી ૪૫ કિ.મી.ના અંતરે આવેલ છે.

## (૩૩) શ્રી ભોયણી તીર્થ : શ્રી મલ્લિનાથ ભગવાન

કડીથી ૧૫ કિ.મી. આવેલ ભોયણી તીર્થ-પ્રાચીન કાળમાં અનેક જિનમંદિરોથી શોભતું પદ્માવતીનગર નામે પ્રસિદ્ધ. વિ.સં. ૧૯૩૦ માં ખેતરમાં કૂવો ખોદતાં આ ભવ્ય અલૌકિક કલાયુક્ત શ્રી મલ્લિનાથની શ્વેતવર્ણની ૧૦૪ સે.મી.ની પ્રતિમા મળી હતી. જે મનોહર અને સંસારના સંતપ્ત જીવોને શાંતિ આપે તેવી છે. જે પ્રભુને ત્રણ શિખર યુક્ત વિશાળ રમણીય રંગમંડપવાળા અને શૃંગારચોકી યુક્ત ત્રણ દરવાજાવાળા નવનિમિર્ત જિનાલયમાં સં. ૧૯૪૩ મહા સુદ-૧૦ ના મૂળનાયક તરીકે બિરાજમાન કરવામાં આવેલ છે. દર વર્ષે મહા સુદ-૧૦ ના તથા મલ્લિનાથના જન્મકલ્યાણક શ્રાવણી પૂનમે અહીં મેળો ભરાય છે. ત્યારે ભાવિકો ઉમંગભેર પ્રભુ ભક્તિમાં મશગૂલ બને છે. બીજા પ્રાચીન પ્રતિમા - અવશેષો પણ મળેલ છે.

*(ક્રમશઃ)*

# હિંદુ, હિંદુ ધર્મ અને ગોરક્ષા

'ગાંધીદૃષ્ટિ' • મો.ક. ગાંધી માંથી સંકલિત

*છેલ્લા દોઢ બે મહિનામાં દેશમાં લોકજીભે અને માધ્યમોના મુખે સૌથી વધુ ચઢેલો શબ્દ તે 'અસહિષ્ણુતા.' રોજનું કમાઈને રોજનું ખાનારા કરોડો ભારતીયજનોને કદાચ આ શબ્દના અર્થની ખબરેય નહીં હોય ને વિભિન્ન ધર્મ કોમના લોકો સાથે વ્યક્તિગત પસંદગી - નાપસંદગીને વચ્ચે લાવ્યા વગર પોતાનું જીવન ગુજારતા હશે. અને હા, કોઈ જૂથના ભડકાવ્યા કે ગેરમાર્ગે દોર્યા વગર આ વર્ગ ક્યારેય હિંસા પર નહીં ઊતરી આવ્યો હોય. તેમની પાસે કદાચ સ્પષ્ટ અભિવ્યક્તિના શબ્દો નહીં હોય પણ અહિંસા એ અસહિષ્ણુતાની પહેલી શરત છે, એવી સમજણ એમનામાં સ્પષ્ટ હશે. આ વર્ગ દેશમાં બહુમતીમાં છે. સનાતન ધર્મ ને હિંદુ સંસ્કૃતિને એમણે ખરા અર્થમાં જીવનમાં ઉતારી છે. બુદ્ધ મહાવીર ગાંધીનો સત્ય, અહિંસા, કરુણાનો સંદેશો બરાબર ઝીલ્યો છે. એવા આ સહિષ્ણુવર્ગને આ અંકની ગાંધીદૃષ્ટિ : હિંદુ, હિંદુ ધર્મ અને ગોરક્ષા વિશે....*

## 'હિંદુ' અને 'હિંદુ ધર્મ'

★ હિંદુ ધર્મ વિશેના એકાદ પ્રમાણભૂત ગ્રંથમાં મેં વાંચ્યું છે કે 'હિંદુ' શબ્દ વેદમાં મળતો નથી પણ મહાન સિકંદરે હિંદ પર ચઢાઈ કરી ત્યારે સિંધુ નદીની પૂર્વમાં આવેલા દેશમાં વસતા લોકોને હિંદુ કહીને ઓળખાવવામાં આવતા હતા. અંગ્રેજી બોલનારા હિંદીઓ આજે પણ સિંધુને 'ઈન્ડસ' નામથી ઓળખે છે. ગ્રીક બોલીમાં સિંધુના 'સ'નો 'એચ' એટલે 'હ' થઈ ગયો. તેથી એ મુલકના વતનીઓનો ધર્મ 'હિંદુ' નામથી ઓળખાયો અને તમે સૌ જાણો છો કે એ ધર્મ સૌથી વધારે સહિષ્ણુ ધર્મ છે. જુલમથી ત્રાસીને ભાગી છૂટેલા પ્રાચીન ખ્રિસ્તીઓને તેણે આશ્રય આપ્યો હતો. બની-ઇઝરાયલના અનુયાયી યહૂદીઓને પણ તેણે આશરો દીધો હતો અને ઈરાનથી એવા જ જુલમથી ત્રાસીને ભાગી નીકળેલા પારસીઓને પણ તેણે જ સંઘર્યા હતા. આવો જ ધર્મ પોતાની વ્યવસ્થામાં સર્વને સમાવી લેવાને હંમેશાં તત્પર છે અને જે ધર્મ સહિષ્ણુતાની હંમેશ હિમાયત કરતો આવ્યો છે તે હિંદુ ધર્મનો અનુયાયી હોવામાં મને ગૌરવનો અનુભવ થાય છે. આર્ય વિદ્વાનો પોતે જેને વૈદિક ધર્મ કહીને ઓળખાવે છે તેને વરેલા છે અને હિંદુસ્તાનનું નામ આર્યાવર્ત છે એમ આગ્રહપૂર્વક જણાવે છે. એવી વિદ્વત્તાની અથવા એવો આગ્રહ રાખવાની મને જરાયે આકાંક્ષા નથી. મારી કલ્પનાનું હિંદુસ્તાન મારે માટે પૂરતું છે અને તે નામથી મને પૂરતું સમાધાન છે. એ હિંદુસ્તાનમાં અને એ હિંદુ ધર્મમાં વેદોનો બેશક સમાવેશ થઈ જાય છે. દરજ્જાને જરા સરખો ઉતારી પાડ્યા વિના હું ઇસ્લામના મજહબમાં, પારસી ધર્મમાં, ખ્રિસ્તી સંપ્રદાયમાં, જૈન ધર્મમાં અને યહૂદી પંથમાં જે કંઈ ઉત્તમ છે તેનો સમાનભાવે આદર રાખું છું, એમ જાહેર કરું છું ત્યારે કશી વિસંગત વાત કરતો નથી. સૂર્ય તપે છે ત્યાં સુધી આવો હિંદુ ધર્મ જીવતો રહેશે. એક જ દુહામાં તુલસીદાસે એ ધર્મનો નિચોડ આપી દીધો છે કે

*'દયા ધર્મકો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;*
*તુલસી દયા ન છાંડીએ જબ લગ ઘટ મેં પ્રાન.'*

***(પ્રાર્થના પછીનાં ગાંધીજીનાં ભાષણોમાંથી)***
***હરિજનબંધુ, ૩૦-૧૧-૧૯૪૭, પૃ.-૩૯૪***

★ હિંદુ ધર્મનું એ સદ્‌ભાગ્ય છે અથવા દુર્ભાગ્ય છે કે એમાં કોઈ સત્તાવાર સંપ્રદાય નથી. એટલે કોઈ પણ પ્રકારની ગેરસમજથી મારી જાતને ઉગારવા માટે મેં કહ્યું છે કે સત્ય અને અહિંસા મારો ધર્મ છે. જો કોઈ મને હિંદુ ધર્મની વ્યાખ્યા આપવાનું કહે, તો હું એટલો જ જવાબ આપું કે હિંદુ ધર્મ એટલે અહિંસક સાધનો દ્વારા સત્યની શોધ. કોઈ માણસ ઈશ્વરને પણ ન માનતો હોય છતાં તે પોતાની જાતને હિંદુ કહેવડાવી શકે છે. મક્કમપણે સત્યની ખોજ કર્યા જ કરવી એનું નામ હિંદુ ધર્મ. જો આ ધર્મ હાલમાં મૃતપ્રાય, નિષ્ક્રિય અને જડ બન્યો હોય, તો તેનું કારણ એ છે કે આપણે થાકી ગયા છીએ. પરંતુ આપણો થાક ઊતરી જતાં તુરત જ, હિંદુ ધર્મ કદાચ પહેલાં કદી નહીં જોવામાં આવ્યું હોય એવા પ્રખર તેજ સાથે વિશ્વમાં ઝળકી ઊઠશે. અને ખરેખર તેથી જ હિંદુ ધર્મ બધા ધર્મો કરતાં સૌથી વધારે સહિષ્ણુ છે. એના સિદ્ધાંતો સર્વગ્રાહી છે.

***(ફૂટનોટ)***
***યંગ ઇન્ડિયા, ૨૪-૪-૧૯૨૪, પાના-૧૩૬***

## હિંદુત્વની મારી ફરજ

★ હું સનાતની હિંદુ હોવાનો દાવો કરું છું. ઘણા ભાઈઓને હસવું આવતું હશે કે મુસલમાનોમાં હરનારો - ફરનારો, બાઈબલની વાતો કરનારો, અંગ્રેજોની સાથે પાણી પીનારો, મુસલમાનોની બનાવેલી રોટી ખાનારો, અંત્યજની છોકરી ખોળે લેનારો જે હું તેવાને સનાતની હિંદુ કહેવો એ ભાષા ઉપર અત્યાચાર કર્યો કહેવાય. છતાં હું પોતાને સનાતની મનાવવાનો દાવો કરું છું, અને મને

વિશ્વાસ છે કે એક સમય એવો આવશે કે જ્યારે મારા મૃત્યુ પછી ગાંધી સનાતની હતો એમ સૌ કબૂલ કરશે. કારણ કો ગોરક્ષા મને બહુ પ્રિય છે. ઘણા વખત ઉપર 'હિંદુત્વ' ઉપર મેં 'यंग इन्डिया'માં લેખ લખ્યો હતો, તે મારો અતિશય વિચારપૂર્વક લખેલો લેખ છે. તેમાં હિંદુત્વના લક્ષણનો વિચાર કરતાં વેદાદિને માનવા, પુનર્જન્મમાં માનવું, ગીતા-ગાયત્રી આદિ માનવાં, એ લક્ષણ ગણાવ્યાં છતાં સામાન્ય હિંદુને માટે તો ગોરક્ષા વિશે પ્રીતિ એ જ લક્ષણ મેં ઠરાવેલું. કોઈ પૂછશે કે ૧૦,૦૦૦ વર્ષ ઉપર હિંદુઓ શું કરતા હતા? મોટા વિદ્વાનો અને પંડિતો બતાવે છે કે વેદાદિ ગ્રંથોમાં ગોમેધની વાત છે. છઠ્ઠા ધોરણમાં ભણતાં સંસ્કૃત પાઠમાળામાં 'पूर्वे ब्राह्मणाः गवां मांस भक्षयामासुः' એ વાક્ય વાંચેલું, અને મેં મનને પૂછ્યું, "આ સાચું હશે?" એવાં વાક્યો છતાં હું માનતો આવ્યો છું કે વેદમાં એવી વાત લખી હોય તો તેનો અર્થ કદાચ આપણે કરીએ છીએ એ ન થતો હોય. બીજો પણ સંભવ છે. મારા અર્થ પ્રમાણે અથવા મારા આત્માની પ્રતીતિ પ્રમાણે – અને મને પાંડિત્ય કે શાસ્ત્રીય જ્ઞાન આધારરૂપ નથી પણ આત્માની પ્રતીતિ જ આધારરૂપ છે – ઉપર ટાંકેલાં વચનો જેવાં વચનોનો બીજો અર્થ ન હોય તો એવું હોવું જોઈએ કે તે જ બ્રાહ્મણો ગોભક્ષણ કરતા હતા કે જેઓ ગાયને મારીને પાછા ગાયને સર્જી શકતા હતા. પણ આવા વાદવિવાદની સાથે હિંદુ જનતાને કશો સંબંધ નથી. મેં વેદાદિનો અભ્યાસ નથી કર્યો. ઘણા સંસ્કૃત ગ્રંથોના અનુવાદથી જ જાણું છું. એટલે મારે જેવા પ્રાકૃત માણસ આવા વિષયમાં શું વાત કરે? પણ મને આત્મવિશ્વાસ છે અને તેથી મારા અનુભવની વાત હું બધે કર્યા કરું છું. ગોરક્ષાનો અર્થ શોધવા જઈશું તો કદાચ ક્યાંય આપણને એક જ અર્થ નહીં મળે, કારણ આપણા ધર્મમાં કલમા જેવું સર્વસામાન્ય અને એક જ એવું કંઈ નથી અને પેગંબરે નથી. આથી કદાચ આપણે ધર્મ સમજવામાં મુશ્કેલી આવતી હોય છતાં તેમાં સહેલાઈથી પણ થાય છે, કારણ અનેક વસ્તુ હિંદુ જનતામાં સ્વાભાવિક રીતે જ પ્રવેશ કરી ગયેલી છે. બાળક પણ સમજે છે કે ગાયની રક્ષા કરવી જોઈએ, ગોરક્ષા ન કરીએ ત્યાં સુધી આપણે હિંદુ શેના?

*(ગોરક્ષામાંથી)*

*નવજીવન, ૨૫-૧-૧૯૨૫, પાના-૧૬૧*

## સનાતન હિંદુ ધર્મનો હું કેવો અર્થ કરું છું

★ દુર્ભાગ્યે આજકાલ હિંદુ ધર્મ માત્ર ખાવા અને અભડાવાની ચર્ચામાં જ આવી રહેલો જોવામાં આવે છે. એકવાર એક ધર્મશીલ હિંદુ ભાઈ સમક્ષ મેં મુસલમાનના ઘરમાં બેઠાં ડબલરોટી ખાવાનું સાહસ કરી તેમને થથરાવી મૂક્યા હતા. મેં જોયું કે એક મુસલમાન મિત્રે આણી આપેલા પ્યાલામાં મને દૂધ રેડી લેતો જોઈને તેમને ભારે દુઃખ થયું. પણ જ્યારે તેમણે મને એ મુસલમાન મિત્રના હાથની ડબલરોટી લેતો જોયો ત્યારે તો તેમની વ્યથાનો પાર જ રહ્યો નહીં! મને ભય છે કે શું ખાવું અને કોની જોડે ખાવું એના ઝીણામાં ઝીણા વિધિનિષેધ નક્કી કરવા પાછળ જ જો હિંદુ ધર્મ પોતાનું બધું બળ રોકશે તો તે થોડા જ વખતમાં ખરી વસ્તુને ખોઈ બેસશે. માદક પદાર્થો અથવા ખોરાકોના સેવનથી દૂર રહેવું અગર તો માંસાહાર ન કરવો એ આત્માના વિકાસની દિશાએ ભારે મદદકર્તા છે એ સાવ સાચું, પણ તેથી તે એક જ વસ્તુ કંઈ ધર્મનું સારસર્વસ્વ નથી. હરકોઈની જોડે બેસીને ખાનારા ને માંસાહાર કરનારા અને છતાં ઈશ્વરથી ડરનારા અનેક માણસો માંસાહારથી અને બીજી ઘણી વસ્તુઓથી ભારે ચુસ્તતાપૂર્વક દૂર રહેનાર અને છતાંયે પોતાના પ્રત્યેક કાર્યથી ઈશ્વરને અપમાન પહોંચાડનારા માણસના કરતાં મોક્ષદશાની વધુ જ નજીક છે.

આ બધું છતાં હિંદુ ધર્મની પ્રધાન વસ્તુ નિરાળી જ છે. તે ગોરક્ષા. ગોરક્ષા એ મનુષ્યના આખા વિકાસક્રમમાં મને સૌથી અલૌકિક વસ્તુરૂપે ભાસી છે. ગાયનો અર્થ હું માણસની નીચેની આખી મૂંગી દુનિયા આવો કરું છું. ગાયને બહાને એ તત્ત્વ દ્વારા માણસને આખી ચેતનસૃષ્ટિ જોડે આત્મીયતાનો અનુભવ કરાવવાનો એમાં પ્રયત્ન છે. આવો દેવભાવ ગાયને જ કેમ આપવામાં આવ્યો હશે એ પણ મને તો સ્પષ્ટ છે. ગાય જ હિંદુસ્તાનમાં માણસનો સૌથી સાચો સાથી – સૌથી મોટો આધાર હતી. એ જ એક હિંદુસ્તાનની કામધેનુ હતી. તે માત્ર દૂધ જ આપનારી નહોતી. આખી ખેતીનો એ આધારસ્તંભ હતી.

ગાય એ દયાધર્મની મૂર્તિમંત કવિતા છે. આ ગરીબ અશરાફ પ્રાણીમાં આપણે કેવળ દયા જ ઊભરાતી જોઈએ છીએ. લાખો કરોડો હિંદીઓને ઉછેરનારી એ માતા છે. એ ગાયની રક્ષા તે ઈશ્વરની આખી મૂક સૃષ્ટિની રક્ષા છે. જે અજ્ઞાત ઋષિ કે દૃષ્ટાએ આ ગોપૂજા ચલાવી તેણે ગાયથી શરૂઆત કરેલી. એથી નિરાળું બીજું કશું એનું ધ્યેય હોઈ જ ન શકે. આ પશુસૃષ્ટિની અરજ મૂંગી છે તેથી વળી વધારે અસરકારક છે. ગોરક્ષા એ હિંદુ ધર્મે દુનિયાને આપેલી બક્ષિસ છે. હિંદુ ધર્મ પણ જ્યાં સુધી ગાયની રક્ષા કરનારા હિંદુઓ છે ત્યાં સુધી જ રહેશે.

એ ગાયની રક્ષા કઈ રીતે થાય? રસ્તો એ જ છે કે ગાયને બચાવવા જાતે મરવું. ગાયને બચાવવા ખાતર માણસને મારવા તૈયાર થવું એ તો હિંદુ દર્મ તેમજ અહિંસા ધર્મ બંનેનો ઈન્કાર કર્યા સમાન છે.

હિંદુઓને તો પોતાની તપસ્યાના, પોતાની આત્મશુદ્ધિના અને આપભોગના બળથી ગાયની રક્ષા કરવાનું કહેલ છે. આજકાલની ગોરક્ષા તો મુસલમાનો જોડે કાયમના કંકાસ અને ઝેર કરવામાં આવી રહી છે; જ્યારે ખરું જોતાં ગોરક્ષાનો અર્થ એ છે કે આપણે આપણી પ્રેમસેવાથી મુસલમાનોનાં મન જીતી લેવાં.

પણ ખુદ હિંદુઓ પોતે અત્યારે ગોરક્ષા કેટલી સમજે છે? થોડા અરસા ઉપર એક મુસલમાન મિત્રે મને એક પુસ્તક મોકલેલું.

તેમાં ગાય અને તેની ઓલાદ ઉપર આપણે જે ઘાતકીપણું ગુજારીએ છીએ તેનાં વિગતવાર વર્ણનો કરેલાં હતાં. તેનું ટીપેટીપું દૂધ ખેંચી લેવાને ખાતર આપણે તેનું કેવું લોહી લઈએ છીએ, આપણે તેને ભૂખે મારી કેવી હાડપિંજર કરી મૂકીએ છીએ, તેનાં વાછરડાંઓની આપણે કેવી દુર્દશા કરીએ છીએ, તેમને આપણે કેવા પૂરું ધાવવા પણ દેતા નથી, બળદો ઉપર આપણે કેવો જુલમ ગુજારીએ છીએ, આપણે તેમને કેવા ખસ્સી કરીએ છીએ, આપણે તેને કેવા ચાબખા, પરોણી અને આરોના માર મારીએ છીએ, આપણે તેમના પર કેવા અનહદ બોજા લાદીએ છીએ — આ બધાનું એમાં વર્ણન હતું. જો તેમને વાચા હોત તો કદાચ તેઓ આપણી સામે એવા તો અમાનુષી અપરાધોની સાક્ષી પૂરત કે દુનિયા બધી કમકમી ઊઠત!

આ મૂંગાં પશુઓ પર ઘાતકીપણાના પ્રત્યેક કર્મથી આપણે હિંદુ ધર્મનો અને ઈશ્વરનો ઇન્કાર કરીએ છીએ. હું નથી માનતો કે દુનિયાના બીજા કોઈ પણ દેશમાં તેનાં ઢોરોની હાલત હિંદુસ્તાનના કરતાં ભૂંડી હોય. આમાં અંગ્રેજનો દોષ આપણે નહીં કાઢી શકીએ. આમાં આપણી ગરીબી પણ આપણે નહીં ગાઈ શકીએ. આપણાં ઢોરોની આ દુર્દશા આપણી ઘાતકી બેદરકારી સિવાય બીજા કશાની જ સૂચક નથી. આપણી પાંજરાપોળો આપણી દયાવૃત્તિ ઉપર ખડી થયેલી સંસ્થાઓ છતાં તે વૃત્તિનો અતિ બેહૂદો અમલ કરનારી સંસ્થાઓ માત્ર છે. તેઓ નમૂનેદાર ગોશાળાઓ કે ડેરીઓ અને ધીકતી રાષ્ટ્રીય સંસ્થાઓ તરીકે ચાલવાને બદલે માત્ર ખોડાં ઢોરો રાખવાનાં ધર્માદા ખાતાંઓ જ થઈ પડી છે!

હિંદુઓની પરીક્ષા ટીલાં કર્યાથી, સ્વરશુદ્ધ મંત્રો ભણ્યાથી, તીરથજાત્રાઓ કર્યાથી કે ન્યાતફિરકાઓના ઝીણામાં ઝીણા નિયમો ચીવટથી પાળ્યાથીયે નહીં, પણ ગાયને બચાવવાની તેમની શક્તિથી જ થવાની છે. અત્યારે તો ગોરક્ષાધર્મનો દાવો કરનારા આપણે ગાયને અને તેના વંશને ગુલામ બનાવી જાતે ગુલામ બન્યા છીએ.

હું શા સારું મને પોતાને સનાતની હિંદુ કહેવડાવું છું એ વાચકને હવે સમજાશે. ગાય પ્રત્યેના મારા પૂજ્ય ભાવમાં હું કોઈથી ઊતરું એમ નથી. ખિલાફતની લડતને મેં અપનાવી છે, કારણકે હું જોઈ રહ્યો છું કે ખિલાફતની રક્ષા મારફત ગાયની સંપૂર્ણ રક્ષા છે. મારી સેવાના બદલા તરીકે ગાયને બચાવવા હું મુસલમાન મિત્રોને નથી કહેતો. હું ઈશ્વર પાસે એટલી જ પ્રાર્થના કરું છું કે જે લડતને હું સચ્ચાઈની લડત માનું છું, તેને વિશેની મારી સેવા એની નજરમાં એટલી સમાય કે તે મુસલમાનોનાં દિલ પલટાવે અને તેમને વિશે પોતાના હિંદુ બિરાદરોને માટે એટલી મહોબ્બત પેદા કરે કે હિંદુઓ જેને પોતાના પ્રાણ સમાન પ્રિય સમજે છે તે જાનવરને તેઓ બચાવી લે.

હિંદુ ધર્મ પ્રત્યેનો મારો ભાવ હું કઈ રીતે વર્ણવી શકું? મારી સ્ત્રી પ્રત્યેનો મારો ભાવ હું વર્ણવી શકું તો હિંદુ ધર્મ પ્રત્યેનો મારો ભાવ વર્ણવી શકું. મારી સ્ત્રી મારા અંતરને જે રીતે હલાવે છે તે રીતે દુનિયાની બીજી કોઈ સ્ત્રી હલાવી શકે એમ નથી. આનો અર્થ એવો નથી કે એનામાં હું કંઈ દોષ જોતો નથી. હું કહું કે હું જોઈ શકું છું તે કરતાં પણ ઘણા વધારે દોષો તેનામાં હશે. છતાં એક અતૂટ મમતાના બંધનની ભાવના અહોરાત્ર મારા અંતરમાં જાગ્રત છે. તે જ મમતાની ભાવના હિંદુ ધર્મને માટે પણ તેના બધા દોષો અને મર્યાદાઓ છતાં મારા અંતરમાં છે. ગીતા કે તુલસીરામાયણ (જે બે પુસ્તકોનું જ આખા હિંદુ ધર્મગ્રંથરૂપી અર્ણવમાં મને જ્ઞાન છે એમ કહેવાય)નું સંગીત મારામાં જે જીવન પૂરે છે તે દુનિયામાં બીજો કોઈ ગ્રંથ પૂરી શકે એમ નથી. જ્યારે હું અંતકાળને કિનારે છું એમ મને લાગ્યું હતું ત્યારે ગીતા જ મારા અંતરનો વિશ્રામ હતી. હિંદુ મંદિરો અને દેવસ્થાનોમાં આજકાલ જે અનાચાર પ્રવર્તે છે તેથી હું અજાણ નથી. પણ એ બધા અકથનીય દોષો છતાં હું એ સંસ્થાઓને ચાહું છું. એની વાતોમાં મને જે રસ આવે છે તે બીજીમાં નથી આવતો. હું ઠેઠનો સુધારક છું, છતાં સુધારાની વ્યાકુળતામાં હું હિંદુ ધર્મના કોઈ પણ આવશ્યક અંગનો ત્યાગ કરવા તૈયાર નથી. હું પાછળ કહી ગયો કે મૂર્તિપૂજા પ્રત્યે મારી અનાસ્થા હતી. મૂર્તિ મારા મનમાં કશો પૂજ્યભાવ પણ પેદા નથી કરતી. છતાં હું માનું છું કે મૂર્તિપૂજા એ મનુષ્ય સ્વભાવનું જ એક અંગ છે. આપણે કંઈ ને કંઈ સ્થૂળ વસ્તુને માનવા પૂજવાના તરસ્યા રહીએ છીએ. માણસ બીજી જગાના કરતાં મંદિર કે દેવાલયમાં જ કંઈક વધારે શાંત અને સાત્ત્વિક મનોવૃત્તિવાળો બને છે એનું રહસ્ય બીજું શું છે? મૂર્તિ એ ઉપાસનાની સહાયક છે. કોઈ હિંદુ મૂર્તિને ઈશ્વર નથી સમજતો. હું મૂર્તિપૂજાને પાપ માનતો નથી.

આટલા ઉપરથી સમજાયું હશે કે હિંદુ ધર્મ કોઈ સાંકડો ધર્મમત કે સંપ્રદાય નથી. એના ઉદરમાં સંસારની સર્વ વિભૂતિઓની પૂજાને સ્થાન છે. ધર્મ પ્રચારનો જે સામાન્ય અર્થ લેવાય છે તે અર્થમાં એને ધર્મપ્રચારક પંથ નહીં કહી શકાય. એણે અનેક જાતિઓને પોતામાં સમાવી એ સાચું, પણ એ બધું વિકાસક્રમને ન્યાયે અદશ્ય ગતિએ બન્યું છે. હિંદુ ધર્મ દરેક માણસને તેની પોતાની જ શ્રદ્ધા અગર ધર્મની ઢબે ઈશ્વરને ભજવાનો આગ્રહ કરે છે અને તેથી સર્વ ધર્મોની જોડે એની સુલેહ છે.

આવી મારી હિંદુ ધર્મની સમજણ હોવાથી હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાને હું કદી પણ સાંખી શક્યો નથી. અસ્પૃશ્ય ભાવનાને હું હંમેશાં હિંદુ ધર્મની ઉપર વળગેલો મેલ માનતો આવ્યો છું. અનેક પેઢીઓથી એ ચાલતો આવ્યો છે એ ભલે, પણ એવી બીજી પણ અનેક પ્રથાઓ આજદિન લગી ચાલતી આવી છે. દેવદાસીઓ અને મુરલીઓની પ્રથા હિંદુ ધર્મનું એક અંગ છે એ વિચારે હું તો શરમથી મરી જ રહું. અને છતાં દેવધર્મને નામે આ ઉઘાડો વ્યભિચાર હિંદુસ્તાનના ઘણા ભાગોમાં હિંદુઓમાં પ્રવર્તે છે. વળી કાળીને બકરાંનો ભોગ આપવો એ વસ્તુને પણ હું નર્યો અધર્મ માનું છું અને એ હિંદુ ધર્મનું અંગ છે એવું માનતો નથી. હિંદુ ધર્મ એ તો અનેક યુગોનો વિકાસ છે. હિંદુ ધર્મ એ નામ પણ હિંદુસ્તાનના લોકોના ધર્મને સારુ પરદેશીઓએ શોધી કાઢેલો શબ્દ છે. એક કાળે અહીંયાં ધર્મને નામે પશુઓનું બલિદાન અપાતું. પણ એ વસ્તુ ધર્મ ન હોય, ત્યાં હિંદુ ધર્મ તો ક્યાંથી હોય?

(અનુ. : જુઓ પાના નં.-૪૩ ઉપર)

વાર્તા

# ઝેમોર ભોકુ

• કેશુભાઈ દેસાઈ •

દેવલ ખોળો પાથરીને વલવલતી હતી.

ચેહોર, તારી ગા સું. તું તો નોધારાંના આધાર જેવી. તું જેનું કહોળ તાકે એના હાતેય અવતાર પાંસરા. ભલું કરજે માવડી; દિયા તાકજે! હૌનું હારું કરજે!

દેવલ રાંડીરાંડ બાઈ. નેહડાના છેવાડે હજી ગઈ સાલ જ એણે પદરનું કહી શકાય એવું ઝૂપડું બાંધ્યું હતું. ઝૂંપડાની માંડવીમાં બેઠાં બેઠાં ચલમ ફૂંકીને એના ધૂમાડાની જેમ દહાડે દહાડે અધ્ધરના આભલે ચડવાની જોગવાઈમાં જોતરાયેલા નવઘણ મકાંણાના માલજીની વહુ થઈને આવી તે દહાડાથી કુળદેવી ચેહોરની 'રમણ્ય' નોતરવાનાં સપનાં જોયા કરતી હતી, આખરે આજે આટલાં વર્ષે જતી એની મનોકામના ફળી હતી. આખી બેતાળી'માં વાયક કહેવડાવ્યાં'તાં.

'માડી, જોગમાયા, હજાર હાથોં વાળી!' દેવલની આંખો નીતરવા લાગી. ગળું રૂંધાઈ ગયું. એ ઝેમોરના ખોળામાં ઢળી પડી.

'હોઅ... હોઅઅં.... હોઓઓ...!'

ઝેમોર ભોકુની કાયામાં ચેહોર હાકોટા પાડવા લાગી. અત્યાર લગી મંદ ગતિએ ધ્રૂજતા શરીરમાં તેજીલો ફફડાટ ફેલાઈ વળ્યો.

ઝેમોર ભોકુની નસો છટાકા લેવા લાગી, 'જાગડિયા, વગાડજે લ્યા...! અહો... અહો... હોઓ...!'

'બુન, મારી બુન, મારી જોગમાયા...! આશી બોલો મારી માવડી! તારું ગૂ ખઉં છું!' દેવલના સસરા નવઘણ મકાંણાએ પાઘડી ઉતારીને ઝેમોર ભોકુના પગે મૂકી. ડાકલું ઘણેણી રહ્યું. રડીઓ ઝીંકાતી રહી. ઝેમોર ભોકુ કાયા તોડી તોડીને ધૂણતો રહ્યો. ખાસ્સો અડધો કલાક એણે કોઈની અરજ ભણી લક્ષ્ય ન આપ્યું. આખરે આખા નેહડાની પાઘડીઓ એના પગ સમક્ષ ખડકાઈ ગઈ, ત્યારે જતો એ થોડો ટાઢો પડ્યો.

'કહોળ, કહોળ કહોળ! હૌનું હારું ક્યું સું! હૌનું ભલું કયું સું!' ને હાફતો હાંફતો, શ્વાસના ગરમાગરમ ફૂંફાડા નાખતો દેવલના કંકુવર્ણા ગાલ પર હળવે હાથે ટપલી મારીને બોલ્યો, 'દેવલ સતી, ઊઠ્ય બાપ! તારા સતના ટેકા પર તો આ પર્થવી ટકી છે, ઊઠ્ય, ઓંહું નોં પાડીએ! જા, તારું હારું થશે! તારા મનની મુરાદ પૂરી નોં કરું તો ઈમ જોણજે જોણ્યે આ ચેહોર ન'તી પણ એક વંતરી હતી...!' અને પાછો હો..હો...ના હાકલા પડકારા કરતો ઝેમોર જોરજોરથી ધૂણવા લાગ્યો.

'તારાં છૈયાં છીએ, મા! ખમ્મા, ખમ્મા, ખમ્મા, મારી ચેહોર!' આખો નેસ ચેહોરની ખમ્મા બોલતો રહ્યો. ચેહોરે ધરણી ધમધમાવી નાખતી જાહેરાતો શરૂ કરી. નવઘણ મકાંણા, લે વેણ આલું સું! કહેતી ઝેમોરના શરીરમાં ઘર કરીને બેઠેલી ચેહોરે ઘરડા રબારીની હથેળીમાં દાણા ફેંક્યા.

'વેણ છ, મા! તારી દિયા છે!' નવઘણ ડોસાએ ચેહોરના પગ પર માથું અડાડ્યું.

'તું ગણી જો જરા!' કહી ઝેમોર ભોકુએ હરતાંનની હથેળીમાં દાણા મૂક્યા.

'વધાવો છ, માડી! ખમ્મા મારી ચેહોર માતા! ધન છે તને!'

નેસ આખો હરતાંનની વાતમાં ટેકો પુરાવી રહ્યો, 'ધન છ, ધન છ મારી ચેહોરમાને! ઘણી ઘણી ખમ્મા છે!'

'ઈમ તાણ! દોઢ થૈ જયો વારુ!' ચેહોરના ચહેરા પર એકી ઝપાટે વેણ અને વધાવો મળ્યાનો આનંદ ઝલકતો હતો.

નેહડાના હૈયે હરખ માતો નહોતો. બીજું અમારે જુવેય શું માડી? દોઢ આપો કે જોણ્યે જગત આઈ જઈ!'

ચેહોરને પાનો ચડ્યો. રંગતમાં આવીને એ ઝનૂનપૂર્વક ધૂણવા માંડી. ધૂણતાં ધૂણતાં એણે એના ખોળે માથું ઢાળીને મૂંગાં મૂગાં આંસુ રેલાવતી દેવલના બરડા પર થપાટ મારી અને એના ગાલ પર રેલાઈ રહેલા ઓધરાળા લૂછતાં લૂછતાં જણાવ્યું : 'ઘેર ઘેર ગલાલ, ઊડશે મારા રબારીઓ! આખો નેહડો તોરણ તોરણ થઈ જશે! જાવ, મારું વચન છે!'

સામટો કોલાહલ મચી રહ્યો! 'ખમ્મા મારી બુન, ખમ્મા તને! તારા મૂઢામાં હાકર! તીં તો આજે આખા નેહડાની દિયા તાકી!'

'નેહડાની દિયા તાકી એ તો ઠીક, મારા ગરીબની પત રાખી મા!' નવઘણ મકાંણો લળી લળીને પગે લાગતા હતા.

ઝેમોર ભોકુ હવે થાક્યો હતો. ધૂણી ધૂણીને એનાં અંગ કળવા માંડ્યાં હતાં અને કળેય ખરાં જ ને! આજે તો છેક વહેલા પરોઢિયેથી આજ ધંધો કર્યો છે. મંગળવારનો દિવસ ને એમાંય પાછી અમો (અમાસ)! ઝેમોરને પાણી પીવાનીય નવરાશ કોણે મળવા દીધી છે?

છેલ્લા ત્રણચાર વરસથી તો જબરી તડી પડી છે. ઝેમોરની નામના તલોદ, હિંમતનગર, મોડાસા કે બાયડની સરહદો ઓળંગીને છેક જતી મુંબઈને અડી ગઈ છે. રવિ-મંગળે તો રમઝટ ઊઠે છે. લોક ક્યાં ક્યાંથી તણાઈ તણાઈને ઠલવાય છે! ઝેમોર તો મોંમાં આંગળાં ઘાલી દે છેઃ આય શો ગબજ! આ પાંચ વરસ પહેલાં પૂરું હડમતિયુંય જેને નહોતું ઓળખતું - એ માણસનું નામ પૂછતી પૂછતી એમ્બેસેડરો હેંડી આવે છે...! ક્યાં હડમતિયું ને ક્યાં મુંબઈ!

પણ આ તે કાંઈ જેવી તેવી દેવી થોડી હતી? ચેહોર, મા કેસરભવાની. આ તો હાજરહાજૂર જોગમાયા! એની કિરપા ઊતરી ત્યાં પછી બાકી જ શું રહે? વાંઝિયાંના ઘેર ઘોડિયાં બંધાવે; લૂલા લંગડાંને...

ઝેમોર ભોકુ આવું આવું વિચારી વિચારીને ગળગળો થઈ જતો. એને પોતાને જ ખબર નહોતી પડતી કે એનામાં તે વળી

બીજા ભૂવાઓ કરતાં જુદી કઈ ચીજ છે, જેને લીધે અલમદુનિયા એની પાછળ દોટ મૂકીને દોડ્યા કરે છે!

ઘણીવાર એ એનું અંતર ઢંઢોળી વળે છે : આ આવડી મોટી જશરેખા કઈ રીતે તમારી હથેળીમાં સમાઈ શકી ઝેમોર! જાત સાથે નહિ નહિ તો હજાર વાર એણે આ સવાલ કર્યો હશે અને દરેક વખત મૂંઝાઈને એનો જવાબ ખોળવાનું માંડી વાળ્યું છે.

જો કે આજે એને પોતાના સવાલનો આછોપાતળોય ઉતોર (ઉત્તર) જડવા લાગ્યો હતો.

ખોળામાં માથું ઢાળીને નિરાંતવી નીંદર લેતી દેવલનાં કૂણાં કૂણાં પોપચાં પૂઠેં છુપાયેલી મીઠપ એને રોમેરોમ લચી પડતી વરતાવા લાગી. કોને ખબર આ છતા આદમીએ રાંડીરાંડ ગણાઈ ગયેલી દેવલના સતનો પ્રતાપ નહિ હોય?

છતા આદમીએ? ઝેમોર ભોકુની છાતીમાં છુપાઈને કોઈ પૂછતું લાગ્યું. હાસ્તો! એમાં કંઈ ના કહેવાય એમ છે?

ઝેમોરને વીસ વરસ ઉપરનો એ વગડો વીંટળાઈ વળ્યો. દેવલ કીધે કંઈ દેવલ હતી? હાજરાહજૂર મા જોગણીનો અવતાર જ જોઈ લ્યો જાણે! એના ભીનાભીના હોઠ, એના કાળા ભમ્મર કેશ, કાચા ને કાચા ખાઈ જવાનું મન થાય એવા એના રાતાચોળ ગાલ...

ઝેમોરનું મન ઊભરાઈ ગયું : ને એની છાતી તો - બાપ રે! દૂઝણી ગાયનું અડાણ તો એની આગળ હિસાબમાં જ નહિ!

એણે એની અમીઝરતી આંખો મટમટાવીને પૂછ્યું તું : 'ઈમ શરમાયે મેળ ખાવાનો છે?'

અને ઝેમોરે ગોગા જેવો ફૂંફાડો માર્યો હતો : 'વ્યમ વળી, મું તે તારો આદમી સું તે આવું આવું બોલે તોય શરમઉં નંઈ?'

'એક ફેરા નંઈ, હજાર ફેરા આદમી, આદમી ને આદમી! બોલ્ય, કાંઈ કહેવું છ?' વીફરેલી દેવલ એવી તો વટકી કે ઝેમોર ઘરે ડોશીના મંદવાડનું બહાનું કાઢીને નાઠો ન હોત તો એ દહાડે એની વલે થઈ જવાની હતી.

અને ત્યાર પછી એક સાંજે ધણ નેસભણી પાછાં વળી રહ્યાં હતાં, તે વાછરુ ભૂરાંટા થઈને ભાંભરી રહ્યાં હતાં ત્યારે ગોરજ લીપ્યા ચહેરા પર ડબ...ડબ બે આંસુ ખેરવતી દેવલ અવળું તાકીને અક્ષરેય ઓચર્યા વિના આગળ થઈ ગયેલી ત્યારે જુવાનજોધ ઝેમોરની પથ્થર જેવી છાતી ફાડીને આ વેણ વહી નીકળેલાં :

'દેવલ, મારી મોંઘેરી મહોલાત, ના રોઈએ બાપ! ઈમ કાંઈ આંહુ પડ્યે આપણાં દખ છેટાં થવાનાં છે? એવું હોત તો મુંય તારા પોહ પોહ આંહુ ખેરવવા માંડત...'

દેવલના ગાલ હળવે હાથે પંપાળીને એણે કહ્યું હતું. 'તું જ વચાર કરી જો! લાખ રૂપિયા ખર્ચેય તને ઘરમાં બેહાડી આલવાની જિગર છ કોઈનામાં? મૂઈ દિયોરની હગઈ તો ઈસી ઘડી તોડીને તૈણ ટુકડે ફગાઈ દઉં આઘળી. પણ તારા તો વિવા ય પતી ગયા છે! આખી જાત્ય વેચું તોય તારાં હાહરિયાં તને છૂટી કરશે?'

એટલું બોલીને એ ભાંગી પડ્યો હતો. દેવલની છલોછલ છાતીમાં મોઢું સંતાડીને એ ધરાઈ ધરાઈને રોયો હતો.

ઘડી પહેલાં જેણે દેવલના ગાલ પર રેલાતાં આંસુ લૂછ્યાં હતાં એ જાતે જ દેવલની કાંચળીને આંસુમાં તરબોળ કરી રહ્યો હતો.

અને પછી...

'નવઘણ મકાંણાની પત્ય રાખી, ઈમ આખા નેહડાની રાખજે, મારી જોગમાયા!' કહી એક રબારી ઝેમોરને બીડી ધરવા લાગ્યો. ઝેમોરે બીડી સળગાવી. ઘડીક આખું આંગણું શાંત પડી ગયું. જાગડિયો ધીમો પડી ગયો. ડાકલું ટાઢું પડી ગયું.

બે-ત્રણ મોટિયાર ચા ફેરવવા લાગ્યા. ભેગા થયેલા રબારી ઊભી તાંસળીએ ચા ઠપકારવા માંડ્યા.

હજી ઝેમોર ભોકુ બીડી પૂરી કરી રહે એ પહેલાં તો નવઘણ મકાંણો ફાળિયાનો છેડો વછોડવા માંડ્યા. એમના ખભા હાલવા લાગ્યા. ફાળિયાનો છેડો માથે ઓઢીને એ એકાએક હાકોટા કરવા માંડ્યા : 'શું ચચી રહ્યા સો લ્યા? રેડી બોલતાં જોર આવતું હશે! હો... હો... હો...વગાડ્ય, લ્યા જાગડિયા, વગાડ્ય!'

ને એકાએક પાછું ડાકલું ધૂણવા લાગ્યું. રેડીઓ રણકી ઊઠી. ખાને હાથ દાબી દાબીને રબારી રેડી ઉપર રેડી ઝીંકવા મંડ્યા.

'હો...હો...હો...' નવઘણા ડોસા હાકોટા કરી કરીને ઊભા થઈ જવા લાગ્યા. દસ જણા દબાવી રાખે તોય કાબૂમાં જ ન રહે! અને એક વાર વાયરો આવ્યા કેડ્યે ઝાલ્યા તો એ નવઘણ મકાંણો શાના?

'મને ઝાલતા નૈ! મું ગાંડો દેવ સું! ગોગ સું ગોગ!'

'ગોગ? આંય તો ચેહોરનું થડું સ. ગોગાનું થડું તો -' કોક ઘૈડિયાએ શંકા રજૂ કરી.

'જેનપેરથી આયો સું! હાંભળ્યું, મારા વ્હાલા રબારીઓ! મજો કરો - મજો કરો! શુખી રો.' લાડવા ખવરાવજો કુંવાશીઓને અને વરસોવરસ મારી હવાપાશેરની થાળી કરજો...'

ધીરે ધીરે ગોગ અલોપ થયા. ડાકલું ફરી પાછું શાંત પડી ગયું. બે-ત્રણ રબારીઓ ઘીની વાઠીમાંથી અખંડ દીવામાં ઘી રેડવા માંડ્યા. અગરબત્તીઓ સળગાવાઈ. મોટિયાર ચા પીરસવા માંડ્યા.

દેવલ ટાઢે કળજે ઝેમોરને ખોળે માથું ઢાળીને સૂઈ ગઈ હતી.

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

રાત પૂરી થવા આવી. ખેંગાર ગાંગોર, ઉકો નાંગોસ અને ગોવો હજાણો વારા કાઢી... કાઢીને ધૂણ્યા. જાગડિયો ડાકલું વગાડી વગાડીને થાકી ગયો. રેડી ઉપર રેડી રેડવતા રબારીઓની આંખોમા ઉજાહરાનાં કંકુ ધોળાયાં. પરોઢિયું નજીક આવતું ગયું એમ લોક ઊઠી ઊઠીને ખાટલા ભેગું થવા લાગ્યું.

ધૂણી ધૂણીને ઢીલા પડી ગયેલા ગામ પરગામના ભૂવા જ્યાં જગા ભાળી ત્યાં સોડ તાણી તાણીને સૂઈ ગયા.

એમ તો ઝેમોર ભોકુનેય બગાસાં ક્યાં નહોતાં આવતાં? એનેય જરા આડા તો થવું'તું પણ દેવલના જોગમાયા જેવા ચહેરાને જાંઘ પરથી તસુય આઘો ખસેડવાનું એને ન ગમે.

કેટકેટલાં વર્ષોની એની તપસ્યા આજે ફળી હતી! એ ઊંઘી ગઈ છે એના અસલ આદમીના ખોળામાં. ભલે ઊંઘતી બાપડી!

આખા પંથકનો લાડકવાયો ભૂવો આખા નેહડાની હાજરીમાં એની દેવલના ગાલે ગલી કરી રહ્યો હતો. હાજરાહજૂર ચેહોરની નજર સામે!

ને નવઘણ મકાંણો પિયાલા તૈયાર કરાવવા ઓસરીમાં ગયા, ત્યારે તો કોઈ જોઈ ન જાય એમ ઝેમોર ભોકુએ દેવલની છાતીસરસું નાનું સરખું અડપલુંય કરી લીધું...

દેવલની કાયામાં ગોગાના ડંખ પ્રસરી રહ્યા. ઘડીક એને પેલું વીસ વરસ પહેલાનું ધણ સાંભર્યું, ને પછી પેલાં આંસુ, ને પછી...

ખૂ...ખૂ...ખૂ...કરતા એના ધણીનો મુડદાલ ચહેરો એની છાતીમાં ગળફાની માફક બાઝી ગયો.

એના ચહેરા પર રમતો હરખ ચલમના ધુમાડાની પેઠે ઊડી ગયો.

આળસ ખાઈને એ બેઠી થઈ ગઈ. કહેવાનું મન તો થયું. પણ હોઠના કિનારે આવેલાં વેણ એણે છાતીના ગોખમાં ઢબૂરી દીધાં : ઝેમોર તારી દેવલનો ભવ બગાડતાં તને શરમ ન આવી?

સૂરજ ઊગ્યો ને ચેહોર માતાનુ ફૂલેરું નીકળ્યું. ઝેમોરના ગળામાં ફૂલ જ ફૂલ ઝૂલી રહ્યાં હતાં. ગાણાં ગાતી ગાતી નેસની રબારણો ફૂલેરાની પાછળ ચાલી, ત્યારે દેવલ એના ઝૂંપડાનું છજું પકડીને ઊભી ઊભી ચૂપચાપ જોઈ રહી હતી. ઘડીક એનેય પેલા ફૂલ વચાળે ફૂલ બની જઈ ઝેમોરની કોટે લટકી પડવાનું મન તો થઈ ગયું, પણ —

ભૂવાઓનાં અંગ ગુલાલ-ગુલાલ થઈ ગયાં હતાં. એમાંય પાછા ઝેમોર તો જગચાવો ભૂવો. સૌએ હોંશે હોંશે એમને વધાવ્યા હતા. ફૂલેરું ફરીને ઝેમોર પાછા વળ્યા ને લોક એમને સમ ઘાલીઘાલીને પિયાલા પિવડાવવા લાગ્યું, ત્યારેય દેવલે તો એમ ને એમ બાજુમાં ઊભાં ઊભાં બધો ખેલ જોયા જ કર્યો.

આમ તો એને ઘણુંય કહેવું હતું. ચેહોર જેવી ચેહોરને વશ કરનારા ઝેમોરને તે વળી કશું કહેવાની જરૂર ખરી?

કેમ વળી એ એમના મનથી બધું નહિ સમજતા હોય?

અને એટલેસ્તો દેવલ કશું જ ન બોલી.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯,*
*ગાંધીનગર. મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

## હેતાળ કચ્છીઓ

**(અનુ. પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

નામ 'પ્રાંસલા' અને 'પ્રાંસલી!' મતલબ કે કચ્છીમાં લૈયારા, લૈયારીનું... ગુજરાતી નામ પ્રાંસલા, પ્રાંસલી થાય છે.

*અને છેલ્લે....*

કચ્છીઓ તો જબરા ભૈ!

ઈન્ટરનેટનો યુગ તો હવે આવ્યો, કચ્છીઓએ તો સેંકડો વર્ષો પહેલાં એક ગામનું નામ પાડ્યું હતું... "INTERNET"!!

જી હા, 'ઈન્ટરનેટ'ને ગુજરાતીમાં કહેવાય 'અંતરજાળ.' કચ્છમાં ગામ નામ અંતરજાળ (તા. અંજાર)

જાર એટલે પીલુ.

છે ને કચ્છીઓની કમાલ! ■

## હિંદુ, હિંદુ ધર્મ અને ગોરક્ષા

**(અનુ. પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)**

અને એ જ પ્રમાણે મને લાગે છે કે જ્યારે ગોરક્ષાએ આપણા બાપદાદાઓમાં ધર્મનું સ્વરૂપ લીધું ત્યારે જેમણે ગોમાંસભક્ષણ ન જ છોડ્યું તેમને સમાજે બહિષ્કૃત કર્યા હશે. એ સામાજિક વિગ્રહ પણ જબરો ચાલ્યો હશે અને ગોમાંસભક્ષણનો આગ્રહ ધરાવનારાઓની સામેનો એ સામાજિક બહિષ્કાર એકલા તેમની સામે જ ચાલીને ન અટકતાં તેમની પુત્રપૌત્ર પરંપરાની સામે પણ ચાલુ રહ્યો હશે. આમ ઘણે ભાગે મૂળ શુભ ઇરાદાઓથી શરૂ થયેલી પ્રવૃત્તિ કાળે કરીને એક કઠણ નિર્ઘૃણ પ્રથા બની ગઈ, તે એટલે સુધી કે એ પ્રથાને કેવળ અનુસૂચિતપણે કાયમનો ટેકો આપનારા કે તેની વિધિઓ સૂચવનારા શ્લોકો સુધ્ધાં ધીમે ધીમે શાસ્ત્રગ્રંથોમાં ઘૂસી ગયા! આ મારી કલ્પના સાચી હોય કે ન હોય તો પણ અસ્પૃશ્ય ભાવના આપણી વિવેકબુદ્ધિની સાવ વિરુદ્ધ અને પ્રેમ કે દયાધર્મના આપણા કુદરતી ભાવોની વિરોધી છે એ તો નિઃસંદેહ છે. જે ધર્મ ગાયની પૂજા પ્રવર્તાવતાં અચકાતો નથી તે માણસ જેવા માણસનો આટલો ઘાતકી બહિષ્કાર કેમ બરદાસ કરી જ શકે અગર તો તેને ટેકો આપી શકે?

અને તેથી આટલા કાળ કચડાયેલા આ અસ્પૃશ્ય વર્ગને તજવા કરતાં તો મારા ચૂરેચૂરા થઈ જાય તો પણ હું સંતોષ જ માનું. હિંદુઓ પણ જો પોતાના ઉદાત્ત ઉજ્જવળ ધર્મને આ અસ્પૃશ્ય ભાવનાના કલંકથી છોડાવી ન લેતાં આમ ને આમ કલંકિત રાખશે તો તેઓ કદી પણ સ્વતંત્રતાને લાયક ગણાશે નહીં. અને હું હિંદુ ધર્મને મારા પ્રાણથી પણ અધિક વહાલી વસ્તુ ગણું છું. તેથી જ આ કલંકનો ભાર મને અસહ્ય થઈ પડ્યો છે. હિંદુ સમાજના એકપંચમાંશ હિસ્સાને આપણી જોડે સમાનભાવે મળવા ભળવાનો અધિકાર આપવાનો ઈન્કાર કરીને ઈશ્વરનો ઈન્કાર કરવાનો શું હિંદુઓ આગ્રહ ધરશે?

*નવજીવન, ૯-૧૦-૧૯૨૧, પાના ૪૫-૭*
*(હિંદુ ધર્મનું હાર્દ માંથી સંકલિત)*

# સ્વ. અંબાકાકી

• ડૉ. ચંદ્રકાંત મહેતા •

સ્ટેશનથી અમારું ગામ માત્ર ત્રણ કિલોમીટર હતું. ઑટોરિક્ષા ભાડે કરી હું ઘેર પહોંચવા નીકળ્યો. પણ આજે મને ત્રણ કિલોમીટરનું અંતર ત્રણસો કિલોમીટર જેટલું લાંબું લાગતું હતું. સડકની બન્ને બાજુ લીમડા, આંબલી, પીપળા અને ગુલમહોરનાં વૃક્ષો પણ એનાં એ જ. મુંબઈથી હું પાછો ફરતો ત્યારે આ વિસ્તરેલી વનશ્રીનું સૌંદર્ય તરસી આંખે નિહાળતો, પણ આજે બધું જ સૂનું સૂનું - ઉદાસ ઉદાસ લાગતું હતું. ઘરનો રસ્તો સાંકડો હોવાથી રિક્ષા બહાર ઊભી રાખી.

બપોરના સાડા ત્રણ થવા આવ્યા હતા. કથાવાચક મોટે મોટેથી ગીતાનો અધ્યાય વાંચી રહ્યા હતા : "વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય..." માણસ જેમ જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં વસ્ત્રો ધારણ કરે છે તેવી રીતે જીવાત્મા પણ જૂનાપુરાણા શરીરનો પરિત્યાગ કરીને નવો દેહ ધારણ કરે છે.

આગળ કશું જ સાંભળવાની મારી તાકાત હણાઈ જાય છે. દૂરથી કામવાળીનો અવાજ સંભળાય છે : "ભાઈ આવ્યા!"

"હા, અર્ક આવ્યો ને! એને કહો કે પોક મૂકતો મૂકતો આવે, નહીં તો એનાં પરલોકવાસી કાકીના આત્માને શાંતિ નહીં મળે." મમ્મીનો કર્કશ અવાજ કાને પડે છે. મૃત્યુની પણ અદબ નહીં જાળવનાર મમ્મી પર મને રોષ ચઢે છે, પણ કાકીના અવસાનના આઘાતથી અંદરથી ડૂસકાં ભરતું મારું હૈયું મને સમયોચિત સંયમ જાળવવાનો આદેશ આપે છે. હું રડતો રડતો ઘેર પહોંચું છું. મારો પડછાયો બનીને મારી કાળજી રાખવા મારી આસપાસ ઘૂમતાં કાકીમા હવે તસવીરમાં સમાઈને બેઠાં છે. હું ટેબલ પર ગોઠવવામાં આવેલી તસવીરની ગોદમાં મસ્તક ઢાળી છુટ્ટા મોઢે રડું છું. પપ્પાજી દોડી આવે છે. કથાવાચક ગીતાપાઠમાં વિરામ રાખે છે.

મને આશ્વાસન આપવાની પપ્પાજીમાં પણ તાકાત નહોતી. ગીતાપાઠના શ્રવણાર્થે આવેલી મહિલાઓ માંહે માંહે વાતોમાં પરોવાઈ ગઈ હતી. "બાપડા અર્કને તો લાગી આવે જ ને! અંબાકાકી જ એને મન ખરી માતા હતાં."

"હાસ્તો! બાકી અર્કની મમ્મીનો સ્વભાવ તો ભારે આકરો. અર્કના પપ્પાની એમણે બોલતી જ બંધ કરી દીધી છે. નામના મર્દ, બાકી મર્દાનગી તો અર્કની મમ્મીની!"

"અલી, ધીરે બોલ! અર્કની મમ્મી સાંભળશે તો ગીતાપાઠમાં જ મહાભારતનું યુદ્ધ શરૂ કરી દેશે." ગણગણાટ ચાલુ હતો.

"અર્ક, હવે છાનો રહે...તારું ચાલત તો કાકીમાને તું થોડાં જ મરવા દે! એમનાં જેવાં કર્મો હશે એવો દેહ એમને મળશે. કથામાં ભંગ પડે તો પાપ લાગે. મહારાજ, ગીતાપાઠ શરૂ કરી દો." મમ્મીએ મને આશ્વાસન અર્પવાને બદલે શાંત થવાનો આદેશ આપ્યો. મારાં ડૂસકાં ગીતાપાઠમાં ખલેલનું કારણ ન બને એમ વિચારી હું પપ્પાજી સાથે બેઠકરૂમમાં ગયો.

"અર્ક, અંબા અંતિમ શ્વાસ સુધી તારી રાહ જોતી હતી. તું બહાર ગયો હતો એટલે નોકરને અંબાના બ્લડ કેન્સરનો સંદેશો આપ્યો હતો. મરણપથારીમાં પડ્યાં પડ્યાં પણ એ તારું જ નામ રટતી હતી. બાપડી! તારી મમ્મીના ત્રાસમાંથી છૂટી." પપ્પાજીને ગળે પણ ડૂમો ભરાઈ આવ્યો.

સમયે મને પચીસ વર્ષ પહેલાંની ઘટનાઓ વચ્ચે ખડો કરી દીધો. ત્યારે હું દસેક વર્ષનો હતો.

હું સ્કૂલેથી પાછો આવ્યો ત્યારે મમ્મી-પપ્પા પોતાની સાથે સફેદ સાડી ધારણ કરેલાં અંબાકાકીને લઈને આવ્યાં હતાં. મને જોઈને અંબાકાકી કોટે વળગીને રડ્યાં હતાં. રડતાં રડતાં બોલતાં હતાં : "મારો પુત્ર પાણિન પણ ટાઈફોઈડમાં દેવલોકે ન સિધાવ્યો હોત તો તારા જેવડો જ હોત બેટા! અને હવે તો એને મળવા તારા કાકા પણ દેવલોકમાં પહોંચી ગયા. દીકરા, હવે તો તું જ મારો પાણિન અને તું જ મારો અર્ક."

"ભલે ભલે હવે, વહાલ કરવા તો હજી લાંબી જિંદગી પડી છે. ઘરમાં આવ્યાં છો તો જેઠાણીને આરામ આપો. આજનો દિવસ આરામ કરી લો, પછી ઘરની તમામ જવાબદારી તમારી, સમજ્યા?" મમ્મીના શબ્દોમાં વડીલ તરીકેનો રુઆબ હતો.

અંબાકાકી શ્વેત સાડી અને બ્લાઉઝમાં વહાલસોયાં લાગતાં હતાં. સ્કૂલમાં દરેક વિદ્યાર્થીએ સરસ્વતીની મૂર્તિને વંદન કરીને વર્ગમાં જવાનો નિયમ હતો. મને અંબાકાકી સરસ્વતીમાતા જેવાં લાગતાં. એમની આંખોમાં વાત્સલ્યનો ધોધ વહેતો હતો, જેનો મમ્મીની આંખોમાં સદંતર અભાવ હતો.

"પપ્પાજી, અંબાકાકી હવે કાયમ માટે આપણા ઘેર રહેવાનાં?" મેં ભોળાભાવે પપ્પાને પૂછ્યું.

પણ મમ્મી જવાબ આપવા અધવચ્ચે જ કૂદી પડી : "આપણું ઘર તો ધર્મશાળા બની ગયું છે, બેટા! જે કોઈ નોંધારું હોય એનો પડાવ તારા પપ્પાજી પાસે! અંબા આ ઘરની કાયમી મહેમાન છે. માથે પડેલી; એમ કહું તો સારું ન લાગે."

મમ્મીનાં વેણ સાંભળી અંબાકાકીની આંખમાંથી અશ્રુ સરી પડ્યાં. હું પપ્પા સામે જોઈ રહ્યો. હું ઈચ્છતો હતો કે અંબાકાકીને દુભવનાર મારી મમ્મીને પપ્પાજી ધમકાવે, વઢે! પણ પપ્પાએ હારેલા યુદ્ધકેદીની જેમ નિસાસો નાખી મૌન ધારણ કર્યું.

બીજા દિવસથી મમ્મીની સરમુખત્યારશાહી શરૂ થઈ. દૂધની થેલીઓ લાવવાની, ચા-નાસ્તો તૈયાર કરવાનો, રસોઈ, કપડાં, વાસણ કરવાનાં અને કપડાંને ઈસ્ત્રી કરવા સુધીનું ડ્યૂટીલિસ્ટ અંબાકાકીને લમણે લખી દીધું.

સવારે સાડા છ વાગે ઊઠી જતી મમ્મી નસકોરાં સાથે હવે સવારે સાડા સાત વાગ્યા સુધી નિરાંતની નિદ્રા માણતી, પણ અંબાકાકી મને માની ગેરહાજરી વર્તાવા નહોતાં દેતાં. દસ વર્ષના મને એ સાબુ ચોળીને નવડાવે, માથું

ઓળી આપે, પ્રાર્થના કરાવે અને લેસન કરવા બેસાડે. ટ્યૂશનના શિક્ષક આવે એટલે એમનું આદરપૂર્વક આતિથ્ય કરે અને સાહેબ મને વઢે તો કાકીનો જીવ કપાઈ જાય. દોડતાં આવીને સાહેબને કહે : “આપણે અર્કને ભણાવીને પંડિત નથી બનાવવો. એને પ્રેમથી સમજાવજો.”

અંબાકાકી વાક્ય પૂરું કરે એટલામાં મમ્મી આક્રમક મિજાજમાં સાહેબને કહેતાં : “સાહેબ, અર્કની મા હું છું. આ અંબા કહે તેમ નહીં, હું કહું તેમ કરવાનું છે, સમજ્યા? મારો છોકરો અભણ રહે એમાં અંબાએ કશું જ ગુમાવવાનું નથી. આંખ લાલ રાખીને અર્કને બરાબર ભણાવજો.” મમ્મીના હૃદયવેધક શબ્દોથી સાહેબ પણ દુઃખી થતા.

સ્કૂલ અમારા ઘરની નજીક જ હતી. અંબાકાકી મારે માટે ગરમાગરમ નાસ્તો લઈ રિસેસમાં હાજર થઈ જતાં. છેક હાયર સેકન્ડરીની પરીક્ષા મેં પસાર કરી ત્યાં સુધી અંબાકાકી મને નાસ્તો કરાવવાની ફરજ ચૂક્યાં નહોતાં. મમ્મીને એવાં લાડ ગમતાં નહોતાં એટલે કાકી નાસ્તો લઈને નીકળે એટલે દળાવવા માટેનો ઘઉંનો ડબ્બો કે નાની મોટી ચીજવસ્તુનું રિપેરિંગ અને શાકભાજીની ખરીદીનું કામ પણ ભળાવી દેતાં.

હાયર સેકન્ડરી પરીક્ષા પછી કૉલેજના અભ્યાસ માટે અમદાવાદના એક છાત્રાલયમાં મારે દાખલ થવાનું હતું. અંબાકાકી મારા અમદાવાદ જવાના આગલે દિવસે મને મહાદેવનાં દર્શન માટે ગામની બહાર આવેલા શિવાલયમાં લઈ ગયાં હતાં. દેવદર્શન કરાવ્યા બાદ મારે માટે ઢગલાબંધ દુવાઓ માગી મને ખોળામાં બેસાડી ધ્રુસકે ધ્રુસકે કાકીમા રડ્યાં હતાં. મારા મસ્તક પર વાત્સલ્યભીનો હાથ ફેરવતાં એમણે કહ્યું : “બેટા અર્ક! કેટકેટલાં સપનાં લઈને હું તારા કાકા સાથે લગ્ન કરી આ ઘરમાં આવી હતી. મારી માતાનું નાનપણમાં જ મરણ થતાં મારા બાપુજીએ પુનર્લગ્ન કર્યું હતું અને સાવકી માનો ત્રાસ વેઠવાનું દુર્ભાગ્ય શરૂ થયું હતું. મારઝૂડ, ત્રાસ - બધું જ વેઠ્યું. ઘરકામ માટે સાત ધોરણથી આગળ ભણવા પર સાવકી માએ મારે માટે પ્રતિબંધ મૂકી દીધો અને ઓગણીસમા વર્ષે તારા કાકા સાથે લગ્ન ગોઠવી મને વિદાય કરી દીધી.

“તારા કાકા ભગવાનના માણસ. તારા પપ્પા જેવા જ ભલા. પણ તારી મમ્મી કોઈનેય ઠરવા ન દેતાં. અંતે ત્રાસીને તારા કાકાએ તાલુકાના એક શહેરમાં હાટડી શરૂ કરી. પંદરેક વર્ષ બધું સમેસૂતર ચાલ્યું. મેં અમારા લાડકા પુત્ર પાણિનને વહાલથી ઉછેર્યો હતો, પણ કાળને એ ન રુચ્યું અને પાણિન અમને છોડીને ચાલ્યો ગયો. એ પછી એક વર્ષ બાદ તારા કાકા પણ હૃદયરોગના હુમલામાં ચાલ્યા ગયા. હું એક નોંધારી અબળા બની ગઈ. તારા પપ્પા અને મારા જેઠ મને વળી પાછા ભેગા રહેવા લઈ આવ્યા. દીકરા, તને જોઈને તો આ વૈધવ્યના અફાટ રણ વચ્ચે પણ હું જીવી રહી છું! ક્યારેક મનમાં થાય છે કે અલ્યા પરમેશ્વર! તારે ઘેર પણ ન્યાય નથી? પડ્યા પર પાટુ મારવામાં તને પણ આ દુનિયાના માનવીઓની જેમ મજા આવે છે? બેટા અર્ક, શહેરમાં જઈને તારી આ દુખિયારી કાકીમાની લાજ જાય એવું કશું જ કામ ન કરતો. આજકાલ શહેરો શરાફતનાં લૂંટારાં બની ગયાં છે, બેટા!”

કાકીમાની હેતવર્ષામાં ભીંજાઈને હું તેમની સાથે ઘેર ગયો હતો. મમ્મીએ તે પછી કાકીમાને મારી પાસે ફરકવા નહોતાં દીધાં. કાકીમાના આશીર્વાદ લઈને હું અમદાવાદના છાત્રાલયમાં પ્રવેશ્યો હતો. દર ત્રણ દિવસે કાકીમાનો એકાદ પત્ર અવશ્ય આવે. મમ્મીથી છાનાં છાનાં મને સુખડી, શક્કરપારા વગેરેનો નાસ્તો કોઈ સાથે મોકલી આપે.

બાવીસમા વર્ષે હું ઈજનેરી સ્નાતક થયો અને કાકીમાના આગ્રહથી તેમને ખુશ રાખવા, તેમની આજ્ઞા અનુસાર મેં નિષ્ણા સાથે લગ્ન કરી લીધાં. મુંબઈની એક પ્રતિષ્ઠિત કંપનીમાં મને નોકરી મળતાં નિષ્ણા સાથે હું મુંબઈ ગયો. મનમાં એક જ સ્વપ્ન હતું કે વહેલી તકે સ્થિર થઈ મમ્મીના કારાગારમાંથી હું મારી ખરી મમ્મી અંબાકાકીને છોડાવીને સુખશય્યામાં પોઢાડું, પણ કોણ જાણે કેમ કોઈ ને કોઈ કારણસર મારી નોકરી છૂટી જતી અને કાકીમાને મારી સાથે રાખવાનું સ્વપ્નું દૂર ઠેલાતું ગયું.

નિષ્ણાએ મારી નોકરીના સાતત્ય માટે સાંઈબાબાની બાધા રાખી હતી એટલે અમે શિરડી ગયાં. શિરડીથી પાછા આવ્યા બાદ નિષ્ણા તાવમાં પટકાઈ અને નોકરે અંબાકાકીનો પ્રેમાળ હાથ મારે મસ્તકેથી સદા માટે સરી ગયાના આઘાતજનક સમાચાર આપ્યા. નિષ્ણાએ પોતાની બીમારીની ચિંતા રાખ્યા સિવાય મને તાબડતોબ અમારા ગામ પહોંચવાનો આગ્રહ કર્યો.

આજે હું મારે ઘેર પહોંચ્યો છું. મારે ઘેર નહીં, મારી મમ્મીના સામ્રાજ્યમાં! મારું ઘર એ મંદિર હતું, જેમાં વાસ્તલ્યમૂર્તિ મા અંબા હાજરાહજૂર હતી, કાકીમા સ્વરૂપે! આજે મંદિર છે, પણ એમાં દેવી નથી! અશેષ વાત્સલ્ય અર્પવા માટેનું કરુણાશીલ હૈયું એનું નામ જ માતૃત્વ. માતૃત્વ પદ નથી, પ્રતિબદ્ધતા છે. મમ્મી દ્વારા લાગણી વગર દેખાવ ખાતર કરવામાં આવતી સ્વ. અંબાકાકીમાની ઉત્તરક્રિયામાં મને રસ નથી.

બીજે દિવસે વહેલી સવારે ગીતાપાઠ સમયે ખુરશીમાં મુકાતો અંબાકાકીનો ફોટો લઈને હું પપ્પાની રજા લઈને મુંબઈ ચાલ્યો જાઉં છું. મુંબઈ પહોંચીને હું મારી લાગણીભીની અંબામાની ઉત્તરક્રિયા કરીશ, શ્રાદ્ધ દાન-દક્ષિણા દ્વારા ઋણ અદાયગીનો પ્રયત્ન કરીશ, પણ અંબાકાકીના ઋણમાંથી મુક્ત થઈ શકીશ ખરો? રક્તના સંબંધો નકલી લાગે અને છતાંય એને નિભાવવા પડે અને લાગણીના સંબંધો અસલી હોય અને છતાંય રક્તના સંબંધો એને ફિક્કા ઠેરવવાની કોશિશ કરે એનાથી વધુ કરુણા બીજી શી હોઈ શકે?

*૧૬, હેવન પાર્ક, રામદેવ નગર પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬,*
*ફોન : (૦૭૯) ૨૬૯૨૮૨૮૬*

"ROLEX" Brand
Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# અવની

• ડૉ. સુધીર ચી. મોદી •

આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં અવની તેની મમ્મી સાથે મારા દવાખાને સારવાર માટે આવી. તે વખતે તેની ઉંમર છ વર્ષની. ગુલાબી ફ્રોક, માથામાં બંને બાજુ લટકતી વાળની નાની પોની, ગૌર મુખ અને મોટી મોટી ચમકતી આંખો. નિર્દોષ અને રમતિયાળ. ત્યારબાદ તો અવાનવાર બીમાર થાય ત્યારે સારવાર લેવા આવ્યા કરે. ધીમે ધીમે મોટી થઈ અને સ્કૂલમાં જતી થઈ. સાઈકલ ચલાવતી થઈ ગઈ. દવાખાને આવે ત્યારે આંખોમાં ચંચળતા અને તોફાન. બે ઘડી તેની સાથે આનંદથી વાતો કરવાની મજા આવી જાય. શરૂઆતમાં તાવને કારણે મોઢું ઊતરી ગયેલું અને રડું રડું થતું લાગે. તપાસીને જરા ગમ્મતભરી વાત કરું ત્યારે થોડીવારમાં દુઃખ ભૂલી હસતી થઈ જાય અને પછી તો મમ્મી માટે ફરિયાદ ચાલુ કરી દે કે, મમ્મી તો ઠંડું પાણી પીવા દેતી નથી, ગરમ ગરમ રાબ પિવડાવે છે. રોજ કેટકેટલું લેશન કરવાનું હોય, રમવા પણ નહિ જવાનું? વગેરે વગેરે.

થોડા વર્ષોમાં કૉલેજ જતી થઈ ગઈ. ફરી પાછી એ જ વાતોનો ભંડાર! કૉલેજની વાતો, પ્રોફેસરોની મજાક અને બહેનપણીઓની વાતો દવાખાનાથી મારી કેબિનને જીવંત બનાવી દે.

ત્યારબાદ એકાદ વર્ષ પસાર થયું. દેખાતી ન હતી. જાણવા મળ્યું કે લગ્ન કરી લીધાં છે અને સાસરે ગઈ છે.

થોડા સમય બાદ તેના પતિ સાથે નવરંગપુરા વિસ્તારમાં રહેવા આવી. તેના પતિ સાથે દવા લેવા આવી. પ્રણામ કરી તેના પતિ કલ્પેશની ઓળખાણ કરાવી. હવે તો તે કુટુંબ પણ નિયમિત સારવાર માટે આવતું થઈ ગયું. તેણે શિક્ષિકા તરીકે નોકરી શરૂ કરી. બે બાળકો થયાં. કુટુંબ આનંદથી ભર્યું ભર્યું લાગે. પતિપરાયણ પત્નીમાંથી બાળકોની વહાલભરી મમ્મી દેખાય. સંસારના ચક્રમાં પતિ, બાળકો, નોકરી અને ઘરની જવાબદારી નિભાવતી ગૃહિણી.

એવામાં એક વખત મનની વાત કરી કે સાહેબ, મેં પ્રેમલગ્ન કર્યાં એટલે પિયરમાં મને બોલાવતા નથી તેનું દુઃખ રહ્યા કરે છે. અઠવાડિયા બાદ તેના પિયરમાંથી તેનાં ભાભી દવા લેવા આવ્યાં. ત્યારે વાતવાતમાં મેં અવનીના સમાચાર પૂછીને વાતની શરૂઆત કરી. તેનાં ભાભી બોલ્યાં; ‘સાહેબ, અવનીબહેન તો અમારે ઘરે આવતાં નથી.’

મે પૂછ્યું, ‘કેમ?’

‘તેમણે પ્રેમલગ્ન કરેલાં તે મારા સસરાને ગમ્યું ન હતું.’

ત્યાર પછી તો તેઓને થોડું સમજાવતાં અવનીને બોલાવતાં થઈ ગયાં અને સુમેળ રચાઈ ગયો. બધાં ખુશ રહેવા લાગ્યાં. બંને કુટુંબો એકબીજાની પડખે સારા માઠા પ્રસંગોએ રહેવા લાગ્યાં.

અવનીનાં બાળકો મોટાં થવા લાગ્યાં. તેની મોટી દીકરી કૉલેજ જવા લાગી. દીકરો પણ સ્કૂલના છેલ્લા વર્ષમાં આવ્યો. કિલ્લોલભર્યા કુટુંબમાં અવનીનું આનંદભર્યુ પ્રેમાળ માતાનું રૂપ જોવા મળે. અચાનક કુટુંબ પર આફતનો ઓળો ઊતર્યો. અવનીના પતિ કલ્પેશના મગજમાં ગાંઠ (ટ્યૂમર) નીકળી. મોટું ઑપરેશન કરાવવું પડ્યું. અવની હોસ્પિટલ અને ઘર વચ્ચે દોડાદોડી કરતી રહી. પતિની સારવારમાં મચી પડી. પરંતુ બીમારી વધતી ગઈ અને છેવટે તેના પતિ કલ્પેશે આ દુનિયામાંથી વિદાય લીધી. આ બીમારીમાં અવનીનું પતિપરાયણ, સેવામય અને આફત સામે લડતી સ્ત્રીનું રૂપ જોવા મળ્યું.

થોડા દિવસો બાદ અવની વિધવા સ્વરૂપમાં આવી અને મારી આંખોમાં દર્દ છવાઈ ગયું. હવે તે ખૂબ જ વધારે ઠરેલ, શાંત અને સહેજ ગરીબડી લાગી. આંખોમાંથી હાસ્યની છાંટે વિદાય લઈ લીધી હતી. બે સંતાનોની જવાબદારી અદા કરવાની, પતિનો સાથ ગુમાવ્યાની, કુટુંબ ચલાવવાનું વગેરે ચિંતાના ભારથી ઝૂકી ગયેલી લાગી. પરંતુ હા! તેના મગજમાં તો તેના સંતાનોનું ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની ઝંખના જોઈ શકતો હતો. તે માટે સંસારનાં દુઃખો સામે ટક્કર લેવાની ભાવના જોઈ.

તેના ગયા બાદ હું વિચારોમાં ખોવાઈ ગયો. મેં એક જ સ્ત્રીનાં કેટકેટલાં રૂપ જોયાં. ચંચળ નિર્દોષ બાળકીનું, ઉત્સાહભરી છોકરીનું, થનગનતી કૉલેજ કન્યાનું, પ્રણયસભર મુગ્ધાનું, સંસારમાં ગોઠવાતી યુવતીનું, પ્રેમાળ પત્નીનું, વાત્સલ્ય નીતરતી માતાનું, પતિની સારવાર કરતી ધર્મપત્નીનું, અને છેલ્લે સંતાનોના સુખ માટે મજબૂત વિધવાનું. વાહ રે ભગવાન! તેં સ્ત્રીને કેટલાં રૂપ અને કેવી શક્તિ આપી છે!

*વિષ્ણુ પ્રભાકરની પંક્તિઓ –*

*“સુખ કોને કહે છે તેની ખબર નથી,*
*દુઃખ શું છે તેની પણ ખબર નથી,*
*પરંતુ એટલું જાણું છું કે*
*સુખ દુઃખ બન્ને મળે છે ત્યારે*
*સમજાઈ જાય છે કે*
*જીવન શું છે?”*

*૧-એ, વ્રજરાયજી કોલોની*
*સેંટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ કોર્નર,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : (૦૭૯) ૨૭૯૧૧૧૬૦*

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
MRL GROUP
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

# દિલના દિલાવર માણસો

• ડૉ. આઈ.કે. વીજળીવાલા •

મહુવાની મ્યુનિસિપાલિટી હોસ્પિટલમાં હું હજી નવોનવો જ જોડાયો હતો. ૧૯૮૮ના એ શરૂઆતના દિવસો હતા. વડોદરાની મેડિકલ કૉલેજ છોડ્યા પછી સાવ સ્વતંત્ર કામ કરવાનો એક અદ્ભુત આનંદ મળી રહ્યો હતો. ઉપરાંત મહુવા અને એની આસપાસના પ્રદેશના અત્યંત લાગણીશીલ લોકો વચ્ચે કામ કરવું એ પણ એક લહાવો હતો.

એવા એક દિવસે વહેલી સવારે સાડા છ વાગ્યાનો સમય હતો. અમારા વોર્ડનાં આયાબહેન મારા ક્વાર્ટર પર આવ્યાં. મારું રહેઠાણ બાળકોના વૉર્ડની બરાબર સામે જ હતું. એટલે મોટાભાગે મને બોલાવવા કોઈ વોર્ડમાંથી જાતે જ આવતું. આજે પણ અમારાં આયાબહેન લગભગ દોડતાં જ આવ્યાં હતાં, 'સાહેબ! જલદી ચાલો, સાતમા મહિને જન્મેલું એક બાળક દાખલ થવા આવ્યું છે. ખૂબ સિરિયસ લાગે છે.' એટલું કહીને એ તો ઝડપભેર જતાં રહ્યાં. હું એમની પાછળ પાછળ વોર્ડમાં પહોંચી ગયો.

ત્યાં પહોંચીને જોયું તો લગભગ સાડા છ મહિને જન્મેલું અને ૯૦૦ ગ્રામથી પણ ઓછું વજન ધરાવતા બાળકને તેડીને એક મજૂર દંપતી બેઠું હતું.

મેં બાળકને તપાસ્યું. એના હાથપગ એકદમ ઠંડા અને ભૂરા થઈ ગયા હતા. એ રડી પણ નહોતું શકતું. ક્યારેક રડવાનો પ્રયત્ન કરે તો અવાજ નહોતો નીકળતો. એ શ્વાસ લેતું હતું ત્યારે પેટ અને છાતીના જોડાણની જગ્યાએ ઊંડો ખાડો પડતો હતો. પાંચ કે છ શ્વાસ પછી એકાદ ડચકું પણ આવી જતું હતું. આ વખતે એના મોંમાંથી ફીણ નીકળી જતાં હતાં.

'સિસ્ટર! આપણું ઈન્ક્યુબેટર આપણે ક્યાં રાખીએ છીએ?' મેં પૂછ્યું. ઈન્ક્યુબેટર છે એવી મને જાણ હતી, પરંતુ એ કયા રૂમમાં રાખવામાં આવતું હતું એની મને ખબર નહોતી. ઈન્ક્યુબેટર એટલે અત્યંત નબળાં તેમજ અધૂરા મહિને જન્મેલાં બાળકોને રાખવાની એક ખાસ પેટી. દવાખાનામાં જોડાયાને હજુ થોડા જ દિવસ થયા હતા એટલે ઈન્ક્યુબેટર ક્યાં રાખવામાં આવતું હતું એની એ વખતે મને ખબર નહોતી અને આટલા દિવસ એની જરૂર પણ નહોતી પડી.

'ડિલિવરી રૂમની બાજુમાં, સાહેબ!' સિસ્ટરે જવાબ આપ્યો, 'પણ એમાં આજ સુધી કોઈ બાળક મૂકવામાં નથી આવ્યું. કોઈએ એનો ઉપયોગ જ કર્યો નથી!'

'કંઈ વાંધો નહીં. જલદી એ સાફ કરી તૈયાર કરો!' મેં કહ્યું.

'સાહેબ! એ તૈયાર જ હોય છે. ઉપરાંત એને નિયમિત ફ્યુમિગેટ (જંતુરહિત) રાખવામાં આવે છે. ફક્ત એનું પાણી નવું ભરવાનું હોય છે. હું જઈને એ બધું ચેક કરી લીધા પછી શરૂ કરું છું.' કહીને સિસ્ટર ગયાં.

મેં બાળકના પિતાને જરૂરી દવાઓ લખી આપી. એ ઉપરાંત નાક વાટે પેટમાં ઉતારવાની નળી વગેરે જલ્દી લઈ આવવાનું કહ્યું. એ દવા લઈને આવે એટલી વારમાં અમે બાળકની વેઈન લઈ ૧૦ ટકા ગ્લુકોઝનો બાટલો શરૂ કરી દીધો. ઈન્ક્યુબેટર તૈયાર હતું એટલે બાળકને એમાં શિફ્ટ કરી દીધું. માતાને અમે ગાયનેક વોર્ડમાં બાળકની સામેના ખાટલામાં જ દાખલ કરી દીધી.

બાળક બરાબર ગરમ થઈ ગયું. એના હાથ પગ ગુલાબી થઈ ગયા. એ પછી મેં એના પિતાને બાજુમાં બેસાડી, બાળકની વિગતો નોંધવાની શરૂઆત કરી :

'કેટલામું બાળક છે આ?' મેં પૂછ્યું.

'ચોથું!' બાળકના પિતાએ જવાબ આપ્યો.

'ભલા આદમી! મજૂર થઈને આટલાં બધાં છોકરાંવ શા માટે થવા દેતાં હશો? પછી એમના ઉછેર, ભણતરનો ખર્ચ કેટલો બધો આવે એ ખબર છે? કુટુંબ તો હંમેશાં નાનકડું જ રાખવું જોઈએ?' મેં કુટુંબ નિયોજનની ફિલસૂફી ઝાડી.

'પણ સાહેબ...!' બાળકનો પિતા બોલતો અટકી ગયો.

'પણ ને બણ! તમે લોકો સમજતાં નથી. બાળકોની લંગાર વધાર્યે જ જાઓ છો. પછી નથી એમને ભણાવી શકતાં કે નથી જરૂર પડ્યે યોગ્ય સારવાર કરાવી શકતાં. 'હું મારું લેક્ચર આપ્યે જતો હતો.

'પણ સાહેબ, મારી વાત તો સાંભળો! આગલાં ત્રણ છોકરાંવમાંથી એક પણ હયાત નથી. (જીવતું નથી)! જનમ પછી સાત દિવસમાં જ બધાં બાળકો પાછાં થયાં છે (મૃત્યુ પામ્યાં છે). અમારાં કરમ જ ફૂટેલાં છે. આની પહેલાં ત્રણ ત્રણ છોકરાઓએ જનમ લીધો છે, પણ મારી ઝૂંપડી તો હજી ખાલી જ છે, હશે! ભગવાને બે-ચાર દી માટે જ આપ્યાં હશે! હવે આની ઉપર જ અમારો આધાર છે. એક આને તમે બચાવી લો તો ભવ સુધરી જાય.' સૂંડલો એક દુઃખ ભરેલા પોટલામાંથી મુઠ્ઠી ભરીને દાણા વેરતો હોય એમ એણે પોતાના દુઃખના શબ્દો ઉચ્ચાર્યા.

હવે મારે એને આગળ કંઈ પણ કહેવાની જરૂર નહોતી. આ બાળક કઈ રીતે બચી શકે એનો વિચાર જ કરવાનો હતો. જનમથી લઈને ૩૦ દિવસમાં થઈ શકતા બાળમૃત્યુનાં બધાં જ કારણો હું વિચારી ગયો. ઢગલોએક કારણોમાંથી માતાનું કુપોષણ અને જીવાણુઓ (બેક્ટેરિયા) નો ચેપ એ બે મુખ્ય કારણો આ કુટુંબ માટે બંધબેસતાં લાગતાં હતાં. બાળકને બેક્ટેરિયાના ચેપ સામે રક્ષણ આપતી દવાઓ મેં શરૂ કરી દીધી.

ઈન્ક્યુબેટરની હૂંફ મળતાં જ બાળકની શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા નોર્મલ બની ગઈ. એ હવે થોડોક અવાજ કાઢીને રડી પણ શકતું હતું. વચ્ચે ક્યારેક એની આંખો પણ ખૂલતી

હતી. ક્યારેક એ જરાક મોટા અવાજે રડતું ત્યારે એનાં મા અને બાપ બંને સહેજ ઊંચાં થઈને ઈન્ક્યુબેટરના કાચની આરપાર જોઈ લેતાં હતાં.

એ દિવસથી મારા રોજિંદા કામ ઉપરાંત નર્સિંગ સ્ટાફને ઈન્ક્યુબેટરમાં રાખેલ બાળકની કાળજી માટે ટ્રેઈન કરવાનું અગત્યનું કામ મારે કરવું પડતું હતું. પેટીની અંદર રાખેલ બાળકનું છી-બી કઈ રીતે સાફ કરવું, એની નસમાં જતા પ્રવાહીનું માપ કઈ રીતે રાખવું, એનાં ભયજનક લક્ષણોને કઈ રીતે ઓળખવાં વગેરે શિખવાડવું પડતું. એ બધાં ઉપરાંત ઘણી વસ્તુઓ મારે જાતે જ કરવી પડતી. આટલા નાના બાળકને જો ૧૫ મિલિ પ્રવાહી જ નસમાં વધારે જતું રહે તો પણ એને થોડાક સોજા ચડી જવાની બીક રહે છે. એના કારણે મોટાભાગે તો બાટલાના માપનો મારે જ ખ્યાલ રાખવો પડતો હતો.

આ બધી કશમકશમાં દસ દિવસ ક્યાં વીતી ગયા એની ખબર જ ન પડી. બાળક હવે ધાવણ લેવા માંડ્યું હતું. અગિયારમા દિવસે બાટલો બંધ કરી એને બાળકોના વોર્ડમાં શિફ્ટ કર્યું. એક દિવસ ત્યાં રાખી એનું વજન ચેક કરી અમે બારમા દિવસે એને રજા આપી. પ્રથમ વખત બાર દિવસનું બાળક ઘરે લઈ જતા એ મજૂર દંપતીના ચહેરા પરની ખુશીનું અહીં શબ્દોમાં વર્ણન કરવું શક્ય જ નથી. શ્રી તુકારામ મહારાજને નદીમાતાએ પાણીમાં ડૂબી ગયેલાં પુસ્તકો પાછાં લાવી આપ્યાં હશે અને એ વેળા એમને જેવી ખુશી થઈ હશે એવી જ કાંઈક ખુશી એ લોકોના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી.

અમે બધાએ ખૂબ જ આનંદ સાથે એમને ઘરે જવા વિદાય આપી. એ વખતે 'મુજ ગરીબની ઝૂંપડીમાં દીવો કરી દીધો, સાહેબ! મારી જિંદગી સુધારી દીધી!' એવાંએવાં તો કેટલાંય આશીર્વચનો બોલતાં બોલતાં એ દંપતી ગયું.

ત્રણ ત્રણ બાળકોની વિદાયથી પીડિત એ બંને જણાંને બાળક સાથે ઘરે મોકલવાનો આનંદ અમારા બધાના મનમાં પણ ખાસ્સો સમય રહ્યો. એ પછી સાત દિવસે એ લોકો બાળકને ફરીથી બતાવવા આવ્યાં. એ વખતે પેલું ૯૦૦ ગ્રામનું બાળક વધીને એક કિલોની ઉપર જતું રહ્યું હતું. એ પછી ત્રણ મહિના સુધી અમે દરેક રસીકરણ વખતે એ બાળકને મહિને મહિને જોતાં રહ્યાં. દર વખતે એનું વજન એકાદ કિલો તો વધ્યું જ હોય! ઉપરાંત ત્રીજા મહિને તો એ હસવામાં પણ બરાબર પાકું થઈ ગયું હતું! ટૂંકમાં, એનો વિકાસ અમારી ધારણા કરતાં ખૂબ જ સારો થઈ રહ્યો હતો.

એકાદ મહિના પછી એક સવારે મારા ઘરના બારણાને કોઈએ જોરથી હચમચાવી નાખ્યું, 'સાહેબ! એ સાહેબ! જલદી બારણું ખોલો!'

ઊંઘમાંથી ઊઠીને હું સફાળો બહાર આવ્યો જોઉં છું તો પેલું મજૂર દંપતી ઊભું હતું. હાથમાં છોકરાને તેડ્યું હતું. એને નાની ધાબળીમાં વીંટેલું હતું. બાળકના કરાંજવાનો અવાજ સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો.

'કેમ શું થયું?' અમંગળ આશંકા સાથે મેં પૂછ્યું.

'સાહેબ! એ ચૂલાની આવગુણ (આંગણ) માં પડી ગયો છે. આખો દાઝી ગયો છે.' એ માણસ બોલ્યો. એના અવાજમાં પણ ધ્રાસકો હતો.

'ચૂલાની આવગુણમાં? એમાં કઈ રીતે પડી ગયો? પાંચ મહિનાનું બાળક એમાં કઈ રીતે પડી જાય?' મને નવાઈ લાગતી હતી.

'સાહેબ! મારી ઘરવાળી એને ચૂલાની આવગુણથી થોડો દૂર સુવડાવી રોટલા કરતી હતી. આવડા આને હમણાંથી ઊંધા પડતાં આવડી ગયું છે. એની મા લોટનો ડબ્બો લેવા ઊઠી એટલી વારમાં જ આ છોકરો ફરી ગયો અને આવગુણમાં દડી ગયો. (આવગુણ એટલે ચૂલાના મુખ આગળની થોડીક ઊંડી જગ્યા, જેમાં રાખ તેમ જ અંગારા સચવાઈ રહે છે.) આને કહેવાય અભાગિયા! ભગવાને સાવ સાજો નરવો આપ્યો હતો, અમે હાથે કરીને એને ચૂલામાં બાળ્યો!' એ માણસ અંદરથી એના બાળક જેટલો જ દાઝી ગયો હતો એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

મેં ઝડપથી બાળકને તપાસ્યું. બાળક વાંસામાં તેમ જ પેટ પર બંને જગ્યાએ દાઝી ગયું હતું. કદાચ દાઝવાથી થયેલા દર્દના કારણે બાળક આવગુણમાં ફરી ગયું હશે. એટલે આગળપાછળ દાઝી ગયું હશે. એની પેટ-વાંસા તેમ જ હાથપગની ચામડી બાફેલ બટાટાની માફક ઊતરી ગઈ હતી. અમુક જગ્યાએ તો એ હજુ પણ લબડતી હતી. આંખો મીંચીને એ ઝડપથી શ્વાસ લેતો હતો. એ રડી પણ નહોતો શકતો. ફક્ત એના કરાંજવાનો અવાજ જ આવતો હતો.

અમે એ બાળકને લઈને દોડતાં સામે વોર્ડમાં પહોંચ્યાં. તાલુકા લેવલની હોસ્પિટલ હોવાથી બાળકોનો સ્પેશિયલ બર્ન્સ વોર્ડ કે ઈન્ટેન્સિવ કેર વોર્ડ ત્યાં નહોતો. બાળકોના જનરલ વોર્ડમાં જ એને દાખલ કરી સારવાર શરૂ કરી. જરૂરી દવાઓ આપી દીધી. એના પૂરા શરીરનું ડ્રેસિંગ કરી નાખ્યું. હવે અમારું કામ પૂરું થતું હતું. રૂઝ લાવવાનું બાકીનું કામ કુદરત કરે તેની રાહ જોવાની હતી.

ચોથા દિવસની સાંજે છોકરાનો બાપ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. એમ કહું કે દુઃખના લવારે ચડી ગયો, 'સાહેબ! અમારા રાંકના ઘરમાં ભગવાનને રતન આપ્યું હતું, પણ અમે બુદ્ધિ વગરના કહેવાઈએ! અમને એ સાચવતાં ન આવડ્યું. અમે રતનને આવગુણમાં રગદોળ્યું, સાહેબ! હવે અમારે કઈ જગ્યાએ મોં સંતાડીને રોવું?' આટલા દિવસથી ઝાલી રાખેલા એના હૃદયના બંધ છૂટી ગયા હતા. અમે એને માંડ છાનો રાખ્યો.

સાતેક દિવસમાં જ કુદરતે એના કામનો ચમત્કાર બતાવવાનું શરૂ કરી દીધું. બાળકના વધતા શરીરમાં નવી ચામડી આવવામાં જરાય વાર ન લાગી. આઠમા દિવસ સુધીમાં તો બાળક લગભગ સારું થઈ ગયું. દસમા દિવસે અમે એને રજા આપી. નવી ચામડી અને બીજી વખત નવી જિંદગી સાથે છોકરો ઘરે જવા નીકળ્યો ત્યારે 'જેને જીવવાનું હોય એના માટે હંમેશાં જિંદગીની જીત થાય છે.' એ ઉક્તિને સાર્થક થતી અમે સૌ જોઈ રહ્યાં હતાં.

૧૯૯૪નો જાન્યુઆરી મહિનો ચાલી રહ્યો હતો. પાલિતાણામાં રહેતા મારા જૈન મિત્રનાં પત્ની તેમ જ માતાપિતાને મારી કારમાં લઈ અમે આસપાસનાં પાંચ તીર્થોની યાત્રાએ નીકળ્યાં હતાં. એમની યાત્રા પૂરી થઈ જાય અને બધાને જોડે ફરવાનો લાભ

પણ મળી જાય એવી મારી ગણતરી હતી. સવારે આઠ વાગે પાલિતાણાથી શરૂ કરેલી યાત્રા સાંજે પાંચ વાગે મહુવામાં પૂરી થવાની હતી. અમે સાંજ પડ્યે મહુવા પહોંચ્યા. પંચતીર્થ યાત્રામાં હજુ અમારે એક ભગવાનનાં દર્શન કરવાનાં બાકી હતાં, પરંતુ એ પહેલાં મહુવાના પ્રાચીન તીર્થ ભવાની માતાના મંદિરે જવાની મારી ઈચ્છા હતી. એ તીર્થનું કુદરતી સૌદર્ય તો અદ્‌ભુત છે જ, સાથોસાથ એનો ઈતિહાસ પણ એટલો જ અદ્‌ભુત છે. એક જૈન ભગવાનનાં દર્શન અમે પાછાં ફરતાં પહેલાં કરી લઈશું એવી ગણતરીથી મેં કારને ભવાની મંદિરના રસ્તા પર વળી.

હજુ તો થોડાક જ દૂર ગયા હઈશું ત્યાં જ પાછળથી કોઈની બૂમો સંભળાઈ, 'એ સાહેબ! એ વીજળીવાળા સાહેબ! એ ઊભા રહેજો! બે ઘડી થોભજો!'

ધીમી ગતિએ ચાલતી કારને મેં સાઈડમાં લઈને ઊભી રાખી. પાછળથી એક માણસ દોડતો આવતો હતો. અમારી કારની બાજુમાં આવીને એ મજૂર જેવો લાગતો માણસ શ્વાસભેર બોલ્યો, 'અરે સાહેબ! આમ સીધા જ ક્યાં ઊપડ્યા? મારું ઘર અહીં બાજુની વાડીમાં જ છે. તમારે મારે ત્યાં આવવું જ પડશે. આમ સીધા તમને ન જ જવા દઉં!'

હું એ માણસને ઓળખી ગયો અને સમજી પણ ગયો કે એ હવે મને એના ઘરે લઈ ગયા વગર માનશે નહીં. અમે કારને એના ઘર તરફ લીધી. બાજુમાં જ નાળિયેરની વાડી હતી.

અમને એની ઝૂંપડીના ફળિયામાં કાથીનો ખાટલો નાખીને એણે બેસાડ્યા. પછી દોડતો જ એ લીલાં નાળિયેર લઈ આવ્યો. અમને નાળિયેર આપી એણે ત્યાં બાજુમાં જ રમતા એના પાંચેક વરસના દીકરાને બોલાવ્યો. એને મારી પાસે લાવીને પરાણે પગે લગાડ્યો. છોકરો તરત જ દોડતો ત્યાંથી જતો રહ્યો. એને બતાવીને એ બોલ્યો, 'સાહેબ! બબ્બે વખત તમારે ત્યાં સાજો થયો ઈવડો આ!'

અમે એ માણસના ચહેરા પર વ્યાપેલ ખુશીને અને દોડીને જતા છોકરાને જોઈ રહ્યા.

'તમે અત્યારે શું કામ કરો છો?' મેં પૂછ્યું.

'હાલમાં તો નાળિયેરનાં પાનમાંથી સળીઓ કાઢી એના સાવરણા બનાવીને વેચીએ છીએ!' એણે જવાબ આપ્યો. પછી ઊભા થઈ ઝૂંપડીમાં જઈ પાંચ-છ સાવરણા લઈને બહાર આવ્યો. મેં ખૂબ જ ના પાડી છતાં એ માણસ ન જ માન્યો. પરાણે એણે અમારી ગાડીમાં એ સાવરણા મૂકી દીધા. મારું મન કહેતું હતું કે એ ન લઈ શકાય. એટલા સાવરણાની આવક કદાચ એના એક કે અડધા દિવસની મજૂરી પણ હોઈ શકે.

મેં સો રૂપિયાની નોટ કાઢી એના હાથમાં મૂકવા માંડી. મારો હાથ પાછો ઠેલતાં એણે કહ્યું, 'ના મારા સાહેબ! મારાથી આ ન લેવાય! તમે એમ આપવા લેવાની જ વાત કરતા હો તો મને કહો કે હું તમને શું આપું? અને આ પાંચ સાવરણાથી ઈ વળે ખરું?' આંખમાં સ્પષ્ટ તગતગી ઊઠેલાં ઝળઝળિયાં સાથે એણે ઝૂંપડીના ફળિયામાં રમતા દીકરા સામે આંગળી ચીંધી. હું એ પછી કંઈ જ દલીલ ન કરી શક્યો. એ માણસની આંખોમાંથી લાગણી હવે આંસુનું સ્વરૂપ લઈને ટપકવા માંડી હતી, ઘડીક અમારી સામે જોતો તો ઘડીક ફળિયામાં રમતા એના છોકરા સામે. અમે કુલ આઠથી દસ જણ ત્યાં હાજર હતાં, પરંતુ તો પણ થોડી વાર જાણે કે ત્યાં કોઈ જ ન હોય એવું મૌન છવાઈ ગયું હતું.

અંધારું થઈ ગયું હતું. ભવાની માતાના મંદિરે ઝડપથી જઈ આવવા અમે ગાડીમાં બેસી ગયાં. પાંચ જૈન ભગવાનમાંથી હજુ એક ભગવાનનાં દર્શન કરવાનું બાકી રહી ગયું છે એવી લાગણી મનમાં અત્યાર સુધી પીડતી હતી, પરંતુ પેલા માણસની લાગણીના સરોવરમાં માથાબોળ નાહ્યા પછી એ પીડા હવે શમતી જતી હતી. નાનકડી ઝૂંપડીમાં પણ વિશાળ દિલના માનવીઓ વસતા હોય છે એની પ્રતીતિ અમને થઈ હતી. ભગવાને બનાવેલ એ વિશાળ હૃદયના માલિકોની લાગણીના સરોવરના કાંઠે અમારી એનાં દર્શન કરવાની ઈચ્છા કંઈક અંશે તો જરૂર પૂરી થઈ હતી.

*સૌજન્ય : "તમન્ના"*

## ગરીબ કોણ?

એક શહેરમાં વર્ષો પહેલાં અતિ ધનવાન ભાઈ રહેતા હતા. તેમને સંતાનમાં એકમાત્ર પુત્ર. જબરદસ્ત મોટું ઘર. વચ્ચોવચ્ચ સ્વિમિંગ પુલ તથા રસોઇયા, માળી, નોકરોની ફોજ. લાલા માટે એક કૂતરો પણ પાળવામાં આવ્યો હતો.

એ શ્રીમંત શેઠને હંમેશાં એવું લાગતું કે મારા પુત્રને દુનિયાદારીનું, ગરીબાઈનું ભાન તો કરાવવું જ જોઈએ. ગરીબાઈ વિશે ભાષણ કર્યે નહીં ચાલે.

એક ગરીબ ઘરમાં તેને અઠવાડિયું રહેવા મોકલી દઉં તો કાંઈ કામ થાય. ગરીબ ઘરમાં રહેશે, તેમની મુશ્કેલીઓ જોશે તો જ તેને શ્રીમંત હોવાની કિંમત સમજાશે.

પિતા તેમના ગામે એક જણને ઘેર પુત્રને મૂકી આવ્યા. ગામ જંગલના છેવાડે, નદીકાંઠે હતું તથા ત્યાં સંદેશા-વ્યવહારનાં કોઈ સાધનો પહોંચ્યા ન હતા. અઠવાડિયા પછી તેઓ પુત્રને લેવા ગયા. 'બોલ દીકરા તને ફાવ્યું?'

પુત્ર કહે, 'ડેડી, આપણી અને આ લોકોની જીવન જીવવાની પદ્ધતિમાં ઘણો ફેર છે. આપણા ઘરે તો નાનકડો સ્વિમિંગ પુલ છે અને એમાં ક્લોરિનવાળું ગંધાતુ વાસી પાણી છે. મારી તો તેમાં હંમેશાં આંખો બળે છે. અહીં તો ઝુંપડીની પાછળ જ નદી વહે. વહેતું પાણી, નહાવાની મજા પડી ગઈ. મારે તો એક જ કૂતરો છે. અહીં તો ચાર કૂતરા મિત્ર બની ગયા હતા. તે ઉપરાંત બે પોપટ, કાગડા, બિલાડી અને સસલાં! આપણે તો રોજ રાત્રે બારીઓ બંધ કરીને એ.સી. ચલાવવું પડે. અહીં તો અમે ખુલ્લામાં જ સૂતા હતા. એવી સરસ ઊંઘ આવતી, શીળો પવન અને તારાની ચાદર.

આપણે ઘેર તો રસોઈયાની બનાવેલી, ફ્રીજમાં મૂકીને માઈક્રોવેવમાં ગરમ કરેલી રસોઈ નોકરના હાથે ખાવી પડે. અહીં તો બા રોજ ગરમા-ગરમ, બંને વખત તાજું જમાડે!

આપણે ત્યાં પેકેટના દૂધ પીવા પડે. અહીં તો રોજ તાજું દોહેલું દૂધ પીવા મળતું. જુઓને અઠવાડિયામાં તો હું કેવો લાલ ટામેટા જેવો થઈ ગયો છું! ખરેખર પપ્પા હોં, સારું થયું તમે મને અહીં મોકલ્યો, નહીં તો ગરીબાઈ એટલે શું એ હું ક્યારેય સમજી ન શક્યો હોત...! આપણે બહુ જ ગરીબ છીએ...! ડેડી...!

*સૌજન્ય : "ગોરક્ષા પાત્ર"*

આરોગ્ય

# બાયપાસ કે કૃત્રિમ ડાયવર્ઝન

કેટલીકવાર હાઈવે કે રસ્તાઓ અકસ્માત કે પુલ તૂટવાથી બ્લૉક કે બંધ થઈ જતા હોય છે. આવું થાય ત્યારે રસ્તો બંધ કરવો પડે છે અને ડાયવર્ઝન કે બાયપાસ બનાવવું પડે છે. આજનો માણસ મરવાની ઉતાવળમાં છે. મોટાભાગના લોકો રોડ તરફ દોડતા હોય છે કે અકસ્માતની જલ્દી હોય છે. એક યુગલ મોટરમાં જતું હતું. રસ્તામાં તોફાની વરસાદ ચાલુ હતો અને વાઈપર ચાલતું ન હતું. ઘનઘોર અંધારું હતું અને રસ્તો દેખાતો નહોતો. પત્ની મૂંઝાણી અને બીતાં બીતાં કહ્યું, "ગાડી ધીરે ચલાવો, રસ્તો દેખાતો નથી." પતિએ કહ્યું, "તું ચિંતા કર મા, એક્સિડેન્ટ થાય તે પહેલાં હું ઘરે પહોંચી જવા માગું છું." અને અકસ્માત થાય તો? માણસો એટલી ઝડપે વાહન ચલાવે છે કે જાણે કોઈ છેલ્લો શ્વાસ લેતો હોય અને આની રાહ જોવામાં એનો જીવ અટકી ગયો હોય કે જતો ન હોય. આવા માણસો ઘર પહોંચીને પાછા કહે, "ટાઈમ પાસ થતો નથી, હવે શું કરશું?" ખરી વાત તો એ છે કે આવા માણસો સમયને સમજી શકતા નથી ને પાછા ઝડપથી વાહન ચલાવી એક્સિડન્ટ કરે છે. અકસ્માત થાય એટલે આખા ટ્રાફિક કે વાહનોને અન્ય રસ્તે કે યુદ્ધના ધોરણે બનાવેલા ડાયવર્ઝનમાં વાળવા પડે છે. ડૉક્ટરો ખાસ કરીને સર્જનો આવા બાયપાસ કે કૃત્રિમ ડાયવર્ઝન કે રસ્તા બનાવવામાં પાવરધા કે ઉસ્તાદ હોય છે.

## • કૃત્રિમ ગુદા :

અમારા એક સગાના ઘરે દીકરી આવી. જલેબી વહેંચી, પરંતુ ખુશી લાંબી ટકી નહીં. છોકરીને મળ બહાર કાઢવાનું કાણું કે ગુદા જ ન હતી અને પેશાબ અને મળ એક જ કાણામાંથી આવતાં હતાં. તાત્કાલિક બાળકોના એક સર્જનને કન્સલ્ટ કર્યા. ડૉક્ટરે સલાહ આપી કે નવી ગુદા કે મળ કાઢવા માટેનું કાણું બનાવવું પડશે. સગા કે મા બાપ પાસે ડૉક્ટરની સલાહ માનવા સિવાય કોઈ વિકલ્પ કે ચારો નહોતો. પરંતુ કમનસીબે ઑપરેશન ફેઈલ ગયું. સગાઓએ ખૂબ દોડાદોડ કરી. મુંબઈના ડૉક્ટરોને મળ્યા. પરંતુ પરિણામ શૂન્ય. અંતે કૃત્રિમ રસ્તો કરી પેટ ઉપર કૃત્રિમ ગુદાનું નિર્માણ કરવું પડ્યું. દીકરી આજે લગભગ નવ વર્ષની થઈ. છઠ્ઠા કે સાતમા ધોરણમાં ભણે છે પરંતુ મળ તો પેટ ઉપર બાંધેલા પ્લાસ્ટિકના ઝભલામાં જ આવે છે અને ચોવીસ કલાકમાં બે વાર એની માને પ્લાસ્ટિકની કોથળી બદલાવવી પડે છે. આવી જ દશા જે લોકોને ગુદા પાસે આંતરડાનું કેન્સર થાય છે તેવા લોકોની પણ થાય છે. કેન્સર સર્જન કેન્સરની ગાંઠ તો કાઢી નાખે છે પણ ભગવાને બનાવેલી ઑટોમેટિક જરૂરિયાત મુજબ ઉઘાડ બંધ થાય તેવી ગુદા બનાવી શકતા નથી. એના માટે આંતરડામાં આર્ટિફિશિયલ કે કૃત્રિમ રસ્તો બનાવી મળના પ્રવાહને પેટ તરફ વાળી પેટ ઉપર કૃત્રિમ ગુદાનું નિર્માણ કરે છે. ઝાડો કે મળ કોથળીમાં ભેગો થાય એટલે કોથળી ખાલી કરવાની અને સફાઈ કરવાની. આ બધું લખવું કે વાંચવું સહેલું છે પરંતુ જેને વીતી હોય એને જ ખબર પડે કે કેટલી વિહુએ સો થાય? મતલબ કેટકેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

મોટાભાગની હોસ્પિટલો કે તબીબો રોગ પાછળ દોડતા હોય છે. આવા સમયે રોગી ભુલાઈ જતો હોય છે કે એને કોઈ પૂછતું નથી હોતું કે તારે શું જોઈએ છે કે તારી ઈચ્છા શું છે? આને બદલે કોઈ ડૉક્ટર માંદો પડે તો? બ્રિટિશ મેડિકલ જર્નલે એક સર્વે કર્યો. ડૉક્ટરને પોતાને કોઈ બીમારી થાય તો શું કરે?

૧. મોટાભાગના પોતાની તકલીફનું નિદાન કરવામાં આળસ કરતા હોય છે.
૨. દવા પૂરી લેતા નથી યા તો દવાની કંપનીના સૅમ્પલનો આગ્રહ રાખે છે.
૩. પોતાને હુમલો આવે તો આઈસીયુ માં દાખલ થવાનું ટાળે છે અથવા તો આસિસ્ટન્ટને કહી રાખે છે, મને આઈસીસીયુમાં ન લઈ જતો.
૪. સારવાર લેવામાં વિલંબ કરે છે.
૫. ડૉક્ટરની સારવાર કરતો અન્ય તબીબ પણ બહુ રસ નથી લેતો કારણ કે, એક તો સેવા કરવાની હોય છે, મફત સારવાર કરવાની હોય છે અને ડૉક્ટર હોવાથી બહુ વિશ્વાસ ન હોય!

બ્રિટિશ મેડિકલ સર્જને લંડનની સેન્ટ મેરી અસ્પતાલના સર્જનને પૂછ્યું : "તમને ગુદાનું કેન્સર થાય તો તમે શું કરો?" તેમનો જવાબ આવો હતો : "હું શસ્ત્રક્રિયા નહીં કરાવું કે જેના કારણે મારે બાકીની જિંદગી કૃત્રિમ ગુદા સાથે ગાળવી પડે."

તમને ખબર છે તમો દિવસમાં કેટલી વાર થૂંક ગળે ઉતારતા હશો? આવું ન કરી શકો તો? થૂંક ગળે ન ઊતરે તો? મેં આવા દર્દીને મારા જ કુટુંબમાં જોયા છે. અમારા વડીલને અન્નનળીનું કેન્સર થયું. ખબર પડી ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. શસ્ત્રક્રિયા કે ઑપરેશન થઈ શકે તેવું ન હતું એટલે શેક લઈને મન મનાવ્યું. હવેનો સમય કપરો હતો. થૂંક કે ખોરાક ગળે ઊતરે નહીં. થૂંક તો બહાર કાઢે પણ ખાવાનું શું? અંતે થાકીને પેટમાં કાણું પાડી કૃત્રિમ રસ્તેથી નળી વાટે ખોરાક આપવાનું ચાલુ કર્યું. રાહત થઈ પણ અન્ન જળ ખૂટી ગયાં હતાં એટલે લાંબું ન ચાલ્યું.

આવો જ કિસ્સો એક બાળકીનો છે, પણ કારણ અલગ છે. જન્મજાત ગળામાં તકલીફ. જન્મથી જ બાળકી મોઢેથી ખોરાક ન લઈ શકે કે થૂંક ગળે ઉતારી ન શકે. ખોરાક તો નળીથી આપીએ પણ થૂંકનું શું? ચોવીસે કલાક એની પાસે થૂંક કાઢે તે લૂછવા માટે નેપકિન રાખવો પડે અને રોજ ખવડાવવા માટે દિવસમાં ચારથી પાંચ વાર મોઢામાં નળી નાખવી પડે અને કોક વાર

થૂંક કે ખોરાકની ઊલટી ફેફસામાં જતી રહે તો ન્યુમોનિયા થઈ જાય ત્યારે એન્ટિબાયોટિક આપવી પડે. આવા કિસ્સામાં ઘણીવાર પેટમાં કાણું પાડી નળી નાખી ખોરાકને ગળામાંથી બાયપાસ કરી સીધેસીધો હોજરીમાં નાખવો પડે છે.

કેટલાક ડાયવર્ઝન થોડા સમય માટે હોય છે. મતલબ કે રસ્તો ક્લિયર કે રિપેર થઈ જતાં આવા ડાયવર્ઝન કે કૃત્રિમ રસ્તાની જરૂર રહેતી નથી. આની સામે કેટલીક વાર હંમેશના માટે આવા બાયપાસ રાખવા પડે છે. આવા એક ડાયવર્ઝન કે કૃત્રિમ રસ્તાનું નામ છે "સીએબીજી." "સી" એટલે કોરોનરી હૃદયની ધમનીનું નામ, "એ" એટલે આર્ટરી ધમની. "બી" એટલે બાયપાસ કૃત્રિમ રસ્તો અને "જી" એટલે ગ્રાફ્ટ રસ્તાનું નામ. ધમનીમાં બ્લૉક થાય એટલે છાતીમાં દુખે કે ઍટેક આવે. બ્લૉક ૧૦૦ ટકા હોય અથવા ઓછો હોય, પરંતુ હૃદયને જરૂરિયાત મુજબ લોહી ન મળે તો એન્જાઈનલ પેઈન કે છાતીમાં દુખાવો થાય. આ આખી ક્રિયા ડિમાન્ડ અને સપ્લાયના નિયમ પર આધારિત છે. ધારો કે ૯૦ ટકા બ્લૉક છે તો ૧૦ ટકા જગ્યાએથી અમુક પ્રમાણમાં હૃદયને લોહી મળતું રહે. પરંતુ જો જરૂરિયાત વધે તો? તો સપ્લાય ઓછો પડે તો હૃદયને લોહી ઓછું મળે ને દુખાવો થાય. બાયપાસનું ઑપરેશન એટલે હાથમાંથી કે પગમાંથી લોહીની નળી કે ધમની લઈને બ્લૉકના બે છેડે જોઈન્ટ કરી બ્લૉકની પાછળના ભાગે લોહી પહોંચાડીને બાયપાસ કરવાનો. એક નળી બંધ હોય તો એક ગ્રાફ્ટ, બે હોય તો બે અને ત્રણ હોય તો ત્રણ ગ્રાફ્ટ કે ડાયવર્ઝન કરવા પડે. જે કાયમ માટે કામ આપે, સિવાય કે આવા બાયપાસ પણ બ્લૉક થાય! ઘણા લોકોને સો સો ટકા બ્લૉક હોય તોય મજેથી જીવતા હોય છે. મને પાછા પૂછે, "મારે તો ૧૦૦ ટકા નળી બંધ છે છતાં મને કંઈ થતું નથી. આવું કેમ?" હું એને સમજાવું કે તું ગામડામાં જજે કે જ્યાં ખેડુ વાડી કે ખેતરમાં ક્યારા કરીને મોલને પાણી પાતો હોય છે. મોલ એટલે શોપિંગ મોલ નહીં, પરંતુ જે પાક કે બી વાવ્યા હોય અને છોડ ઊગ્યા હોય તેને મોલ કહે છે. હવે આવી રીતે ક્યારામાં ચાલ્યા જતા પાણી પ્રવાહની આડે કોઈ મોટો પાણો મૂકી, આગળ જતા પાણીને બ્લૉક કરી રોકે તો? પાછળના છોડ કે મોલ સુકાઈ જાય? નહીં ને? કારણ કે પાણી ગમે ત્યાંથી જગ્યા કરીને વહેવાનું ચાલુ રાખશે અને છોડવાને સુકાવા નહીં દે. આવું જ હૃદયમાં ચાલતા લોહીના સરક્યુલેશનનું છે. જે જગ્યાએ બ્લૉક હોય તેની આજુબાજુમાં જેને ડૉક્ટરો 'કોલેટરલ' કહે છે તેવી અસંખ્ય નાની ધમનીઓ હોય છે. આવી નાની નાની અસંખ્ય ધમની દ્વારા બ્લૉકના પાછળના હૃદયના ભાગને લોહી મળતું રહે છે. આવી વ્યવસ્થા મેં કે અન્ય કોઈ ડૉક્ટરે નહીં પરંતુ ભગવાને કરેલ છે. આવાં કોલેટરલ કે આવી વ્યવસ્થા ન હોત તો સો ટકા બ્લૉકવાળો ક્યારનોય ઊકલી ગયો હોય. આખી વાતનો મતલબ શો? એક જ કે ગમે તેટલી નળી બ્લૉક હોય, ગમે તેટલા ટકા બ્લૉક હોય, પરંતુ જો તમોને ચાલવાથી છાતીમાં દુખાતું ન હોય કે શ્વાસ ચડી પરસેવો કે ગભરામણ ન થતી હોય તો બાયપાસ કરવાની જરૂર નથી, નથી અને નથી જ. ધનુષ બાણની પણછ જોઈ છે? કેટલાક લોકોના મન ધનુષની પણછની જેમ હંમેશાં ખેંચાયેલાં કે તણાયેલાં હોય છે. આવા લોકો એન્જિયોગ્રાફીની પાછળ પડી જતા હોય છે અને મનમાંથી બાયપાસનું ભૂત નીકળતું નથી. ડૉક્ટરોને બ્લૉક થવાનાં કારણો તથા ઉપાયોની જાણ હોય છે છતાં ડૉક્ટરો પોતાની નળીમાં થતા બ્લૉકને અટકાવી શકતા નથી! આનાં ઘણાં કારણો હોઈ શકે. ઘણાને અકસ્માત થયા બાદ માથામાં ઈજા થતા મગજમાં હેમરેજ થાય છે અને મગજમાં વહેતા પ્રવાહીના પ્રવાહમાં રુકાવટ આવતાં મગજમાં પ્રેશર વધી જાય છે અને માથું મોટું થઈ જાય છે જેને ડૉક્ટરો હાઈડ્રોસેફેલસ કહે છે. ઘણા બાળકોને જન્મજાત મગજની તકલીફ કે મગજમાં સરક્યુલેશનમાં બ્લૉક હોય તો મગજમાં પાણીનો ભરાવો થાય છે અને માથું મોટું થાય છે કે હાઈડ્રોસેફેલસ થાય છે. આવી તકલીફ હોય ત્યારે મગજમાં નળી કે સ્ટેન્ટ મૂકી મગજમાં પાણીને બાયપાસ કરી ગળામાં આવેલી મોટી વેઈન્સમાં ડાયવર્ટ કરવું પડે કે ડાયવર્ઝન કરી મગજનું દબાણ ઓછું કરવું પડે. ઘણાને પિત્તની કોથળી કે ગૉલ બ્લેડરમાંથી પિત્ત લઈ જતી નળીમાં પથરી કે કેન્સરના કારણે બ્લૉક કે રુકાવટ થતાં કમળો થાય છે. આવો કમળો ઓછો કરવા પિત્તની નળી કે બાઈલ ડક્ટના બ્લૉકને સ્ટેન્ટ નાખી, બાયપાસ કરી પિત્તને હોજરી કે આંતરડામાં ડાયવર્ટ કરવું પડે છે જેનાથી પિત્ત લોહીમાં ન ભળતાં આંતરડા મારફતે મળમાં વહી જાય છે.

આ છે શરીરમાં કરવામાં આવતા ડાયવર્ઝનની વાત. પણ તેમાં કેટલી તકલીફ પડે તે તમો સમજી શકો છો. પરંતુ કુદરતી ખામી સિવાય અકુદરતી રીતે આવી પરિસ્થિતિ પેદા થવામાં આપણે જ કારણભૂત હોઈએ છીએ. જો આપણે આપણો ખોરાક કુદરતી રાખીએ, કુદરતના નિયમોનું પાલન કરીએ, આહાર-વિહારમાં કાળજી રાખીએ તો કોઈ દિવસ ડાયવર્ઝનની જરૂર પડે નહીં. તો તે માટે કાળજી રાખો તે જ આપણા સૌ માટે જરૂરી છે.

***સૌજન્ય : "પંગુમિત્ર"***

*આપણે તો એટલામાં રાજી*
*આખાએ જંગલમાં રોજ રોજ ફૂટે છે*
*ક્યાંક એક કૂંપળ તો તાજી*
*આપણે તો એટલામાં રાજી.*

***– રમણીક સોમેશ્વર***
***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# શેરડી - દાડમનો રસ : આરોગ્યનો ખજાનો

ભારતના જ નહીં, રોમના પાદરીઓ અને નાગરિકો પણ ફળો અને કુદરતી છોડનું મૂલ્ય જાણતા હતા. તે લોકો અનાજ બહુ ઓછું ખાતા. ૮૦ થી ૮૫ ટકા આહાર ફળો-શાકભાજીનો રાખતા. અત્રે આજે શેરડીના અને દાડમ વગેરેના રસમાં જે પોષણદાયક તત્ત્વો અને રોગપ્રતિકારશક્તિ ધરાવે છે તેની વાત કરવી છે. મેડમ ડૉ. સુસાન ઈ. ચારમાઈનનું નામનું પસ્તકમાં જે વાત કરી છે તેની વાત કરવી છે. ડૉ. સુસાને કહ્યું છે કે પાઈનેપલ, દાડમ, દ્રાક્ષ કે શેરડીના રસની કેલરી જુઓ તો તે આંકડાની દૃષ્ટિએ ૮૦૦ થી ૯૦૦ કેલરી છે. પણ એટલી કેલરી મેળવવા તમારે દોઢ લિટર દૂધ, ૧ ડઝન ઈંડાં, ૩ રતલ બટાકા અને ૬૫૦ ગ્રામ માંસ ખાવું પડે! મોસંબી-સંતરાના જ્યુસમાં ૪૦૦ કેલરી છે. વહેલી સવારે સૂર્યોદય પછી ખાલી પેટે તમે શેરડી, ગાજર કે મોસંબીનો રસ પીઓ તે માત્ર પંદર જ મિનિટમાં તમારી પાચન પ્રણાલી દ્વારા તમારા લોહીમાં પોષકતત્ત્વ તરીકે ભળી જાય છે. તમારી ગ્રંથિઓ, બીજા શરીરના ભાગો અને તમામ કોષો પોતપોતાની જરૂરિયાત આ રસમાંથી મેળવી લે છે. આ બધું જાણવા છતાં (ફળના રસનું મહત્ત્વ જાણવા છતાં) ઘણા ગુજરાતી સાહિત્યકારો, ગામડે વસેલા ફિલોસોફરો અરે! ભલભલા નોબેલ પ્રાઈઝ વિનરો શરીર અને આહારની બાબતમાં નિષ્કાળજી અને ખાસ કરીને રોજિંદા આહારની બેકાળજીને કારણે ચામડીનાં દર્દી, ડાયાબિટીસ, હાર્ટએર્ટક અને ખાસ તો એલોપથીની ખતરનાક દવા જે લાંબી માંદગીમાં જિવાડીને સબડાવે છે તેવા ૧૦-૧૦ વર્ષ ખાટલાવશ રહીને જીવનારા બુદ્ધિમંતો વધ્યા છે. ખરેખર આપણે કેટલા નુગરા છીએ કે કુદરતે માનવને માસ્ટરપીસ ઓર્ગેનિઝમ શરીર આપ્યું છે. માનવીની જે આંતરિક રચના છે તે કોમ્પ્લિકેટેડમાં કોમ્પ્લિકેટેડ છે. આવી જીવતી ફેક્ટરી કોઈ બનાવી શકતું નથી અને જ્યારે તમે બજારમાં ઊભા ઊભા ભેળપુરી, પાણીપૂરી અને જંક ફૂડ ખાઓ ત્યારે ખ્યાલ રાખજો કે તમે ગમે તેટલા ભણેલા હો પણ અજ્ઞાન છો. આ શરીરને કમ્પલીટ બનાવવામાં કુદરતને ૧૫૦ કરોડવર્ષ લાગ્યાં છે. સાથોસાથ આપણા વન્ડરફુલ શરીરને પોષવા કુદરતે પ્રથમ ફળફૂલમાં ઝાડ અને પછી ખેતી આપી. ડૉ. એ.ટી. હોવાનેસિયન પુસ્તકમાં લખે છે કે માનવી રાંધતા શીખ્યો અને પછી મોડર્ન યુવતી રસોડામાં આવીને સ્વાદુ થવા માંડી ત્યારથી કઠણાઈ બેઠી છે, રોગો વધ્યા છે. ઠેર ઠેર સસ્તેથી મળે છે એટલે શેરડીના રસની આપણને વેલ્યુ નથી અને દાડમ થોડાં મોંઘાં મળે છે તેથી કંજૂસાઈ કરીએ છીએ. પણ પ્રથમ દાડમને લઈએ તો સમાચાર આવ્યા છે કે સવારે નરણેકોઠે દાડમના દાણા ખાવાથી કે રસ પીવાથી કેન્સર સામે ઢાલ ઊભી થાય છે. ખાસ તો પ્રોસ્ટેટ કેન્સર, સ્કીન કેન્સર અને સ્ત્રીઓને સ્તનનું કેન્સર થતું નથી. વાચક એટલા અજ્ઞાન નથી કે એ વાત ન સમજે કે દાડમનો રસ એકલો કંઈ કરતો નથી. સાથે આહારમાં પણ સાત્ત્વિકતા રાખીને જંકફૂડ કે કોલાનાં પીણાથી દૂર રહેવું જોઈએ. અરે! અમેરિકાની ક્રેઈઝ વેસ્ટર્ન - રિઝર્વ યુનિ. ના વિજ્ઞાનીઓ કહે છે કે, આર્થરાઈટિસમાં દાડમના રસથી ફાયદો થાય છે. કહે છે કે હૃદય અને રક્તનળીઓને દાડમ તંદુરસ્ત રાખે છે. નેશનલ જ્યોગ્રાફિક જેવું મેગેઝિન કહે છે કે દાડમ ખાઓ તો તે દિવસની સાકરની જરૂરિયાતને સંતોષે છે. મેગેઝિને ગયા વર્ષના સપ્ટેમ્બરના અંકમાં દાડમને ફ્રૂટનો રાજા કહેલો. આપણે તેથી કેરીને ફ્રૂટનો શહેનશાહ કહેવી પડે. રાજા લૂઈ ૧૪માએ તેના પેલેસની આજુબાજુ ફળફૂલોના બગીચા ઊભા કરેલા. તેમાં તેણે દાડમના છોડ, શેરડીના છોડ અને ૯૦૦ જાતનાં ફ્રૂટ અને શાકભાજીના છોડ ઉગાડેલા. આજે પણ લોકશાહીના પ્રમુખો પેલેસનાં ફળફૂલના ૪૫૦ છોડને પોષે છે. આપણે મૂળ વાત શેરડીના સુલભ અને સસ્તા છતાં પોષક રસની વાત કરવાની છે. વચ્ચે એક વાત કહી દઉં. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમાર સિંહજી દાડમના શોખીન હતા.

મહારાષ્ટ્રના તમામ શાસકો દાડમની ખેતીને પ્રોત્સાહન આપતા. નરેન્દ્ર મોદીએ આ દિશામાં ધ્યાન આપવું જોઈએ. ગુજરાત-સૌરાષ્ટ્ર અને ખાસ તો ભાવનગરમાં દાડમની ખેતી મરવા પડી છે. મહારાષ્ટ્રમાં ૧ લાખ એકરમાં દાડમ થાય છે. શેરડીનો રસ તો શ્રેષ્ઠ છે, પણ બજારના સંચા જ્યાં સ્વચ્છ હોય તે રસ પીવા જેવો છે. ડાયાબિટીસવાળા પણ શેરડીનો રસ પી શકે છે. તેણે બીજા આહારમાં ચુસ્તી રાખવી જોઈએ. બ્રાઝિલિયનો બુદ્ધિશાળી છે. ત્યાં શેરડીના રસને કાલ્ડોદંકાના કહે છે. પાઇનેપલ કે લીંબુ સાથે મેળવીને મહેમાનોને શેરડીનો રસ પિરસાય છે. વિયેતનામી સૈનિકો અમેરિકા સામે લડતા ત્યારે જંગલમાં તેમને પ્લાસ્ટિકની થેલીમાં શેરડીનો રસ પહોંચાડાતો. ઝાંઝીબારમાં શેરડીના રસમાં આદુ નાખે છે. હોંગકોંગમાં શેરડીનો રસ લોકપ્રિય છે. ત્યાં તો હવે બોટલ સુગરકેન જ્યુસ મળે છે. શેરડીના રસના ફાયદા ગણાવવા પડે તેટલા તમે અજ્ઞાન નથી. આ ઉનાળામાં રોજ પેટ ઊણું હોય ત્યારે શેરડીનો રસ પીજો. તેનો સૌથી મોટો ફાયદો કિડનીને થશે. પ્રોસ્ટેટના કેન્સર વખતે શેરડી અને દાડમના રસ ઉપર રહી શકાય છે. અમદાવાદ મુંબઈની સોસાયટીઓએ પોતાના સ્વચ્છ શેરડીના સંચા વસાવવા જોઈએ.

***સૌજન્ય : "પંગુમિત્ર"***

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

## BP માટેની ૨૦૧ ટિપ્સ
# બ્લડપ્રેશર કન્ટ્રોલ માટેની અક્સીર ગાઇડ

• ડૉ. બિમલ છાજેર, M.D. •

મેડિકલ ભાષામાં હાઈ બ્લડપ્રેશરને 'હાઈપરટેન્શન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ હાઈપર ટેન્શન, ધીમે ધીમે આવતા મોતથી કમ નથી. વર્તમાન સમયમાં, ભારતમાં લગભગ ૫ કરોડ દર્દીઓ હાઈપર ટેન્શનથી પીડાય છે. **120/80 mm Hg**થી **150/100 mm Hg**નો વધારો આપણા સહુના આયુષ્યને ૧૧.૫ વર્ષ જેટલું ઘટાડે છે.

હાઈપરટેન્શનના કારણે લકવાનું જોખમ ૨૦% જેટલું વધી જાય છે. તેનાથી કોરોનરી ધમનીના રોગોનું જોખમ ૧૫% જેટલું વધી જાય છે. હાઈપરટેન્શન માટે જવાબદાર કારણોની જાણકારી મેળવવી ખૂબ જરૂરી છે. હાઈબ્લડપ્રેશર કે હાઈપરટેન્શન માટે નીચેનાં કારણો જવાબદાર છે :

(૧) ખાવાપીવાની ખોટી આદતો.

(૨) મીઠાયુક્ત ખોરાક.

(૩) કેલ્શિયમ અને પોટેશિયમ ઓછી માત્રામાં લેવાં.

(૪) વધુ વજન.

આ બધાં કારણોને લઈને વ્યક્તિનું લોહીનું દબાણ વધી જાય છે. આમ, લોહીનું દબાણ વધવાના રોગને હાઈપરટેન્શન તરીકે ઓળખવામાં આવે છે. જો હાઈપરટેન્શનનો દર્દી ધૂમ્રપાન કરતો હોય તો તેના માટે હૃદયરોગનું જોખમ ખૂબ વધી જાય છે. એવું પણ માનવામાં આવે છે કે હાઈપરટેન્શન માટે તણાવ ખૂબ જ મહત્ત્વનું કારણ છે. હાઈપરટેન્શન માટે તણાવ ૫૦% જવાબદાર હોવાનું માનવામાં આવે છે. આ રોગના કારણે દર્દીનું મોત પણ થઈ શકે છે. તેમાં લકવો થવાનું જોખમ પણ રહેલું છે. વળી, મગજ ક્ષતિગ્રસ્ત થઈ યાદદાસ્ત ચાલી જવાની પણ ભારોભાર શક્યતા રહેલી છે. આંખોમાંથી લોહી આવે અને દર્દી આંધળો થઈ જાય તેમ પણ બની શકે છે.

આ રોગનાં કોઈ લક્ષણો સામે નથી આવતાં. ડૉક્ટર તપાસ કરતા હોય તે દરમિયાન જ તેમને હાઈપરટેન્શન અંગે ખબર પડી જાય છે. મોટાભાગના કિસ્સામાં એવું બને છે કે દર્દી દર્દ વિશે જાણ્યા બાદ પણ તેની સારવાર કે ઈલાજ કરાવતો નથી. હાઈપરટેન્શનના ૫૦% તો સારવાર પણ કરાવતા નથી. જેઓ સારવાર કરાવે છે તેમાંના ૫૦% પૂર્ણ સારવાર કરાવતા નથી.

એક સારી બાબત એ છે કે લોહીના ઊંચા દબાણને વિના અડચણે થોડી જ સેકંડોમાં માપી શકાય છે. તેને માપવાનું ઉપકરણ પણ બહુ મોંઘું નથી. અનુભવી વ્યક્તિના માર્ગદર્શનથી તેનો કઈ રીતે ઉપયોગ કરવો તે શીખી શકાય છે.

હાઈપર ટેન્શનના દર્દી પોતાની જીવનશૈલીમાં થોડું પરિવર્તન લાવે તો ૬૦% સાજા થવાની શક્યતા રહેલી છે. બાકીના ૪૦% માટે જે તે દર્દીએ નિયમિત દવા લેવી પડે છે.

વર્તમાન યુગ તણાવભર્યો છે. આપણે જે સમયમાં જીવી રહ્યા છીએ તેમાં પ્રત્યેક વ્યક્તિ તણાવનો શિકાર બની ચૂકી છે. આ તણાવગ્રસ્ત સમયમાં યુવાવયનાં સ્ત્રી-પુરુષ પણ ઝપટમાં આવી ગયાં છે. હા, એટલું ખરું કે આજે લગભગ દરેક વ્યક્તિ આરામદાયક જીવન જીવે છે. પરંતુ તેની સમાંતરે તે અત્યંત દબાણનો પણ અનુભવ કરી રહી છે.

ખરી રીતે તો જે વ્યક્તિની વય ૨૫ વર્ષ કરતાં વધારે છે તેવી દરેક વ્યક્તિએ નિયમિત રીતે લોહીના દબાણની તપાસ કરાવવી જોઈએ. ધ્યાનમાં રહે કે લોહીનું દબાણ ૧૨૦/૮૦ mm Hgથી વધુ થવું જોઈએ નહીં. જો ત્રણ વખત તપાસ કરાવ્યા પછી પરિણામ ૧૩૦/૮૫ mm Hg થી વધુ આવે તો સારવાર માટે ડૉક્ટરનો સંપર્ક કરવો.

હું વિશેષ રીતે દવાઓ વિનાની સારવાર ઉપર વધુ ભાર મૂકું છું કે જેથી કરીને દર્દીએ લાંબા સમયગાળા સુધી દવા ઉપર નિર્ભર રહેવું ન પડે.

તણાવ પર કાબૂ મેળવવાની વાત પણ અત્યંત મહત્ત્વની છે. જો કે એ માટે જે તે વ્યક્તિએ પોતાની જીવનશૈલીમાં પરિવર્તન લાવવું રહ્યું. વ્યક્તિએ આહારવિહાર બાબતે પણ અત્યંત કાળજી રાખવી જોઈએ. યોગ અને કસરત દ્વારા સંયમપૂર્વકનું જીવન જીવવાની ટેવ કેળવવી જોઈએ. વજન ઘટાડવામાં પણ યોગ અને કસરતનો ખૂબ જ મોટો ફાળો હોઈ તેને પ્રાધાન્ય આપવાનું ચૂકવું જોઈએ નહીં. મતલબ કે વજન ઘટાડવા માટે પણ યોગ અને કસરત કરવાં જોઈએ.

હાઈપરટેન્શનના દર્દીઓને કેમ પૂરતી સારવાર મળી શકતી નથી? એવો સવાલ કોઈને થાય તો તેનો જવાબ એ છે કે હૃદયરોગના વિશેષજ્ઞો મોટાભાગે બાયપાસ સર્જરી, એન્જિયોપ્લાસ્ટી અને હૃદયરોગના દર્દીઓ ઉપર વધુ ધ્યાન આપે છે. તેના કારણે હાઈપરટેન્શનના દર્દીઓને પૂરતી સારવાર મળી શકતી નથી. તેઓ માત્ર દવા પર નિર્ભર રહેતા હોય છે!

મારા પુસ્તકમાં હાઈપરટેન્શન અને તેના દર્દ વિશેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. હાઈપરટેન્શનના દર્દીઓ પુસ્તકથી જરૂરી માર્ગદર્શન અને જાણકારી મેળવી શકે છે.

***(ડૉ. બિમલ છાજેર, M.D. ની અનુભવી કલમે લખાયેલું આ પુસ્તક "BP માટેની ૨૦૧ ટિપ્સ" તમારા પરિવાર માટે 'બ્લડપ્રેશર ગીતા' બની રહેશે તેની ગેરંટી છે. મિત્રોમાં વહેંચવા જેવું પુસ્તક આજે જ વસાવો.***

***મૂલ્ય : રૂ. ૧૫૦/–)***

***'અમને મળ્યો નહીં રજૂઆતનો સમય***
***નહીં તો મજાનો હોત મુલાકાતનો સમય.'***

***– ઘાયલ***

***સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

વિભૂતિ વંદના

# શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી

• મ. જો. પટેલ •

*બાળપણમાં દાઈ રંભાએ આપેલા રામનામના મંત્રથી શરૂ થયેલી ધાર્મિક સફર આગળ જતાં મોહનદાસને ઘણા ધર્મો અને અનેક ધર્મગુરુઓના પરિચયમાં લઈ આવી. પરિણામે શક્ય એટલા ધર્મગ્રંથોનો અભ્યાસ અને વ્યાપકપણે સામાજિક ઉન્નતિનું દર્શન કરી શકતા વિચારકોનો પરિચય તેમને થયો પણ આ બધામાં ધર્મ વિશેની સમજમાં તેમના પર સૌથી વધુ પ્રભાવ છોડી ગયા શ્રીમદ્ રાજચંદ્ર. ઇંગ્લેન્ડમાં અભ્યાસ દરમ્યાનથી દક્ષિણ આફ્રિકામાં વકીલાત દરમ્યાન, વિવિધ તબક્કે વિવિધ ધર્મીઓ દ્વારા પોતાના ધર્મ તરફ ખેંચતાણ સમયે મનોમંથન અનુભવતા એમ.કે. ગાંધી શ્રીમદ્ રાજચંદ્ર સાથેની મુલાકાત અને પત્રવ્યવહારના કારણે સ્વધર્મમાં જ સ્થિર રહી શક્યા. કોઈ ચોક્કસ ધર્માચરણને બદલે આત્મપરીક્ષણ અને આત્મશુદ્ધિનો શ્રીમદ્ રાજચંદ્રનો માર્ગ બારિસ્ટર એમ. કે. ગાંધીને પ્રભાવિત કરી ગયો અને શ્રીમદ્ રાજચંદ્રને 'એમના જમાનાના હિંદના સર્વશ્રેષ્ઠ પુરુષ' ગણાવી ગયો, એવા શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીના આધ્યાત્મિક સંબંધનાં વિવિધ પાસાં 'ગાંધીજીનું ધર્મદર્શન' માંથી...*

મોહનદાસને શ્રીમદ્ રાજચંદ્રનો પ્રથમ પરિચય ઈ.સ. ૧૮૯૧ ના જુલાઈ માસમાં વિલાયતથી આવતાં મુંબઈમાં થયો. હાઈકોર્ટનો અનુભવ લેવા અને વકીલાત મેળવવા જ્યારે તે મુંબઈમાં રહ્યા ત્યારે એમને શ્રીમદ્‌ના નિકટ સહવાસમાં આવવાનું થયું. શ્રીમદ્‌નું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર્ય અને આત્મદર્શન કરવાની એમની ભારે ધગશ જોઈને મોહનદાસ ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે લખ્યું છે :

> *"ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી છે તે બીજા કોઈ નથી પાડી શક્યા."*

દક્ષિણ આફ્રિકાની જેલમાંથી શ્રી પોલાકને લખેલા એક પત્રમાં શ્રીમદ્‌ને ગાંધીજીએ 'પોતાના યુગના સર્વશ્રેષ્ઠ ભારતીય' તરીકે ઓળખાવ્યા છે.

શ્રીમદ્ કવિ અને શતાવધાની હતા. તેઓ મુંબઈમાં હીરામોતીના વેપારી હતા. કવિ શામળે પોતાના એક છપ્પામાં વેપારીનાં લક્ષણોને, સાધુનાં લક્ષણો સાથે સરખાવ્યાં છે. વણિક સાધુ શ્રીમદ્‌ના જીવનમાં નાનપણથી જ એ લક્ષણો મૂર્તિમંત થયાં હતાં. એક પ્રચલિત ખ્યાલ છે કે, નીતિ-ધર્મ આચરીને સફળતાપૂર્વક વેપારધંધો ચલાવી શકાય જ નહીં. શ્રીમદે આ ભ્રમને પોતાના જીવનના ઉદાહરણથી ખોટો પાડ્યો અને બતાવી આપ્યું કે, ધંધામાં સફળ થવું અને સાથે સાથે આત્મોન્નતિ સાધવી એ અશક્ય નથી. તેઓ કહેતા :

> *"ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઈએ. ધર્મ એ કંઈ એકાદશીને દહાડે જ, પજુસણમાં જ, ઈદને દહાડે કે રવિવારે જ પાળવાનો અથવા તો મંદિરોમાં, દેરાંઓમાં, દેવળોમાં ને મસ્જિદોમાં જ પાળવાનો, દુકાનમાં કે દરબારમાં નહીં, એવો કોઈ નિયમ નથી. એટલું જ નહીં, પણ એમ કહેવું એ ધર્મને ન ઓળખવા બરાબર છે."*

એવી જ એક બીજી માન્યતા એ છે કે, ધાર્મિક માણસો તો એવા ભોળા હોય કે તેમને બધા છેતરે. તેમને દુનિયાની બાબતોની કશી ખબર ન પડે. આ વહેમને પણ શ્રીમદે ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. તેમનામાં ધર્મપરાયણતા અને વ્યવહારકુશળતાનો સુસંગમ થયો હતો. તેઓ પોતાના વેપારમાં પૂરી હોશિયારી અને કાળજી બતાવતા, હીરામોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા. વેપારમાં 'ચાલાકી' ચલાવવાનું એમને માટે અશક્ય હતું, પણ એમની સાથે કોઈ 'ચાલાકી' રમવા કે એમને છેતરવા આવતું તો તરત તેઓ કળી જતા. અને એવા જૂઠા ને છેતરપિંડીભર્યા વ્યવહારથી એમને અસહ્ય વેદના થતી. તેઓ ઘણી વાર કહેતા, "ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું, પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે અધર્મ વર્તી રહ્યો છે, તેની બરછી સહન થઈ શકતી નથી."

શ્રીમદ્‌નું એવું માનવું હતું કે જેને પૂર્ણ જ્ઞાન થયું છે તેને છેતરી શકાય નહીં. સંસાર-વ્યવહારમાં પડેલો માણસ નીતિવાન છતાં ભોળો કે મૂર્ખ હોઈ શકે, પણ મુમુક્ષુમાં તો નીતિ અને અનુભવજ્ઞાનનો પૂરેપૂરો સુસંગમ હોવો જોઈએ. સત્ય અને અહિંસાની હસ્તીમાં જેમ અસત્ય કે હિંસા નભી શકે નહીં; પ્રેમની સામે વેરભાવ ટકી શકે નહી; તેમ જેને અનુભવજ્ઞાન થયું છે, તેવા માણસ પાસે પાખંડ કે છેતરપિંડી નભી જ ન શકે. ધાર્મિક અને જ્ઞાની માણસ તો કપટીને જુએ કે તરત એને ઓળખી લે ને એનું હૃદય એના પ્રત્યે દયાથી ભીનું થઈ જાય.

શ્રીમદ્ લાખોનો વેપાર ખેડતા છતાં ધંધાની ચિંતાથી એમનું મન કદાપિ ઘેરાયેલું રહેતું નહીં. મન ધંધામાં રોકાયેલું હોય ત્યારે પણ એમનું ચિત્ત તો 'પરમ'ની ખોજમાં ડૂબેલું રહેતું. તેઓ પોતાની પાસે કોઈને કોઈ ધર્મગ્રંથ અને રોજનીશી અવશ્ય રાખતા. વેપારની વાત પૂરી થાય કે તરત કાં તો ધર્મપુસ્તક ઉઘાડીને વાંચતા કે કાં તો પોતાના આધ્યાત્મિક ચિંતનને રોજનીશીમાં ટપકાવતા. પોતે ગમે તેટલા કામમાં હોય છતાં આધ્યાત્મિક મદદ અર્થે એમની પાસે આવનારને કદી પાછો કાઢતા નહીં.

તેઓ સારી પેઠે ચર્ચા કરતા; પણ તે કેવળ ચર્ચા ખાતર કે દલીલથી કોઈને માત

કરવા ખાતર હરગિજ નહીં. લોકો જોડે બેસી નિરર્થક કે નિંદાની વાતો કરવાનું એમનાથી બનતું જ નહીં. જેને જીવનને ઉન્નત કરવાની તાલાવેલી જાગી છે, આત્માની ઓળખ કરવાની જેને તીવ્ર ઝંખના થઈ રહી છે, એવા જિજ્ઞાસુઓ જોડે જ તેઓ વાતો કરતા. એમના પ્રત્યેક શબ્દમાં સમત્વ, સચ્ચાઈ ને પ્રામાણિકતાનો પડઘો પડતો અને તે સામાના ચિત્ત પર પરિવર્તનકારી અસર ઉપજાવતો.

શ્રીમદ્ ઘણું લખ્યું છે, પણ કશું લખવા ખાતર લખ્યું નથી. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, "તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે, તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું."

જીવનની નાની કે મોટી પ્રત્યેક પ્રવૃત્તિ મનુષ્યને આત્મસંયમ અને આત્મદર્શન તરફ દોરી જનારી હોવી જોઈએ એવું શ્રીમદ્નું સ્પષ્ટ મંતવ્ય હતું. તેથી જ, પોતે અવધાનશક્તિ, તીવ્ર સ્મરણશક્તિ અને બીજી ચમત્કારી શક્તિઓ ધરાવતા હોવા છતાં, જ્યારે એ શક્તિઓના પ્રયોગો આત્મોન્નતિમાં બાધક જણાયા, ત્યારે તેમણે એ એકદમ બંધ કરી દીધા. પંડિત સુખલાલજીએ યોગ્ય જ કહ્યું છે કે :

> *"એટલી અદ્ભુત અવધાનશક્તિ કે જેના દ્વારા હજારો અને લાખો લોકોને ક્ષણમાત્રમાં આંજી દઈ અનુગામી બનાવી શકાય, અસાધારણ પ્રતિષ્ઠા અને અર્થલાભ સાધી શકાય. તે હોવા છતાં, તેનો પ્રયોગ યોગવિભૂતિઓની પેઠે ત્યાજ્ય ગણી, તેનો ઉપયોગ અંતર્મુખ કાર્ય ભણી કર્યો, જે બીજા કોઈ સાધારણ માણસથી થવું શક્ય નથી. આમાં શ્રીમદ્ની મહત્તા છે."*

શ્રીમદ્નું ધર્મજ્ઞાન બહુ વ્યાપક હતું. પોતે જૈન હોઈ જૈન શાસ્ત્રોનો એમણે સારો અભ્યાસ કર્યો હતો. ઉપરાંત વેદાંત, ભાગવત, પુરાણ અને ગીતાનું પણ કાળજીપૂર્વક અધ્યયન કર્યું હતું. કુરાન, ઝંદાવસ્તા ને બાઈબલનું વાચન એમણે અનુવાદો મારફતે કરી લીધું હતું. જૈન ધર્મ પ્રત્યે પક્ષપાત હોવા છતાં અન્ય ધર્મો તરફ એમને જરાયે અનાદર નહોતો. મોક્ષ માટે પોતાનો ધર્મ છોડી અન્ય ધર્મને અવલંબવાની વાતને તેઓ નકારતા. એમનો સમગ્ર ભાર, અમુકતમુક ધર્મના વાડામાં પુરાવા કરતાં આત્મપરીક્ષણ અને આત્મશુદ્ધિ દ્વારા મોક્ષ સિદ્ધ કરવા પર હતો. તેથી ધર્મના બાહ્ય ક્લેવરની પૂજામાં કે ધર્મના સ્થૂળ ક્રિયાકાંડો વિશે એમને આકર્ષણ નહોતું. ધર્મના બાહ્ય સ્વરૂપની વધારે પડતી આરાધનામાં જ ધર્મનાં મૂળભૂત તત્ત્વો ભુલાઈ ગયાં છે, એવું તેમનું માનવું હતું. તેઓ કહેતા, "જૈન ધર્મ જો શ્રાવકોના હાથમાં ન ગયો હોત, તો તેનાં તત્ત્વો જોઈને જગત ચકિત થાત. વાણિયાઓ તો જૈન ધર્મને વગોવી રહ્યા છે. તેઓ કીડિયારાં પૂરે છે. બટેટું મોંમાં જાય તો તેમને દુઃખ થાય છે. એવા ઝીણા ઝીણા ધર્મ તેઓ પાળે છે. તેમની એ ઝીણવટ તેમને મુબારક હો, પણ જે એમ જાણે છે કે, એમાં જ જૈન ધર્મની પરિસીમા છે તેઓ તો ધર્મની નીચામાં નીચી શ્રેણીએ જ છે. એટલો ધર્મ તો પતિતનો છે, એ ધર્મ પુણ્યવાનનો નથી."

શ્રીમદ્ રાજચંદ્રની પરમ વૈરાગ્યવૃત્તિ, મોક્ષ માટેનો એમનો તીવ્ર તલસાટ, જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને આત્મશુદ્ધિના સાધન રૂપે ઘટાવવાની એમની દૃષ્ટિ, ધર્મપરાયણતા અને વ્યવહારકુશળતાનો સુસંગમ, નિરંતર આત્મપરીક્ષણ કરતા રહેવાની એમની આદત, સમાજમાં ચાલતાં અસત્ય અને પાખંડ જોઈને એમને થતી તીવ્ર વેદના, સ્વધર્મને વળગી રહેવા છતાં અન્ય ધર્મો વિશેની એમની આદરવૃત્તિ, ધર્મના બાહ્ય સ્વરૂપને બદલે આંતરસ્વરૂપને વિશેનો એમનો અનુરાગ — આ એમના જીવનનાં ઉમદા લક્ષણોને 'મહાત્મા ગાંધી' ના વ્યક્તિત્વના સંદર્ભમાં જ્યારે આપણે વિચારીએ છીએ ત્યારે, "મારા જીવનમાં શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે." તથા 'મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી.' એ ગાંધીજીનાં કથનો કેટલાં યથાર્થ છે તેની પ્રતીતિ આપણને થયા વગર રહેતી નથી. શ્રીમદ્ના નિકટ સંસર્ગથી મોહનદાસને એમને વિશે એવો તો ભક્તિભાવ બંધાયો હતો કે એક પ્રસંગે એમને પોતાના ગુરુ બનાવવાની એમની ઈચ્છા થઈ આવેલી. તેમ છતાં શ્રીમદ્ને એ પોતાના ગુરુપદે સ્થાપી શક્યા નહોતા એ હકીકત છે. ગુરુ વિશેના એમના ખ્યાલો પરંપરીણ કરતાં જુદા હતા. તેઓ કહેતા : 'મને તો પૂર્ણ પુરુષ વિના સંતોષ થાય એમ નથી. હું તો એવા ગુરુની શોધમાં છું, કે જે દેહવાળા હોવા છતાં નિત્ય અવ્યય, નિર્વિકાર અને નિર્દ્વંદ્વ હોય, જે મૂર્તિમંત સત્ય અને અહિંસા હોય અને એટલા કારણે જેનાથી લોકોને ઉદ્વેગ ન હોય અને જેને લોકથી કશો ઉદ્વેગ ન હોય." શ્રીમદ્માં પોતાની આ કલ્પનાના ગુરુનાં દર્શન મોહનદાસને થયાં નહીં. ઊલટું, શ્રીમદ્ની રહેણીકરણીની આદરપૂર્વક પણ ઝીણવટભરી તપાસને અંતે એમનામાં એમને કેટલીક ત્રુટીઓ જણાઈ. શ્રીમદ્ના કેટલાક વિચારો સાથે સંમત થવા પણ એમનું અંતર ના પાડતું હતું. દા.ત. શ્રીમદ્ ધંધાના સમયે ધર્મપુસ્તકોનું અધ્યયન અને જિજ્ઞાસુઓ સાથે ધર્મચર્ચા કરતા એ એમને માન્ય નહોતું. તેઓ તો એક જ વખતે એક જ કામ, એ સોનેરી સૂત્રમાં માનતા હતા. શતાવધાનીએ પણ લોકસંગ્રહની દૃષ્ટિએ એકીસાથે બે કામની ભેળસેળ નહીં કરવી જોઈએ એવું એમનું સ્પષ્ટ મંતવ્ય હતું.

શ્રીમદ્ને રૂઢિગત જ્ઞાતિભેદનાં બંધનો સ્વીકાર્ય હતાં. તેથી ઊતરતી જ્ઞાતિઓ સાથે ખાનપાનની મર્યાદાઓ પાળવી જોઈએ એમ તે માનતા. પરંતુ 'નીચલી વર્ણના લોકો પણ સ્વચ્છતાના બધા નિયમો યોગ્ય રીતે પાળે અને રૂઢિચુસ્ત લોકોની જેમ નિષિદ્ધ ખોરાક કે પીણું ન લે તો એવા માણસો સાથે ભોજન લેવામાં શો વાંધો હોઈ શકે?' આવો સવાલ જ્યારે મોહનદાસે એમને પૂછ્યો ત્યારે એમણે કહ્યું, "વગર કારણે એવી રીતિ પણ બદલાવવી ઘટતી નથી; કેમ કે તેથી પછી બીજા સમાગમવાસી, કે પ્રસંગાદિ આપણી રીતિ જોનાર, ગમે તે વર્ણનું ખાતાં બાધ નથી એવા ઉપદેશના નિમિત્તને પામે." તેથી જ મોહનદાસને એમણે ઊતરતી જ્ઞાતિઓનાં નિમંત્રણ પ્રસંગે અપક્વ ખોરાક, ફળાહાર લેવાની સલાહ આપેલી. મિતાહાર અને સંયમની દૃષ્ટિએ મોહનદાસે શ્રીમદ્ની એ સલાહ સ્વીકારી, પણ એ પછીથી 'અડશો

મા'માં જ જ્યારે એમણે ધર્મ સમાઈ જતો જોયો ત્યારે એ જ્ઞાતિભેદ સામે એમણે બંડ પોકાર્યું. એને એમને 'સામાજિક અનિષ્ટ,' 'હિંદુ ધર્મનું કલંક', અને 'કોમી સંઘર્ષોનું મૂળ' માની એના નિવારણ માટે તીવ્ર પુરુષાર્થ આદર્યો. એમણે ખાનપાનનાં બંધનોનો ત્યાગ કર્યો અને લોકોને એના ત્યાગનો ઉપદેશ આપ્યો. છેલ્લે તો લગ્નપ્રસંગે બેમાંથી એક પક્ષે હરિજન હોય તેવા લગ્નમાં જ આશીર્વાદ આપવા જવાનો એમણે નિર્ણય કરેલો.

શ્રીમદ્ રાજચંદ્ર ભારત સિવાયના દેશોને 'અનાર્યક્ષેત્ર' માનતા. તેથી મોહનદાસનો વિદેશ વસવાટ એમના આત્મવિકાસમાં અડચણકર્તા થશે એવી દહેશત સેવતા. શ્રીમદ્‌ના આ વિચારો ગાંધીજીને માન્ય નહોતા. બ્રહ્મચર્યવ્રતની બાબતમાં શ્રીમદ્‌ની અસર એમના પર સવિશેષ હોવાનું એમણે સ્વીકાર્યું છે. પરંતુ શ્રીમદે સૂચવેલી બ્રહ્મચર્ય માટેની નવવિધ વાડ એમને બિલકુલ માન્ય નહોતી. પાછળથી એમણે બ્રહ્મચર્યની એક એવી ક્રાંતિકારી ફિલસૂફી ઘડી, જેમાં બ્રહ્મચર્ય વિશેની રૂઢિચુસ્ત માન્યતાનો બહુ ઓછો અંશ હતો.

શ્રીમદ્ ૩૩ વર્ષની ઉંમરે અકાળે અવસાન પામ્યા એનું કારણ, એમણે શરીરની પૂરતી સંભાળ ન લીધી અને એની પાસેથી એમણે એની શક્તિ કરતાં વધુ કામ લીધું એ હતું. ગાંધીજીની દૃષ્ટિએ આ એમની અપૂર્ણતાની નિશાની હતી. તેઓ માનતા હતા કે જે વ્યક્તિ તમામ આસક્તિઓથી પર થઈ હોય તે પોતાની શક્તિ ઉપરવટ કામ નહીં લે. શરીરને તે ટ્રસ્ટ ગણી, ઈશ્વરનું સંપેતરું માની, એનો ઉપયોગ ઈશ્વરની ઈચ્છાના સાધન તરીકે કરશે. શ્રીમદ્‌નો વ્યાધિ એ એમની આસક્તિનું ફળ હશે એમ તેમનું માનવું હતું. તેમની દલીલ એ હતી કે, "દેહમુક્ત પુરુષને રોગાદિ હોય નહીં. નિર્વિકારી શરીરમાં રોગ સંભવતો નથી. રાગ વિના રોગ હોય નહીં. જ્યાં વિકાર ત્યાં રાગ રહેલો જ હોય; જ્યાં રાગ ત્યાં મોક્ષ સંભવે નહીં." તેથી શ્રીમદ્ પ્રત્યે અત્યંત ભક્તિભાવ રાખીને એમણે કહેલું કે, "શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા છતાં જે અપૂર્વ પદનું એમણે સુંદર વર્ણન કર્યું છે તે પામી શક્યા નહોતા."

"અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય, પણ આત્મદર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવી શકાય. ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય." ગુરુ વિશેના આ આદર્શને કારણે મોહનદાસ શ્રીમદ્‌ને પોતાના ગુરુ બનાવી શક્યા નહીં. છતાં શ્રીમદ્ જીવ્યા ત્યાં સુધી, આત્મવિકાસની યાત્રામાં મોહનદાસને એમની દોરવણી મળતી રહી. દક્ષિણ આફ્રિકામાં એક કાળે જ્યારે એમના મનમાં ધર્મમંથન જાગ્યું હતું, અને તે ખૂબ જ મૂંઝવણ અનુભવી રહ્યા હતા ત્યારે એ મંથન શમાવવામાં અને એમની મૂંઝવણ દૂર કરી હિંદુ ધર્મમાં એમની આસ્થા સ્થિર કરવામાં શ્રીમદ્ મહદંશે નિમિત્ત બન્યા હતા. એ કાળે આપણા દેશમાં બીજી અસાધારણ ધાર્મિક વ્યક્તિઓ હતી. છતાં ગાંધીજીએ શ્રીમદ્‌ને એ સૌ કરતાં ઊંચું સ્થાન આપેલું. ઈ.સ. ૧૯૦૯ના એપ્રિલની ૨૬મી તારીખે પ્રિટોરિયા જેલમાંથી શ્રી હેનરી પોલાકને લખેલા એક પત્રમાં ગાંધીજી લખે છે : "કવિશ્રીના જીવન અને એમનાં લખાણ વિશે હું જેટલો વધારે વિચાર કરું છું તેટલું મને વધારે લાગે છે કે તેઓ તેમના જમાનાના હિંદના સર્વશ્રેષ્ઠ પુરુષ હતા. ધર્મ વિશેની સમજ બાબતમાં હું એમને ખરેખર ટૉલ્સ્ટૉયથી ઘણું ઊંચું સ્થાન આપું છું. જે પુસ્તકો મેં વાંચ્યાં છે તેમાંથી મને ઘણું સાંત્વન મળે છે. એ ફરી ફરીને વાંચવાં જોઈએ."

***સૌજન્ય : નવજીવન***

*(સંનિષ્ઠ ગાંધી વિચારકનું નજરાણું. શ્રી મ.જો. પટેલનું આ વર્ષે જ અવસાન થયેલ છે.)*

## સ્ટીવ જૉબ્સ

**(અનુ. પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

ત્યારે સ્ટીવ જૉબ્સ નવીન શોધ, કલ્પનાશીલતા અને સતત સંશોધનના એક ઉત્તમ પ્રતીક તરીકે ઊપસી આવે છે. આ યુગમાં મૂલ્ય પેદા કરવા માટે કલાત્મકતા અને ટેકનોલોજીને જોડવાં પડે તે સ્ટીવ જૉબ્સ સમજે છે. તેથી જ કલ્પનાશક્તિ સાથે ઉત્તમ એન્જિનિયરિંગ જ્યાં એક સાથે ઊભા રહી શકે તેવી કંપની તેણે ઊભી કરી. Apple માં સ્ટીવ જૉબ્સ અને તેના સાથીઓ પ્રોડક્ટને બહેતર બનાવીને અટકી ગયા નથી. તેમણે તદ્દન નવી વસ્તુઓ આપી, જેના વિશે ગ્રાહકો હજી વિચારી પણ શક્યા નહોતા.

સ્ટીવ જૉબ્સ એક આદર્શ બોસ કે આદર્શ વ્યક્તિ નથી કે જેનું અનુસરણ કરી શકાય. મગજ ફરેલો જૉબ્સ તેની આસપાસ લોકોમાં ત્રાસ વર્તાવી દેતો, પરંતુ તેનું વ્યક્તિત્વ અને તેનો જોશ Appleના પ્રોડક્ટથી અલગ થઈ શકે નહીં. Appleનાં હાર્ડવેર અને સોફ્ટવેર એકબીજાં સાથે અતૂટ જોડાયેલાં હોય છે, તે રીતે સ્ટીવ જૉબ્સ અને Apple પ્રોડક્ટ્સને અલગ કરી શકાય નહીં. એ રીતે સ્ટીવ જૉબ્સનું જીવન અને કામગીરી જાણવા જેવાં છે, પણ તેમાંથી શું ન કરવું જોઈએ તે પણ જાણવું જરૂરી છે. જન્મ પછી ત્યજી દેવાયેલા સ્ટીવ જૉબ્સને તેણે સ્થાપેલી Apple કંપનીએ પણ એક વખત ત્યજી દીધો હતો, પણ તે ફરી બેઠો થઈ શક્યો, કેમ કે તે એવી વૅલીમાં ઊછર્યો હતો જ્યાં સિલિકોનને ગોલ્ડમાં (રેતીને સોનામાં) ફેરવી નાખવાની પરંપરા પેદા થઈ છે.

***(ડિજિટલ ભીષ્મ પિતામહ : 'સ્ટીવ જૉબ્સ' વિશે અને તેમની જિંદગી વિશે આપ જાણતાં ન હો તો આ પુસ્તક અચૂક વાંચો અને તમારી જિંદગીને નવી દિશા આપો.***

***મૂલ્ય : રૂા. ૩૯૯/-)***

***સૌજન્ય : "સર્જક ઉદ્‌ગાર"***

॥ क्षमा वीरस्य भूषणम् ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

## આ પુસ્તકે ફિલ્મ બનાવવાની પ્રેરણા આપી

# સ્ટીવ જોબ્સ : વોલ્ટર આઈઝેક્શન

• અનુવાદ : દિલીપ ગોહિલ •

૨૦૦૪ના ઉનાળાની શરૂઆતમાં મારા પર સ્ટીવ જૉબ્સનો ફોન આવ્યો. મને નવાઈ લાગી, કેમ કે ઘણા વખત પછી તેની સાથે વાત થઈ રહી હતી. હું Time અને CNN માં સિનિયર એડિટર હતો ત્યારથી સ્ટીવને ઓળખતો હતો. Appleની કોઈ નવી પ્રોડક્ટ લૉન્ચ કરવાની હોય ત્યારે તેનો પ્રેમ મારા પર અચાનક ઊભરાઈ જતો. તે વખતે હું એસ્પેન ઈન્સ્ટિટ્યૂટમાં જોડાઈ ગયો હતો એટલે મેં સ્ટીવને લેક્ચર આપવા આમંત્રણ આપ્યું. તેણે કહ્યું કે પોતે પછી ક્યારેક આવશે, પણ અત્યારે એક અગત્યની વાત કરવા માટે ફોન કર્યો છે. તેણે કહ્યું કે તમે મળવા આવો તો લૉન્ગ વૉક પર જઈશું અને વાત કરીશું.

મને થોડું આશ્ચર્ય થયું, કેમકે ચાલતાં ચાલતાં અગત્યની ચર્ચા કરવાની સ્ટીવ જૉબ્સની આદત વિશે મને હજી ખબર નહોતી. અમે મળ્યા ત્યારે તેણે કહ્યું કે મારે તેનું જીવનચરિત્ર લખવું જોઈએ. થોડા વખત પહેલાં જ મેં લખેલું બેન્જામિન ફ્રેન્કલીનનું જીવનચરિત્ર બહાર પડ્યું હતું અને આલ્બર્ટ આઈન્સ્ટાઈન વિશે લખી રહ્યો હતો. મેં મજાકમાં કહેલું કે, શું તમને લાગે છે કે આ બે મહાનુભાવો પછી તમારા વિશે લખાવું જોઈએ એમ! બીજું, સ્ટીવ જૉબ્સની કરિયર હજી મધ્યાહ્ને હતી. તેના જીવનમાં હજી ઘણા ચડાવઉતાર બાકી છે એવું મેં ધાર્યું અને કહ્યું કે તમે નિવૃત્ત થઈ જાવ તે પછી વિચારીશું.

૧૯૮૪માં તે અમારી Time મેગેઝિનની ઓફિસમાં ઍડિટર્સને મળવા અને પોતાનું નવું કમ્પ્યૂટર Macintosh કેટલું જોરદાર છે તે દર્શાવવા આવ્યો હતો. મને યાદ છે તે વખતે પણ તેને ન ગમે તેવી સ્ટોરી લખનાર એક સંવાદદાતા સાથે તે ત્યાં જ બાખડી પડેલો. તે પછીનાં વર્ષોમાં હું તેને મળતો રહ્યો હતો અને બીજા કેટલાય લોકોની જેમ હું પણ તેના જોશ અને જુસ્સાથી પ્રભાવિત થતો રહ્યો હતો. Appleમાંથી તેની હકાલપટ્ટી થઈ તે પછી પણ અમે સંપર્કમાં હતા. ખાસ કરીને Text કમ્પ્યૂટરની કોઈ નવી પ્રોડક્ટ અથવા તો Pixar નું કોઈ નવું મૂવી લૉન્ચ કરવાનું હોય ત્યારે અચાનક સ્ટીવને હું યાદ આવી જાઉં. તે મને મેનહટ્ટનની એક જાપાની સુશી રેસ્ટોરન્ટમાં લઈ જાય. આ વખતે પોતે જે કરી રહ્યો છે તે જબરદસ્ત છે તે મને સમજાવવા જે મથામણ કરે તેના કારણે મને સ્ટીવ જૉબ્સ ગમતો.

સ્ટીવ Appleમાં પાછો ફર્યો ત્યારે અમે તેને Timeના કવર પર લીધો હતો. તે વખતે સદીના સૌથી પ્રભાવી મહાનુભાવો વિશે અમે સિરીઝ કરી રહ્યા હતા તે સ્ટીવને બહુ ગમી ગયેલી અને તે વિશે મને આઈડિયા આપતો રહેતો. Appleએ પણ 'થિન્ક ડિફરન્ટ' થીમ પર જાહેર ખબરો શરૂ કરેલી અને તેમાં આ જ પ્રસિદ્ધ લોકોની ચુનંદી તસવીરો પ્રસિદ્ધ થતી હતી.

પોતાનું જીવનચરિત્ર લખવાની વાત મને કર્યા પછી અમારી વચ્ચે વાતચીત થતી રહી. એક વાર મેં તેને ઈ-મેઈલ કરીને મારી દીકરીએ ઉઠાવેલી શંકાનું સમાધાન પૂછ્યું. કમ્પ્યૂટરનો એક બ્રિટિશ પાયોનિયર એલન ટ્યૂશરગ યુદ્ધ વખતે જર્મનીના સંદેશ વ્યવહારના ગુપ્ત કોડ ઉકેલી શક્યો હતો. બાદમાં જોકે સાઈનાઈડ નાખેલું સફરજન ખાઈને તેણે આત્મહત્યા કરી હતી. શું Appleનો લોગો ટ્યૂશરગને હોમેજ-શ્રદ્ધાંજલિ આપવા માટે છે? સ્ટીવે જવાબ આપ્યો કે, ના, એવી કોઈ વાત નથી, પણ પોતાને આ કિસ્સાની જાણ હોત તો કદાચ વિચાર્યું હોત ખરું. આ વાત પરથી Appleનો પ્રારંભ કેવી રીતે થયો અને શરૂઆતના દિવસો કેવા હતા તે વિશેની વાતો પર અમે ચડી ગયા હતા. આઈન્સ્ટાઈનનું પુસ્તક પ્રગટ થયું ત્યારે પાલો આલ્ટોમાં અમે તેના પ્રચાર માટે બૂક ઈવેન્ટ ગોઠવી હતી. તેમાં પણ સ્ટીવ આવ્યો અને ફરી મને યાદ કરાવ્યું કે પોતે પણ એક રસપ્રદ પુસ્તકનું પાત્ર બની શકે તેમ છે.

તેનો સતત આગ્રહ મને વિચિત્ર લાગતો હતો. તે પોતાની પ્રાઈવસી જાળવવા માટે જાણીતો હતો. બીજું કે તેણે મારા એકેય પુસ્તક વાંચ્યા હોય તેવું માનવાનું કોઈ કારણ નહોતું. 'સમય આવ્યે વિચારીશ' તેવો જવાબ હું આપતો રહ્યો. પણ ૨૦૦૯માં તેની પત્ની લૌરીન પોવેલે તાકીદ કરી કે તમારે ખરેખર સ્ટીવની બાયોગ્રાફી લખવી હોય તો હવે મોડું ન કરો. તે વખતે જ તેણે બીજી વાર મેડિકલ લીવ લીધી હતી. મેં લૌરીનને કહ્યું કે પહેલી વાર સ્ટીવે મને વાત કરી ત્યારે તેને કેન્સર હોવાનો મને ખ્યાલ નહોતો. તેણે કહ્યું કે, 'તમારી વાત જવા દો, ઑપરેશન કરવાનું હતું તેના આગલા દિવસ સુધી તેણે મને પણ વાત નહોતી કરી.'

એથી તે વખતે જ મેં સ્ટીવની જીવનગાથા આલેખવાનું નક્કી કર્યું. પુસ્તક હું મારી રીતે જ લખીશ અને તેમાં સ્ટીવનો કોઈ આગ્રહ-દુરાગ્રહ ચાલશે નહીં તેવી મારી શરત પણ તેણે તરત સ્વીકારી લીધી! તેણે કહ્યું કે પુસ્તક પ્રસિદ્ધ થાય તે પહેલાં વાંચવાનો પણ પોતે આગ્રહ રાખશે નહીં. જોકે થોડા જ વખતમાં તેનો વિચાર બદલાઈ ગયો હોય એમ લાગ્યું, કેમ કે મારા ફોનનો જવાબ આપવાનું તેણે બંધ કરી દીધું હતું. તે વખતે મને એ ખ્યાલ નહોતો કે તેના કૅન્સરે ઊથલો માર્યો છે અને તેની તબિયત વધારે ખરાબ થઈ છે.

એ પછી ૨૦૦૯ના છેલ્લા દિવસે, નવા વર્ષના આગલા દિવસે તેનો અણધાર્યો ફોન આવ્યો. પત્ની અને બાળકો ક્રિસમસના

વેકેશનમાં ગયાં હતાં, પણ તેની તબિયત સારી નહોતી એટલે પાલો આલ્ટોના ઘરે તે અને તેની બહેન મોના સિમ્પસન જ હતાં. તે કંઈક જુદા જ મૂડમાં હતો અને અમે લગભગ એક કલાક વાતો કરી. તેનું કહેવું હતું કે Appleમાં તે પાછો ફર્યો તે પછીનાં બાર વર્ષ તેના જીવનના સૌથી વધુ રચનાત્મક વર્ષો છે. પોતે કિશોર હતો ત્યારે હ્યુલેટ-પેકાર્ડ (HP) કંપનીના સ્થાપક હ્યુલેટ સાથે ફોન પર વાત કરેલી તેને યાદ કરીને કહ્યું કે અવનવા Apple પ્રોડક્ટ કરતાંય, અગત્યની વાત HP જેવી કંપની સર્જવાની છે. પોતાનું લક્ષ્ય એક એવી કંપનીનું નિર્માણ કરવાનું છે જે સતત નવી શોધ અને ક્રિએટિવિટી માટે પ્રેરણા આપતી રહે અને સદાય ટકી રહે.

સ્ટીવ જૉબ્સે 'પૉલેરોઈડ'ના સ્થાપક અને પોતાના હીરો એડવીન લેન્ડના શબ્દો પણ યાદ કર્યા કે માનવસમાજ અને વિજ્ઞાન જ્યાં મળે છે તે ત્રિભેટે ઊભા રહી શકે તેવા માનવીની સમાજને જરૂર છે. 'નાનો હતો ત્યારે હું મને માનવ સમાજનો બાળ સમજતો, પણ મને ઈલેક્ટ્રોનિક્સમાં રસ પડ્યો હતો. એથી મેં નક્કી કર્યું કે મારે સમાજ અને વિજ્ઞાનના સંગમસ્થાને ઊભા રહેવું છે.' આ રીતે વાત કરીને કદાચ તે આ પુસ્તક માટેની થીમ સૂચવી રહ્યો હતો. મજાની વાત એ છે કે એ થીમ આ પુસ્તકને બંધબેસતી આવે છે. સમાજની ખેવના અને વિજ્ઞાનનો મિજાજ કોઈ પ્રતિભાશાળી વ્યક્તિમાં ભેગાં થાય છે ત્યારે જે રચનાત્મકતા પેદા થાય છે તે મારાં પુસ્તકોનો હંમેશાં એક અગત્યનો વિષય રહ્યો છે. ફ્રેન્કલિન અને આઈન્સ્ટાઈનના જીવનચરિત્રમાં પણ આ જ વાત છે. હું માનું છું કે આવી રચનાત્મકતા હશે તો જ એકવીસમી સદી માટે ઈનોવેટિવ અર્થવ્યવસ્થા પેદા થઈ શકશે.

મેં જૉબ્સને પૂછ્યું હતું કે હું જ તેનું જીવનચરિત્ર લખું તેવો આગ્રહ શા માટે? તેણે કહેલું, 'મને લાગે છે કે તમારામાં લોકો પાસેથી વાત કઢાવવાની આવડત છે.' મને આવા જવાબની અપેક્ષા નહોતી. જીવનચરિત્ર લખવા માટે સ્ટીવથી પ્રભાવિત લોકો ઉપરાંત તેણે કાઢી મૂક્યા એટલે તેને ધિક્કારનારા, તેના વગોવાયેલા ગુસ્સાનો ભોગ બનેલા કે તેના વર્તનથી નારાજ લોકોને મળવું જરૂરી હતું. તે લોકો પાસેથી હું અણગમતી વાતો કઢાવીશ તેની ખરેખર તો તેને ચિંતા થવી જોઈતી હતી. એવું થયું પણ હતું. હું અમુક લોકોને મળી રહ્યો છું તે જાણીને અકળાયો પણ હતો. જોકે થોડા મહિના પછી તેણે જ સૌને સામેથી આગ્રહ કરવાનું શરૂ કર્યું કે મારી સાથે તેમણે વાત કરવી જોઈએ. પોતાના દુશ્મનો અને એક્સગર્લફ્રેન્ડને પણ આવો આગ્રહ કરેલો. તેણે કોઈ વસ્તુનો છોછ રાખ્યો નહોતો. અને કહેલું પણ ખરું, 'મેં ઘણું એવું કર્યું છે જે સારું નહોતું. જેમ કે હું ૨૩ વર્ષનો હતો ત્યારે મારી ગર્લફ્રેન્ડને પ્રેગનન્ટ કરી અને પછી તેની સાથે જે વર્તાવ કર્યો તે ઠીક નહોતો, પણ મારા કબાટમાં કોઈ એવાં હાડપિંજર નથી કે મારે છુપાવવાં પડે.'

મારે શું લખવું તેના માટે સ્ટીવે કોઈ આગ્રહ કર્યો નહોતો, પણ પુસ્તકનું કવર અમે તેને બતાવેલું તે તેને જરાય નહોતું ગમ્યું. તેણે મુખપૃષ્ઠ બનાવવામાં જે રસ લીધો તેની મને નવાઈ લાગેલી અને આનંદ પણ થયેલો. પુસ્તક લખતાં પહેલાં મેં સ્ટીવના ૪૦ થી વધારે ઈન્ટરવ્યૂ કર્યા છે. બે વર્ષ દરમિયાન પાલો આલ્ટોના તેના ઘરે, ચાલતાં ચાલતાં અને ફોન પર તેની સાથે વાતો થતી રહી. તે દરમિયાન અમે ઘણા નિકટ આવી ગયા હતા અને તે મારી સાથે મોકળા મને વાત કરતો હતો. જોકે તેના મિત્રો જેને રિયાલિટી ડિસ્ટોર્શન ફિલ્ડ (અવાસ્તવિક વર્તુળ) કહે છે તેનો મને પણ અનુભવ થયેલો. ઘણી વાર તે યાદ નથી એવું કહી દે, તો ક્યારેક હકીકતોનું પોતાનું સ્વરૂપ ઘડી કાઢે. મને અને પોતાને ખુદને તે રૂપ જ સાચું છે તેમ મનાવવા ભ્રમણાનું જાળું ગૂંથે. તેની વાતોની ખરાઈ કરવા મેં સવાસોથી વધારે લોકો સાથે વાતચીત કરી છે અને સાચી હકીકત જાણવા કોશિશ કરી છે.

સ્ટીવનાં પત્ની લૌરીને પણ પુસ્તકમાં શું લખાશે તે જાણવા કોશિશ નહોતી કરી. હકીકતમાં લૌરીનની ઈચ્છા હતી કે હું સ્ટીવની સિદ્ધિઓ સાથે તેની મર્યાદાઓ વિશે પણ તટસ્થતાથી લખું. સ્માર્ટ અને ધરતી પર પગ રાખનારી સ્ટીવની જીવનસાથી લૌરિને કહેલું, 'તેના જીવન અને સ્વભાવની કેટલીક બાબતો બહુ ખરાબ છે અને તે એક વાસ્તવિકતા છે. તમારે તેના પર ઢાંકપિછોડો કરવાની જરૂર નથી. સ્ટીવ વાતો ઘડી કાઢવામાં હોશિયાર છે, પણ તેના જીવનમાં ખરેખર બહુ રસપ્રદ ઘટનાઓ બની છે. હું ઈચ્છું છું કે એ બધું જ યથાતથ રજૂ કરવામાં આવે.'

હું સ્ટીવ જૉબ્સનું જીવન અને વ્યક્તિત્વ તટસ્થતાથી રજૂ કરી શક્યો છું કે કેમ તે નક્કી કરવાનું કામ વાચકો પર છોડું છું. કેટલાકને એવું લાગી શકે છે કે હું પણ સ્ટીવ જૉબ્સની ભ્રમજાળમાં આવી ગયો છું. સ્ટીવ વિશેની લોકોની સારી અને ખરાબ માન્યતા સામસામા છેડાની રહી છે. મેં તેમાં કોઈ પક્ષ લેવાનું ટાળ્યું છે અને કયા આધાર પર મેં તારણો રજૂ કર્યા છે તે છુપાવ્યું નથી.

ચકડોળ જેવા ચડાવ-ઉતાર જેના જીવનમાં આવ્યા અને જોશથી ભરેલા, નવું વિચારી શકતા અને ક્રિએટિવ એવા એક વેપારી સાહસિકની આ કથા છે. પર્સનલ કમ્પ્યુટર, એનિમેશન, મૂવીઝ, મ્યુઝિક, મોબાઈલ ફોન, ટેબ્લેટ અને ડિજિટલ પબ્લિશિંગ જેવા છ ઉદ્યોગોમાં ક્રાંતિકારી ફેરફારો લાવનાર માણસની આ વાત છે. તેમાં રિટેલ સ્ટોરનો પણ સમાવેશ કરી શકાય છે, કેમ કે સ્ટોર દ્વારા વેચાણને અલગ અંદાજ તેણે આપ્યો. આ ઉપરાંત વેબસાઈટસના બદલે Apps દ્વારા ડિજિટલ કન્ટેન્ટના વેચાણનું નવું માર્કેટ ખોલી આપ્યું. આ બધા દ્વારા સ્ટીવ જૉબ્સ સદાકાળ ટકી જાય તેવી ક્રિએટિવ કંપનીનું નિર્માણ કરવાનું પોતાનું સપનું પણ પૂરું કરી શક્યો છે. ઘરના ગેરેજમાં શરૂ કરેલી Apple કંપનીમાંથી ઓગસ્ટ ૨૦૧૧ માં, તેણે CEO તરીકે રાજીનામું આપ્યું તે પહેલાં Apple દુનિયાની સૌથી વેલ્યુઅબલ કંપની બની ચૂકી હતી.

આ પુસ્તક ઈનોવેશન વિશે પણ છે. દુનિયા અત્યારે ડિજિટલ યુગને અનુરૂપ ક્રિએટિવ અર્થવ્યવસ્થા માટે પ્રયાસરત છે

**(અનુ. : જુઓ પાના નં.-૫૬ ઉપર)**

સમાજ ચિંતન

# ભ્રષ્ટાચાર મુક્તિ માટે રાષ્ટ્રચેતના

• નરેન્દ્ર મોદી •

*ભારતના ૬૯મા સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રીશ્રીના રાષ્ટ્રને સંબોધનનો મૂળપાઠ અહીં પ્રસ્તુત છે.*

*ભારતના સવા સો કરોડ મારા વહાલા દેશવાસીઓ,*

આઝાદીના પાવન પર્વ પર આપ સૌને હૃદયથી ખૂબ ખૂબ શુભ કામનાઓ. ૧૫ ઑગસ્ટની આ સવાર, મામૂલી સવાર નથી. આ વિશ્વના સૌથી મોટા લોકતંત્રના સ્વાતંત્ર્યપર્વની સવાર છે. આ સવાર, સવાસો કરોડ દેશવાસીઓના સ્વપ્નની સવાર છે. આ સવાર સવાસો કરોડ દેશવાસીઓના સંકલ્પની સવાર છે અને આવા પાવન પર્વ પર જે મહાપુરુષોના બલિદાનના કારણે, ત્યાગ અને તપસ્યાના કારણે, સદીઓ સુધી ભારતની અસ્મિતા માટે ઝૂઝતા રહ્યા, પોતાનાં માથાં કપાવતા રહ્યા, જવાની જેલમાં ખપાવતા રહ્યા, યાતનાઓ સહેતા રહ્યા, પરંતુ પોતાનાં સપનાં ન છોડ્યાં, સંકલ્પ ન છોડ્યા, આવા આઝાદીના સ્વતંત્રતા સેનાનીઓને હું આજે કોટિ કોટિ વંદન કરું છું. છેલ્લા દિવસોમાં આપણા દેશના અનેક ગણમાન્ય નાગરિકોએ, અનેક યુવકોએ, સાહિત્યકારોએ, સમાજ સેવકોએ, ભલે તે પુત્ર હોય કે પુત્રી હોય, વિશ્વભરમાં ભારતનું શીશ ઊંચું કરવાનું અભિનંદનીય કાર્ય કર્યું છે. એવા અગણિત લોકો છે, જેને હું આજે લાલ કિલ્લા પરથી ભારતનું શીશ ઊંચું કરવા માટે હૃદયથી ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું, અભિનંદન આપું છું. વિશ્વની સામે ભારતની વિશાળતા, ભારતની વિવિધતા, તેનાં ગુણગાન થતાં રહે છે. પરંતુ જેમ ભારતની અનેક વિશેષતાઓ છે, ભારતમાં અનેક વિવિધતાઓ છે, ભારતની વિશાળતા છે, એવી જ રીતે ભારતના જન-જનમાં સરળતા પણ છે અને ભારતના ખૂણે-ખૂણામાં એકતા પણ છે. આ આપણી પૂંજી છે, આ આપણા રાષ્ટ્રની શક્તિ છે. આપણા દેશની શક્તિને સદીઓથી સાચવવામાં આવી છે. દરેક યુગમાં તેને નિખારવાનો પ્રયાસ થયો છે. સમયની આવશ્યકતા અનુસાર, ભવિષ્યના સ્વપ્નને સાકાર કરવાની આવશ્યકતા અનુસાર તેને આકાર અપાયો છે, તેનો ઉછેર કરાયો છે અને તેનાથી પુરાતન પરંપરાઓ વચ્ચે, નિત્ય નૂતન સંકલ્પોની સાથે આ દેશ આજે અહીં પહોંચ્યો છે. આપણી એકતા, આપણી સરળતા, આપણો ભાઈચારો, આપણો સદ્‌ભાવ, આ આપણી ખૂબ મોટી મૂડી છે. આ મૂડીને ક્યારેય ડાઘ ન લાગવો જોઈએ, તેને ઈજા ન પહોંચવી જોઈએ. જો દેશની જનતા વિખરાઈ જાય તો સપનાં પણ ચૂર ચૂર થઈ જાય છે. અને માટે ભલે જાતિવાદનું ઝેર હોય, સંપ્રદાયવાદનું ઝનૂન હોય તેને આપણે કોઈપણ રૂપમાં જગ્યા નથી આપવી, ઊછરવા દેવું નથી. જાતિવાદનું ઝેર હોય, સંપ્રદાયવાદનું ઝનૂન હોય, તેને આપણે વિકાસના અમૃતથી મિટાવવું છે, વિકાસની અમૃતધારા પહોંચાડવી છે અને વિકાસની અમૃતધારાથી એક નવી ચેતના પ્રગટ કરવાનો પ્રયાસ કરવો છે. ભાઈઓ અને બહેનો, આ દેશ ટીમ ઈન્ડિયાના કારણે આગળ વધી રહ્યો છે. અને આ ટીમ ઈન્ડિયા સવા સો કરોડ દેશવાસીઓની બૃહદ ટીમ છે. શું ક્યારેય દુનિયાએ વિચાર્યું છે કે સવા સો કરોડ દેશવાસીઓની આ ટીમ જ્યારે ટીમ બનીને લાગી પડે છે, તો તેઓ રાષ્ટ્રને નવી ઊંચાઈઓ પર પહોંચાડે છે, તેઓ રાષ્ટ્રને બનાવે છે, તેઓ રાષ્ટ્રને આગળ વધારે છે, તેઓ રાષ્ટ્રને બચાવે પણ છે. અને આથી આપણે જે કાંઈપણ કરી રહ્યા છીએ, આપણે જ્યાં પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, તે આ સવા સો કરોડની ટીમ ઈન્ડિયાને કારણે છે અને ટીમ ઈન્ડિયાને આભારી છે.

લોકતંત્રમાં જન ભાગીદારી એ સૌથી મોટી મૂડી હોય છે. જો સવા સો કરોડ દેશવાસીઓની ભાગીદારીથી આપણે દેશને ચલાવીએ તો દેશ દરેક પળે સવા સો કરોડ કદમ આગળ વધશે અને માટે ટીમ ઈન્ડિયાના આ રૂપમાં જન ભાગીદારીને બળ અપાયું છે, પ્રાથમિકતા અપાય છે, ભલે ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મના માધ્યમથી mygov.in હોય, નાગરિકો પાસેથી સતત આવતા પત્રો હોય, મન કી બાત હોય, કે પછી નાગરિકો સાથે સંવાદ હોય – આ માર્ગથી રોજબરોજ જન ભાગીદારી આગળ વધી રહી છે. ખૂબ મોટી માત્રામાં દરેક કાર્યમાં દૂર દૂરનાં ગામોમાં બેઠેલા લોકોના અભિપ્રાયો પણ અમને મળતા રહે છે. અને આ જ ટીમ ઈન્ડિયાની તાકાત છે. મારા વહાલા દેશવાસીઓ, એ વાત નક્કી છે કે આ ટીમ ઈન્ડિયાનો જ એક જનાદેશ છે અને તે જનાદેશ છે અમારી બધી વ્યવસ્થાઓ, અમારી બધી યોજનાઓ, આ દેશના ગરીબોના કામમાં આવવી જોઈએ. અમે જો ગરીબોને ગરીબીની મુક્તિની લડાઈમાં બળ પ્રદાન કરીએ, તેમને સામર્થ્ય પ્રદાન કરીએ તો કોઈ ગરીબ ગરીબીમાં ગુજારો કરવા નથી ઈચ્છતું, તેઓ પણ ગરીબી સામે લડવા માંગે છે અને આથી શાસન વ્યવસ્થાની સાર્થકતા એ વાતમાં છે કે આપણી વ્યવસ્થાઓ, આપણાં સંસાધનો, આપણી યોજનાઓ, આપણા કાર્યક્રમ, ગરીબોના કલ્યાણ માટે કેવી રીતે ઉપયોગમાં આવી શકે.

ભાઈઓ - બહેનો, ગઈ ૧૫મી ઑગસ્ટે મેં આપની સામે કેટલાક વિચારો મૂક્યા હતા. ત્યારે હું નવો હતો અને મેં જે શરૂશરૂમાં જોયું હતું, તેને મેં કોઈ રૂડું રૂપાળું કર્યા વિના ખુલ્લા દિલે સવાસો કરોડ દેશવાસીઓ સામે મૂક્યું હતું. પરંતુ આજે એક વરસ પછી તે જ લાલ કિલ્લા પરથી પવિત્ર, ત્રિરંગા ધ્વજની સાક્ષીએ હું દેશવાસીઓને વિશ્વાસ આપું છું કે એક વરસમાં ટીમ ઈન્ડિયા, સવાસો કરોડ દેશવાસી એક નવા વિશ્વાસ સાથે, નવી

શક્તિ સાથે, પરિશ્રમની પરાકાષ્ઠા કરીને સમય મર્યાદામાં સપનાંને સાકાર કરવામાં લાગી ગયા છે. વિશ્વાસનું એક નવું વાતાવરણ ઊભું થયું છે. મેં ગઈ ૧૫મી ઑગસ્ટે પ્રધાનમંત્રી જનધન યોજનાની જાહેરાત કરી હતી. દેશમાં ૬૦ વર્ષ વીત્યાં - ગરીબો માટે બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું, તેમ છતાં પણ ૬૦ વર્ષથી પણ વધુ સમય પછી ગઈ ૧૫ ઑગસ્ટે દેશના ૪૦ ટકા લોકો બેંક ખાતાથી વંચિત હતા. ગરીબ માટે બેંકોના દરવાજા બંધ હતા. અમે સંકલ્પ કર્યો કે આ કલંક મિટાવવું છે અને વિશ્વમાં નાણાકીય સમાવેશીકરણની જે વાતો થાય છે તે ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝનને એક મજબૂત ધરાતળ પર લાવવું હશે, તો દેશની ગરીબમાં ગરીબ વ્યક્તિને આર્થિક ગતિવિધિના મુખ્ય પ્રવાહમાં જોડવો પડશે. અને બેંક ખાતું તેનું એક આરંભ બિંદુ છે. અને અમે નક્કી કર્યું હતું, "કરીશું, કરીએ છીએ, વિચારીએ છીએ, જોઈએ છીએ" એવું નહીં. મેં કહ્યું હતું, ૨૬ જાન્યુઆરીએ જ્યારે દેશ ફરી એકવાર ત્રિરંગા ધ્વજ સામે ઊભો હશે, ત્યાં સુધીની સમય મર્યાદામાં કામ પૂરું કરીશું. મારા દેશવાસીઓ, હું આજે ગર્વથી કહું છું કે અમે સમય મર્યાદામાં કામ પૂરુ કર્યું છે. ૧૭ કરોડ લોકોએ પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ખાતાં ખોલાવ્યાં અને અમે તો કહ્યું હતું, ગરીબોને તક આપવી હતી એટલે કહ્યું હતું, એક પણ રૂપિયો નહીં હોય, એક નવો પૈસો પણ ના હોય, તો પણ બેંકનું ખાતું ખોલીશું. બેંકોને ખાતું ખોલવાના કાગળોનો ખર્ચો થશે તો થવા દઈશું. આખરે બેંકો છે કોના માટે? ગરીબ માટે હોવી જોઈએ અને એટલા માટે, ઝીરો બૅલૅન્સથી ખાતું ખોલવાનો અમે સંકલ્પ કર્યો હતો. પરંતુ આપણા દેશના અમીરોને તો આપણે જોયા છે અને આ વખતે ગરીબોને પણ જોયા. અને ગરીબોની અમીરીને પણ જોઈ છે અને હું આ ગરીબોની અમીરીને આજે લાલ કિલ્લા પરથી સો-સો નમન, કરવા માગું છું. સલામ કરવા માગું છું કેમ કે ઝીરો બૅલૅન્સથી ખાતું ખોલવાનું કહેવા છતાં પણ આ ગરીબોએ ૨૦ હજાર કરોડ રૂપિયા બેંક ખાતાઓમાં જમા કરાવ્યા.

જો આ ગરીબોની અમીરી ન હોત તો કેવી રીતે શક્ય બન્યું હોત. અને એટલા માટે આ ગરીબોની અમીરીના સહારે આ ટીમ ઈન્ડિયા આગળ વધશે એ મારો વિશ્વાસ આજે પ્રગટ થઈ રહ્યો છે. ભાઈઓ-બહેનો, આપણા દેશમાં ક્યાંય પણ બેંકની એક શાખા ખૂલી જાય અથવા બેંકનું નવું મકાન બની જાય તો તો એટલી મોટી ચર્ચા થાય કે વાહ! બહુ મોટું કામ થઈ ગયું. ભારે વિકાસ થઈ રહ્યો છે, બહુ પ્રગતિ થઈ રહી છે. કેમ કે ૬૦ વરસ સુધી આપણે આ જ માપદંડોથી દેશના વિકાસને માપ્યો છે. માપવાની એ પટ્ટી એ જ રહી છે કે બેંકની એક શાખા ખૂલી જાય, તો બહુ મોટી વાહવાહી થઈ જાય છે. બહુ મોટો જયજયકાર થઈ જાય છે. સરકારની વાહ વાહ થઈ જાય છે. પરંતુ મારા વહાલા દેશવાસીઓ, બેંકની શાખા ખોલવાનું કામ મુશ્કેલ નથી. સરકારી તિજોરીથી તે કામ થઈ જાય છે. પરંતુ ૧૭ કરોડ દેશવાસીઓને બેંકના બારણે લાવવા એ બહુ અઘરું કામ હોય છે. બહુ મહેનત કરવી પડે છે. કમર કસીને જોડાવું પડે છે. ક્ષણ-ક્ષણનો હિસાબ માંગવો પડે છે. ટીમ ઈન્ડિયાના મારા મહત્ત્વના સાથી, બેંકના કર્મચારીઓને, બેંકોને ખરા દિલથી ધન્યવાદ આપું છું કે એમણે બેંકને ગરીબો સામે લાવીને મૂકી દીધી અને આ બાબત આગામી દિવસોમાં બહુ મોટું પરિવર્તન લાવશે.

દુનિયામાં આર્થિક વિચારસરણીઓમાં એક વિચારસરણી એ પણ છે કે નાણાકીય સમાવેશીકરણ હંમેશાં સારું નથી હોતું, અને તેના કારણે ગરીબીનો બોજ વ્યવસ્થાઓ પર પડે છે. હું આ મત સાથે સહમત નથી. ભારત જેવા દેશમાં આપણે જો વિકાસનો પિરામીડ જોઈએ તો પિરામીડનો પાયો સૌથી પહોળો હોય છે. જો એ મજબૂત હોય તો વિકાસનો પૂરો પિરામીડ મજબૂત હોય છે. આજે વિકાસના પિરામીડમાં આપણા દેશનો દલિત, પીડિત, શોષિત, વંચિત, ઉપેક્ષિત ત્યાં પાયામાં પડેલા છે. આપણે વિકાસના પિરામીડના આ પાયાને મજબૂત કરવાનો છે. જેથી નાણાકીય સમાવેશીકરણથી જો તે મજબૂત બનશે તો વિકાસનો પિરામીડ ક્યારેય ડગશે નહીં, ચાહે ગમે તેટલા ઝટકા આવશે. તેને કોઈ સંકટ નહીં આવે. અને વિકાસનો આ પિરામીડ જો આર્થિક મજબૂતાઈ પર ઊભો હશે તો એમની ખરીદશક્તિ ખૂબ વધશે. અને જ્યારે સમાજના આખરી માનવીની ખરીદશક્તિ વધે છે ત્યારે એ અર્થતંત્રને આગળ વધતાં કોઈ રોકી નથી શકતું. એ બહુ ઝડપથી દેશને વિકાસની નવી ઊંચાઈએ લઈ જાય છે. અને એટલા માટે અમારી કોશિશ છે કે અમે તેના પર વધુ જોર દઈએ. અમે સામાજિક સલામતી પર જોર આપ્યું છે. ગરીબોના કલ્યાણ પર જોર આપ્યું છે.

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના. આપણા દેશમાં કરોડો લોકો એવા છે, જેમને સલામતીનું કવચ નથી. આપણા દેશમાં વીમાનો લાભ, ગરીબની વાત તો છોડો નિમ્ન મધ્યમ વર્ગને પણ નથી પહોંચ્યો. અમે યોજના બનાવી. એક મહિનાનો એક રૂપિયો, બાર મહિનાના ૧૨ રૂપિયા અને તમે પ્રધાનમંત્રી સુરક્ષા વીમાના હકદાર બની જશો. જો તમારા પરિવારમાં કોઈ આપત્તિ આવી તો બે લાખ રૂપિયા, આપના પરિવારને મળી જશે. અર્થતંત્રને કેવી રીતે ચલાવાય છે! અમે પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના લાવ્યા. એક દિવસના ૯૦ પૈસા, એક રૂપિયાથી પણ ઓછા. વરસ આખાના ૩૩૦ રૂપિયા આપના પરિવારના આરોગ્ય માટે આપના પરિવારની સલામતી માટે બે લાખ રૂપિયાના વીમા માટે રોજના ફક્ત ૯૦ પૈસા આપવાનું અમે કર્યું. ભાઈઓ-બહેનો, ભૂતકાળમાં, યોજનાઓ તો બનતી જ રહી છે. કઈ સરકાર હશે જે યોજના નહીં બનાવતી હોય? દરેક બનાવે છે જ. કઈ સરકાર હશે જે ઘોષણાઓ ન કરતી હોય? દરેક કરે છે. કઈ સરકાર હશે જે ઉદ્‌ઘાટનના દીપક ન પ્રગટાવી હોય, રિબન ન કાપતી હોય? બધી સરકાર કરે છે. પરંતુ કસોટી ત્યાં થાય છે, કે આપણે જે કામની વાતો કરીએ છીએ તેને પૂરી કરીએ છીએ કે નથી કરતાં. અમે એક નવી કાર્ય સંસ્કૃતિ પર જોર લગાવ્યું અને ભાઈઓ-બહેનો, આપણા દેશની કેટલીયે યોજનાઓ, જે ૪૦ વર્ષ જૂની હોય, ૫૦ વર્ષ જૂની હશે, ૫ કરોડ - ૭ કરોડ લોકોથી આગળ નથી પહોંચી શકી. આ યોજનાને હજી તો ૧૦૦ દિવસ પૂરા થયા

છે – ૧૦૦ દિવસ. ૧૦૦ દિવસમાં ૧૦ કરોડ નાગરિકોએ તેનો લાભ લીધો છે, ૧૦ કરોડ નાગરિકોએ. આપણા દેશમાં આ ૧૦ કરોડ નાગરિક એટલે ૧૦ કરોડ પરિવાર છે. એનો અર્થ એ થયો કે દેશમાં જે ૩૦-૩૫ કરોડ પરિવાર છે તેમાંથી ૧૦૦ દિવસની અંદર ૧૦ કરોડ પરિવાર આ યોજનામાં જોડાઈ ગયા છે. ભાઈઓ-બહેનો, અમારી સરકારની, ટીમ ઈન્ડિયાનું જે પરાક્રમ છે, સવાસો કરોડ દેશવાસીની ટીમ ઈન્ડિયા તેમણે સૌથી મોટું જે કામ કર્યું છે તે સમય મર્યાદામાં નિર્ધારિત કામોને પૂરાં કરવાનું કર્યું છે. મેં ગયા વખતે લાલ કિલ્લા પરથી શૌચાલયની વાત કરી હતી, સ્વચ્છતાની વાત કરી હતી. દેશને પહેલાં એક બે કલાક તો નવાઈ લાગી. આ તે કેવા પ્રધાનમંત્રી છે જે લાલ કિલ્લા પર શૌચાલય બનાવવાનું કહેવામાં સમય ખર્ચી રહ્યા છે. પરંતુ આજે પૂરા દેશમાં જેટલા પણ સર્વે થાય છે દરેક સર્વેમાં એક વાત ઊપસી આવે છે કે આ ટીમ ઈન્ડિયાની સૌથી મહત્ત્વની, જન-જનને સ્પર્શનારી કોઈ વાત છે તો તે સ્વચ્છતા અભિમાન છે. ભાઈઓ બહેનો, આપણે સ્વચ્છતા અભિયાનને આગળ વધારવા માટે સમાજના લોકોને આહ્વાન કરતા રહેતા હતા. નવ-નવ લોકોનાં નામ સૂચવતા હતા. એક પ્રણાલી શરૂ થઈ ગઈ હતી. પરંતુ આજે આ ટીમ ઈન્ડિયાને મારે શુભેચ્છા આપવી છે, ભલે સેલિબ્રિટી હોય, રાજનેતા હોય, સમાજ સેવક હોય, શિક્ષણવિદ્ હોય, સંપ્રદાય જીવનથી જોડાયેલ હોય, આધ્યાત્મિક જીવનથી જોડાયેલ મહાનુભાવ હોય, ભલે આપણા મીડિયાના મિત્ર હોય, સૌએ કોઈની આલોચના કર્યા વગર, બુરાઈઓ શોધ્યા વગર, જન સામાન્યને પ્રશિક્ષિત કરવાનું એક ખૂબ મોટું બીડું ઉઠાવ્યું છે. હું જેમણે આ કાર્યને કર્યું છે તે સૌને આજે હૃદયથી અભિનંદન પાઠવું છું. પરંતુ સૌથી વધુ એક વાત મારે કહેવી છે કે, આ સ્વચ્છ ભારત અભિયાનને આ સૌથી મોટી તાકાત ક્યાંથી મળી? તેના સૌથી મોટા બ્રાન્ડ એમ્બેસેડર કોણ છે? તમારું ધ્યાન નહીં ગયું હોય, પરંતુ તમે તમારા પરિવારમાં યાદ કરો શું થયું હતું. હિન્દુસ્તાનમાં એવા કોટી કોટી પરિવારો છે જેના પરિવારોમાં પાંચ વર્ષ, ૧૦ વર્ષ, ૧૫ વર્ષનાં બાળકો આ સ્વચ્છ ભારત અભિયાનમાં સૌથી મોટાં બ્રાન્ડ એમ્બેસેડર બન્યાં હતાં. આ બાળકો ઘરમાં કોઈ કચરો નાંખે છે તો બાળકો મા-બાપને રોકે છે કે નહિ, ગંદકી ન કરો, કચરો ન ફેંકો, કોઈ પિતાને ગુટખા ખાવાની આદત હોય અને કારનો કાચ ખોલે છે, તો બાળક રોકી દે છે કે, દાદા બહાર થૂંકશો નહિ, ભારત સ્વચ્છ રહેવું જોઈએ. આ કાર્યક્રમની સફળતા તે નાના બાળકોના કારણે છે. હું ભારત દેશના ભવિષ્ય પ્રત્યે એ બાળકો પ્રત્યે પોતાનું શીશ ઝૂકાવવા ઈચ્છું છું. શીશ ઝુકાવીને નમન કરવા ઈચ્છું છું. જે વાત મોટા મોટા લોકોને સમજવામાં વાર લાગે છે તે ભોળા નિર્મળ મનનાં બાળકોએ તરત પકડી લીધી છે અને મને વિશ્વાસ છે કે, જે દેશનાં બાળક આટલાં સજાગ હોય, સ્વચ્છતા માટે પ્રતિબદ્ધ હોય, તે દેશ સ્વચ્છ બનીને જ રહેશે. ગંદકી પ્રત્યે નફરત પેદા થઈને રહેશે.

૨૦૧૯, મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતી આપણે ઊજવવાના છીએ. અને મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતીએ સ્વચ્છ ભારતને આપણે તેમને અર્પિત કરવાનું છે. મહાત્મા ગાંધીની ૧૫૦ મી જયંતી પર આનાથી મોટી કોઈ શ્રદ્ધાંજલિ ન હોઈ શકે અને માટે હજુ તો કાર્ય શરૂ થયું છે, પરંતુ મારે તેને આગળ વધારવું છે. તેને રોકવું નથી. સંતોષ માનવો નથી. મેં ટ્રાયલ માટે, શું આ કાર્ય ટીમ ઈન્ડિયા કરી શકે કે નહીં કરી શકે? તેના ટ્રાયલ માટે, જેને માપી શકું એવા એક કાર્યક્રમની મેં અહીંથી ઘોષણા કરી હતી. કોઈ સાથે સલાહ સૂચન કરીને ઘોષણા કરી નહોતી. જિલ્લામાંથી, ગામડાંમાંથી જાણકારી પ્રાપ્ત કરીને ઘોષણા કરી નહોતી. બસ, મારા દિલમાં આવ્યું અને મેં કહી દીધું કે, આવતી ૧૫ ઓગસ્ટ સુધી આપણાં વિદ્યાલયોમાં, આપણી સ્કૂલોમાં છોકરા-છોકરીઓ માટે અલગ શૌચાલયો બનાવી દઈશું અને જ્યારે પછી અમે કાર્ય શરૂ કર્યું, ટીમ ઈન્ડિયાએ પોતાની જવાબદારીને સમજી, ધ્યાનમાં આવ્યું કે આ દેશમાં ૨ લાખ ૬૦ હજાર વિદ્યાલય એવાં હતાં, જેમાં સવા ચાર લાખથી વધુ શૌચાલયો બનાવવાનાં હતાં. આ આંકડો એટલો મોટો હતો કે કોઈપણ સરકાર વિચારત - નહીં. સાહેબ! આના માટે સમય વધારી દો, પરંતુ ટીમ ઈન્ડિયાનો સંકલ્પ જુઓ, કોઈએ પણ સમય વધારવાની માંગ ન કરી અને આજે ૧૫ ઑગસ્ટના રોજ હું એ ટીમ ઈન્ડિયાને અભિનંદન પાઠવું છું કે તેમણે ભારતના તિરંગા ઝંડાનું સન્માન કરતાં, એ સપનાને પૂર્ણ કરવામાં કોઈ કસર નથી છોડી અને લગભગ બધાં શૌચાલય બનાવવાના કામમાં ટીમ ઈન્ડિયાએ સફળતા પ્રાપ્ત કરી છે.

હું આ માટે રાજ્ય સરકારોને અભિનંદન પાઠવું છું. જિલ્લા એકમોમાં બેઠેલા સરકારી અધિકારીઓને અભિનંદન પાઠવું છું, શિક્ષણ સંસ્થાનોમાં બેઠેલા નીતિ નિર્ધારક હોય કે સંચાલક હોય તે સૌને અભિનંદન પાઠવું છું. આ મુદ્દો સવા ચાર લાખ શૌચાલય બનાવવાનો નથી. આ મુદ્દો, જે નિરાશાનો માહોલ છે, કંઈ નથી થઈ શકે એમ, કેવી રીતે થશે, કેવી રીતે કરીશું, આ જે માહોલ છે, આ માહોલ સામે, તે આત્મવિશ્વાસ પેદા કરી શકે છે, આપણે પણ કંઈ કમ નથી, ટીમ ઈન્ડિયા પાછળ હટી શકે તેમ નથી, ટીમ ઈન્ડિયા સફળતા લઈને જ રહે છે, આ તેમાંથી સંકેત મળે છે અને આથી રાષ્ટ્ર ચાલે છે. આત્મવિશ્વાસના ભરોસે. રાષ્ટ્ર ચાલે છે નવા નવા સંકલ્પોની પૂર્તિ કરીને, રાષ્ટ્ર ચાલે છે નવાં નવાં સપનાંને સાચવીને. આપણે ક્યાંય બંધ નથી થઈ શકતા, આપણે નિરંતર આગળ વધવાનું હોય છે, અને એટલે જ...

ભાઈઓ-બહેનો, આપણા દેશનો કામદાર, અમે યોજના બનાવી શ્રમેવ જયતે. ભારતમાં ગરીબ કામદાર પ્રત્યે જોવાનું વલણ આપણને શોભતું નથી. આપણે કોઈ કોટ-પેન્ટ-ટાઈ પહેરેલા મહાપુરુષ મળી જાય, લાંબો કુરતો, જેકેટ, પહેરેલા કોઈ મહાપુરુષ મળી જાય તો ઊભા થઈને તેમનું અભિવાદન કરીએ છીએ, પરંતુ કોઈ ઑટો રિક્ષાવાળો આવી જાય, કોઈ પેડલ રિક્ષાવાળો આવી જાય, કોઈ સમાચારપત્ર વેચનાર આવી જાય, કોઈ દૂધ વેચનારો આવી જાય, આ ગરીબો પ્રત્યેનું આપણું વલણ યોગ્ય નથી. રાષ્ટ્રની આ ઊણપને સવા સો કરોડ દેશવાસીઓએ પોતાના મનના સંકલ્પથી દૂર કરવાની છે, જેના કારણે આપણે સારા દેખાઈએ છીએ,

જેના કારણે આપણું કાર્ય સારું થાય છે, તેનાથી મોટા કોઈ આપણા હિતેચ્છુ ન હોઈ શકે. અને માટે ડિગ્નિટી ઓફ લૅબર, શ્રમિકોનું સન્માન, શ્રમિકોનું ગૌરવ એ આપણું રાષ્ટ્રીય કર્તવ્ય હોવું જોઈએ, એ આપણો રાષ્ટ્રીય સ્વભાવ હોવો જોઈએ, આ જન જનની પ્રવૃત્તિ હોવી જોઈએ. પાછલા દિવસોમાં કેટલીક યોજનાઓ અંતર્ગત, જે અસંગઠિત કામદારો છે તેમને વિશેષ ઓળખપત્ર આપવાનું અમે અભિયાન પ્રારંભ કર્યું છે. એ ઓળખપત્ર દ્વારા તેમને ઘણી સુરક્ષા યોજનાઓનો લાભ મળવાનો છે. આ અસંગઠિત કામદારો તરફ ક્યારેય જોવાતું નહોતું, એ જ પ્રકારે આપણા દેશના કામદારોએ પોતાની મહેનતથી સરકારની તિજોરીમાં પોતાનો હિસ્સો જમા કરાવ્યો. ધીરે-ધીરે આ રકમ ૨૭ હજાર કરોડ રૂપિયા પહોંચી. પરંતુ આ કામદાર બિચારો છ-આઠ માસ નોકરી કરીને ક્યાંય બીજે જતો રહે છે. ફરી વર્ષ-બે વર્ષ બાદ બીજે જતો રહે છે. આગળ જ્યાં પૈસા કપાવીને આવ્યો છે, તેનો કોઈ હિસાબ કિતાબ રહેતો નથી. મૂડી પણ એટલી ઓછી હોય છે કે, મન નથી કરતું કે ચાલો, ૨૦૦ રૂપિયા ભાડું ખર્ચીને પાછો જઈને પૈસા લઈ આવું, અને એ કારણે ૨૭ હજાર કરોડ રૂપિયા જેટલી રકમ, મારા દેશના ગરીબોના મારા દેશના કામદારોના તેમના પરસેવાની કમાણી સરકારની તિજોરીમાં સડી રહી છે. અમે ઉપાય શોધ્યો, અમે કામદારોને, શ્રમિકોને એક ખાસ ઓળખપત્ર નંબર આપી દીધો. અને તેમને કહ્યું કે હવે તમારી બદલી કોઈપણ જગ્યાએ થાય, તમે એક નોકરી છોડીને કોઈપણ સ્થાને જતા રહો, એક કારખાનું છોડીને બીજા કારખાને જતા રહો, એક રાજ્ય છોડીને બીજા રાજ્યમાં જતા રહો, આ નંબર તમારી સાથે સાથે જશે અને તે રૂપિયા પણ તમારી સાથે સાથે જશે. તમારો એક રૂપિયો પણ કોઈ હજમ નહીં કરી શકે. ૨૭ હજાર કરોડ રૂપિયા પાછા આપવાની દિશામાં અમે પ્રયત્ન કર્યો.

આપણા દેશમાં એક ફેશન થઈ ગઈ છે દરેક વસ્તુમાં કાયદો બનાવતા રહો. દરેક વસ્તુમાં કાયદો બનાવતા રહો અને આપણાં ન્યાયાલયોને વ્યસ્ત રાખતા રહો, એક કાયદાથી બીજો કાયદો, ઊંધી વાત દર્શાવતો હોય, પરંતુ એક જ વિષયનો કાયદો હોય, ગૂંચવણ ઊભી કરતા રહો, આ જ કામ આપણે ત્યાં ચાલતું રહ્યું. શ્રેષ્ઠ શાસન માટે આ સારી નિશાની નથી, અને માટે કાયદો સ્પષ્ટ હોય, કાયદો ચોખ્ખો હોય, કાયદો કાળગ્રસ્ત ન હોવો જોઈએ. સમાજ ત્યારે જ તો ગતિ કરે છે, આપણા કામદારો માટે ભિન્ન ભિન્ન પ્રકારના ૪૪ પ્રકારના કાયદાઓનો ઢગલો, તેમાંથી બિચારો કામદાર પોતાના હિતની વાત ક્યાં શોધે? અમે તેમાં બદલાવ કર્યો છે. ૪૪ કાયદાઓને ચાર આચારસંહિતાઓમાં વહેંચીને ગરીબથી ગરીબ, અભણથી અભણ કામદાર પણ પોતાના હિતની વાતને પકડી શકે, આ યોજનાને અમે બળ આપ્યું છે.

ભાઈઓ-બહેનો, આપણા દેશમાં ભ્રષ્ટાચારને લઈને ખૂબ વાતો થાય છે. આપે જોયું હશે કે બીમાર વ્યક્તિ પણ બીજાને સ્વસ્થ કેવી રીતે રહેવું જોઈએ, તેની સલાહ આપવાની આદત ધરાવે છે. પોતે તો પોતાને સંભાળતો નથી પરંતુ દરેક માણસનો સ્વભાવ હોય છે...તમે આમ કરો તો ઠીક થઈ જશો, તમે તેમ કરો તો ઠીક થઈ જશો. આ ભ્રષ્ટાચારનું પણ એવું છે. જે તેમાં લિપ્ત છે તે પણ સલાહ આપે છે કે, તેના કારણે પરેશાન છે, તે પણ સલાહ આપે છે અને એક પ્રકારે એકબીજાને સલાહ આપવી એ જ ચાલ્યું છે.

ભાઈઓ-બહેનો, મેં ક્યારેય એ ઘોષણા નથી કરી પરંતુ આજે હું હિસાબ આપવા માંગું છું. હું દેશવાસીઓને વિશ્વાસ અપાવવા માગું છું. હું સવા સો કરોડ દેશવાસીઓની ટીમ ઈન્ડિયાને જણાવવા માગું છું કે, આ દેશ ભ્રષ્ટાચારથી મુક્ત થઈ શકે છે, અનુભવના આધારે કહી રહ્યો છું, ઉપરથી શરૂ કરવાનું હોય છે.

સાથોસાથ ભ્રષ્ટાચાર આપણા દેશમાં, ઊધઈની જેલ લાગેલો છે, અને આ ઊધઈ એવી રીતે ફેલાય છે, પહેલાં દેખાતી નથી. પરંતુ જ્યારે બેડરૂમમાં પહોંચી જાય, કપડાં જ્યાં રાખ્યાં હોય તે કબાટ સુધી પહોંચી જાય ત્યારે ખબર પડે છે અને ઊધઈથી મુક્તિ મેળવવી હોય તો દરેક સ્કેવર મીટર જમીન પર ઈન્જેક્શન લગાવવું પડે છે દવાઓનું ઘરમાં એક જગ્યાએ ઈન્જેક્શન લગાવવાથી કામ નથી થતું. ઊધઈને જો ખતમ કરવી હોય તો દર સ્કેવર મીટરમાં, દર મહિને ઈન્જેક્શન લગાવતા રહેવું પડે છે, ત્યારે વર્ષો પ્રયાસ કર્યા બાદ ઊધઈથી મુક્તિ મળે છે. આટલા મોટા દેશમાં પણ ભ્રષ્ટાચારરૂપી ઊધઈથી મુક્તિ માટે અનેક પ્રકારના કોટિ કોટિ પ્રયાસોની આવશ્યકતા છે અને તેને કરી પણ શકાય છે,

ક્યારેક ક્યારેક હું જો કહું છું કે હું એલપીજી ગેસ સબસીડી ૧૫ હજાર કરોડ રૂપિયા કટ કરવાનો છું તો હું દાવા સાથે કહું છું કે હિન્દુસ્તાનમાં આ સરકારની વાહવાહીના સેંકડો લેખ લખાયા હોત કે આ મોદી દમવાળો છે કે, તેણે ૧૫ હજાર કરોડ રૂપિયાની ગેસની સબસીડીને બંધ કરી દીધી. આ જ આદમી છે જે કઠોર નિર્ણય લઈ શકે છે અને જો તેમ ના કર્યું તો, યાર કંઈ થતું નથી, કંઈ દેખાતું નથી. ક્યારેક ક્યારેક કેટલાક લોકોને નિરાશાની ગર્તામાં ડૂબવાનો શોખ હોય છે. જ્યાં સુધી તેઓ ચાર લોકો વચ્ચે નિરાશાથી વાત ન કરે તેમને રાત્રે ઊંઘ નથી આવતી. આ તેમનું એક વ્યસન હોય છે, કેટલાક બીમાર લોકો હોય છે, જેને કોઈ બીમારી વિશે પૂછે તો પસંદ નથી આવતું, તેઓ ઈચ્છતા નથી કે બીમારીની કોઈને ખબર પડે. અને કેટલાક બીમાર એવા હોય છે કે તે રાહ જુએ છે કે યાર તે આવ્યો નહિ, તે પૂછવા ન આવ્યો અને પછી તેને કલાકો સુધી વર્ણન કરે છે કે, આવું થયું, તેવું થયું. હું જોઈ રહ્યો છું કે કેટલાક લોકો હોય છે, જે નિરાશા શોધતા રહે છે, નિરાશા ફેલાવતા રહે છે, અને જેટલી વધારે નિરાશા ફેલાવે છે, તેટલી તેમને વધારે ગાઢ ઊંઘ આવે છે. આવા લોકો માટે યોજનાઓ હોતી નથી. કાર્યકલાપ હોતા નથી અને ન તો સવા સો કરોડ દેશવાસીઓની ટીમ ઈન્ડિયા તેમના માટે સમયનું રોકાણ કરવા તૈયાર છે. પરંતુ થાય છે કેવી રીતે, એલપીજીની સબસીડી માટે અમે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની યોજના લાવ્યા. જન ધન એકાઉન્ટનો ફાયદો લીધો. આધારકાર્ડનો ફાયદો લીધો અને ગ્રાહકોના ખાતામાં સીધી સબસીડી પહોંચાડી અને તેના કારણે જે

દલાલો હતા તેમની દુકાનો બંધ થઈ ગઈ. જે વચેટિયાઓ હતા તેમની દુકાનો બંધ થઈ ગઈ, જે કાળા બજારિયાઓ હતા તેમની દુકાનો બંધ થઈ ગઈ. સાચી વ્યક્તિને સાચો લાભ. કોઈનો એક રૂપિયો કાપ્યો નથી, મોટી વાહવાહી થાય એવી ઘોષણાઓ નથી કરી. વ્યવસ્થામાં સુધારો કર્યો અને હું આજે મારા સવા સો કરોડ દેશવાસીઓની ટીમ ઈન્ડિયાને કહેવા માંગું છું કે તેના કારણે લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયા, દર વર્ષના ૧૫ હજાર કરોડ રૂપિયા કે જે ગેસ સિલિન્ડરના નામે ચોરી થતાં હતા તે બંધ થઈ ગયા. ભ્રષ્ટાચાર જતો રહ્યો. મારા દેશવાસીઓ, થતું હશે કે કામ કેવી રીતે થાય છે. મારાં ભાઈઓ-બહેનો, ૧૫ હજાર કરોડ રૂપિયા ભારત જેવા દેશ માટે સામાન્ય વાત નથી હોતી અને અમે એ કરીને બતાવ્યું છે, અમે ખુલ્લી વેબસાઈટ બનાવી, ડિલરોને ત્યાં બોર્ડ લગાવ્યું, આ ઉપરાંત પણ જો કોઈની ફરિયાદ છે તો, અડધી રાત્રે તેમને ગેસ સિલિન્ડર મળી જશે. પરંતુ દેશને લૂંટનારાઓ માટે પરવાનગી નથી. ગરીબોના પૈસા લૂંટનારાઓ માટે મંજૂરી નથી. શું આ કામ ભ્રષ્ટાચારની વિરુદ્ધ નથી, છે કે નહીં? મારાં ભાઈઓ-બહેનો, દેશને વિનંતી કરી હતી, મેં મારા દેશવાસીઓને, કે જો તમે આર્થિક દૃષ્ટિએ સંપન્ન હોય તો તમે એલપીજી સબસીડી કેમ લો છો, આ ૫૦૦-૭૦૦ રૂપિયા તમારા માટે શું જરૂરિયાત છે, ૫૦૦-૭૦૦ રૂપિયા તો તમે ચા-પાણીમાં એક દિવસમાં ખર્ચ કરનારા લોકો છો. મેં હજુ વાત શરૂ કરી છે, અભિયાન નથી ચલાવ્યું, કેમ કે ટીમ ઈન્ડિયા પર મારો ભરોસો છે, જેમ જેમ વાત પહોંચશે, પરિણામ મળતું જશે, પરંતુ આજે હું ગર્વથી કહી શકું છું કે, એલપીજી ગેસ સિલિન્ડરની સબસીડી છોડોની ચળવળ ચલાવી. અત્યાર સુધીમાં ૨૦ લાખ લોકોએ ગેસ સબસીડી છોડી દીધી. ભાઈઓ, આ આંકડો નાનો નથી. આપણે મંદિરમાં પણ પ્રસાદની લાઈનમાં ઊભા રહીએ છીએ તો ક્યારેક મન કરે છે કે નાના ભાઈ માટે પણ પ્રસાદ લઈ લઈએ. આ આપણી પ્રકૃતિ છે. અને આ ૨૦ લાખ કોઈ અમીર ઘરના લોકો નથી. સામાન્ય, મધ્યમ વર્ગ, કોઈ શિક્ષક પેન્શન પર ગુજરાન ચલાવે છે. પરંતુ જ્યારે તેણે સાંભળ્યું કે આ સિલિન્ડર કોઈ ગરીબ પરિવારને જવાનું છે, તો તેણે સબસીડી છોડી દીધી. મારા ભાઈઓ-બહેનો, ગરીબોના કલ્યાણ માટે જ્યારે ૨૦ લાખ ગેસ સિલિન્ડર ગરીબ પરિવારોમાં પહોંચશે, જ્યાંનું રસોડું ધુમાડાથી ભરેલું રહે છે, તમે મને જણાવો એ મા ને કેટલું સુખ મળશે! નાનાં-નાનાં બાળકો ધુમાડાના કારણે રડતાં રહે છે, તેમને કેટલું સુખ મળશે. કામ સાચી દિશામાં કરવાથી પરિણામ મળે છે. ભાઈઓ બહેનો, જો હું કોલસાની ચર્ચા કરું તો કેટલાક રાજકીય પંડિતો તેને રાજનીતિના ત્રાજવામાં તોલશે. આ જગ્યા એ કામ માટે નથી અને માટે હું બધા રાજકીય પંડિતોને પ્રાર્થના કરું છું કે જે કોલસાની ચર્ચા કરવા જઈ રહ્યો છું, તેને રાજનીતિના ત્રાજવાથી કૃપા કરીને ન તોલશો. આ રાષ્ટ્રની સંકલ્પ શક્તિની માંગ છે. જ્યારે કેગે કહ્યું કે કોલસાની પરચીથી કોલસાની ખાણો દેવાના કારણે ૧ લાખ ૭૬ હજાર કરોડનું નુકસાન થયું છે. અમે પણ ચૂંટણીમાં બોલતા હતા, પરંતુ મનમાં થતું હતું કે પણ યાર, આટલું તો નહીં હોય, બોલતા તો હતા પરંતુ મારા ભાઈઓ-બહેનો, અમે સમયસીમાની અંદર નક્કી કર્યું કે કોલસો હોય, સ્પેક્ટ્રમ હોય, અને કોઈ ખનિજ હોય હવે તેની હરાજી કરાશે, ઑક્શન કરાશે અને મારા વહાલા દેશવાસીઓ, આ ટીમ ઈન્ડિયાનું પરાક્રમ જુઓ. આ સવા સો કરોડ દેશવાસીઓની આ ટીમ ઈન્ડિયાનો સંકલ્પ જુઓ. સમય સીમામાં કોલસાની હરાજી થઈ અને લગભગ ૩ લાખ કરોડ રૂપિયા દેશના ખજાનામાં આવશે. ભાઈઓ બહેનો, તમે તમારા આત્માને પૂછો, કે ભ્રષ્ટાચાર ગયો કે ન ગયો? દલાલોનો ઠેકો ગયો કે ન ગયો? હિન્દુસ્તાનની સંપત્તિને લૂંટનારાઓના દરવાજા બંધ થયા કે ન થયા? મેં કોઈ ભાષણ નથી આપ્યું, કરીને બતાવ્યું.

સ્પેક્ટ્રમમાં એ જ થયું. હાલમાં એફએમ રેડિયોની હરાજી ચાલી રહી છે. મોટા મોટા લોકો પરેશાન છે. મારા પર ખૂબ દબાણ કરવામાં આવ્યું કે, મોદીજી એફએમ રેડિયો, રેડિયો તો, સામાન્ય વ્યક્તિને કામ આવે છે, કોઈ કમાણી થતી નથી. તમે એફએમ રેડિયોની હરાજી કેમ કરો છો? ખૂબ દબાણ કરવામાં આવ્યું. દરેક પ્રકારે મારું ધ્યાન આકર્ષિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. પરંતુ અમે કહ્યું સવાસો કરોડ દેશવાસીઓની ટીમ ઈન્ડિયા ટ્રાન્સ્પરન્સી ઈચ્છે છે, પારદર્શકતા ઈચ્છે છે અને હાલમાં એફએમ રેડિયોના લગભગ ૮૦-૮૫ શહેરોની હરાજી ચાલી રહી છે. પરમ દિવસે જ્યારે મેં પૂછ્યું, હરાજીમાં હજાર કરોડ રૂપિયાથી પણ ઉપર જતું રહ્યું હતું. આ પૈસા ગરીબોના કામમાં આવશે. ભાઈઓ-બહેનો, દેશને ઠેકેદારોએ કેવી રીતે ચલાવ્યો, કેવી રીતે લૂંટ્યો, નીતિઓ પર પ્રભાવ પેદા કર્યો. આપણા દેશમાં કેવો કારોબાર કરાયો છે, વિદેશથી જે કોલસો આવે છે, જે કોલસો સમુદ્ર તટની વીજળીના કારખાનાને નથી અપાતો. તેને જ્યાં કોલસાની ખાણો છે, તેના આજુબાજુનાં કારખાનાંમાં આપવા માટે ત્યાંથી ટ્રાન્સપોર્ટ કરવામાં આવે છે અને કોલસાની ખાણોનો કોલસો છે તેને ટ્રાન્સપોર્ટ કરીને સમુદ્રતટનાં કારખાનાં સુધી લઈ જવાય છે. આ દેશના નાના બાળકને પણ સમજમાં આવી શકે કે ભાઈ, અહીંનો માલ ત્યાં અને ત્યાંનો માલ અહીંની જગ્યાએ, જેનું જ્યાં છે તેનું ત્યાં વાપરો. ભાઈઓ-બહેનો, અમે નિર્ણય બદલી લીધો છે. કારખાનાની નજીકમાં જે છે તેમને લાભ સૌથી પહેલા મળશે અને તેમને હું કહેવા માંગું છું કે એક નાના નિર્ણયથી દલાલોની દુકાન બંધ કરી અને સરકારની તિજોરીમાં ૧૧૦૦ કરોડ રૂપિયા જમા થઈ ગયા. મારાં ભાઈઓ-બહેનો, અને આ દર વર્ષે થશે.

ભ્રષ્ટાચાર એક રીતે વ્યવસ્થાનો હિસ્સો બની ગયો છે. જ્યાં સુધી વ્યવસ્થાના હિસ્સામાંથી તેને કઢાશે નહીં, ભાઈઓ-બહેનો, હું આજે તિરંગા ઝંડાની સાક્ષીમાં બોલી રહ્યો છું, લાલ કિલ્લા પરથી બોલી રહ્યો છું, સવા સો કરોડ દેશવાસીઓના સપનાંને સમજીને બોલી રહ્યો છું, ૧૫ માસ થઈ ગયા. તમે દિલ્હીમાં જે સરકાર બેસાડી છે, એ સરકાર પર એક નવા પૈસાનો પણ ભ્રષ્ટાચારનો આરોપ નથી. અને હું, મારા દેશવાસીઓ, તમે તમે મને જે કામ માટે બેસાડ્યો છે તે કામ પૂરું કરવા માટે દરેક

જુર્મ સહન કરતો રહીશ. દરેક અવરોધોને સહન કરતો રહીશ, પરંતુ આપના આશીર્વાદ લઈને ભ્રષ્ટાચારમુક્ત ભારતના સપનાને સાકાર કરતો રહીશ એ આપને હું કહેવા આવ્યો છું, પરંતુ મેં કહ્યું હતું, આ ઊધઈ છે, માત્ર દિલ્હી સરકારથી ભ્રષ્ટાચાર જાય તેનાથી વાત નહીં બને. હજુ પણ નાનાં સ્થાનોએ મુશ્કેલીઓ પડે છે. ગરીબ માણસ આ નાના લોકોની પરેશાનીથી હેરાન છે. આના માટે આપણી એક રાષ્ટ્રીય ચેતનાને જગાવવાની આવશ્યકતા છે. આપણે ભ્રષ્ટાચારના આ રૂપને વ્યવસ્થિત રીતે સમજીને જન જનને તેની મુક્તિ માટે જોડવાના છે અને ત્યારે આપણે આ કલંકને મિટાવી શકીશું.

ભાઈઓ-બહેનો, મારે એ પણ કહેવું છે કાળું ધન. કાળા ધન માટે આટલા ઓછા સમયમાં અમે એક પછી એક અત્યંત મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે. સરકાર બન્યા પછી પહેલા દિવસે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શનમાં 'સીટ' ની રચના કરી દીધી. ત્રણ વર્ષથી લટકેલું કામ અમે પહેલા જ અઠવાડિયામાં પૂર્ણ કરી દીધું. તે સીટ આજે કામ કરી રહી છે. હું જી-૨૦ સમિટમાં ગયો. દુનિયાના એ દેશો ત્યાં હાજર હતા જેમની મદદથી કાળું ધન પાછું આવી શકે તેમ છે. જી-૨૦ સમિટમાં ભારતના આગ્રહ પર કાળા ધન વિરુદ્ધ પ્રસ્તાવ કરાયો અને દરેક દેશ એકબીજાને મદદ કરશે, કાળું ધન દેશને પાછું પહોંચાડવા માટે, તેનો સંકલ્પ લેવામાં આવ્યો. અમેરિકા સાથે FATCA નો કાયદો, અમે નાતો જોડી દીધો, અમે વિશ્વના એ દેશો સાથે એ પ્રકારની સંધિઓ કરી છે, જેથી તે દેશ, પોતાની પાસે આ પ્રકારના કોઈ ભારતીય નાગરિકનું ધન હોય તો તેની જાણકારી અમને રીયલ ટાઈમમાં આપતો રહે. એક પછી એક પગલાં ભરતા રહ્યા, ભાઈઓ-બહેનો, અમે એક કઠોર કાયદો પસાર કર્યો. હવે જ્યારે આ કાયદો પારિત થઈ ગયો તો દર અઠવાડિયે કોઈને કોઈ અમારી સરકારનો સંપર્ક કરે છે અને કહે છે તમારી સરકારે મોટો જુલ્મ કર્યો છે. આવો કઠોર કાયદો બનાવી દીધો. કોઈ કહે છે આવો કાળો કાયદો બનાવી દીધો. આના કારણે અધિકારીઓનો જુલ્મ વધી જશે. ભાઈઓ-બહેનો, ક્યારેક ક્યારેક જ્યારે બીમારી ખૂબ ભયાનક હોય છે તો આવા ઈન્જેક્શનની જરૂર પડે છે અને જ્યારે ઈન્જેક્શન લઈએ છીએ તો ડૉક્ટર પણ કહે છે કે સાઈડ ઈફેક્ટ થશે પરંતુ આ બીમારી એટલી ભયાનક છે કે સાઈડ ઈફેક્ટ સહન કર્યા બાદ પણ આ જ દવાથી મુક્તિ મળશે. હું જાણું છું કે આ કાળા ધનનો અમે કાયદો બનાવ્યો છે, તેના કારણે ઘણા લોકો પરેશાન છે. ઘણાં લોકોને મુસીબત દેખાઈ રહી છે. કાળું ધન થોડું ડાયલ્યુટ થાય, થોડા નિયમોમાં છૂટ આવી જાય, તેના માટે અમારા સુધી સંદેશ પહોંચાડવામાં આવે છે. હું આ ટીમ ઈન્ડિયા, સવા સો કરોડ દેશવાસી, હું આજે કહેવા ઈચ્છું છું, તે સાઈડ ઈફેક્ટની તૈયારી સાથે પણ કાળા ધન સામે, કઠોરતાથી કામ લેવાની દિશામાં અમે આગળ વધ્યા અને વધીશું અને આટલું થઈ ગયું છે. કાળું ધન પાછું લાવવાની એક લાંબી પ્રક્રિયા ચાલી રહી છે, પરંતુ એટલું તો થઈ ગયું છે કે, કોઈ કાળું ધન બહાર મોકલવાની હિંમત નથી કરતું. આ તો ફાયદો થયો જ થયો છે, કોઈ માને કે ન માને. એટલું જ નહિ, હમણાં કેટલાક દિવસોમાં જ્યારે એ સમય આપ્યો છે કે તમે તમારું કાળું નાણું ઘોષિત કરી શકો છો. હું આજે કહી શકું છું કે લગભગ ૬૫૦૦ કરોડ રૂપિયાની અઘોષિત આવક લોકોએ આવીને ઘોષિત કરી દીધી છે. આ પૈસા હિન્દુસ્તાનની તિજોરીમાં આવશે. ભારતના ગરીબોના કામે આવશે અને ભાઈઓ-બહેનો, તમને જે મેં વિશ્વાસ આપ્યો છે, તે પૂરો કરવા માટે પૂરા સંકલ્પ સાથે અમે આગળ વધીશું.

ભાઈઓ-બહેનો, સીબીઆઈ દ્વારા અમારી સરકાર બનતાં પહેલાં એક વર્ષમાં ભ્રષ્ટાચારના માત્ર ૮૦૦ કેસ થયા હતા. ૮૦૦..ભાઈઓ-બહેનો, અમે સત્તામાં આવ્યા બાદ અમે તો નવા છીએ... અત્યાર સુધીમાં One Thousand Eight Hundred, 1800 કેસ અમે નોંધાવી ચૂક્યા છીએ અને અમે અધિકારીઓ સામે કાર્યવાહી શરૂ કરી છે. સરકારના કર્મચારીઓ સામે કાર્યવાહી શરૂ કરી છે. આપ કલ્પના કરી શકો છો કે અમારા આવતાં પહેલાં એક વર્ષમાં ૮૦૦ અને અમારા દસ માસમાં લગભગ ૧૮૦૦, એ દર્શાવે છે કે ભ્રષ્ટાચાર સામે લડવાનું અમારું વલણ કેવું છે. એ દર્શાવે છે કે અમારી ભ્રષ્ટાચાર સામે લડવાની પ્રતિબદ્ધતા પ્રેસ કોન્ફરન્સ કરીને અમે નથી જણાવી. અમે ધરતી પર પગલાં ભરીને દર્શાવી છે અને અમે પરિણામ પ્રાપ્ત કર્યું છે, અમે વ્યવસ્થાઓને બદલવાની કોશિશ કરી છે. મનરેગા સીધા જન ધન એકાઉન્ટમાં કેવી રીતે જાય, બાળકોની સ્કોલરશિપના સીધા પૈસા બેંકના એકાઉન્ટમાં કેવી રીતે જાય, ઓછામાં ઓછી દલાલી કેવી રીતે થાય, એ દિશામાં અમે કામ પ્રારંભ કર્યું છે. અને મને વિશ્વાસ છે કે આ કામોને કારણે દેશ એ બાબતોને પૂર્ણ કરી શકશે. મારા કિસાન ભાઈઓ બહેનો, ગયા વર્ષે વરસાદનું સંકટ થયું હતું. જેટલી માત્રામાં વરસાદ જોઈએ તેટલો થયો નહોતો. દેશના અર્થતંત્રને પણ નુકસાન થયું હતું અને ખેડૂતોને પણ નુકસાન થયું હતું. એમ છતાં પણ અમે મોંઘવારી નીચે લાવવામાં સફળ થયા. એ માનવું પડશે કે અમારા આવ્યા પહેલાં મોંઘવારી બે આંકડામાં ચાલતી હતી, અમારા આવ્યા બાદ એક પછી એક પ્રયાસોને કારણે, વરસાદ ઓછો થવા છતાં પણ ખેડૂત પરેશાન થયો તેમ છતાં પણ મોંઘવારીને બે આંકડાથી નીચે લાવતાં લાવતાં લગભગ ત્રણ ચાર ટકા સુધી લાવવામાં અમે સફળ થયા. તેને વધુ નીચે લાવવાના પ્રયાસ ચાલુ રહેશે કેમ કે ગરીબથી ગરીબની થાળીમાં સંતોષજનક ખાવાનું મળે તે સપનાને લઈને અમે ચાલી રહ્યા છીએ.

પરંતુ આપણા દેશના કૃષિ જીવનને એક ખૂબ મોટા બદલાવની આવશ્યકતા છે. જમીન ઓછી થઈ રહી છે. પરિવારોમાં જમીન વહેંચાતી જાય છે, ટુકડા નાના થઈ રહ્યા છે. આપણી જમીનની ઉત્પાદન શક્તિ વધારવી પડશે. Productivity વધારવી પડશે. જમીનને પાણી જોઈએ, જમીનને વીજળી જોઈએ. એ સપનાને પૂર્ણ કરવાની દિશામાં અમે કામ કરી રહ્યા છીએ. ૫૦,૦૦૦ કરોડ રૂપિયા પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે અમે રોકવાનું નક્કી કર્યું છે અને ખેતર સુધી પાણી કેવી રીતે પહોંચે અને પાણીને બચાવવું પણ પડશે. 'Save Water, Save Energy, Save

Fertilizer' – આ મંત્રને લઈને આપણે આપણા કૃષિ જીવનમાં આંદોલન ઊભું કરવાનું છે અને માટે અમે આ કામને આગળ વધારવા માટે Per Drop Per Crop એક એક બુંદથી મહત્તમ પાક અને સફળ ખેડૂત આ કામને આગળ વધારવાની દિશામાં આ ધન ખર્ચ કરવાની દિશામાં આગળ વધ્યા છીએ. પાછલા દિવસોમાં જ્યારે ઓલા પડ્યા અમે ૫૦ ટકા નુકસાન થાય તો તેઓ વળતરના દાયરામાં આવતા હતા. અમે તેને ઓછું કરીને ૩૦ ટકા કરી દીધું. આનાથી મોટું ખેડૂતને મદદનું કામ છેલ્લા ૬૦ વર્ષમાં ક્યારેય થયું નથી. કિસાનને યૂરિયા જોઈએ. અમે નીમ કોટિંગ યૂરિયા, હું ફરી એકવાર કહું છું, ભ્રષ્ટાચાર સામે કેવી રીતે લડાઈ લડી શકાય છે, નીમ કોટિંગ, આ કોઈ મોદીના મગજની પેદાશ નથી. આ વૈજ્ઞાનિકોએ આપેલો વિચાર છે. અને આ વિચાર માત્ર મારી સરકાર સામે જ આવ્યો એવું નથી, પહેલાં પણ સરકારોની સામે આવ્યો છે, આપણા દેશમાં ખેડૂતોના નામે યૂરિયા જાય છે, અબજોના અબજોનું યૂરિયા જાય છે, પરંતુ તે યૂરિયા ૧૫ ટકા, ૨૦ ટકા, ૨૫ ટકા કેમિકલની ફેક્ટરીઓમાં જતું રહે છે. કાચામાલના રૂપમાં, નામ ખેડૂતોનું હોય છે, દલાલોના માધ્યમથી ચોરી થાય છે, નીમ કોટિંગ ૧૦૦ ટકા કર્યા વગર આ ચોરી રોકી શકાય તેમ નથી. અને એ માટે અમે સરકારને તિજોરી પર ભાર પડે તો પણ યૂરિયાનું ૧૦૦ ટકા નીમ કોટિંગ કરવાનું કામ પૂરું કરી દીધું. અને આથી આ યુરિયા ખેતી સિવાય કોઈ કામમાં નહીં આવી શકે, કોઈ કેમિકલ ફેક્ટરી તેમાં તેમાંથી કંઈ કાઢી નહીં શકે. અને માટે ખેડૂતને જેટલું યૂરિયા જોઈએ તેટલું મળશે અને નીમ કોટિંગ હોવાના કારણે તેમને જે ન્યુટ્રીશન વેલ્યુ જોઈએ, જમીનમા ૧૦ ટકા ઓછુ યૂરિયા વાપરવા છતાં પણ તેમને એટલો જ લાભ મળવાનો છે. આવનારી સીઝનમાં મારા દેશના ખેડૂતોને યૂરિયાનો એક નવો લાભ અને હું તો બધા ખેડૂતોને કહુ છું કે ભૂલથી પણ જો નીમ કોટિંગ વિનાનું યૂરિયા તમને દેખાય તો તમે માની લેજો કે તે સરકાર દ્વારા અધિકૃત નથી. કોઈએ પીળા રંગનો કોઈ પાવડર તમને આપી દીધો છે, તમે હાથ પણ ન લગાવશો.

ભાઈઓ-બહેનો, પાછલા દિવસોમાં હું કહું છું કે ભારતને જો વિકાસ કરવો હોય તો, પૂર્વ હિન્દુસ્તાનના વિકાસ વિના ભારત વિકસિત ન થઈ શકે, ભારતનો પશ્ચિમી કિનારો, જો એ જ આગળ વધશે તો હિન્દુસ્તાન ક્યારેય આગળ નહીં વધી શકે. હિન્દુસ્તાન ત્યારે આગળ વધશે જ્યારે આપણો પૂર્વી ઉત્તરપ્રદેશ શક્તિશાળી બને, આપણાં બિહાર શક્તિશાળી બને, આપણો પશ્ચિમ બંગાળ શક્તિશાળી બને, આપણું આસામ, આપણું ઓડિશા, આપણું ઉત્તર-પૂર્વ આ ભૂ-ભાગ હિન્દુસ્તાનનો, એ શક્તિશાળી બનવો જોઈએ અને માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની બાબત હોય, રેલવે કનેક્ટિવિટીની બાબત હોય, ડિઝિટલ કનેક્ટિવિટીની બાબત હોય, અમે દરેક બાબતમાં પૂર્વ ભારતમાં ધ્યાન કેન્દ્રિત કર્યું છે, અને પૂર્વ ભારતમાં ધ્યાન કરવામાં અમે ગેસની પાઈપ લાઈન લગાવી રહ્યા છીએ. કોઈએ વિચાર્યું પણ હશે કે જે રાજ્યોમાં રસોડામાં પીવાનું પાણી હજુ નળથી આવવાનું મુશ્કેલ લાગે છે ત્યાં ગેસને પાઈપ સુધી પહોંચાડવાની દિશામાં અમે કામ કરી રહ્યા છીએ અને ચાર યૂરિયા ખાતરના કારખાનાં જે પૂર્વ ભારતમાં બંધ પડ્યા છે, ત્યાંના નૌજવાન બેરોજગાર બન્યા છે, ત્યાંના ખેડૂત પરેશાન થઈ રહ્યા છે અમે નવી યૂરિયા નીતિ બનાવી, અમે ગેસ સપ્લાયની નવી નીતિ બનાવી, અને તેનું પરિણામ છે કે ગોરખપુર હોય, બરેલી હોય, તાલચેર હોલ, સિંદરી હોય, આ બધાં પૂર્વથી જોડાયેલા, તેનાં ખાતરનાં કારખાનાંને પૂર્નજીવિત કરીને નવજવાનોને રોજગાર આપો અને ખેડૂતોને ખાતર આપવું એ દિશામાં અમે કામ કરી રહ્યા છીએ. ભાઈઓ-બહેનો, દેશમાં સેનાના જવાનો માટે, જવાનોના કલ્યાણ માટે વિભાગ હોય છે, પરંતુ આ દેશમાં જેટલું મહત્ત્વ જવાનનું છે, તેટલું જ મહત્ત્વ ખેડૂતનું છે. ૬૦ વર્ષમાં આપણે શું કર્યું છે, આપણે કૃષિનાં આર્થિક પાસાં પર ભાર મૂક્યો છે, આપણી ખેતી સારી થાય, ખેતીનો વિકાસ થાય અને સરકારના મંત્રાલયનું નામ પણ કૃષિ મંત્રાલય રાખ્યું, ભાઈઓ-બહેનો, કૃષિ મંત્રાલયનું જેટલું મહત્ત્વ છે, એટલું જ મહત્ત્વપૂર્ણ સમયની માંગ છે, કિસાન કલ્યાણનું પણ મહત્ત્વ છે, એટલો કૃષિ વિકાસ. આ વાત, ગ્રામીણ જીવન માટે, કૃષિ જીવન માટે અધૂરી છે, તે પૂર્ણ ત્યારે થશે જ્યારે કિસાન કલ્યાણને પણ જોડવામાં આવશે. અને માટે ભાઈઓ બહેનો, હવે ભારત સરકારનું જે મંત્રાલય, કૃષિ મંત્રાલયના રૂપમાં ઓળખાય છે, તે કૃષિ મંત્રાલય તેમજ કિસાન કલ્યાણ મંત્રાલયના રૂપમાં ઓળખાશે અને આવનારા દિવસોમાં કૃષિ મંત્રાલય ખાતે જેમ યોજના બનશે તેવી જ રીતે કિસાન કલ્યાણની પણ યોજના બનશે, જેથી મારા ખેડૂતને જે વ્યક્તિગત જીવનમાં સમસ્યાઓ સહન કરવી પડે છે, મુસીબતોમાંથી પસાર થવું પડે છે તો સરકાર એક સ્થાયી વ્યવસ્થાના રૂપમાં તેને મદદ કરવાની દિશામાં પ્રયાસ કરશે. ભાઈઓ-બહેનો, આવનારા દિવસોમાં એક કામની તરફ હું ધ્યાન આપવા માગું છું, આઝાદીનાં આટલાં વર્ષો વીતી ગયા પરંતુ આજે પણ આપણા દેશમાં લગભગ સાડા અઢાર હજાર (૧૮૫૦૦) ગામડાં એવાં છે જ્યાં, વીજળીનો તાર પહોંચ્યો નથી, વીજળીનો થાંભલો પહોંચ્યો નથી. આઝાદીના સૂરજ, આઝાદીના પ્રકાશ, આઝાદીના વિકાસનાં કિરણોથી ૧૮૫૦૦ ગામડાં વંચિત છે. જો જૂની રીતે ચાલતા રહીએ તો, લગભગ આ ૧૮૫૦૦ ગામોમાં થાંભલા પહોંચતાં પહોંચતાં, વીજળીના તાર પહોંચતા પહોંચતાં, ૧૦ વર્ષ લાગી જશે. દેશ ૧૦ વર્ષ રાહ જોવા માટે તૈયાર નથી, મેં સરકારના કર્મચારીઓની મિટિંગ લીધી. મેં તેમને પૂછ્યું શું કરશો? તો કોઈએ કહ્યું કે, સાહેબ ૨૦૧૯ સુધીમાં કરી દઈશું. કોઈકે કહ્યું ૨૦૨૨ સુધીમાં કરી દઈશું. કહ્યું ગાઢ જંગલોમાં છે, ફલાણી જગ્યા પર છે, પહાડોમાં છે, બર્ફીલા પ્રદેશોમાં છે, કેવી રીતે પહોંચીએ?

સવા સો કરોડ દેશવાસીઓની ટીમ ઈન્ડિયાનો સંકલ્પ છે, આ ૧૮૫૦૦ ગામોમાં ૧૦૦૦ દિવસની અંદર વીજળીના થાંભલા, વીજળીના તાર અને વીજળી પહોંચે એ કામ પૂર્ણ કરી અપાશે અને હું રાજ્યોને આગ્રહ કરું છું કે આપણે આને કરી દેખાડીશું અને બધાં રાજ્યોમાં આ બાકી નથી, કેટલાંક

રાજ્યોમાં વધુ બાકી છે. જો હું એ રાજ્યોનું નામ આપીશ તો ફરી મારી વાતને રાજકીય ત્રાજવામાં તોલાશે. રાજનીતિક ટિપ્પણીઓ થશે અને માટે હું એ ચક્કરમાં પડવા નથી માંગતો અને માટે હું કહું છું કે સવા સો કરોડ દેશવાસીઓની ટીમ ઈન્ડિયા લાલ કિલ્લાથી એ સંકલ્પ કરે છે કે, રાજ્યોના સહયોગથી સ્થાનિક એકમોના સહયોગથી, આવનારા ૧૦૦૦ દિવસમાં ૧૮૫૦૦ ગામોમાં અમે વીજળી પહોંચાડવાનું કામ કરીશું.

આપણા દેશમાં જેમ ખેડૂત કલ્યાણ એક ચિંતાનો વિષય મેં હાથમાં લીધો છે, એ જ પ્રકારે જ્યાંથી દેશને શક્તિ મળે છે, જ્યાંથી ખનીજ સંપદા નીકળે છે, ભલે કોલસો નીકળતો હોય, ભલે બોક્સાઈટ નીકળતું હોય, ભલે બીજી કોઈ ખનીજ સંપદા નીકળતી હોય, પરંતુ ત્યાંનું જે ક્ષેત્ર છે, તેના વિકાસ પ્રત્યે ઉદાસીનતા રહે છે, આપ ત્યાંના લોકોનું જીવન જુઓ. આપણા દેશને સમૃદ્ધ બનાવવા તો તેઓ પરસેવો પાડે છે, પરંતુ તે ક્ષેત્રનો વિકાસ થતો નથી અને માટે અમે જ્યાંથી ખનીજ નીકળે છે, ત્યાંના મજૂર કામદારોના વિકાસ માટે ત્યાંના ખેડૂતોના વિકાસ માટે એક વિશેષ યોજના બનાવી છે. દર વર્ષે લગભગ ૬૦૦૦ કરોડ રૂપિયા એ વિસ્તારો માટે ખર્ચ કરાશે જે ખાસ કરીને મારાં આદિવાસી ક્ષેત્રોમાં છે. કોલસો ક્યાં છે, આદિવાસીઓની વચ્ચે છે, ત્યાંનો વિકાસ થાય તેના પર અમે કામ શરૂ કરી દીધું છે.

ભાઈઓ અને બહેનો, ૨૧મી સદીમાં દેશને આગળ વધારવામાં આપણી યુવા શક્તિ મહત્ત્વની છે અને આજે હું જાહેર કરવા ઈચ્છું છું. સમગ્ર વિશ્વની સરખામણીમાં આપણે આગળ વધવું હોય તો યુવાઓને આપણે પ્રોત્સાહિત કરવા પડશે, તેમને તક પૂરી પાડવી પડશે. આપણો યુવાન નવો ઉદ્યોગકાર કેવી રીતે બની શકે? આપણા યુવાઓ નવા ઉત્પાદક કેવી રીતે બની શકે? સમગ્ર દેશમાં આ નવા ઉદ્યોગ સાહસિકો દ્વારા એક નવી શરૂઆતને લગતું નેટવર્ક કેવી રીતે પૂરું પાડી શકાય? ભારતનો કોઈ જિલ્લો, કોઈ બ્લોક એવો ના હોય કે જ્યાં આવનારા દિવસોમાં નવા સ્ટાર્ટ અપ શરૂ ના થયા હોય. શું ભારત દેશ એવું સ્વપ્ન ના જોઈ શકે કે આપણે વિશ્વમાં, સ્ટાર્ટ અપની દુનિયામાં ભારત પ્રથમ સ્થાને પહોંચે? આજે આપણે ત્યાં નથી. ભાઈઓ અને બહેનો મારે આ સ્ટાર્ટ અપને આગળ લઈ જવું છે તેને વેગ આપવો છે અને આ માટે હું સંકલ્પ કરું છું કે આવનારા દિવસોમાં સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને દેશના ભવિષ્ય માટે સ્ટેન્ડ અપ ઈન્ડિયા! સ્ટાર્ટ અપ ઈન્ડિયા! સ્ટેન્ડ અપ ઈન્ડિયા!...આ સ્ટાર્ટ અપ ઈન્ડિયા! સ્ટેન્ડ અપ ઈન્ડિયા! આ કાર્યને જ્યારે હું આગળ વધારવા ઈચ્છું છું ત્યારે, મારા ભાઈઓ અને બહેનો, આપણા દેશમાં પાછલા એક વર્ષમાં બેંકવાળાઓએ ખૂબ મોટું પરાક્રમ કર્યું...અને જ્યારે તમે સારું કરો છો ત્યારે મારી થોડીક અપેક્ષાઓ પણ વધારે વધી જાય છે. મારા બ્રેકના મિત્રો બાબા સાહેબ આંબેડકરની સવા સોમી જયંતિનું વર્ષ ૧૨૫મી જયંતીનું વર્ષ, સવા લાખ બેંકની શાખાઓ છે. શું આપણી બેંકની શાખા...મારું આ જે સ્ટાર્ટ અપ ઈન્ડિયા કાર્યક્રમ છે, તેના જેવી જ અન્ય યોજનાઓ બનશે....પરંતુ દરેક શાખા આ સંકલ્પ કરે અને આવનારા દિવસોમાં તેને પૂર્ણ કરે કે આપણાં બેંકની શાખાના વિસ્તારમાં, દરેક શાખા, કે જ્યાં આદિવાસી વસતી હોય ત્યાં મારા આદિવાસી ભાઈને, જ્યાં આદિવાસી વસતી નથી ત્યાં મારા દલિત ભાઈને અને દરેક શાખા એક દલિત ઉદ્યોગકારો પેદા થાય. આ દેશમાં આદિવાસી વિસ્તારોમાં મારા આદિવાસી ઉદ્યોગકારો પેદા થાય. આ કાર્ય આપણે કરી શકીએ છીએ સ્ટાર્ટ અપને એક નવું પરિમાણ આપી શકીએ છીએ. આ ઉપરાંત, આ સવા લાખ શાખા...શું વિશેષ યોજના મહિલા ઉદ્યોગસાહસિકો માટે બનાવી શકે છે. સવા લાખ શાખા, સવા લાખ મહિલા ઉદ્યમી તેમના સ્ટાર્ટ અપ ને આગળ વધારે, તેમને મદદ કરે. તમે જુઓ, જોતજોતામાં હિન્દુસ્તાનના ખૂણે ખૂણામાં સ્ટાર્ટ અપનું માળખું ગોઠવાઈ જશે. નવા ઉદ્યોગકારો તૈયાર થશે. કોઈ એકને કોઈ બેને કોઈ ચારને નોકરી આપશે અને દેશના આર્થિક જીવનમાં પરિવર્તન આવશે. ભાઈઓ બહેનો, દેશમાં જ્યારે મૂડીરોકાણ થાય છે ત્યારે આપણે એક બાબતનો આગ્રહ રાખીએ છીએ કે ઉત્પાદનનું કામ થાય અને વધારેમા વધારે નિકાસ થાય અને તે માટે મૂડીરોકાણ કરનારાઓને સરકારનું આર્થિક વિભાગ અનેક નવી નવી યોજના આપે છે. તેનું એક ખાસ મહત્ત્વ છે અને તેને યથાવત રાખવું છે. પરંતુ આજે હું એક નવી વાતને લઈને આગળ વધવા ઈચ્છું છું. આપણા દેશમાં જે મૂડીરોકાણ થાય, ઉત્પાદન ક્ષેત્રમાં મૂડીરોકાણ થાય, તેમાં સરકારી સહાયના જે માપદંડ છે તેમાં એક મહત્વપૂર્ણ માપદંડ એ રહેશે કે તમે જે ઉદ્યોગ લાવો છો એમાં તમે વધારેમાં વધારે લોકોને જો રોજગાર આપશો તો તમને અલગ પ્રકારનું આર્થિક પેકેજ મળશે. સરકારની સહાયને રોજગાર સાથે સાંકળીને નવા એકમો માટે હવે સરકાર યોજના બનાવશે. દેશમાં રોજગારની તકો વધશે તેને અમે આગળ વધારવા માગીએ છીએ. સ્કીલ ઈન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા આ સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આપણે ખૂબ આગળ વધી ચૂક્યા છીએ. ભાઈઓ અને બહેનો, ભ્રષ્ટાચારનું એક ક્ષેત્ર છે નોકરી. ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ ઈચ્છશે કે તેના દીકરાને નોકરી મળે. અને આપણે જોયું છે કે જ્યારે નોકરી માટેના ઈન્ટરવ્યૂનો કોલ આવે છે ત્યારે નવયુવાન કોઈને શોધે છે કે મારો રેલવેમાં નોકરી માટે ઈન્ટરવ્યૂ આવ્યો છે, શિક્ષક માટે ઈન્ટરવ્યૂ આવ્યો છે, ટૂલનો ઈન્ટરવ્યૂ આવ્યો છે, ડ્રાયવર માટેનો ઈન્ટરવ્યૂ આવ્યો છે ત્યારે આ નોકરી મેળવવા માટે કોની પાસે ભલામણ કરાવું, વિધવા માતા પણ ભલામણ માટે વિચારે છે. કારણ કે આપણે ત્યાં યોગ્યતાથી વધારે ઇન્ટરવ્યૂને કારણે વ્યક્તિ સાથે ન્યાય અને અન્યાયની રમત રમાય છે અને કહેવાય છે કે ઈન્ટરવ્યૂમાં નાપાસ થઈ ગયા.

મેં હજુ સુધી કોઈ એવા મનોવૈજ્ઞાનિક નથી જોયા કે જેઓ બે મિનિટનો ઈન્ટરવ્યૂ કરે અને માનવીને સંપૂર્ણપણે પારખી લે. ભાઈઓ અને બહેનો, મારા મનમાં કેટલાય દિવસથી એક વાત ચાલી રહી છે કે એક ગરીબ માતાનો દીકરો છે, ઓછું શિક્ષણ મેળવ્યું છે જેને નાની નાની નોકરીઓની જરૂર છે. શું તેમને ઇન્ટરવ્યૂ આપવા જરૂરી છે. શું ઇન્ટરવ્યૂ આપ્યા વગર નોકરી ના મળી શકે. શું ઓનલાઈન તેમની માર્કશીટના

આધારે ઓનલાઈન ના નક્કી થઈ શકે કે આપણને ૫૦૦ લોકોની જરૂર છે તો એ ૫૦૦ લોકો કોણ હશે. આપણને ૨૦૦૦ ની જરૂર છે, પ્રથમ ૨૦૦૦ કોણ હશે. હા, જ્યાં પણ શારીરિક યોગ્યતાની ચકાસણી હોય ત્યાં તેના માપદંડ જુદા હોય અને પદ્ધતિ પણ જુદી હોય. જ્યાં ઉપલા હોદ્દાની નોકરીઓ છે, જ્યાં વ્યક્તિત્વ ખૂબ મહત્ત્વ રાખે છે, કાર્યદેખાવ મહત્ત્વ રાખે છે, પરંતુ ખૂબ મહત્વ રાખે છે, કાર્યદેખાવ મહત્ત્વ રાખે છે, પરંતુ ખૂબ નાની નાની. હું તો જોઈ રહ્યો છું કે રેલવેની નોકરી માટે નાગાલેન્ડ, મિઝોરમના લોકો પરીક્ષા આપવા માટે, ઈન્ટરવ્યૂ આપવા માટે બિચારાઓને છેક મુંબઈ સુધી આવવું પડે છે. મારે આ બિમારી બંધ કરવી છે. હું રાજ્ય સરકારોને આગ્રહ કરું છું, હું સરકારના મારા દરેક સાથીને આગ્રહ કરું છું કે આપણે નાની નાની નોકરીઓ માટે આ ઈન્ટરવ્યૂ પ્રથાને જેટલી જલ્દી થઈ શકે એટલી જલ્દી બંધ કરીએ. યોગ્યતાના આધારે નોકરી આપો. દેશમાં ગરીબ વ્યક્તિને જે ભ્રષ્ટાચાર નડે છે તેનાથી મુક્તિ મળશે અને તે દિશામાં આગળ વધવા આપણે પ્રયાસ કરવો જોઈએ, આ મારો આગ્રહ છે.

મારો દેશ નિરાંતની ઊંઘ લઈ શકે છે. સવાસો કરોડ દેશવાસી નિરાંતની ઊંઘ માણે છે. તેનું કારણ એ છે કે આપણા દેશના જવાનો સરહદ પર પોતાના પ્રાણ ન્યોછાવર કરવા માટે દરેક પળે તૈયાર રહે છે. કોઈ દેશ પોતાના સૈન્યનું મૂલ્યાંકન ઓછું ના આંકી શકે. સવાસો કરોડ દેશવાસીઓની ટીમ ઇન્ડિયા, તેમના માટે મારા દેશનો દરેક સૈનિક, દરેક જવાન, દરેક સૈનિક એક રાષ્ટ્રની શક્તિ છે, રાષ્ટ્રની સંપત્તિ છે, રાષ્ટ્રની ઊર્જા છે.

ઘણાં વર્ષો થયાં અને અનેક સરકારો આવી અને ગઈ. વન રેંક વન પેન્શન આ વિષય દરેક સરકારની સામે આવ્યો છે. દરેક સરકારની સામે આ પ્રસ્તાવ મુકાયો છે. દરેક સરકારે નાનાં-મોટાં વચન પણ આપ્યાં પરંતુ સમસ્યાનું સમાધાન નથી થયું. મારા આવ્યા પછી પણ હું તેને કરી શક્યો નથી. હું આજે મારા સેનાના દરેક જવાનોને આ વિશ્વાસ ફરીથી અપાવું છું કે આ વાત કોઈ એક વ્યક્તિ નથી બોલી રહી. સવા સો કરોડ ટીમ ઇન્ડિયા તરફથી હું આ કહી રહ્યો છું, ત્રિરંગાની છત્રછાયા હેઠળ કહી રહ્યો છું. લાલ કિલ્લા પરથી કહી રહ્યો છું. મારા સેનાના જવાનો સૈદ્ધાંતિક રીતે વન રેંક, વન પેન્શનનો અમે સ્વીકાર કર્યો છે. જોકે આ અંગે સંગઠનો સાથે વાતચીત થઈ રહી છે. અમે ઇચ્છીએ છીએ કે અંતિમ તબક્કામાં તે જ્યાં પણ પહોંચે, સંપૂર્ણ રાષ્ટ્રના વિકાસને ધ્યાનમાં રાખીને દરેકને ન્યાય મળે. આ બાબતને ધ્યાનમાં રાખીને ૨૦-૨૦, ૨૫-૨૫ વર્ષથી અટવાયેલી સમસ્યાનો ઉકેલ આપણે શોધવાનો છે. મને વિશ્વાસ છે કે જે વિશ્વાસ સાથે વાતચીત થઈ રહી છે હું સુખદ પરિણામની આશા રાખું છું અને આ માટે ફરી હું વિશ્વાસ અપાવું છું કે સૈદ્ધાંતિક રીતે આ સરકારે વન રેંક, વન પેન્શનનો સ્વીકાર કર્યો છે. તેમાં રહેલી કેટલીક બાબતોને લઈને તેને કેવી રીતે અમલમાં મૂકી શકાય, તે માટે સંબંધિત લોકો સાથે ચર્ચા કરીને અમારી વાતને અમે આગળ વધારી રહ્યાં છીએ.

ભાઈએ-બહેનો, ૨૦૨૨, ભારતની આઝાદીને ૭૫ વર્ષ થઈ રહ્યાં છે. દેશની આઝાદીનાં ૭૫ વર્ષ, ૨૦૨૨, ૧૫મી ઓગસ્ટના રોજ ઉજવીને આપણે ચૂપ નથી રહેવું. આજથી જ, આ ૧૫મી ઓગસ્ટથી, ૨૦૨૨, ૧૫મી ઓગસ્ટ માટેનો સંકલ્પ આપણે લેવો છે. હિન્દુસ્તાનનાં ૬ લાખ ગામ, દરેક ગામ એક સ્વપ્ન નક્કી કરે. સંકલ્પ લે કે ૨૦૨૨ માં અમે અમારા ગામને આ સમસ્યાથી મુક્ત કરાવીને રહીશું.

સવા સો કરોડ દેશવાસી પોતાના જીવનમાં, ૨૦૨૨ ભારતની આઝાદીનાં ૭૫ વર્ષ આપણે પણ એક સંકલ્પ કરીએ, દરેક નાગરિક એક સંકલ્પ કરે કે હું દેશની ભલાઈ માટે, સમાજની ભલાઈ માટે આ કાર્યને કરીશ. એક વખત મારા સવા સો કરોડ દેશવાસી આ સંકલ્પ લઈને આગળ વધે તો ૨૦૨૨ માં જ્યારે ૧૫મી ઓગસ્ટના રોજ સવાર થશે ત્યારે આપણા દેશ માટે પ્રાણ આપી દેનારા આઝાદીના સૈનિકો, તેમના આત્માઓ જ્યારે જોશે કે દેશે સવા સો કરોડ સંકલ્પ પૂર્ણ કર્યા છે. ૬ લાખ ગામડાંએ ૬ લાખ સ્વપ્ન પૂર્ણ કર્યાં હશે. શહેરોએ, મહાનગરોએ, સરકારના દરેક વિભાગે, સરકારના દરેક એકમે એક-એક સંકલ્પ લઈને અત્યારથી અમલ કરી દેવાનો છે અને હવેથી આપણું કોઈ સાહિત્ય એવું ના હોય કે આપણી કોઈ વાત એવી ના હોય કે જેમાં ૨૦૨૨, ૧૫મી ઓગસ્ટનો ઉલ્લેખ ના થાય. તેમાં આઝાદીના ૭૫ વર્ષનો સંકલ્પનો ઉલ્લેખ થવો જોઈએ. એક ગતિ બનાવી રાખવી છે.

આઝાદીનું આંદોલન, ભાઈઓ-બહેનો, દાયકાઓ સુધી ચાલ્યું. આઝાદી મળે તેમ લાગતું નહોતું ત્યારે ૧૯૧૦ માં પણ કોઈ આઝાદીની વાતો કરતું હતું, વીસના દસકમાં પણ વાતો થતી હતી, ત્રીસના દસકમાં પણ વાતો થતી હતી. દાયકાઓ સુધી એકની એક બાબતનું સતત પુનરાવર્તન કરવામાં આવ્યું ત્યારે આઝાદી મળી. સ્વાભિમાન, ગૌરવશાળી, સમૃદ્ધ રાષ્ટ્ર માટે આપણે સક્ષમ ભારત બનાવવું છે, સ્વાભિમાની ભારત બનાવવું છે, શ્રેષ્ઠ ભારત બનાવવું છે. ૨૦૨૨ સુધી આ દેશમાં કોઈ ગરીબ ઘર વગર ના રહે. ૨૪ કલાક વીજળી પૂરી પાડવાની દિશામાં આપણે સફળ થવાનું છે. આપણા ખેડૂતો સક્ષમ બને. આપણા શ્રમિકો સંતુષ્ટ બને. આપણી મહિલાઓ સશક્ત હોય. આપણા યુવાઓ સ્વાવલંબી હોય, આપણા વડીલો તંદુરસ્ત રહે અને આપણો ગરીબ સંપન્ન હોય. સમાજમાં કોઈ વિકાસથી વંચિત ના રહે. આપણા દરેકના અધિકાર સમાન હોય અને સમગ્ર ભારતીય સમાજમાં સમરસતાનું વાતાવરણ રહે. આ સપનાં સાથે ફરી એક વખત હું સ્વતંત્રતાના પાવનપર્વ પર આઝાદીની ૭૫મી વર્ષગાંઠ પર એક નિશ્ચિત ભૂમિકામાં આપની સાથે આગળ વધવાની તૈયારી સાથે સવા સો કરોડ દેશવાસીઓને હૃદયથી ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું.

મારી સાથે સંપૂર્ણ શક્તિથી બોલશું :

*ભારત માતા કી જય, ભારત માતા કી જય.*
*ભારત માતા કી જય*
*વંદે માતરમ્, વંદે માતરમ્, વંદે માતરમ્,*
*જય હિંદ, જય હિંદ, જય હિંદ...*

***(સૌજન્ય : પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો, ભારત સરકાર)***

# ભારતમાં શિક્ષણ અને કૌશલ્યનો વિકાસ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

વૈદિક કે ઉપનિષદ કાળથી મહાન સાંસ્કૃતિક પરંપરા ધરાવતો આપણો ભારતદેશ અને તેમાંય ગુજરાત રાજ્ય સુસ્થાપિત શિક્ષણ વ્યવસ્થાની લાંબી સુયોજિત પરંપરા ધરાવે છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં આપણે આપણા શૈક્ષણિક તીર્થોનો ઉલ્લેખ મેળવીએ છીએ. જેમાં મુખ્યત્વે નાલંદા અને તક્ષશિલા સમાવિષ્ટ છે. માત્ર ધાર્મિક શિક્ષણ માટે જ નહીં કિંતુ ખગોળવિદ્યા, દર્શનશાસ્ત્ર, તબીબી વિજ્ઞાન, જ્યોતિષ વિદ્યા, સંગીત - નૃત્ય, ઇતિહાસ, પુરાણ, અર્થશાસ્ત્રનાં ખ્યાતનામ કેન્દ્રો હતા. મિથિલા અને નાદિયા કાનૂની અને ન્યાય વિષયક કેન્દ્રો, આગવું ઉચ્ચસ્તરીય શિક્ષણ પ્રદાન કરતા.

## • શિક્ષણનો અર્થ અને હેતુ :

'એક્સપિરીઅન્સ એન્ડ એજ્યુકેશન'ના લેખક જોનડેવ લખે છે કે, 'શિક્ષણનો એક અર્થ તે બાળકને વિકાસ તરફ દોરી જતા અનુભવોની માન્યતા છે. તો બીજી તરફ સમાજને લોકશાહીના સિદ્ધાંતો તરફ ઢાળવાની પ્રક્રિયામાં પણ અગત્યની ભૂમિકા નિભાવે છે.

ગાંધીજી, ટાગોર, મહર્ષિ અરવિંદ, જે.કૃષ્ણમૂર્તિ, પાઉલો ફરેરે જેવા વિદ્વાન વિચારકોએ શિક્ષણની શક્તિ વિષે ઊંડાણપૂર્વક સમજણ કેળવેલી. શિક્ષણ વિશે ગાંધીજી કહે છે કે, 'શિક્ષણ તો વિદ્યાર્થીઓનું સાચી ક્ષમતાઓને બહાર લાવવા માટેનું સાધન છે.' 'શિક્ષણ એટલે વ્યક્તિની એવી પ્રગતિ કે જે સર્જનશીલતા અને સ્વતંત્રતાની ખુશબૂનો અહેસાસ કરાવે.' શિક્ષણ વિદ્યાર્થીઓને સ્વતંત્રતા જાળવી રાખવા તથા મુક્તિની ઝંખનાને જાળવી રાખવાની બૌદ્ધિક ક્ષમતા અને દૃષ્ટિકોણ પણ ખીલવે છે. જે.કૃષ્ણમૂર્તિના મતે મુક્તિની ઝંખના શિક્ષણ કે અભ્યાસ દ્વારા પૂર્ણ થાય છે. 'જે મુક્તિ અપાવે એ જ જ્ઞાન.'

## • સમાજ ઘડતરમાં શિક્ષણનું યોગદાન :

સમાજના સશક્તિકરણ માટેનું શ્રેષ્ઠ સાધન શિક્ષણ મનાય છે. સમાજમાં પ્રત્યેક નાગરિક જો શિક્ષિત હોય તો નાગરિક ધર્મ આપોઆપ ઉજાગર થાય છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન પોતાના પુસ્તક "Indian Philosophy" માં વર્ણવે છે કે, "ચિંતનશીલ મસ્તિષ્કના યોગ્ય વિકાસ અર્થે તેમજ કલા અને વિજ્ઞાનમાં વધારો કરવા માટે શિક્ષણ એ અનિવાર્ય બાબત છે."

## • વિશ્વના દેશો અને ભારતમાં અક્ષરજ્ઞાન :

ભારતમાં સાક્ષરતા ઈ.સ. ૧૯૪૭માં ૧૨% હતી જે વધીને ઈ.સ. ૨૦૧૧માં ૭૪.૦૪% થવા પામી. ભારતમાં આયોજનના પ્રાથમિક તબક્કામાં ઈ.સ. ૧૯૫૦-૫૧માં પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોનું પ્રમાણ માત્ર ૪૨% હતું. ૫૮% બાળકો એનાથી વંચિત હતાં.

## • વિશ્વના વિવિધ દેશો સાથે ભારતમાં અક્ષરજ્ઞાનની તુલના :

| ક્રમ | દેશ | પુખ્તવયના લોકોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ |
|---|---|---|
| ૧. | ચીન | ૯૫.૭% ઈ.સ. ૨૦૦૯ |
| ૨. | બર્મા | ૮૯.૯% ઈ.સ. ૨૦૦૭ |
| ૩. | ભારત | ૭૪.૦% ઈ.સ. ૨૦૧૧ |
| ૪. | શ્રીલંકા | ૯૮.૦% ઈ.સ. ૨૦૦૭ |
| ૫. | ઈરાન | ૮૨.૪% ઈ.સ. ૨૦૦૭ |
| ૬. | વિશ્વની સરેરાશ | ૮૪.૦% ઈ.સ. ૧૯૯૮ |

## • વિશ્વ સાક્ષરતા દિન :

પ્રતિવર્ષ ૮મી સપ્ટેમ્બરે 'વિશ્વ સાક્ષરતા દિન'ની ઉજવણી યુનેસ્કો દ્વારા થાય છે. ઈ.સ. ૨૦૦૮માં વિશ્વની કુલ વસતિમાં કુલ ૭૩ કરોડ લોકો નિરક્ષર હતા. જ્યારે ઈ.સ. ૨૦૧૨માં ૭૮ કરોડ લોકો વિશ્વમાં નિરક્ષર હતા. ૭૮ કરોડમાંથી ૭૦% મહિલાઓ અને ૧૨.૫ કરોડ કિશોર - કિશોરી હતાં.

## • ગુજરાત રાજ્યમાં શિક્ષણની હરણફાળ :

"સૌનો સાથ - સૌનો વિકાસ"ના સંદર્ભે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને હાલે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શિક્ષણના તમામ ક્ષેત્રે બાળ કેળવણી, કન્યા કેળવણી, યુવા કેળવણી, પ્રૌઢ શિક્ષણ, રાત્રિ શાળા, મધ્યાહ્ન ભોજન, શાળા પ્રવેશ ઉત્સવો, મફત અને ફરજિયાત શિક્ષણ, વ્યવસાય અને તાલીમ ક્ષેત્રનું શિક્ષણ, ઉચ્ચ વિશ્વસ્તરીય શિક્ષણ આદિના વિકાસાર્થે તનતોડ મહેનત કરી છે, જેનાં સુખદ પરિણામો પ્રજા ભોગવી રહી છે.

**ભારતનાં વિવિધ રાજ્યોમાં અક્ષરજ્ઞાન**

| ક્રમ | રાજ્ય | ઈ.સ. ૨૦૦૧માં વસતિ મુજબ અક્ષરજ્ઞાનનો દર | ઈ.સ. ૨૦૧૧માં વસતિ મુજબ અક્ષરજ્ઞાનનો દર |
|---|---|---|---|
| ૧. | ગુજરાત | ૬૯.૧% | ૭૯.૩% |
| ૨. | મિઝોરમ | ૮૮.૮% | ૯૧.૬% |
| ૩. | ગોવા | ૮૭.૪% | ૮૭.૪% |
| ૪. | હિમાચલ પ્રદેશ | ૭૬.૮% | ૮૭.૮% |
| ૫. | નાગાલેન્ડ | ૭૬.૮% | ૮૨.૯% |
| ૬. | તામિલનાડુ | ૭૩.૪% | ૮૦.૩% |
| ૭. | પંજાબ | ૬૯.૬% | ૭૬.૧% |

## • ગુજરાત રાજ્યમાં કન્યા કેળવણી :

ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી તરીકે આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હતા ત્યારે કન્યાઓના શિક્ષણ કે મહિલાઓના શિક્ષણના વિકાસ પર ભાર મૂકી કન્યા કેળવણીની ખૂટતી કડીઓ શોધી કાઢી.

ખાસ તો અનેક ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓની જોગવાઈ ન હોવાનું જણાયું. જ્યાં કન્યા શાળાઓ વિદ્યમાન છે ત્યાં બાથરૂમ્સ - ટોઈલેટ નથી. શિક્ષકોની ઘણી જગ્યાઓ ખાલી છે. કોઈક શાળા માત્ર એક જ શિક્ષકથી ચાલે છે, શાળા સુધી પહોંચવા પરિવહનની સગવડ નથી, સમયસર મધ્યાહ્ન ભોજન અપાતાં નથી, બેસ્વાદ તથા અપરિપક્વ ભોજન અપાય છે, આ તમામ પ્રશ્નોને હલ કરવા ગુજરાત સરકારે કમર કસી છે.

**ગુજરાતમાં સ્ત્રીઓ અને પુરુષોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ**

| ક્રમ | વર્ષ | પુરુષોની ટકાવારી | સ્ત્રીઓની ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ૧૯૧૧ | ૧૫.૮૯% | ૧.૮૮% |
| ૨. | ૧૯૫૧ | ૩૦.૧૭% | ૧૨.૭૦% |
| ૩. | ૧૯૯૧ | ૭૩.૨૩% | ૪૮.૬૭% |
| ૪. | ૨૦૦૧ | ૮૦.૫૦% | ૫૮.૬૦% |
| ૫. | ૨૦૧૧ | ૮૭.૨૩% | ૭૦.૭૩% |

**ગુજરાત રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય અક્ષરજ્ઞાન**

| વિગત | ગ્રામ્ય | શહેરી |
|---|---|---|
| પુરુષોનું અક્ષરજ્ઞાન | ૯૩.૧૦% | ૯૨.૪૪% |
| સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાન | ૬૨.૧૪% | ૮૨.૦૪% |
| સરેરાશ અક્ષરજ્ઞાન | ૭૩.૦૦% | ૮૭.૫૦% |

## • વર્ગખંડનું ભણતર :

"How Children Learned" નામના પોતાના પુસ્તકમાં John Holi લખે છે કે વર્ગખંડનું ભણતર બાળકોને ભણતર પ્રત્યે રુચિ ઊપજાવે છે. તેને બાળપણના અનુભવો નવી દિશા પ્રેરે છે. શિક્ષકને શિસ્ત, ક્ષમા અને કલાસભર માનવામાં આવે છે. શિક્ષણશાસ્ત્રીઓ સૂચવે છે તે મુજબ "Teachers are Learning by Teaching." "શિક્ષકો શીખવતા શીખવતા સ્વયં શીખે છે." જ્ઞાનની અતિ મજબૂત આધારશિલા સાથે શિક્ષક વર્ગખંડમાં જાય તે ઘણું મહત્ત્વનું છે. પૂર્ણ તૈયારી સાથે બાળકોની સમજણમાં સહેલાઈથી આવી જાય તે રીતે શીખવે તેને "PLAY WAY - METHOD" કહે છે. વર્ગને સ્વર્ગ બનાવે એ શિક્ષક. શિક્ષક એવી રીતે પાઠ શીખવે કે બાળકોને વર્ગમાંથી ખસવાનું મન ન થાય. શિક્ષકોને પણ સતત તાલીમ આપી શિક્ષણ ક્ષેત્રે સજ્જ કરવા શિબિરો, સેમિનારોની વહીવટી જોગવાઈઓ હાથ ધરવામાં આવે છે.

## • શિક્ષણ પ્રાપ્તિનો અધિકાર :

ભારતની સંસદે ૪થી ઓગસ્ટ, ૨૦૦૯ના રોજ શિક્ષણના અધિકારનો કાયદો બનાવ્યો. આ મુજબ ભારતના બંધારણની કલમ-૨૧એ હેઠળ ૬થી ૧૪ વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી. જેનો અમલ ૧લી એપ્રિલ, ૨૦૧૦થી શરૂ થયો. આ સાથે ભારત વિશ્વના એવા ૧૩૫ દેશોમાં આવી ગયું જેમાં દરેક બાળકને શિક્ષણ પ્રદાન કરવું, એ મુળભૂત અધિકાર ગણાય છે.

## • મહિલા સશક્તિકરણ અને શિક્ષણ :

મહિલાઓને ઓછું શિક્ષણ આપવા માટે ભારતમાં પુરુષ-પ્રધાન માનસિકતા, રૂઢીગત રિવાજો, કેટલીક રૂઢીચુસ્ત કૌટુંબિક પરંપરાઓ કારણભૂત છે. શિક્ષણના અધિકારનો કાયદો ૧લી એપ્રિલ, ૨૦૧૦માં અમલમાં આવ્યો. પરિણામે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિવિધ વિષયોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવી કોઈ મેડિકલ ક્ષેત્રે તો કોઈ ન્યાય ક્ષેત્રે તો કોઈ શિક્ષણ - સામાજિક ક્ષેત્રે, વહીવટી ક્ષેત્રે મહિલાઓ કાર્યરત છે.

મહિલાઓનો આત્મવિશ્વાસ, મહિલાઓ માટે સમાજમાં અહોભાવ પ્રગટે તે અર્થે આવા કાયદાઓ અત્યંત આવશ્યક બનવા પામ્યા છે. હવે તો રાજકીય ક્ષેત્રે વિધાનસભાઓ તથા સાંસદમાં મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવામાં આવી છે. સૈન્યદળમાં અને પાઈલોટ તરીકે ઉડ્ડયન ક્ષેત્રે મહિલાઓ કાર્યરત છે. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, સ્પીકર જેવા ઉચ્ચ હોદ્દા પર ભારતીય મહિલા કાર્ય સંપન્ન કરી શકે છે. ભારતની મહિલામાં શિક્ષણનો દર વધતો રહેવા પામ્યો છે.

| ક્રમ | વર્ષ | મહિલાઓમાં શિક્ષણનો દર |
|---|---|---|
| ૧. | ઈ.સ. ૧૯૦૧ | ૦.૬૦% |
| ૨. | ઈ.સ. ૧૯૯૧ | ૩૯.૪૧% |
| ૩. | ઈ.સ. ૨૦૦૧ | ૫૪.૧૬% |
| ૪. | ઈ.સ. ૨૦૧૧ | ૬૫.૪૬% |
| ૫. | ઈ.સ. ૨૦૧૪ | ૭૪.૪૩% |

## • ઉપસંહાર :

આજે તો અનેક રીતે ગુજરાત રાજ્યનું શૈક્ષણિક સ્તર વિકસ્યું છે. પ્રવર્તમાન સળગતા પ્રશ્નો કે સમસ્યાઓ જેવી કે બાળમજૂરી, ભ્રૂણ હત્યા, દહેજ, બાળ લગ્ન, માતા-પિતાનો છોકરીઓ પ્રત્યે અભાવ આદિના ઉકેલાર્થે મહિલા સશક્તિકરણ આવશ્યક છે. મહિલાઓની સાક્ષરતા તેમના ઉપરોક્ત તમામ પ્રશ્નોને વાચા આપવા, મહિલાઓનું મનોબળ ઊંચું લાવવા, અનૈતિકતા સામે લડવાનું અખૂટ બળ પૂરું પાડશે.

ગુજરાત રાજ્યમાં મહિલાઓના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે તથા કન્યા કેળવણી ક્ષેત્રે અંગત રસ લઈને ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ મહિલા વિકાસાર્થે અવિરત પરિશ્રમ આદરી રહ્યા છે, જે અભિનંદનીય છે.

*લીમડા લાઈન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

# મોટી વયે લગ્ન : ઉચિત? અનુચિત...?

• જયવદન પટેલ •

અમારા એક સંબંધી છે. એમણે ૩૨-૩૩ વરસની ઉંમરે લગ્ન કર્યું છે. એ સરકારી અધિકારી છે. સારો પગાર છે. સુખી માણસ છે. કોઈએ એમને પ્રશ્ન કર્યો : સામાન્ય રીતે લોકો ૨૨-૨૪ વરસની વયે લગ્ન કરે છે, તમે ૩૨-૩૩ વરસની ઉંમરે લગ્ન કર્યું. તમને સંતોષ છે? આનંદ છે? તમે કેવી લાગણીઓ અનુભવો છો?

એમનો જવાબ હતો : મોટી ઉંમરે થતા લગ્નમાં સમજદારી હોય છે, પરિપક્વતા હોય છે, એકબીજાની સાચી ઓળખ હોય છે અને ઠરેલપણું હોય છે. એક પુખ્તવયની ગંભીરતા હોય છે એટલે બંને એકબીજાનો આદર કરે છે. બંને વચ્ચે છીછરાપણું નહીં પણ ગંભીરતા હોય છે. બંને સામાજિક જવાબદારીઓ સમજતાં હોય છે. એટલે એકબીજાને પૂરક બની રહે છે. લગ્નસુખનો આનંદ પણ ઉપરછલ્લો નહીં, ઊંડો હોય છે. મોટી ઉંમરે લગ્ન કર્યાનો મને જરા પણ અસંતોષ નથી. અમે પતિ-પત્ની વચ્ચે સંતોષ છે!

સુબંધુ એક કૉલેજમાં અધ્યાપક છે. એણે ૩૫ વરસની વયે લગ્ન કર્યાં છે. એ કહે છે : હું ૨૪-૨૫ વરસનો થયો. એમ.એ. થઈને હું કૉલેજમાં જોડાયો ત્યારથી મને અનુકૂળ એવા જીવનસાથીની શોધમાં હતો. સમાજમાંથી ત્રણ-ચાર માગાં આવ્યાં હતાં. એક-બે છોકરીઓ તો ખૂબ સુંદર હતી. એક છોકરી બી.એસ.સી., બી.એડ., હતી. ખૂબ તેજસ્વી હતી પણ કોણ જાણે કેમ મારું મન માનતું ન હતું. સુંદરતા ખરી, ચપળતા ખરી, શાલીનતા ખરી, પણ મને કોઈ છોકરી પ્રત્યે ઉમળકો જાગ્યો તો તે સામાન્ય સ્ત્રી છે. ગુજરાતી શાળામાં શિક્ષિકા છે. મારા કરતાં ઓછું ભણેલી છે અને તમને નવાઈ લાગશે કે એ બાળવિધવા છે. આમ છતાં એનો પરિચય થયો અને પ્રેમ જાગી ગયો. એ મને ગમી ગઈ. હું એને ગમી ગયો. હું તેત્રીસ વરસનો, એ અઠ્ઠાવીસ વરસની. બસ અમે લગ્ન કરી દીધાં. અમે બંને ખૂબ ખુશ છીએ, સુખી છીએ. આજે અમારે એક બાળક પણ છે. આનંદથી જીવીએ છીએ. અમારા પ્રેમની એક ગરિમા છે, ગૌરવ છે. અમારા પ્રેમમાં ભલે ઘોડાપૂર નથી, પણ અમારો પ્રેમ એક સરખી રીતે વહેતી નદી જેવો છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે મોટી વયે થતા લગ્નમાં રોમાંચકતા હોતી નથી, રોમાન્સ હોતો નથી, પ્રેમની મસ્તી અને ચંચળતા હોતી નથી. પ્રેમનું તોફાન - ઘુઘવાટ હોતા નથી, સેક્સનો જોઈએ તેવો સળવળાટ હોતો નથી. વાત અમુક અંશે સાચી છે. બાવીસ પચીસ વરસની વયે જે ચંચળતા હોય છે, આનંદ અને મજા માણવાની જે તીવ્રતા હોય છે, કદાચ પાંત્રીસ વરસની વયે ન પણ હોય. આમ પ્રેમનું તત્ત્વ તો એવું ને એવું જ હોય છે. યૌવનના આરંભે એટલે કે ઊઘડતા યૌવને થતો પ્રેમ એ અષાઢ જેવો મદમસ્ત અને તોફાની હોય છે. પ્રેમી કે પ્રેમિકાની સાથે ભાગી જવાનું મન થાય તેવો નશીલો હોય છે. એનો એક કેફ હોય છે, મરવાનું અને જીવવાનું પણ મન થાય તેવો હોય છે.

જ્યારે ૩૨-૩૫ વરસ પછી થતો પ્રેમ કે લગ્ન એ આસો માસ જેવો હોય છે. એમાં મસ્તી ઓછી પણ મધુરતા વધારે હોય છે. એમા ઉછળાટ ઓછો પણ ઉમંગ વધારે હોય છે. એમાં છીછરાપણું ઓછું પણ ગહનતા વધારે હોય છે. એમાં આવેશ-ઉત્તેજના ઓછાં પણ પ્રેમનું ગાંભીર્ય વિશેષ હોય છે. એમાં નશો ઓછો પણ લાગણી વધારે હોય છે. મોટી વયે જે લગ્ન થયાં હોય એ પૂરી સમજદારી, પૂરા વિચાર અને પૂરી સભાનતા સાથે થયેલાં હોય છે એટલે એ નિષ્ફળ જવાનો કે તૂટવાનો ભય ઓછો હોય છે.

જ્યારે યૌવનના પ્રારંભે ૨૦-૨૨ વરસની વયે જાગેલા પ્રેમમાં કે લગ્નમાં આવેશ અને ઉત્તેજના પ્રમાણમાં વધારે હોય છે એટલે એની માદકતા ઓછી થાય છે. એ વય ચંચળતાની વય હોય છે એટલે જૂનો સંબંધ તૂટતાં વાર લાગતી નથી. એ અવસ્થા જ એવી છે, જેમાં જાણે અજાણે પણ ઉતાવળ થઈ જાય છે, જાણે-અજાણે પણ ભૂલ થઈ જાય છે. જાણે અજાણે પણ છેતરાઈ જવાય છે. એ વય એવી છે કે જેમાં પુખ્તતા ઓછી હોય છે, સારા-ખોટાની સમજ પણ પ્રમાણમાં ઓછી હોય છે, એથી ભૂલા પડી જવાય છે. હા, એ ઉંમરે થતા પ્રેમમાં એવો તો રંગ હોય છે, એવી તો તીવ્રતા-ઉત્કટતા ને રોમાંચ હોય છે કે યુવક-યુવતી ગમે તેવું સાહસ કરવા તૈયાર થઈ જાય છે. એ ઉંમર પરિણામનો વિચાર કરતી નથી. એ ઉંમર શું થશે એવો ભય સેવતી નથી. એ ઉંમર છલાંગ મારતાં બીક રાખતી નથી. એ ઉંમર સાહસની ઉંમર છે. કશુંક પ્રાપ્ત કરવા માટે હારી જવાની ઉંમર છે.

સુધીરભાઈ એક ઉદ્યોગપતિ છે. એમણે આધેડ વયે લગ્ન કર્યું છે. એમણે લગ્ન કર્યું ત્યારે ઘણાને આશ્ચર્ય થયું હતું. એમનાથી આઠ વરસ નાની, પણ અપરિણીત સ્ત્રી સાથે એ લગ્નથી જોડાયા હતા. એમની વાત પણ સાંભળવા જેવી છે. એ કહે છે : મેં લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યારે ઘણા શંકા-કુશંકા વ્યક્ત કરતા હતા. લગ્ન લાંબું ટકવાનું નથી એવું પણ કહેતા હતા. આજે અમારા લગ્નને આઠ વરસ થઈ ગયાં. અમારે એક બેબી છે. અમે ખૂબ સુખી છીએ. મારી પત્ની મારી સાથે ઑફિસે આવે છે. મારી સાથે કામ કરે છે. ઑફિસના કારોબારમાં મને મદદ કરે છે. એ ખૂબ જ સમજદાર અને વિવેકી છે. કોઈ કોઈ વાર મને થાય છે કે ૨૨-૨૪ વરસે લગ્ન કર્યું હોત તો હું આટલો સુખી ન પણ હોત. અમે બંનેએ એકબીજાને પૂરાં સમજીને, એકબીજાના સ્વભાવને વિચારોને જાણી-વિચારીને લગ્ન કર્યું છે એટલે અમારી વચ્ચે મનમેળ છે, એટલો જ પ્રેમ પણ છે. અમારું દાંપત્યજીવન સુખમય અને સુમધુર છે.

કેટલાંય એવાં ઉદાહરણ આપણી આસપાસ જોવા મળે છે. અઠ્ઠાવીસ વરસથી ઓછી વયે લગ્ન કર્યાં હોય, પ્રેમ કરીને લગ્ન કર્યાં હોય પણ સમજદારી અને સુમેળના અભાવે દંપતી વચ્ચે કંકાસ જ રહ્યા કરતો હોય છે. મૂળ વાત સમજદારીની છે. લગ્ન ગમે તે ઉંમરે થાય, સમજદારી હોવી

જોઈએ, પ્રેમ હોવો જોઈએ, લાગણી અને વિશ્વાસ હોવાં જોઈએ.

મોટી ઉંમરે થતાં લગ્નોની એક નકારાત્મક બાજુ તો છે જ, પણ એથી નિરાશ થવાની જરૂર નથી. ત્રીસ-બત્રીસ કે પાંત્રીસ વરસની વય સુધીમાં માણસની કેટલીક આદતો રૂઢ થઈ ગઈ હોય છે. કેટલોક સ્વભાવ પણ દઢ થઈ ગયો હોય છે. કેટલાક વિચારો અને કેટલીક માન્યતાઓ પણ મજબૂત બની ગઈ હોય છે. લાંબા સમય સુધી અપરિણીત રહેવાથી ચોક્કસ પ્રકારની જીવનશૈલી ઘડાઈ ગઈ હોય છે. આ બધું ક્યારેક પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં અંતરાયરૂપ બની જતું હોય છે. મોટી ઉંમર સુધી એમની એકબીજાની જીવનશૈલી સાથે ગોઠવાઈ જવું મુશ્કેલ બને છે. આમ છતાં, વિવેકબુદ્ધિ, પ્રેમ અને સમજને કારણે એ મુશ્કેલીમાંથી પાર ઊતરી શકાય છે.

અમારા એક મિત્ર મનોહરભાઈ આ અંગે કહે છે : મારી પત્ની સુધાને પહેલેથી જ રાત્રે મોડા સુધી વાંચવાની ટેવ હતી. એને વાંચ્યા વિના ચેન પડે નહીં, ઊંઘ આવે નહીં. કોઈ ને કોઈ પુસ્તક, નવલકથા કે વાર્તાઓ એ મોડે સુધી લાઈટના પ્રકાશમાં વાંચતાં જાય. એ બાજુમાં જ હોય, મોડે સુધી લાઈટ બળતી હોય એટલે મને ઊંઘ આવે નહીં. મને વહેલા સૂઈને વહેલા ઊઠી ફરવા જવાની ટેવ. એ મોડી સૂઈ રહે અને મોડી ઊઠે. શરૂઆતમાં તો હું અકળાઈ ઊઠતો હતો. પણ પછી હું ટેવાઈ ગયો. એ વાંચતી હોય અને હું સૂઈ ગયો હોઉં. અમે બંને એકબીજાને અનુકૂળ થઈ ગયાં. એને હું રાત્રે નહીં વાંચવાની ફરજ પાડું, દબાણ કરું તો ક્લેશ થઈ જાય. એ કદાચ મારી ઈચ્છા પ્રમાણે વહેલી સૂઈ જાય. પણ છેવટે તો એ બધું પરાણે ને? એનો અર્થ પણ શો? એ ભલે એની આદત મુજબ મોડી રાત સુધી વાંચે. કશું ખોટું તો નથી કરતી ને? પછી શા માટે મારે ક્લેશ કરવો જોઈએ?

એક વકીલ મિત્રની પણ એવી જ વાત છે. એમણે ૩૬ વરસની વયે લગ્ન કર્યાં હતાં. એમને સિગારેટ પીવાની આદત હતી. એ ચેઈન-સ્મોકર હતા. એમનાં પત્નીને સિગારેટ પીવા તરફ સખત અણગમો હતો. આમ છતાં એ પતિની સિગારેટની કુટેવને સહન કરી લેતાં હતાં. પતિને એ અવારનવાર કહે : 'મને સિગારેટ તરફ ભારે અણગમો છે. તમે સિગારેટ છોડી દો તો હું જરૂર રાજી થાઉં. પણ હું તમને ફરજ નહીં પાડું કે તમે સિગારેટ છોડી દો. અને પત્નીની લાગણી, પ્રેમ અને ભાવને વશ થઈને વકીલ મિત્રે સિગારેટ છોડી દીધી. એમનું કહેવું એવું છે કે મેં ૨૨-૨૩ વર્ષની વયે લગ્ન કર્યાં હોત તો આવી બધી બાબતોમાં અમારો અહમ્ ટકરાત, અભિમાન આડે આવત. અમે એકબીજા સાથે જીદ પર ઊતરી જાત. એકબીજાની સાથે તકરાર કરી બેસત અને અમારું દાંપત્યજીવન કડવું ઝેર બની જાત. મોટી વયનાં સ્ત્રી-પુરુષમાં સમજદારી હોય છે. એમને સ્વમાન હોય છે, પણ અહમ્ ઓછો હોય છે. બંને વચ્ચે પરિપક્વતાનો સેતુ હોય છે. જિંદગીના કડવા મીઠા પ્રસંગોનો અનુભવ પણ હોય છે અને એટલે એ અવિચારી કે ઉતાવળાં બની જતાં નથી. એમનામાં ધીરજ હોય છે અને એકબીજા માટે સહન કરવાની ઉદારતા પણ હોય છે.'

આ બધું છતાં, જે લોકો વ્યવહારુ છે, દુનિયાદારીમાં માને છે, વાસ્તવિક જિંદગીની જેમને ચિંતા છે, એ લોકોની એવી માન્યતા છે કે ૨૨-૨૩ વરસની વયે લગ્ન થાય એ જરૂરી છે. ૨૪-૨૫ વર્ષની વયે સ્ત્રી માતા બને, પુરુષ પિતા બને તો એ સંતાન એ લોકો ૪૫-૫૦ વર્ષનાં થયાં હોય ત્યારે જુવાન થઈ ગયું હોય, પુત્ર હોય કે પુત્રી હોય ભણીગણીને તૈયાર થઈ ગયાં હોય એટલે માતા-પિતાને એટલી ચિંતા ઓછી, એમની જવાબદારીઓમાં મદદરૂપ પણ થાય અને વૃદ્ધાવસ્થામાં એમની સેવાચાકરી પણ કરે. ૨૪-૨૫ વર્ષની વયે લગ્ન થયું હોય તો આ બધું શક્ય બને છે. એ લોકો વૃદ્ધાવસ્થામાં પહોંચે, વન ઓળંગે ત્યારે છોકરા-છોકરી મોટાં થઈ ગયાં હોય છે, પરણી ગયાં હોય છે. જવાબદારીઓમાં હિસ્સો લેતાં થયાં હોય છે. એટલે વૃદ્ધાવસ્થામાં શાંતિથી અને આરામથી જીવી શકાય છે.

પણ સ્ત્રી-પુરુષ મોટી વયે એટલે ૩૫-૩૭ વરસની વયે લગ્ન કરે છે ત્યારે મોડાં સંતાન જન્મે છે. એ સંતાન માતાપિતા ૬૦-૬૫ વરસનાં થાય ત્યારે પુખ્ત બને છે. વૃદ્ધાવસ્થા આવે ત્યાં સુધીમાં એ સંતાન સ્થિર થયાં હોતાં નથી કે જવાબદારી ઉપાડતાં થયાં હોતાં નથી એટલે માતાપિતાને છેક વૃદ્ધાવસ્થા સુધી આરામ મળતો નથી કે રાહત રહેતી નથી. મોટી ઉંમરે લગ્ન કરી ઘરસંસાર મોડો શરૂ કરનાર સ્ત્રી પુરુષને કોઈ કોઈ વાર આ મુદ્દા પર પસ્તાવો કે દુઃખ થતું હોય છે. વહેલાં લગ્ન કર્યાં હોત અને છોકરાં મોટાં થઈ જવાબદારી ઉપાડતાં થયાં હોત તો આજે કેટલો આરામ રહેત? આવું પણ બનતું હોય છે.

આમ છતાં લગ્ન એ સ્ત્રી-પુરુષનો નિજી પ્રશ્ન છે. એ એક એવો નાજુક પ્રશ્ન છે કે એમાં કોઈ ચોક્કસ નિયમ કામ લાગતો નથી. કેટલાક પ્રેમ કરીને લગ્ન કરે છે, કેટલાક લગ્ન કરીને પ્રેમ કરે છે. પણ લગ્નમાં પ્રેમ કેન્દ્રસ્થાને છે અને પ્રેમને કોઈ ઉંમર કે વયનો બાધ નડતો નથી. જુવાનીના આરંભમાં પ્રેમ ન પણ થાય અને પ્રૌઢાવસ્થામાં પ્રેમ જાગી પણ જાય. લગ્ન અને પ્રેમમાં કોઈ નિર્ધારિત જવાબ હોતા નથી. એના સવાલ-જવાબ દરેક વ્યક્તિ માટે જુદા જુદા હોય છે, સમાન હોતા નથી. એક ચાવીથી બધાં તાળાં ખૂલતાં નથી. મૂળ વાત, પાયાની વાત પ્રેમ અને વિશ્વાસની છે. પ્રેમ અને વિશ્વાસને જુદા પાડી શકાય તેમ નથી.

***સૌજન્ય : "શક્તિ દર્શનમ્.."***

***(સ્વ. જયવદન પટેલ સમાજ સાથે ઓતપ્રોત એવા વરિષ્ઠ પત્રકાર હતા. આ લેખ ત્રીસ વર્ષ પછી પણ વાંચવા - વાગોળવા લાયક લાગે છે, તે સર્જકની શાશ્વત સમાજનિષ્ઠા અને ઊંડી સમજણ દર્શાવે છે.)***

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

**E-mail : kaykay_industries@yahoo.com**

# ઉત્તમ ગતિ - માનવ ગતિ, ઉત્તમ ભવ - માનવ ભવ

• નીતિન એચ. સંઘવી •

આપણો આત્મા ચોરાશી લાખ યોનિમાં ભ્રમણ કરતો કરતો એક ગતિમાંથી બીજી ગતિમાં, એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રવેશ કરે છે અને બહાર નીકળે છે. આ ઘટનાક્રમ ચાલુ ને ચાલુ રહેશે જ્યાં સુધી આત્મા પરમપદને પામી શકશે નહીં, આત્મા મટીને પરમાત્મા નહીં બને ત્યાં સુધી અને એના માટે જ જે ચારગતિઓ દર્શાવવામાં આવી છે તેમાંની ઉત્તમ ગતિ અને ઉત્તમ ભવ માનવભવ રહ્યો છે. કહે છે, 'મનખા દેહ બાર બાર નહીં મિલતા.'

એવું નથી કે આપણને આ માનવભવ ક્યારેય ન મળ્યો હોય. અનેક વખત આપણે માનવ રહી ચૂક્યા હોઈએ પરંતુ એ ઉત્તમ ભવને આપણે વેડફી નાંખ્યો હોય. કોઈ સત્કાર્યો, સદ્‌ધર્મ, સદ્‌વિચારો, સત્પ્રવૃતિ દ્વારા માનવ ધર્મને નિભાવ્યો ન હોય. આ વખતે પણ આપણને પુણ્યના પ્રતાપે માનવભવ પ્રાપ્ત થયો છે. જરા વિચારો, વિશ્વમાં માનવો કેટલા અને અન્ય પ્રાણી, પશુ, પક્ષી, જીવજંતુઓ કેટલાં? આપણી આસપાસ માત્ર કીડી મકોડા લાખોની સંખ્યામાં જોવા મળશે જ્યારે માનવો ગણ્યા ગાંઠ્યા જ કહી શકાય.

ચાર ગતિની વાત કરીએ તો દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી. આ ચારે ગતિમાંથી ત્રણ ગતિ એવી છે જેમાં તે ધારે તો પણ તે આત્મા કે તે જીવ કોઈ સત્કાર્ય કરી શકે નહીં. કોઈ ધર્મઆરાધના, કોઈ તપ, જપ, પૂજા અર્ચના કરી શકે જ નહીં, કારણ નારકીમાં પળેપળ પારાવાર દુઃખ જ દુઃખ હોય. સતત આત્માને મારવામાં, કાપવામાં, બાળવામાં આવતો હોય છે. તે જીવ શું કરી શકે? કયાં સારા કાર્યો કરવાનો ભાવ ઉત્પન્ન થાય? જ્યારે બીજી બાજુ દેવ ગતિમાં પુષ્કળ વૈભવ હોય છે. ત્યાંનાં નાટકો ઓછામાં ઓછાં ૧૦૦૦ વર્ષનાં હોય છે. ભોગસુખ વગેરેમાં કોઈ એને યાદ આવતું જ નથી. કોઈ ધર્મ બતાવવા, સંભળાવવાવાળું કોઈ હોતું જ નથી અને સુખમાં કોને ભગવાન સાંભરે?

તિર્યંચ ગતિ એટલે કે પશુ, પક્ષી, પ્રાણી જીવનમાં જે જીવને ખોરાક માટે કાયમ આમતેમ ભટકવું પડતું હોય છે. કદાચ કોઈ કૂતરા કે સાપને તેનો પૂર્વભવ યાદ આવી જાય અને એમ લાગે કે હું ગયા ભવમાં આ મંદિરનો પૂજારી હતો તો શું એને મંદિરમાં પ્રવેશ મળશે? એને મંદિરનાં પગથિયાં પણ ચઢવા નહીં મળે. તે જ રીતે સાપ કરડે કે ન કરડે, એની નજીક કોઈ જતું નથી. એને મંદિરમાં પ્રવેશ મળતો નથી. અને આ અવસ્થામાં તે શું સત્કાર્ય કાર્ય કરી શકે? શું ધર્મ આરાધના કરી શકે?

આમ ત્રણે ગતિમાંથી માનવ ગતિમાંથી જ આત્મા, પરમાત્મા બની શકે છે, પરમપદને પામી શકે છે. કોઈ પણ ભગવાન, મહાન આત્મા મનુષ્ય ગતિ સિવાય પરમપદને મેળવી શકતા નથી. માનવમાંથી મહામાનવ અને તેમાંથી ભગવાન બની શકાય છે.

આવો ઉત્તમ ભવ આપણને સૌને પ્રાપ્ત થયો છે તેમ છતાં આપણી ગતિ કઈ દિશા તરફ છે, આપણું લક્ષ શું છે એની આપણને ખુદને ખબર નથી. બસ ભવ મળ્યો છે, શરીર મળ્યું છે, એનું જતન કરી મળેલું આયુષ્ય પૂર્ણ કરી દઈએ. પછી શું? પાછા એના એ જ સંસાર-જન્મ-મરણના ફેરામાં જ અટવાયા રહેવાનું. મુક્તિ પદને પામવાનો આપણે કોઈ પુરુષાર્થ કરતા જ નથી કારણ આપણને બીમારીનો ડર છે, ભૂકંપનો ડર છે, આગનો ડર છે, મોતનો ડર છે. પરંતુ જન્મનો ડર બિલકુલ નથી. કારણ જો મોત આવશે તો અવશ્ય બીજે જન્મવું જ પડશે. એટલે જન્મવું જ ન પડે એવું મોત આવે તે માટે જન્મના ડરને મનમાં રાખવો જોઈએ અને એવાં કાર્યો, એવી પ્રવૃત્તિઓ, એવા ભાવો મનમાં લાવવા જોઈએ કે ફરી જન્મવું જ ન પડે. આત્માનો મોક્ષ થાય. માત્ર આત્મા જ રહે, કોઈ શરીર નહીં. શરીર હશે તો જન્મ મરણ અવશ્ય રહેવાનાં.

આવા જન્મ મરણના ફેરા ટાળવાનું કામ સહેલું નથી; પણ અઘરું પણ નથી. આવો, સહુ સાથે મળી પરમકૃપાળુ પરમાત્મા પાસેથી આનું બળ માંગીએ. પરમકૃપાળુ પરમાત્માને પ્રર્થના કરીએ કે, હે પ્રભુ! મને આ જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મળે તે માટે જે સત્કાર્યો, ધર્મ આરાધના અને રાગદ્વેષ વગેરેના દોષોમાંથી મુક્તિ મેળવવાના કાર્યોમાં સદાય અમારી સાથે રહો અને માર્ગમાં આવતા કંટકો કે વિઘ્નોને સહન કરવાની શક્તિ આપો અને એ રાહ પર ચાલતાં ચાલતાં ક્યાંય પડી જાઉં કે માર્ગ ભટકી જાઉં તો સાચા રસ્તા પર લાવવાનું કાર્ય તારે જ કરવાનું છે. બસ પ્રભુ... હૃદયના એવા ઉદ્‌ગારો સાથે વીનવીએ, કે અંતરનાં દ્વારો ખૂલી જાય અને એક દીપકની જ્યોત એવી પ્રગટે કે જે જગતને ઉજાગર કરે. એક એવી સુવાસ ફેલાય જેના મઘમઘતા વાતાવરણથી સૌનાં હૈયાં કોમળ બને. ના રહે રાગ, ના રહે દ્વેષ. બસ રહે માત્ર ને માત્ર પ્રેમ અને પ્રેમ. જગત શાંતિ ચાહે છે. પરંતુ શાંતિ જ ખોવાઈ છે. સહુના જીવનમાં શાંતિ પ્રવર્તે અને સહુનું કલ્યાણ થાઓ.

કોઈના જીવને મનદુઃખ થાય અગર જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો અંતરથી ક્ષમા.

*પ્લોટ નં. ૭૪૬/૨,*
*સેક્ટર-૨/સી, ગાંધીનગર.*

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# સૃષ્ટિના આપવાના અને લેવાના નિયમની ચમત્કારિક અસર

• યશ રાય •

સૃષ્ટિનો એક પાયાનો નિયમ છે આપવાનો અને લેવાનો. સફળતા માટેનો આ વ્યવહાર દિવ્ય આપ-લે દ્વારા થાય છે. સૃષ્ટિમાં થતી આ દિવ્ય આપ-લે થી જુદા જુદા સ્વરૂપની શક્તિઓનો પ્રવાહ વહેતો થાય છે અને તેના ઉપર સંબંધોનો પાયો રચાય છે. જો શક્તિનો આ પ્રવાહ રોકી દઈએ તો આપણે પ્રકૃતિની રચનામાં ખલેલ પહોંચાડીશું. આવી જ રીતે આપણા જીવનમાં નાણાં કે બીજું જે કંઈ જોઈતું હોય તે ફરતું રાખવા માટે આપવા અને લેવાનો વ્યવહાર જાળવવો જોઈએ.

નાણાં માટે એક શબ્દ 'કરન્સી' લેટિન શબ્દ પરથી આવ્યો છે. તેનો અર્થ 'દોડવું' અથવા 'પ્રવાહ' થાય છે. આપણે જીવનની જે શક્તિઓ આપીએ છીએ અને બીજાને સેવા પૂરી પાડીને જીવનની જે શક્તિઓ મેળવીએ છીએ તેનું પ્રતીક નાણાં છે. એક નદીની જેમ નાણાંનો પ્રવાહ પણ સતત વહેતો રહેવો જોઈએ. નહીં તો તે બંધિયાર બની જશે. નાણાંની પ્રવાહિતા તેને જીવંત રાખે છે. આપણે નાણાંનો સંગ્રહ કરીએ તો તેથી આપણા જીવનમાં તેની પ્રવાહિતા રોકાઈ જશે. આપણે કંઈ આપીએ અને લઈએ તે પાછળનો આશય પણ મહત્ત્વનો છે. આપણે કંઈ ઉમંગથી, હૃદયપૂર્વક આપીશું તો તેની પાછળની શક્તિમાં અનેકગણો વધારો થશે. પણ જો આપણે સ્વાર્થપૂર્વક આપીશું તો તેની પાછળ કોઈ શક્તિ નહીં હોય. કંઈક આપીને આપણે ગુમાવ્યું છે તેવી લાગણી આપણા મનમાં હશે તો આપણી શક્તિઓમાં કોઈ વધારો નહીં થાય.

આપવા અને લેવાનો આ નિયમ સરળ છે. જો તમારે પ્રેમ જોઈતો હોય તો પ્રેમ આપતાં શીખો. જો તમારે વખાણ સાંભળવાં હોય તો કોઈનાં વખાણ કરતાં શીખો. જો તમારે ભૌતિક રીતે સમૃદ્ધ થવું હોય તો બીજાને ભૌતિક રીતે સમૃદ્ધ થવામાં સહાય કરો. જો તમારે જીવનમાં બધી જ સારી વસ્તુઓ મળે તેવા આશીર્વાદ જોઈએ તો બીજા સૌનું સારું થાય તેવા આશીર્વાદ મનોમન આપતાં શીખો. જેટલું વધુ આપશો તેટલું વધુ મેળવશો. કાળજી, પ્રેમ, સદ્ભાવ, વખાણ વગેરેની ભેટ કોઈને પણ આપી શકાય. આ ભેટ અમૂલ્ય હશે અને તેનો કોઈ ખર્ચ પણ નહીં લાગે.

આપણને જે કંઈ મળે છે તે બધું જ આપણી કમાણીનું નથી. પરંતુ સૃષ્ટિએ મુક્તમને આપેલી ભેટ હોય છે. એટલે કે તમને શેની જરૂર છે તે બાબતનો ઊંડો ખ્યાલ ક્યાંક એને હોય છે. ત્યાંથી તમને જોઈતું મળી રહે છે. જે વસ્તુ માંગ્યા વગર મળી હોય તેવી બધી વસ્તુઓનો વિચાર કરો. આ માટે આભાર માનવાનો અનુભવ આપવા અને લેવાના ક્રમમાં પ્રવેશ કરવા માટે તમને હક્કદાર બનાવશે.

જીવન જે ભેટ આપે તેનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરો. પછી તે ભૌતિક વસ્તુની ભેટ હોય, પ્રશંસા હોય કે પછી પ્રાર્થના હોય. જેમને પ્રત્યક્ષ સંપર્ક થાય તે દરેક માટે મૂક મને સુખ, આનંદ, હાસ્ય લાવવાની ઈચ્છા કરો. કાળજી, પ્રશંસા અને પ્રેમની ભેટની આપ-લે દ્વારા તમારા જીવનમાં તમે સમૃદ્ધિનો પ્રવાહ વહેતો રાખી શકશો.

---

## વિઠ્ઠલની વેદના

(અનુ. પાના નં.-૮૪ ઉપરથી ચાલુ)

સતાપર લગનનો લહાવો લેવા અને વહેવાર સાચવવા નીકળ્યા. અવાલિયા પાસે મહાનદીના કાંઠે થોડીવાર વિસામો ખાવા બેઠા. પાણી પીધું. આગલા પ્રવાસનું વિચારતા હતા ત્યાં કોઈ અજાણ્યા શખ્સને ઘોડા માથે આવતો જોઈ વજુભા બોલી ઊઠ્યા, 'ઓલો ઘોડો નાથુભાનો છે!'

મેં કહ્યું : 'કોટ સુલેમાનનો છે!'

વનેચંદ કહે, 'સુરવાલ નિરૂભાઈની અને બૂટ ધનુકાકાના છે.'

અમે તે અજાણ્યા આદમીને ઘેરી વળ્યા. થોભણે લગામ પકડી લીધી અને અમે તેને પકડીને પ્રથમ હેઠે પછાડ્યો અને પૂછ્યું, 'બોલ, ક્યાંથી ઉપાડી આવ્યો આ કપડાં - આ ઘોડો?'

તેણે કહ્યું : 'ભઈશા'બ, મારશો મા! એક દયાળુ ભગતે આ બધું આપ્યું છે.'

અમે કહ્યું : 'એ દયાળુ ભગતને ખાવા ધાન નથી અને તને આ બધું આપ્યું? સાચું બોલ!'

બાવાજીએ માંડીને વાત કરી. અમે એની પાસેથી બધું પાછું મેળવી લીધું.

બાવાજી કહે : 'પણ મારા માટે તો પહેરવા આપો કાંઈક મને! બાવાને કાં બાવો બનાવો?'

અમે તેને છેવટે એક પંચિયું પહેરવા આપ્યું અને તરત જ અમે સતાપર જવા રવાના થયા.

જાદવભાઈના ઘેર જઈ ઊભા રહ્યા. વિઠ્ઠલની તપાસ કરી ત્યારે ખબર પડી, વિઠ્ઠલને તો પરદે નાખ્યો છે. વિઠ્ઠલની પાટાપિંડી કરેલ, હળદર ભરેલી. અમને જોઈ પ્રથમ વિઠ્ઠલ પોક મૂકીને રોયો. પછી રાજી થયો, ઘોડો અને કપડાં જોઈને. વિઠ્ઠલ ચૂલમાં પડી ગયો એ પ્રસંગ જાણી સૌ હસી પડ્યા. વિઠ્ઠલના સાળા અને જુવાનોએ ભારે મશ્કરી કરી. મંજુની બહેનપણીઓએ મંજુને ખીજવવામાં બાકી ન રાખી. વિઠ્ઠલ પાછો તૈયાર તો થયો, પણ હવે તેના મનમાં નહોતો ઉત્સાહ કે નહોતો હૈયામાં ઉમંગ, બસ નિસાસો નાખીને એટલું બોલ્યો :

'વાણંદનાં વાંકાં હોય ત્યારે કોથળીમાંથી કરડે.'

***સૌજન્ય : "તમન્ના"***

# આંતરિક સ્વતંત્રતા : સર્વોચ્ચ મૂલ્ય

• માવજી સાવલા •

સિલીકોન વેલીની સફળતાનાં શિખરો સર કરનાર મુકુંદે (એવા ટૂંકા સંબોધનથી જ એમની ઓળખ સ્થાપિત થયેલી છે) સને ૨૦૦૧માં કોઈક સુભગ પળે નિર્ણય કરી લીધો કે શક્ય એટલી સાદગીથી, ઓછી જીવન જરૂરિયાતોથી જીવન નવેસરથી જીવવું. તે સમયે એમનાં ચાર સંતાનોમાં ૧૧ વર્ષની મોટી પુત્રી, નવ વરસનો પુત્ર અને સાત વરસની બે જોડિયા પુત્રીઓ, એ સૌ ઘરમાં ટી.વી. વગર જ ઊછર્યાં છે. સૂટ-બૂટ-ટાઈનો લેબાશ એમણે ખંખેરી નાખ્યો. એ પછીનાં બીજાં બે વરસોમાં થોડાંક સાદાં શર્ટ - પેન્ટ અને ફક્ત એક જોડી ચંપલથી ચલાવવાનું એમણે અમલમાં મૂક્યું. શ્રી મુકુંદ કહે છે કે, 'હવે મને જીવન સુખદ અને નિરાંતભર્યું લાગે છે.' માઈક્રોસોફ્ટ કંપનીના બેંગ્લોર ખાતેના નિવાસી સી.ઈ.ઓ. મુકુંદના આ ઉદ્‌ગાર છે.

સને ૨૦૦૮માં ભારત-બેંગ્લોર આવ્યા પછી મુકુંદની સાદગી તરફની ગતિ વધુ વેગવંતી થઈ. મોંઘી 'ઑડી' અને 'બીએમડબલ્યુ' કારને બદલે હવે તેઓ મારુતિ 'અલ્ટો'થી જ ચલાવે છે. વળી એમણે કારનો ઉપયોગ સાવ જ ઓછો કરી નાખ્યો છે. વીસ કિ.મી. દૂર આવેલ ઑફિસે તેઓ સિટી બસમાં જ જાય છે. હસતાં - હસતાં તેઓ કહે છે કે, મને સિટી બસમાં જવાનું ગમે છે. સામાન્ય લોકોને મળવાનું થાય, એમની સાથે વાતો થાય, બસની રાહ જોવામાં ધૈર્યનો ગુણ કેળવાય, બસ સ્ટોપ સુધી ચાલીને જવામાં, ક્યારેક દોડીને પહોંચવામાં રસપ્રદ વ્યાયામ પણ થાય છે!

સવારે નાસ્તામાં એમને ત્યાં હવે માત્ર ઇડલી તથા બ્રેડ હોય. મુકુંદ કહે છે – 'નાસ્તાની પાંચ-દસ વાનગીઓનું આયોજન કરવા પાછળનો ૯૦ ટકા સમય અને ખર્ચ અમે બચાવ્યો છે. સાંજના જમવામાં માત્ર દાળ અને રોટલી.' મુકુંદ પરિવાર જ્યાં રહે છે એ વિસ્તારમાં વીજળીકાપના ધાંધિયાથી તેઓ ટેવાઈ ગયા છે. મીણબત્તીઓથી તેઓ પ્રસન્નતાપૂર્વક ચલાવી લે છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મૂર્તિકાર શ્રી કાંતિભાઈ પટેલને પણ યાદ કરીએ. અમદાવાદમાં ઘાટલોડિયા વિસ્તારમાં નાનકડું સાદું ફાર્મ હાઉસ – એમાં જ એમનો સ્ટુડિયો. સ્ટુડિયોમાં મૂર્તિ ઢાળવાનું કામ કરતા હોય ત્યારે હાફપેન્ટ અને બાંડિયું શર્ટ પહેરે. આમ પણ એમની જીવનશૈલી એટલે સાદગીનું એક મોડેલ. એમનાં બહેન જયશ્રીબેન એમની સાથે રહે. કાંતિભાઈ પોતાનાં કપડાં જાતે જ ધોઈ લે. દુનિયાભરના કલાકારો ભારત આવે ત્યારે એમની મુલાકાતે અવશ્ય આવે. જયશ્રીબેનનું પણ એવું જ વ્યક્તિત્વ. ખાનપાનમાં પણ અત્યંત સાદગી. હવે નેવું વર્ષની નજીક પહોંચેલા કાંતિભાઈ અમદાવાદ શહેરમાં જયશ્રીબેન સાથે રહે છે અને બંને જણ પોતાનો નિવૃત્તિકાળ સત્સંગપ્રવૃત્તિમાં ગાળે છે. સાધના - અધ્યાત્મની જયશ્રીબેનની પણ ઊંડી સમજણ અને પ્રીતિ. નિસર્ગદત્ત મહારાજની વાણીના પુસ્તક 'આત્મબોધ' સંદર્ભે વીસેક વર્ષ પૂર્વે મારે જયશ્રીબેન સાથે સહજ સંવાદરૂપે પત્ર સંપર્ક થયેલો.

આપણને સહેજે હાલના એક સાંસદ યાદ આવે. ચૂંટાયા પછી એમને બંગલો ફાળવાયો નહોતો એટલે તેઓ કેટલોક સમય ફાઈવસ્ટાર હોટેલમાં રહ્યા. એમનું રોજનું હોટેલનું ભાડું દોઢેક લાખ રૂપિયાનું આપણી સરકારે (એટલે કે અનેકવિધ કરવેરા ભરતા આપણે) ચૂકવ્યું! ટાગોરની લઘુનવલ 'શેષેર કવિતા'માંનો ચરિત્રનાયક 'સ્ટાઈલ અને ફેશન' વચ્ચેનો ભેદ સુંદર રીતે સ્પષ્ટ કરે છે – 'સ્ટાઈલ' એ વ્યક્તિનો નિજી અને અનન્ય એવો ચહેરો છે. જ્યારે ગરીબથી અમીર સુધીના મહદ્ અંશે સૌ કોઈ ફેશનની જેમ જીવનશૈલીમાં પણ સતત બીજાઓને અનુસરે છે.

હું વ્યક્તિગત રીતે માનવીય મૂલ્યોમાં આંતરિક સ્વતંત્રતાને સર્વોચ્ચ મૂલ્ય તરીકે સમજ્યો છું. સાદું જીવન અને ઉચ્ચ વિચાર થકી જ આવા મૂલ્યોને આત્મસાત્ કરી શકાય. હજી વધુને વધુ માટેની લાલસા માનવીને સતત બીજા ઘણા બધા લોકો ઉપર આધારિત કરે છે. ઢગલાબંધ ચીજવસ્તુઓના ખડકલા આધારિત જીવન પણ વધુને વધુ પરાવલંબી, લોકશાહી થકીની રાજકીય સ્વતંત્રતાના પડદા પાછળ આ ગુલામી માણસને સતત લાચાર - અસહાય - અવમાનિત કરતી રહે છે. પસંદગી, એ સૌએ વ્યક્તિગત રીતે પોતાના માટે જ કરવાની હોય.

*સૌજન્ય : "નયા માર્ગ"*

*(તાજેતરમાં દિવંગત થયેલા મહાન કચ્છી વિચારકની કલમ પ્રસાદી.)*

*જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે*
*પુષ્પ જેવા પુષ્પ પર મારી સવારી હોય છે.*

*– ઇર્ષાદ*

*સૌજન્ય : "ભણતરનું ભાવજગત"*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# સત્ય વિનાનો શબ્દ નિરર્થક છે

• ચંદ્રહાસ ત્રિવેદી •

તિબેટમાં નરોપા બહુ જ્ઞાની લામા કહેવાતા હતા. તેમણે બૌદ્ધ સાહિત્યના ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તેમને શાસ્ત્રોનાં કેટલાંય સૂત્રો કંઠસ્થ હતાં. ગૂઢ વિદ્યાઓની પણ તેમની સારી જાણકારી હતી. પ્રાચીન તેમજ વિદ્યમાન શાસ્ત્રોમાં તેઓ પારંગત ગણાતા હતા. તેમની પાસે બહોળો શિષ્ય સમુદાય હતો. લોકોમાં એવી વાયકા હતી કે, રાત્રે તેમને મળવા અને તેમની સાથે ચર્ચા કરવા ક્યાંયથી આધ્યાત્મિક સંતો અદ્રશ્ય રહીને આવે છે અને સવાર થતાં વિદાય થઈ જાય છે.

એક રાત્રિએ નરોપા ધ્યાનમાં હતા ત્યાં તેમને એક કુરૂપ અને વિચિત્ર સ્ત્રી દેખાઈ. છાયા જેવી આ સ્ત્રીને જોતાં તેઓ ચોંકી ઊઠ્યા. ત્યાં તો પેલી અમાનુષી સ્ત્રીએ નરોપાને કહ્યું, “તું મોટો વિદ્વાન ગણાય છે. ઘણા શાસ્ત્રોનો જાણકાર છે. તો મને જરા એ તો કહે કે તું શું જાણે છે અને તારા શિષ્યોને શું ભણાવે છે?”

નરોપાએ કહ્યું, ‘દર્શનશાસ્ત્ર, ધર્મ, તત્ત્વાર્થ વગેરેમાં મારી પ્રવૃત્તિ રહે છે પણ તમે કોણ છો? અને અહીં ઉપસ્થિત થવામાં તમારો શું આશય છે?”

પેલી અમાનુષી સ્ત્રીએ કહ્યું, “તું જે ભણાવે છે, જેની ચર્ચા કરે છે તેનો તને કંઈ અનુભવ છે કે પછી બધું ઉપર ઉપરથી થાય છે? તત્ત્વની તને પ્રતીતિ થઈ છે કે પછી બધું પોથીમાં જ પડેલું છે?”

નરોપા આ અજાણી સ્ત્રીના પ્રશ્નથી વિમાસણમાં પડી ગયા. પછી તેમણે નમ્રતાપૂર્વક કહ્યું, “હું શબ્દોના અર્થને જાણું છું પણ મને તેનાં રહસ્યો હજુ તાદશ થયાં નથી. શબ્દનો મને પરિચય છે પણ મને તેનો સાક્ષાત્કાર થયો નથી.”

આટલું સાંભળતાંમાં પેલી અમાનુષી છાયા, ચારુ રૂપ બની ગઈ. તે હર્ષથી નાચવા લાગી અને ગાવા લાગી. નરોપાને તેનું આ સુચારુ સ્વરૂપ ગમ્યું, તેને ખુશ કરવા અને તેના સૌંદર્યને વધારે નિખારવા નરોપાએ પોતાના પૂર્વકથનને સુધારતાં કહ્યું, “મને શાસ્ત્રોની પૂર્ણ પ્રતિતી થઈ નથી, પણ આંશિક અનુભૂતિ તો છે જ, ક્યાંક કંઈક ખૂટે છે પણ ઝાઝી ખોટ નથી રહી.”

નરોપાએ પોતાના કથનમાં જરા સુધારો કર્યો, ત્યાં તો પેલી અમાનુષી સ્ત્રીનું નર્તન અટકી ગયું અને તે ચીસ પાડીને ભોંય ઉપર પડી. ક્ષણવારમાં તેનું સુચારુ સ્વરૂપ બદલાઈ ગયું.

ઓચિંતાની આ સ્ત્રી ભોંય ઉપર ચીસ પાડીને પડી તેથી નરોપા ગભરાઈ ગયા. તેમણે જોયું કે, તે સ્ત્રીનું સૌંદર્ય ઓસરી ગયું હતું અને તે પુનઃ કુરૂપ બની ગઈ હતી. નરોપા તેને કંઈ પૂછે તે પહેલાં તો તે અમાનુષી છાયા જમીન ઉપરથી ઊભી થઈ અને આવી હતી તેમ વીજળીની જેમ ત્યાંથી અદ્દશ્ય થઈ ગઈ.

બદલાયેલી પરિસ્થિતિ ન સમજાતાં નરોપા સ્તબ્ધ થઈ ગયા અને ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. થોડીકવાર તેઓ આ સ્થિતિમાં રહ્યા, ત્યાં તેમના મનમાં ઝબકારો થયો અને તેમને અમાનુષી સ્ત્રીનું વર્તન સમજાઈ ગયું. તેમણે પોતાના જ્ઞાનનો અને વર્તનનો ક્યાસ કાઢી લીધો અને કંઈક નિર્ણય કરી અને સવાર થતાં તેમણે શિષ્યોને વિદાય આપી, મઠમાં પડેલા ગ્રંથોને ઉપર ચઢાવી દીધા. દિવસ થતાંમાં તો તેમણે મઠ છોડી દીધો અને સંધ્યા પહેલાં તો તેઓ બુદ્ધત્વ પામેલા તિલોપા પાસે જઈને તેમને સમર્પિત થઈ ગયા.

વાસ્તવિકતામાં તે અમાનુષી સ્ત્રી નરોપાને આગળનો માર્ગ બતાવવા માટેનો દૈવી સંકેત હતો. યોગ્ય સાધક જ્યારે સાધનામાં ક્યાંક અટકી પડ્યો હોય છે ત્યારે દૈવ-અસ્તિત્વ પણ પરોક્ષ રીતે સંકેત આપીને આગળનો માર્ગ ચીંધે છે. દૈવે સંકેત આપીને નરોપાને સમજાવ્યું કે, પ્રતીતિ વિનાનું કોરું જ્ઞાન અધૂરું છે તે કુરૂપ છે. જ્ઞાન જ્યારે અનુભૂતિના ઘરનું થાય છે ત્યારે તે ચારુ રૂપે પરિણમે છે. નરોપાએ જ્યારે એ વાતનો સ્વીકાર કર્યો કે તેને જ્ઞાન છે પણ અનુભૂતિ નથી ત્યારે અમાનુષી સ્ત્રીની કુરૂપતા ચાલી ગઈ હતી અને પ્રસન્નતાથી તે સ્વરૂપવાન બની ગઈ હતી. જ્યારે નરોપાએ દંભ કરતાં કહ્યું કે, તેમને જ્ઞાનની આંશિક અનુભૂતિ થઈ છે ત્યારે સ્ત્રીનું સુચારુ રૂપ ચાલ્યું ગયું અને તે ચીસ પાડીને જમીન ઉપર ઢળી પડી. વાતનો તત્ત્વાર્થ એ થયો કે સત્ય એ જ શિવ છે અને જે શિવ છે તે સુંદર છે.

આ વાતમાં ઊંડાણ વધારે છે. તે સંકેતથી સમજાવે છે કે, સત્ય વિનાનો શબ્દ, ભાવ વિનાનો પ્રેમ અને ઊંડાણ વિનાનો વ્યાપ નિરર્થક છે. ભલે તેની ચમકદમક કેટલીય હોય પણ તેની કિંમત કોડીની છે. આ બધાનું અંતઃસ્વરૂપ બેડોળ જ હોય છે, કુરૂપ હોય છે. જ્યારે પ્રેમમાં ભાવ ભળે છે શબ્દ સત્યનું નિરૂપણ કરે છે અને જ્ઞાનની અનુભૂતિ થાય છે ત્યારે બધું સુરૂપ અને સુચારુ બની જાય છે. આપણે આ વાતને સમજીને તે પ્રમાણે જીવીશું તો સત્યનું ચારુ રૂપ સ્વયં પ્રગટ થશે અને આપણું જીવન પ્રસન્ન બની રહેશે.

***(સૌજન્ય : ગોરક્ષાપાત્ર)***


**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** | **વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ**

- *ગઢવાલ*
- *કોરા કોટન*
- *સુપરનેટ કોટા*
- *ટીસ્યુ કોટા*
- *ફેન્સી કોટા*
- *જૈન સિલ્ક*
- *ચંદેરી ટેમ્પલ*
- *પ્રિન્ટેડ જ્યોર્જેટ*



**“કાંચી”ની સાડી વાહ... વાહ...!!**

**મીનલ દેઢિયા • 09930704743**

**KANCHI** *A Blend of Indian Heritage*

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com **Sunday Closed**

# સ્વજનોના મૃત્યુ પ્રસંગે

• કુલીનકાંત ચાંપશી લુઠિયા •

કપરી મોંઘવારી અને ફાસ્ટ બદલાતા જતા આ જમાનામાં, સ્વજનોના મૃત્યુ પ્રસંગે નીચેની આચારસંહિતાને ધ્યાનમાં લઈએ તો સ્વજનો માટે આશીર્વાદસમું બની રહે.

મૃત્યુને મંગલમય બનાવીએ, મૃત્યુ બાદ ચક્ષુદાન કરાવીએ, અનુકૂળતા હોય તો દેહદાન પણ કરીએ.

સ્મશાનમાં દૂરનાં સગાસંબંધીઓ વેળાસર ન પહોંચી શકે તો એમની હાજરીની અપેક્ષા ન સેવવી અને એવાની વાટ જોવી નહીં. સ્મશાનયાત્રા અગાઉથી જાહેર કરેલા, નિયત સમયે જ કાઢવી. અન્ય સ્વજનોને કોઈની વાટ જોવડાવી, ખોટી ઢીલ ટાળવી. અગ્નિદાહની વિધિ શરૂ થાય કે હાજર રહેલા સૌ કોઈને વેળાસર વિદાય આપવા હાથ જોડવા. સ્મશાનયાત્રામાં ઠાઠડી બાંધવાની માથાકૂટમાંથી બચી તૈયાર એલ્યુમિનિયમની નનામી વાપરવી, જેથી બાંબુ બળતણનો પણ બચાવ થાય, પર્યાવરણનું રક્ષણ થાય.

પ્રાર્થનાસભામાં પણ દૂરના સંબંધીઓની હાજરીની અપેક્ષા સેવવી નહીં. એવાને જાતે સામેથી ટેલિફોન પર જ ફોન કરી સાંત્વના મેળવી શકાય. જેથી તેમના આવવા-જવાના ખર્ચનો અને સમયનો બચાવ થઈ શકે. બદલાતા યુગાનુસાર મૃતદેહ લાકડાથી બાળવાને બદલે અન્ય પર્યાય ઈલેક્ટ્રિક ગેસ કે ડીઝલની ભઠ્ઠી હોય તો તેનો ઉપયોગ કરી પર્યાવરણનું રક્ષણ કરી શકીએ. ભાનુશાલી સમાજની જેમ મૃત વ્યક્તિને ઓઢાડેલી શાલ સાડી, ધોતિયાં વગેરે 'માનવ જયોત' જેવી સંસ્થાને જરૂરતમંદ સંસ્થાઓને આપવા પ્રેરીએ.

મૃત સ્વજનની પુણ્યસ્મૃતિમાં અન્ય કોઈ મૃત્યોત્તર વિધિ કર્મકાંડમાં પડ્યા વિના કોઈ સેવાલક્ષી સંસ્થાને આર્થિક અનુદાનથી મદદરૂપ બનીએ. સ્મશાનયાત્રા કે પ્રાર્થનાસભામાં ન જોડાઈ શકનારને માટે મનમાં કોઈ પણ પ્રકારના રાગ કે દ્વેષ કે વેરઝેરની ભાવનાથી બિલકુલ અલિપ્ત રહીએ અને જ્યારે પ્રતિસાદ આપે તો તેમને અંતઃકરણપૂર્વક ક્ષમા બક્ષીએ. આવી આચારસંહિતા નિષ્ઠાથી અનુસરીએ તો સ્વજનો પ્રત્યે આપણી નૈતિક ફરજ બજાવી લેખાશે.

*માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ.*

# સેમિનાર

• મહેન્દ્ર સા. દોશી •

ફેબ્રુઆરી અને માર્ચ – પરિસંવાદની સીઝન, લગ્નના જેવી જ કહી શકાય. લગ્નના મુહૂર્ત માટે મર્યાદિત સમય અને નિશ્ચિત સમય મર્યાદામાં લગ્ન ન લેવાય તો આવતા વર્ષ સુધીની રાહ જોવા માટે ગોર મહારાજની નુક્તેચીની, કુંવારા (વાંઢા) રહી ન જવાય તે માટે મુહૂર્ત નક્કી કરી દીધા પછીના સંતોષ બાદ, ગોર મહારાજ, રસોઈયા, હૉલ, શણગાર, બેન્ડવાજા, કંકોત્રી બધા કામના માર્કેટિંગ એજન્ટની શોધ - સંપર્ક અને બુકિંગ – હાશ! આવું જ કાંઈક અંશે સેમિનાર - પરિસંવાદનું. શિક્ષણના બહોળા પ્રસારણ અંગે જુદી જુદી સંસ્થાઓ તરફથી મળતી ગ્રાન્ટ (અનુદાન) અને માર્ચની ૩૧મી પહેલાં કરવો પડતો ઉપયોગ અને વપરાશ માટેની તત્પરતા અને તેની તૈયારી – લગભગ લગ્નના જેવી જ! શિક્ષણનું પ્રસારણ થાય કે નહીં પણ સંસ્થાનો મોભો જળવાય, નામ કમાવાય, ન્યુઝ પેપર્સ, મેગેઝિનમાં સ્થાન મેળવવા માટે પણ પરિસંવાદનું આયોજન કરવું જ પડે! અને આથી પરિસંવાદના આયોજન કરવા માટે નિષ્ણાત અને અનુભવી આયોજકોના સહયોગથી પ્રાપ્ત અનુદાનની સમય મર્યાદામાં રહીને પરિસંવાદનું આયોજન તેમના કાયમી ચિર-પરિચિત વક્તાઓને ગોઠવવા માટેના સહયોગના પરિણામે મંચ (ડાયસ) પરની ખુરશીમાં ગોઠવવામાં આવેલ વક્તાઓ શ્રોતાઓ માટે ચિર-પરિચિત ચહેરાઓ હોવાને કારણે તેમને વારંવાર સાંભળવાનો, મળવાનો આહ્લાદક આનંદ અને ઉત્સાહ – બંનેના ચહેરા પર પ્રગટ થયાની અનુભૂતિ કરી શકાય છે.

વિષય – No Problem! વિષયવસ્તુ પણ વૈદ્યની પડીકીની જેમ હાથવગુ અને 'વિષય' વક્તાઓ વચ્ચે સ્વૈચ્છિક અદલાબદલી અને સમજૂતીથી આપસમાં કરી લેવામાં આવતી સુલભ વહેંચણી. 'વિષય વસ્તુ' તો એ જ પણ વક્તા સમજૂતીથી, ઉદારતાથી વિષયની કરેલ અદલાબદલીથી નાવીન્યપૂર્ણ.

આમ, અંતે તો, 'ચકલી લાવી ચોખાનો દાણો અને ચકો લાવ્યો મગનો દાણો' – ખાધું, પીધું (વક્તાઓ + શ્રોતાઓ) અને રાજ કર્યું.

આ વ્યંગ ચિત્ર નથી. માત્ર અને માત્ર વાસ્તવિક હકીકત છે. શિક્ષણના બહોળા પ્રસારણ માટે દિન પ્રતિદિન થતાં નવા નવા અન્વેષણો સાથે તાદાત્મ્ય કેળવી શકાય તે માટે વિવિધ સંસ્થાઓ અનુદાનની સખાવત કરી હોય છે, પણ માત્રને માત્ર મોભા - પ્રસિદ્ધિના ધ્યેય માટે જ પરિસંવાદોનું આયોજન થતું હોય તો તેવા પરિસંવાદોના આયોજન કરવા માટે પુનઃ વિચારણાનો અવકાશ ખરો! આ હકીકતને તપાસવાનો પણ સમય પાકી ગયો છે. છેલ્લા માત્ર એક વર્ષ દરમિયાન જુદી જુદી સંસ્થાઓ દ્વારા આયોજિત પરિસંવાદોની સંખ્યા, તેના વિષયો અને ભાગ લેનાર વક્તાઓની વિગતો એકઠી કરી અને વિગતોની ફળશ્રુતિના મૂલ્યાંકનના આધારના નિષ્કર્ષની જાણકારી મેળવવા માટે પણ એક પરિસંવાદનું આયોજન કરવું પડે!

*એફ/૧, સનપાવર ફ્લેટ્સ,*
*ગુરુકુલ રોડ, અમદાવાદ.*
*ફોન : (૦૭૯) ૨૭૪૫૨૧૮૦*

---

## નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા

(અનુ. પાના નં.-૭૯ ઉપરથી ચાલુ)

ભયંકરતા અનેકગણી વધી જાય છે. પુરુષોની ગુલામી ન કરવાના ભાવથી જે કુંવારી કે ત્યક્તા થઈ છે તે પછી જીવનભર અનેક પુરુષોની ગુલામી ભોગવીને પણ સ્થાયી વિશ્વસનીય પ્રેમ નથી મેળવી શકતી. તેની વૃદ્ધાવસ્થા, ખાલીપણાથી, ફરિયાદો અને પશ્ચાત્તાપથી ભરેલી રહે છે. આવી સ્ત્રીઓએ એટલું યાદ રાખવાનું કે દાંપત્યપ્રેમમાં નર-નારી બંનેએ એકબીજાની ગુલામી સ્વીકારવી જ પડતી હોય છે. આવી ગુલામી ત્રાસદાયી નહીં પણ આનંદદાયી થઈ શકે છે. આવી ગુલામી સ્વેચ્છાચાર અને કલંકથી બચાવીને રક્ષણ કરે છે. જીવનને સુરક્ષિત કરે છે.

કેટલીકવાર લગ્નની ઈચ્છા હોવા છતાં કન્યાઓ કે મુરતિયાઓની અછતને કારણે લગ્ન કરી શકાતાં નથી. સામાન્ય રીતે પરમેશ્વરની વ્યવસ્થા એવી છે કે લગભગ અડધી કન્યાઓ અને અડધા છોકરાઓ જન્મતા હોય છે, જેથી બૅલેન્સ બન્યું રહે છે. પણ સોનોગ્રાફી જેવા પ્રયોગોથી કન્યાઓનું નિકંદન કાઢવામાં આવતું હોય તો એ કુદરતી બૅલેન્સ તૂટી પડે છે. છોકરા વધી જાય અને છોકરીઓ ઓછી થઈ જાય. આ ઓછી છોકરીઓ પણ ગ્રીનકાર્ડવાળા કે પૈસાવાળા લઈ જાય એટલે રેશનકાર્ડવાળા સામાન્ય છોકરાઓ કન્યા વિનાના રહી જાય. બીજી તરફ સમાજ બહારથી કન્યા લાવી શકાતી ન હોય. આવી સ્થિતિમાં લગ્નેચ્છુ છોકરાઓ કુંવારા રહી જાય તો આવા છોકરાઓએ સમાજની પરવા કર્યા વિના બીજા સમાજમાંથી કન્યા લાવીને પરણી લેવું અને સોનોગ્રાફી બંધ કરાવવી. આ નારીહત્યા, આત્મઘાતી મહાપાપ છે.

આવી જ રીતે દહેજના દૂષણના કારણે ઘણી કન્યાઓ ઘણી મોટી ઉંમર સુધી પણ પરણી શકતી નથી. કેટલીક ડાહી કન્યાઓ મા-બાપની સ્થિતિ ન હોવાથી પરણવાનું જ માંડી વાળે છે. આ સામાજિક દૂષણ છે. સમસ્ત કન્યાઓએ હિંમત કરીને વિરોધ કરવો જોઈએ અને જે દહેજ લેવા તૈયાર ન હોય તેવા મુરતિયા સાથે લગ્ન કરવાં. પણ જો આવો વર ન જ મળે તો સમાજ બહાર લગ્ન કરી લેવાં. માતા-પિતાએ પણ આમાં સાથ આપવો. સામાજિક કુરિવાજો અને તેમાંથી પેદા થતા અનર્થોથી પોતે મુક્ત થવું અને બીજાને પણ મુક્ત કરાવવાં.

*(ક્રમશઃ)*

સમાજની ક્ષિતિજો

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૨૧

# લગ્ન કોણે ન કરવાં જોઈએ?

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

કોણે કોણે લગ્ન ન કરવાં જોઈએ તેની થોડીક ચર્ચા ગત પ્રકરણમાં કરી. જેમાં એકબીજા પ્રત્યે જેટલું આકર્ષણ વધારે તેટલું દાંપત્ય વધુ સફળ થઈ શકે. આવી જ રીતે એકબીજા પ્રત્યે જેટલું અપાકર્ષણ વધારે તેટલું જ લગ્નજીવન નિષ્ફળ થઈ શકે છે. આકર્ષણ અને અપાકર્ષણનાં થોડાંક કારણો બતાવ્યાં તેમાં એક સ્વચ્છ અને બીજું ગંદું રહેતું હોય તો પણ અપાકર્ષણ થાય. કાં તો બંને ગંદાં સારાં કાં તો પછી બંને સ્વચ્છ સારાં. ગંદાં અને સ્વચ્છનો મેળ દુઃખદાયી થઈ શકે છે. મોટાભાગે પુરુષો ગંદા રહેતા હોય છે. ડાહી સ્ત્રી તેમને, તેમનાં કપડાંને, પથારીને ચોખ્ખાં કરતી હોય છે. પહેલાં માતા ચોખ્ખાં કરે અને પછી પત્ની ચોખ્ખાં કરે.

મારા પરિચિત એક માનવતાવાદી કાર્યકર્તા પહેલાં જ્યારે તેમની પત્ની હયાત હતી ત્યારે બગલાની પાંખ જેવાં કપડાં પહેરતા હતા અને પત્નીના મરી ગયા પછી હું જોઉં છું તો મેલાંદાટ, લઘરવઘર કપડાં પહેરીને ફરતા હોય છે. હું કશું કહેતો નથી પણ મનોમન સમજી જાઉં છું કે માત્ર પત્ની જ મરી નથી, જીવનની સ્વચ્છતા પણ મરી ગઈ છે. બિચારા રડી પડે છે, મરનારીને યાદ કરીને. એટલે પુરુષ કદાચ પૂરતી સ્વચ્છતા ન રાખે તો ચાલે પણ પત્ની જો ગંધાતી હોય તો તેનું આકર્ષણ ખોઈ બેસે છે. જેમ લોકો ઉકરડાથી કે ગટરથી દૂર રહે છે તેમ તેમનાથી (જીવતા ઉકરડાથી) પતિ પણ દૂર રહે છે. માત્ર કુદરતી આવેગો જ તેને મજબૂરીથી નજીક લાવે છે, બાકી તો દૂર જ દૂર રહે છે. આવી ગંધાતી પત્નીઓ (પતિ પણ) પતિનું વહાલ કે રોમાંચ પામી શકતી નથી. દાંપત્યમાં માત્ર કામભોગ જ સર્વસ્વ નથી. તે સિવાય પણ બંનેએ એકબીજાથી ઘણું પામવાનું હોય છે — તે છે સક્રિય વહાલ.

ભગવાન કૃષ્ણનું સ્તોત્ર રચતાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણનું વિશેષણ આપ્યું છેઃ

*'નવીનકેલિ લંપટમ્ નમામિ કૃષ્ણ નાગરમ્'*

અર્થાત્ જે રોજ રોજ નવી નવી કેલિ એટલે કામક્રીડા કરવામાં કુશળ છે તેવા શ્રીકૃષ્ણને નમસ્કાર કરું છું. આ જે કેલી છે તે બંનેના હોર્મોન સુધારીને બંનેને આરોગ્ય તથા તેજસ્વિતા આપે છે. કુદરતી કામભોગ સિવાય બીજી રીતે કામશમન કરવા મથનારાને કેલિ પ્રાપ્ત નથી થતી એટલે તેમના હોર્મોન બગડે છે અને આરોગ્ય અને તેજ બંને હણાઈ જાય છે. આટલા જ માટે સ્ત્રીને શણગાર કરવા ગમે છે.

શણગારથી આકર્ષણ ઊભું થાય છે. સ્વચ્છતા વિનાનો શણગાર, શણગાર જ ન કહેવાય. જોકે સૌથી મોટો શણગાર, સદ્ગુણો અને વફાદારીનો છે. જો આ ન હોય તો શણગારનો ખાસ અર્થ રહેતો નથી. વેશ્યાઓ પણ ખૂબ શણગાર કરતી હોય છે, પણ તે મોહ પમાડવા માટે હોય છે. પત્નીનો શણગાર મોહ માટે નહિ, પ્રેમ માટે હોય છે. તેના મનમાં એક જ વૃત્તિ રહે છે : "હું તેમને ગમું એટલે બસ. હા, તે તો મને ગમેલા જ છે." એટલે તો પુરુષોને શણગાર સજવા નથી પડતા. કદાચ તે સ્વયંભૂ સુંદર છે. બે લેંઘા અને બે ઝભ્ભા હોય તો વરસ પૂરું. બાકી કાંઈ ન જોઈએ. અને તેને પણ સ્વચ્છ તો પત્ની જ રાખે. જરાક ગંદાં કપડાં થાય તો બોલી ઊઠે, "હાય... હાય... કેવા લાગો છો? કાઢી નાખો... કાઢી નાખો... લો આ બીજાં કપડાં પહેરી લો." તે સ્વચ્છ કપડાં પહેરાવે છે. તે પોતાના સૌંદર્ય-ગજથી તેને માપે છે. જે સભામાં કે પ્રસંગમાં તે જવાનો છે તેમાં કેટલાય બનીઠનીને પણ આવવાના છે. તે બધાં વચ્ચે પોતાનો પતિ ઊતરતો લાગે તે તેને જરાય ગમતું નથી. કોઈ પણ સભા કે લગ્નાદિ પ્રસંગોમાં જોજો. સ્ત્રીઓ જ બનીઠનીને આવે છે. એટલે તો તેમને તૈયાર થતાં વાર લાગે છે. પુરુષ ગાડીમાં બેઠો બેઠો હોર્ન વગાડ્યા કરે પણ કોણ સાંભળે છે? હજી શૃંગાર જ ક્યાં પૂરા થયા છે, અને તેના વિના જઈએ તો લાજી મરીએ!! અને શણગારે ક્યાં થોડા કરવાના છે! નખશિખ બધું કેટકેટલું ચોપડવાનું છે, કેટલું મૅચ કરવાનું છે, કેટલું ચોંટાડવાનું છે! સ્ત્રીઓની પણ એક અલગની દુનિયા છે, જેમાં શણગાર એક મુખ્ય તત્ત્વ રહેલું છે. એટલું યાદ રહે કે અતિ શણગારમાં રચી-પચી રહેનારી સ્ત્રીઓ સભા કે પ્રસંગોમાં છેલબટુકોને જોયા કરતી હોય છે. સભા કે પ્રસંગમાં તેમનું ધ્યાન ઓછું રહે છે. ચંચળતાને ચંચળતાનો ઢાળ મળી ગયો છે. હવે જે થાય તે ખરું. કહેવાનો અર્થ એ છે કે સ્ત્રીઓ શણગાર કરે તે ઠીક જ છે, પણ જો તેનો અતિરેક કર્યા કરે તો તે યોગ્ય નથી. સારાં લક્ષણ ન કહેવાય. ભદ્ર અને ખાનદાન મહિલાઓએ આવી આછકલાઈથી બચવું જોઈએ.

લગ્ન કોણે કોણે ન કરવાં જોઈએ તેનું પ્રકરણ ચાલી રહ્યું છે. જે લોકોને સ્થાયી ચેપી રોગ હોય તેમણે પણ લગ્ન ન કરવાં જોઈએ. એટલે તો લગ્ન પહેલાં કુંડળી નહિ મેળવવાની, પણ ડૉક્ટરી તપાસ કરાવવાની જરૂર છે. જેને ચેપી કે આનુવંશિક રોગ હોય તેણે સ્વતઃ લગ્નનો ઇન્કાર કરવો જોઈએ. જેથી સામેના પાત્રનું તથા બાળકોનું જીવન બરબાદ ન થઈ જાય. લગ્ન કર્યા પછી જો આવો કોઈ રોગ ઉત્પન્ન થાય તો ખેલદિલીથી તેને નિભાવવાનો અને પૂરેપૂરી સેવા શુશ્રૂષા કરવાની, તેને કાઢી મૂકવાનો નહીં. મારા પરિચિત સજ્જને પોતાની ખાટલાવશ પત્નીની ત્રીસ વર્ષ સુધી એકધારી સેવા કરી હતી. આ ખરો પ્રેમ અને ખરું દાંપત્ય છે. આમ સતત બીમાર રહેનાર પાત્રે બીજા પાત્ર માટે થોડીક ઉદારતા બતાવવી જોઈએ. જેથી બીજા પાત્રનું લાંબું જીવન ગૂંગળાતું ન રહે.

જે લોકો બહુ અહંકારી હોય, ડગલે ને પગલે ઇગો જ ઇગો રહેતો હોય તેમણે પણ

લગ્ન કરવાં ન જોઈએ. ખાસ કરીને બહુ ઈગોવાળી સ્ત્રીઓ પતિમાં કે પરિવારમાં ભળી શકતી નથી. તે અતડી ને અતડી રહે છે. આવી સ્ત્રીઓ પોતે દુઃખી થાય છે અને બીજાંને દુઃખી કરે છે. આવી સ્ત્રીઓ લગ્ન કરીને પણ દુઃખી થાય છે અને લગ્ન ન કરીને પણ દુઃખી થાય છે. અહંકારવશ ભળી ન શકવાથી તે દુઃખી થાય છે તો લગ્ન ન કરીને પણ તે પુરુષ વિના રહી નથી શકતી. અતડી પડેલી સ્ત્રીની પુરુષભૂખ વધુ ને વધુ તીવ્ર થતી જાય છે. કાં તો તેને કોઈ નમાલો પુરુષ મળી જાય છે, જેને તે ગુલામ જેવો રાખે છે, કાં તો પછી કજિયા, કંકાસ, ઝઘડા-ઝંઝટ કરતી કરતી જીવે છે. અતિ ઈગોના કારણે તે નથી તો નમતું જોખી શકતી કે નથી બાંધછોડ કરી શકતી. તે કોઈની થઈ શકતી નથી એટલે કોઈ તેનું પણ થઈ શકતું નથી. આવી સ્ત્રીએ લગ્ન ન કરવાં જોઈએ. જો કરશે તો બીજાનું જીવન ધૂળ બનાવી દેશે. બહુ ઈગોવાળો પુરુષ પણ લગ્નજીવનને પૂરેપૂરો ન્યાય આપી શકતો નથી એટલે તેણે પણ લગ્ન ન કરવું જોઈએ.

જે પુરુષોમાં રળવા - કમાવાની વૃત્તિ કે ક્ષમતા જ ન હોય તેમણે પણ લગ્ન કરવાં જોઈએ નહીં. આ નિયમ પુરુષો માટે છે. સ્ત્રીઓ માટે ખાસ નથી. સંસ્કૃતમાં પતિનાં અનેક નામો છે, તેમાં એક નામ છે 'ભર્તા.' ભર્તા એટલે ભરણપોષણ કરવાની જવાબદારી પુરુષ ઉપર છે. જો તેનામાં કમાવાની વૃત્તિ કે ક્ષમતા જ ન હોય તો તેણે લગ્ન ન કરવાં જોઈએ. તેણે તો કોઈ નાગાબાવાની જમાતમાં દાખલ થઈ જવાનું કે પછી કોઈ આશ્રમમાં રહી પડવાનું. તે કમાણી વિનાનો ભારરૂપ જીવન જીવે છે, પણ કેટલીક જગ્યાઓ એવી છે જ્યાં ભારરૂપતા પણ પૂજાય છે, બસ ત્યાં ભળી જવું.

જેમ બહુ અહંકારી માણસ લગ્નજીવનમાં સફળ થતો નથી તેમ અતિશય ચીડિયા સ્વભાવવાળાં કે પછી બહુ જ વહેમીલાં માણસો પણ લગ્ન જીવનમાં સફળ થઈ શકતાં નથી. માણસ છે તો કોઈ વાર ચીડ ચઢે કે કદાચ થોડો વહેમ પણ પડે, પણ આ તો ચોવીસે કલાક ચિડાયેલો અને ચિડાયેલો રહે છે. જાણે તેલમાં કકળતું ભજિયું જોઈ લો. આવા પુરુષે કે સ્ત્રીએ લગ્ન કરવાં જોઈએ નહિ. કારણ કે એ બીજા પાત્રને ઠારવાનું કામ નહિ કરે પણ બાળવાનું જ કામ કરશે અને પોતે પણ બળશે. દાંપત્ય તો સાવધાનીપૂર્વકના વિશ્વાસથી ચાલતું હોય છે. થોડાં વર્ષો સાવધાનીપૂર્વકના વિશ્વાસ પછી નીવડેલાં પાત્રો સાથે સાવધાની વિનાનો વિશ્વાસ આપોઆપ સ્થિર થઈ જતો હોય છે. એટલું યાદ રહે કે બેમાંથી જેનું ચારિત્ર્ય શિથિલ હશે તે ગમે તેટલું છુપાવશે તો પણ આપોઆપ પ્રગટ થઈ જશે. વહેમ કરવાથી તે અટકવાનું નથી, ઊલટાનું કદાચ વધુ સાવધાન થઈ જાય.

કેટલાક લોકો કોઈ ખાસ વિશિષ્ટ કાર્યો કરવા જન્મ્યા હોય છે. આવા માણસો લગ્ન કરે તો પત્નીને પૂરો સમય આપી શકતા નથી હોતા. પતિ પાસે અમુક સમય માંગવો એ પત્નીનો હક્ક છે. જો તેને સમય ન આપી શકાય તો તેણે તેનો હક્ક ડુબાડ્યો કહેવાય. આ એક પ્રકારનું પાપ જ કહેવાય. પત્નીને પૂરતો સમય ન આપનાર પતિ કેટલીકવાર પત્નીને જ ખોઈ બેસે છે. એવું કહેવાય છે કે નેપોલિયન અનેક દેશો ઉપર વિજય મેળવીને વર્ષો પછી જ્યારે સ્વદેશ પાછો ફર્યો, ત્યારે તેની પત્નીને ખોઈ બેઠો હતો. પત્નીએ પોતે જ સ્પષ્ટ કહ્યું કે, "તમે અનેક દેશોને જીતી શક્યા છો, પણ મને હારી ગયા છો." પત્ની બીજા પુરુષ સાથે સંબંધ બાંધી ચૂકી હતી. પદ્મિની પ્રકારની સ્ત્રીઓ સિવાયની બીજી સ્ત્રીઓ લાંબો સમય વિયોગ સહન કરી શકતી નથી. તેઓ તરત જ બીજા પાત્રને સ્વીકારી કે શોધી લેતી હોય છે. હા, માત્ર પદ્મિની સ્ત્રી, વર્ષોનાં વર્ષો પછી પણ બીજા પુરુષને સ્વીકારી શકતી નથી. આવું જ પદ્મપુરુષ માટે પણ હોય છે. એટલે જે લોકોએ કોઈ ખાસ વિશિષ્ટ પ્રકારનું કાર્ય કરવું હોય તેણે લગ્ન ન કરવાં જોઈએ.

માનો કે આદ્યશંકરાચાર્યે, મહર્ષિ દયાનંદજીએ કે પછી એવા જ કોઈ બીજાએ લગ્ન કર્યાં હોત તો જે સંઘર્ષ વેઠીને તેમણે કાર્યો કર્યાં તે કરી શકાયાં ન હોત. લગ્ન એક બંધન છે, બેડી છે, જે પતિ-પત્નીને નિશ્ચિત મર્યાદામાં બાંધી રાખે છે. એ જરૂરી પણ છે. પણ જેણે દૂરદૂરની ક્ષિતિજો સુધી પોતાની પ્રવૃત્તિ વિસ્તારવી હોય, તેણે બેડીમુક્ત રહેવું હિતાવહ છે. લગ્નબંધનની સાથે બહુ સાહસી કે ખતરનાક કાર્યો કરવાં કઠિન થઈ જાય છે. જેને મુઠ્ઠીમાં માથું લઈને જીવવાનું હોય છે તેણે અકાળે કોઈ સ્ત્રીને વિધવા કરવા માટે લગ્ન ન કરવાં જોઈએ. હા, જો કોઈ સ્ત્રી પોતે પણ આવા સાહસિક - ખતરનાક જીવનસાથીને સ્વીકારવા તૈયાર હોય તો લગ્ન કરવામાં વાંધો નહીં.

મારી જ વાત કરું તો મને લાગે છે કે મેં જો લગ્ન કર્યાં હોત તો કાશી જઈને જે ભણી શકાયું કે વિશ્વભરના દેશોનો પ્રવાસ કરી શકાયો કે કોઈની પરવાહ કર્યા વિના લગભગ બધાની સાથે ઝઝૂમી શકાયું તે કદાચ ન થઈ શક્યું હોત. પત્ની અને બાળકોની જવાબદારી અને લાગણીઓનાં બંધન માણસને મર્યાદામાં બાંધી દેતાં હોય છે. જેથી તેની સાહસિક પ્રવૃત્તિઓ ઉપર આપોઆપ કાપ આવી જાય છે.

ઉપર લખ્યાં તેવાં અનેક કારણોસર કેટલાક ખાસ માણસોએ લગ્ન ન કરવાં જોઈએ તેવું લાગે છે. પણ આવાં કશાં જ કારણો ન હોય તો પણ લગ્ન વિનાના રહેવું હિતાવહ નથી.

કેટલીક આત્મનિર્ભર સ્ત્રીઓ પુરુષોની જોહુકમીના ડરથી લગ્ન નથી કરતી. તેમને એવું લાગે છે કે પુરુષો, સ્ત્રીઓ ઉપર જ્યારે જુઓ ત્યારે હુકમ ચલાવતા રહે છે અને મારઝૂડ પણ કરે છે. આવા પુરુષોની તાબેદાર બનીને ગુલામીભર્યું જીવન જીવવું તેના કરતાં લગ્ન વિનાનું એકલું જીવન જીવવું સારું. આવી સ્ત્રીઓ કદાચ યુવાવસ્થા તો પુરુષના સાથ કે ઓથ વિના પાર કરી દે છે પણ પાછલી જિંદગીમાં તેમને તીવ્ર પુરુષભૂખ લાગે છે. પછી તે પુરુષ કે પુરુષોને ખોળતી રહે છે. આવી સ્ત્રીઓ યુવાવસ્થામાં ભલે લગ્ન ન કરે પણ આવેગો શમાવવા માટે લગ્ન વિનાના અસ્થિર અને અવિશ્વસનીય સંબંધો બાંધતી ફરે છે. તેઓ બદનામ થઈને જીવન જીવે છે. ઘણીવાર પોતાની માફક કેટલાય પુરુષોનાં ઘર ઉજ્જડ કરવામાં નિમિત્ત બને છે. એક નિષ્ફળ પુરુષ કરતાં એક નિષ્ફળ સ્ત્રી વધુ ભયંકર બને છે. આત્મનિર્ભર હોવાથી આવી સ્ત્રી ઉપર કોઈનું નિયંત્રણ નથી રહેતું. એટલે તેની

(અનુ. : જુઓ પાના નં.-૭૭ ઉપર)

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૪૪

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, દર વરસે બધા જ ધાર્મિક કે રાષ્ટ્રીય પર્વ ઉમંગભેર ઊજવે છે. આજકાલ નવરાત્રીનાં શેરી ગરબાની જગ્યા ક્લબ કે પાર્ટી પ્લોટ કલ્ચરે લઈ લીધેલ છે. આવા ગરબામાં ખૂબ જ ઉત્સાહિત હોય તે અથવા તો રૂપિયા ખર્ચી શકે તે જ વધારે પડતા ભાગ લે છે. બીજું, આવાં આયોજનો મોટાભાગે શહેરથી દૂર યોજાતાં હોય છે. એટલે સામાન્ય લોકોને આવવા જવાની પણ અગવડ પડે છે. તેથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ દર વરસે બે વાર ગરબાનો પ્રોગ્રામ રાખે છે. એક પ્રોગ્રામ નવરાત્રીની વચ્ચે આવતા કોઈ પણ શનિ અથવા રવિવારની રાત્રે અને બીજો પ્રોગ્રામ શરદ પૂનમના દિવસે ઊજવવામાં આવે છે.

આવા જ એક પ્રોગ્રામના અંતર્ગત નવરાત્રીની વચ્ચે તા. ૯-૧૦-૨૦૧૦ના રોજ રાસ ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા પ્રોગ્રામોમાં નાનાં બાળકોથી કરીને મોટાં સૌ હોંશભેર ભાગ લેતાં હોય છે. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓ રાત્રે સમયસર ઉપસ્થિત થઈ ગયા હતા. સંગીતના તાલે તથા ગાયકોના મીઠા અવાજના સથવારે સૌ ખેલૈયાઓ ગરબે રમ્યા હતા. ગરબાની વિવિધ રીતોથી ગરબા પૂર્ણ થયા હતા. આ નવરાત્રી ગરબામાં સમાજની લગભગ ૪૦૦ વ્યક્તિઓ હાજર રહી હતી. બ્લાઈન્ડ એસો. દ્વારા સંચાલિત જિનીયસ ઑરકેસ્ટ્રાના કલાકારોએ સંગીત પીરસ્યું હતું. શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ અંતર્ગત આ ગરબા કરવામાં આવ્યા હતા. આજના ગરબામાં નિર્ણાયક તરીકે શ્રીમતી મીનાક્ષીબેન ઠાકર અને જૂહી પરમાર ઉપસ્થિત રહ્યાં હતા.

નિર્ણાયકોએ ચૂંટી કાઢેલા સ્પર્ધકોને શ્રી કાંતિભાઈ વેલજી સાવલાના હસ્તે ઈનામો તથા શીલ્ડ આપવામાં આવ્યા હતા. ઈનામ વિતરણ બાદ સૌએ સાથે મળી ગરમાગરમ ચા-નાસ્તાની લિજ્જત માણી હતી.

નવરાત્રીના ૯ દિવસો ઉમંગ અને ઉલ્લાસમાં પસાર થઈ ગયા. હંમેશાં સુખના દહાડા ટૂંકા હોય અને દુઃખના દહાડા લાંબા હોય છે. ફરીથી શ્રી કચ્છી જૈન ભવનના પ્રાંગણમાં તા. ૨૨-૧૦-૨૦૧૦ના રોજ શરદ પૂનમની રાત ઊજવવામાં આવી હતી. આ ઉજવણીમાં શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ અને સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૂરીલા સૂર ને ધબકતા ઢોલના તાલે સૌ ખેલૈયાઓએ રાસ-ગરબા તથા દાંડિયા રાસ રમવાનો અનેરો લહાવો લીધો હતો. બાર દાંડિયા અને પાંચ દાંડિયાનો રાસ રમતા ખેલૈયાઓને નિહાળવાનો અનેરો આનંદ સૌના ચહેરા ઉપર દેખાઈ આવતો હતો. રાસ ગરબા તથા દાંડિયાની રમઝટ બાદ સનેડો અને ભાંગડા તેમજ વિઠ્ઠલા-વિઠ્ઠલની મોજ માણ્યા બાદ સૌએ દૂધ પૌંઆ તેમજ મેથીના ગોટાની લિજ્જત માણી હતી. વિજેતાઓને શ્રી ગૂર્જર પરિવાર તરફથી શ્રીમતી શિલ્પીબેનના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં. અનેરા આનંદ સાથે પ્રોગ્રામ પૂરો થયો હતો.

વર્ષ ૨૦૧૦ તથા વિક્રમ સંવત ૨૦૬૬નો આખરી દિવસ એટલે દિવાળી તા. ૫-૧૧-૨૦૧૦ના રોજ હતી. વચ્ચે એક ખાલી દિવસ તા. ૬-૧૧-૨૦૧૦ તથા નૂતન વર્ષ તા. ૭-૧૧-૨૦૧૦ના રોજ હતો. સમાજના હોદ્દેદારોએ નક્કી કર્યું કે જે લોકો દિવાળીની રજાઓમાં બહારગામ ફરવા ના ગયા હોય તેઓ રજાના દિવસે કોઈ પણ જાતની પ્રવૃત્તિ વિના ઘરમાં રહીને કંટાળે નહીં તેથી નવા વરસ માટેનો સ્નેહ મિલન સમારોહ તા. ૬-૧૧-૨૦૧૦ના સાંજે શ્રી કચ્છી જૈન ભવન ખાતે યોજવો. આ આયોજન પાછળનો આશય હતો કે વધુને વધુ સંખ્યામાં સભ્યો આ સ્નેહ મિલનમાં હાજર રહી શકે અને એકબીજાને મળીને નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરી શકે.

સૌપ્રથમ બપોરે ૩ થી ૫ રંગોળી હરીફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે કાર્યક્રમ પૂરો થઈ જતાં સાંજે ૫ વાગે સૌ શ્રી કચ્છી જૈન ભવન ખાતેનાં સાંસ્કૃતિક હોલમાં સ્નેહ મિલનમાં ભાગ લેવા માટે પહોંચી આવ્યા. હાજર રહેલા સૌ સભ્યોએ એકબીજાને મળીને નૂતન વર્ષનાં અભિનંદનની આપ-લે તથા મુબારકબાદી આપી હતી.

આ રંગોળી હરીફાઈનું આયોજન સંસ્થાની યુવા વિકાસ સમિતિ તરફથી કરવામાં આવ્યું હતું. આ હરીફાઈમાં ૨૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૧૫ વર્ષ સુધીની વયના તથા ૧૫ વર્ષથી ઉપરની વયના એમ બે વિભાગોમાં રંગોળી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યુવા વિકાસ સમિતિના કન્વીનર શ્રી નવીનભાઈ લાલકાએ રંગોળી હરીફાઈનાં વિજેતાઓનાં નામો જાહેર કર્યાં. સૌ વિજેતાઓને રંગોળી હરીફાઈનાં પ્રયોજક શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર વતી શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહના વરદ્ હસ્તે ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સૌએ સાથે મળીને વિવિધ વાનગીઓની મિજબાની માણી હતી. આ સમારંભમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપ દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી હસમુખ ખાંડવાલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર તથા સમાજના અગ્રણીઓ ઉપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાંથી પણ શ્રી વાડીલાલ પંચાલ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા, શ્રી રઘુરામભાઈ ઠક્કર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. નૂતન વર્ષના સ્નેહ મિલનમાં હાજર રહેલ અંદાજિત ૩૫૦થી વધારે

વ્યક્તિઓએ એકબીજાને નૂતન વર્ષના અભિનંદન આપી તથા મિજબાની માણી સહુ છૂટા પડ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જ્યારે અમદાવાદમાં પ્રજાલક્ષી વિવિધ સામાજિક કાર્યો કરે છે, તો પછી પોતાના કર્મચારીગણને કેમ ભુલાય? સંસ્થાના કર્મચારીઓને સમાજનાં સભ્યોને અપાતા લાભો પ્રમાણે કેટલાક લાભો અપાય જ છે. તેની સાથે સાથે તા. ૫-૧૨-૨૦૧૦નાં દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તમામ કર્મચારીગણની એક પિકનિક સંસ્થાના સહયોગથી યોજવામાં આવી હતી. આ એક દિવસીય પિકનીકમાં સવારનાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી બસમાં પ્રયાણ કરી પ્રથમ મહુડી શ્રી ઘંટાકર્ણ મહાવીરનાં દર્શન તથા નવકારશી રાખવામાં આવી હતી. ત્યાંથી તારંગા હિલ જ્યાં બાહુબલીજીનાં દર્શન, પર્વતારોહણ તથા બપોરના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. અને છેલ્લે તિરુપતિ નેચરલ પાર્ક — જ્યાં ઉદ્યાનમાં અવનવી રમતો રમાડવામાં આવી હતી. છેલ્લે, સાંજનું ભોજન લઈને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પરત આવ્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટ મંડળે, સંસ્થાના કર્મચારીઓનાં અનુરોધને માન્ય રાખી જરૂરી સહાય પૂરી પાડી હતી. અને આ રીતે સંસ્થાના કર્મચારી ગણના એક સરસ યાદગાર પ્રવાસની ઉજવણી થઈ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિની બાળકો તથા યુવાનોનાં વિકાસ માટેની પ્રવૃત્તિઓ સતત ચાલુ જ રહે છે. સમાજનાં બાળકો તથા યુવાનોના વિકાસ તથા માર્ગદર્શન માટે સંસ્થામાં અવારનવાર કેમ્પો - સેમિનારો તથા લેક્ચરો ગોઠવવામાં આવે છે. જેથી કરીને સંસ્થાનાં બાળકો તથા યુવાનોને યોગ્ય માર્ગદર્શન મળે તથા તેઓનો વિકાસ ઝડપી થાય. એવા જ એક આયોજન અંતર્ગત તા. ૫-૧૨-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારનાં ૧૦.૩૦થી ૧.૩૦ દરમ્યાન પ્રખ્યાત સાઇકોલોજિસ્ટ ડૉ. નિમ્રતસિંઘ દ્વારા ૧૨થી ૧૫ વર્ષની ઉંમરના બાળકોનાં મા-બાપ તેમજ વડીલો માટે પેરેન્ટલ કેર અંગેનાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈશવકાળમાંથી યુવાનીમાં ડગ માંડતાં બાળકો સાથે કેવી રીતે મિત્ર તરીકે વર્તી, સમયને અનુરૂપ માહોલ કેળવી, તેમના વ્યક્તિત્વને રૂંધાવા દીધા વગર તેમની પ્રતિભા વિકસાવવા કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે અંગે ડૉ. સિંઘ દ્વારા વિવિધ ઉદાહરણ તથા સ્લાઈડ પ્રેઝન્ટેશન, ગ્રુપ ડિસ્કશન અને અનુભવોની વહેંચણી વગેરે વિવિધતાસભર પ્રયત્નો દ્વારા ખૂબ જ સરળ ભાષામાં સમજણ આપવામાં આવી હતી. ઉપરોક્ત આયોજનને હાજર રહેલા વડીલોએ ખૂબ જ વખાણ્યું હતું અને સમાજનાં બાળકો માટે આવા માર્ગદર્શન માટેના આયોજનો ખૂબ જ જરૂરી છે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

ઉપરોક્ત વર્કશૉપના બીજા ભાગરૂપે તા. ૧૨-૧૨-૨૦૧૦ને રવિવારે સવારનાં ૧૦.૩૦થી ૧.૩૦ દરમ્યાન ૧૨થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકોનો એક વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં ૬૩ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સરળ ભાષામાં બાળકોને યુવાનીમાં પ્રવેશતી વખતે થતી મુશ્કેલીઓ તથા મૂંઝવણો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે મા-બાપ તથા વડીલોની અપેક્ષાઓ, પ્રયત્નો તથા અભિલાષાઓ અને મિત્રો વચ્ચે કેવી રીતે સમન્વય સાધવા અને મુશ્કેલીઓનો પડકાર ઝીલવો તે અંગે ડૉ. નિમ્રતસિંઘ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિનો આ પ્રયાસ ખૂબ જ સફળ રહ્યો હતો તથા ઉપયોગી સાબિત થયો હતો.

*(ક્રમશઃ)*

## સોના કરતા સંબંધોનું મૂલ્ય વધારે છે

એક ગામમાં બે ભાઈ રહેતા હતા. તેમની વચ્ચે સહજ વહેંચણી થઈ. પરંતુ સોનાની એક વીંટીને લઈને બંને વચ્ચે વિવાદ થઈ ગયો. વિવાદ વધી જવાથી બંને પોતાની સમસ્યા લઈ એક સંત પાસે પહોંચ્યા. સંત બોલ્યા, 'તમારી વીંટી અહીં મૂકી જાવ અને કાલે આવજો.' તેમના ગયા પછી સંતે સોનીને બોલાવીને એ વીંટી જેવી જ બીજી વીંટી તૈયાર કરાવી અને તેની કિંમત પોતે ચૂકવી દીધી. બીજા દિવસે બંને ભાઈઓ પાછા આવતાં તેમણે એક એક વીંટી બંનેને આપી દીધી. બંનેને એમ જ લાગ્યું કે માત્ર તેની પાસે જ વીંટી છે, એટલે બંને પ્રસન્ન થઈને પોતપોતાના ઘરે પાછા ફર્યા અને બંને વચ્ચેના સંબંધો પણ સુધરી ગયા. એક દિવસ પરસ્પર વાતચીતમાં સત્યની જાણ થતાં તેઓ સંતની પાસે ગયા અને તેમને આમ કરવાનું કારણ પૂછ્યું. સંત બોલ્યા, 'સોનું તો તુચ્છ ચીજ છે, સંબંધોનું મૂલ્ય વધારે છે. તેમાં ક્યારેય અંતર ન આવવું જોઈએ.' બંને ભાઈઓએ પરસ્પર વિવાદ ભૂલાવી દીધો અને વીંટીની કિંમત સંતને ચૂકવીને પ્રેમપૂર્વક રહેવા લાગ્યા.

*સૌજન્ય : "ગોરક્ષા પાત્ર"*

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*— રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

ભૌગોલિક

# નવેમ્બર ૧૭નો એ ઉલ્કાપાત

• સ્વ. પ્ર. ચુ. વૈદ્ય •

ઘણીવાર રાત્રે આપણે આકાશમાં તેજનો એકાદ લિસોટો જોઈએ છીએ અને કહીએ છીએ કે 'તારો ખર્યો.' આ ખરતા તારાનું એક શાસ્ત્ર છે. ખરતા તારાનું શાસ્ત્રીય નામ ઉલ્કા છે. સૂર્ય મંડળમાં સૂર્યની આસપાસ ગ્રહો તો ફરે છે, ઉપરાંત ધૂમકેતુઓ પણ સૂર્ય આસપાસ ફરતા હોય છે. વળી સૂર્યમાં ગ્રહોની ઉત્પત્તિ થઈ ત્યારના કેટલાક વેરાયેલ પદાર્થ-કણ પૃથ્વીના માર્ગમાં આવે તો પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી તે પૃથ્વી તરફ પડવા લાગે. અને જેવા તે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે તેવા ઘર્ષણને લીધે તે ખૂબ ગરમ થઈ પ્રકાશિત થાય અને આપણને ખરતા તારાના રૂપમાં દેખાય. સામાન્ય રીતે ઘર્ષણની ગરમી એટલી બધી હોય છે કે પદાર્થ કણ પૃથ્વીની સપાટી પર પહોંચે તે પહેલાં જ ઓગળીને બળી જાય છે. પણ ઘણીવાર આ પદાર્થકણ પ્રમાણમાં ખૂબ મોટા હોય છે. ઘર્ષણને કારણે પૂરે પૂરા બળી જતા નથી અને પૃથ્વી પર પડે છે. અને આવા ખરેલા તારાના પૃથ્વી પર પડેલા અવશેષને આપણે ઉલ્કા કહીએ છીએ. ૧૯૭૬ના જાન્યુઆરીના અંતે સુરેન્દ્રનગરમાં ધજાળા ગામે આવા ખરેલા તારાના ટુકડા પડ્યા હતા અને તે ખરતા તારાને **ધજાળા-ઉલ્કા** નામ અપાયું હતું.

આવા ઉલ્કાઓના મુખ્ય ત્રણ વર્ગો પાડી શકાય : પથ્થરિયા, લોખંડી અને પથ્થર-લોખંડ મિશ્રિત. પૃથ્વી પર મળી આવેલી સઘળી ઉલ્કાઓમાંની ૯૩% ઉલ્કાઓ પથ્થરની કે ખડકોની બનેલી હોય છે અને આપણા ખડકો કે પથ્થરોને મળતી આવતી હોવાથી તેને અલગ પાડવી મુશ્કેલ હોય છે. હા, ઉલ્કાપાત પછી બે-ત્રણ દિવસમાં જો નજરે પડે તો તેનું ઉપલું પડ હજુ ઓગળેલું હોય એટલે તેને ઓળખી શકાય. ધજાળાની ઉલ્કા પથ્થરિયા હતી અને આવી રીતે જ ઓળખાઈ હતી.

કુલ ઉલ્કાઓની ૬% જેટલી ઉલ્કાઓ લોખંડી ઉલ્કાઓ માલૂમ પડી છે. આ ઉલ્કાઓનો ૯૦% ભાગ લોખંડ અને લગભગ ૯% ભાગ નિકલ હોય છે. ઈ.સ. ૧૬૨૦ માં પંજાબના જાલંધર પાસે આવી એક લોખંડી ઉલ્કા મળી આવી હતી. તેનું વજન લગભગ ૧.૬ કિલોગ્રામ હતું. શહેનશાહ જહાંગીરે તેના દરબારી કારીગરને આ ઉલ્કામાંથી શસ્ત્રો ઘડવાનો આદેશ આપ્યો. આ કારીગરે જોયું કે ઉલ્કાની ઘનતા 'સહેજ ઓછી' છે તેથી તેણે ૩ ભાગ ઉલ્કા અને ૧ ભાગ શુદ્ધ લોખંડનું મિશ્રણ કરી તેમાંથી બે તલવાર, એક છરી અને એક છરો ઘડ્યાં.

હવે આપણે ૧૭મી નવેમ્બરના ઉલ્કાપાત તરફ ફરીએ. ઈ.સ. ૧૮૩૩ ના નવેમ્બરની ૧૩મી તારીખે સુર્યોદયના ચાર કલાક પહેલાં ઉત્તર અમેરિકાના પૂર્વ ભાગમાં વસતા લોકોએ એકાએક આકાશ, ખરતા તારાઓના અનેક તેજલિસોટાથી ઝળહળતું જોયું. આવું દશ્ય કોઈએ કલ્પ્યું જ ન હતું. આ દશ્ય જોનારામાં ડેનીસન ઑલ્મસ્ટેડ પણ હતો. તેણે જોયું કે સઘળા ખરતા તારાઓ એક જ બિંદુમાંથી આવે છે. આકાશમાં આવેલી સિંહ રાશિમાં આ ખરતા તારાઓનું ઉગમ છે. આ ખરતા તારાઓનાં વરસાદના અન્ય સ્થળોએ પણ અવલોકનો થયાં હતાં. આ બધાં અવલોકનો ઉપરથી તેણે તારણ કાઢ્યું કે આ સઘળા ખરતા તારાઓ સિંહ રાશિમાં આવેલા એક પદાર્થ-કણોના વાદળમાંથી આવી રહ્યા છે. પણ આ વાદળ વિશે વધુ માહિતી તે તારવી શક્યો નહિ. તે ખરતા તારાના વરસાદમાં એક કલાકમાં લગભગ ૧,૫૦,૦૦૦ તારા અવલોકાયા હતા.

પછી તો ખગોળશાસ્ત્રીઓએ નોંધ્યું છે કે નવેમ્બર ૧૮૩૩ નો ખરતા તારાનો વરસાદ લગભગ ૩૩ વર્ષને ગાળે ફરી ફરી જોવા મળે છે અને જ્યારે ટેમ્પલ-ટટ્ટલ નામનો ધૂમકેતુ તેની સૂર્ય આસપાસની કક્ષાના સૂર્ય નજીકના બિંદુથી પસાર થાય છે ત્યારે આવો, ખરતા તારાનો વરસાદ જોવા મળે છે. વળી આ ઉપરથી ધૂમકેતુઓની ગતિ-કક્ષા તથા ઉલ્કાપાત વચ્ચે સંબંધ છે તે પણ જાણવા મળ્યું. આ સંબંધની થોડી વાત કરીએ.

ધૂમકેતુ તેની કક્ષામાં ગતિ કરતો જ્યારે સૂર્યની નજીક આવે છે ત્યારે સૂર્યની ગરમીથી તેની અંદર રહેલો પદાર્થ પીગળે છે, તેમાં બાષ્પીભવન પણ થાય છે. એટલે આવો પદાર્થ ધૂમકેતુની બહાર નીકળી કક્ષાની આસપાસ વેરાય છે અને છેવટે તેમાંથી જ ધૂમકેતુની પૂંછડી બને છે. આમ વખત જતાં ધૂમકેતુની કક્ષાની ફરતી તેમાંથી ખરેલા પદાર્થની એક પટ્ટી (ribbon) બની જાય છે. હવે જો પૃથ્વીની કક્ષા અને ધૂમકેતુની કક્ષા એકબીજીને છેદતી હોય કે એકબીજાથી ખૂબ નજીક ક્યાંક આવી જતી હોય તો દર વર્ષે જ્યારે પૃથ્વી આ બિંદુ પાસેથી પસાર થાય ત્યારે આપણને ખરતા તારાઓ જોવા મળે. અને આપણને આકાશના એક બિંદુમાંથી બધા ખરતા તારા આવતા દેખાય.

***(સૌજન્ય : 'સુગણિતમ્')***

***(દંતકથારૂપ બની ગયેલ મહાન શિક્ષણવિદ્દ, ગણિતશાસ્ત્રી અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિની કલમપ્રસાદી)***

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

હળવાશની ક્ષણોમાં

# વિઠ્ઠલની વેદના

• શાહબુદ્દીન રાઠોડ •

મંજુની મુલાકાતના હસીન ખ્વાબમાં વિઠ્ઠલ ખોવાઈ ગયો અને એકલો હોવા છતાં એવો શરમાણો કે માથે ગોદડું ઓઢી ગયો. કૂવાની છાયા જેમ કૂવામાં વિહમે, કૂવાનો પડછાયો જેમ કૂવાની બહાર ન જઈ શકે, તેમ ગરીબોનાં અરમાનો મનમાં ઉદ્‌ભવે અને મનમાં ને મનમાં વિલીન થાય. મંજુને મળવાના મનોરથો સેવતો વિઠ્ઠલ એકદમ ઉદાસ થઈ ગયો. માત્ર એક જ વિચાર કે સતાપર જઈશ કેવી રીતે? નથી પૈસા, નથી કપડાં, નથી વાહન...

સાંજે માનભાની હોટલ પાસે તળાવની પાળે હું, સુલેમાન પટેલ, વનેચંદ, કીર્તિ, વજુભા, રતિલાલ - અમે બેઠા હતા ત્યાં વિઠ્ઠલ આવ્યો. વિઠ્ઠલે પોતાની કરુણ કથની અમારી સામે રજૂ કરી. અડધી ચાની હાલની સમસ્યા કેમ હલ કરવી એમાં અમે મગ્ન હતા, ત્યાં વિઠ્ઠલની વિકટ સમસ્યા સામે આવીને ઊભી રહી. અમે ભાંગેલા તોય ભાંગ્યાના ભેરું. ભાઈબંધોએ વિઠ્ઠલને ધરપત આપી : 'સૌ સારાં વાનાં થઈ રહેશે.' અને તરત જ સમગ્ર ગામમાંથી કોણ સંબંધી શું - શું આપી શકશે તેની વિગતવાર વિચારણા કરી લીધી.

વિઠ્ઠલની મહત્ત્વાકાંક્ષા મોટી હતી. સુરવાલ, ખમીસ, કોટ, સાફો અને સાથે મોજાં પહેરી ઘોડા માથે જવાની વિઠ્ઠલની અબળખા હતી. સુરવાલ ખમીસ-કોટ-સાફાના વિચારો આવે ત્યાં સુધી તે વિચાર જ કહે છે, પણ મારી પાસે હોય આ બધું અને એ પહેરીને નીકળું અને સૌનાં મોઢાં ફાટ્યાં રહે આવા વિચાર આવે ત્યારે એ ઈચ્છા બને છે.

જરૂરિયાત મુજબની વાજબી ઇચ્છા થાય ત્યાં સુધી વાંધો નહિ, પણ ઇચ્છા જ્યારે હદ વટાવે ત્યારે એ કામના બની જાય છે. વિઠ્ઠલની આવી કામના હતી. સારા પોશાકમાં સજ્જ થઈ, ઘોડા માથે બેસી, દિવસના સમયે સતાપરમાં ભવ્ય પ્રવેશ કરવો. મંજુ, સાસરિયાં અને સગાં સંબંધીઓના માનસ પર એક કાયમી છાપ અંકિત કરી દેવી એવી એની અભિલાષા હતી.

મંજુને એમ થઈ જવું જોઈએ કે મોકો મળે તો અત્યારે જ ચાર ફેરા ફરી વિઠ્ઠલ વરને વરું - એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા વિઠ્ઠલ ઇચ્છતો હતો. અમે તેને સાથ આપવાનું નક્કી કર્યું...સવારમાં સૌ ભેગા થયા અને ઊપડ્યા નાથુભાને ત્યાં. વિઠ્ઠલે નાથુભાના પગમાં પડતું મેલ્યું. 'બાપુ, જિવાડો તોય તમે અને મારો તોય તમે.'

નાથુભાને નવાઈ લાગી. 'અરે, પણ કાંઈક વાત તો કરો.' એમ અમને પૂછ્યું.

અમે કહ્યું, 'બાપુ! વિઠ્ઠલને સતાપર જવું છે. ખાલી બે દિવસ માટે આપના ઘોડાની જરૂર છે.'

નાથુભા કહે, 'આ ગધનાને ઘોડો અપાતો હશે? જસાજી ઓડ પાસેથી સારો ગધેડો ગોતી લે.'

નાથુભાનાં કઠોર વચનો સાંભળી પ્રથમ તો વિઠ્ઠલનો વિશ્વાસ ડગી ગયો છતાં હિંમત કરી કરગર્યો, 'બાપુ, મારો પ્રસંગ જાળવી લ્યો! પ્રભુ તમારા પ્રસંગ સાચવી લેશે.'

નાથુભા સ્વભાવના ઉગ્ર ખરા, પણ પાછા હૃદયના ઉદાર. એટલે મેં કહ્યું, 'જો આપ ઘોડો ના આપો તો પછી આખા પંથકમાં આપના જેવો બીજો ઉદાર બતાવો એટલે ત્યાં જઈ હૈયું ઠાલવીએ.'

છેવટે નાથુભાએ ઘોડો આપવાનું કબૂલ્યું. પચાસ ટકા કામ તો પૂરું થયું. હવે વિઠ્ઠલને શણગારવાનો બાકી રહ્યો. અમે પ્રથમ પહોંચ્યા નિરંજન રાણા પાસે. નીરૂભાઈએ વધુ આનાકાની વગર એક સુરવાલ આપી અને 'પાછી આપવા આવતો નહિ' એવી સૂચના આપી.

વિઠ્ઠલે સુરવાલ માપી તો છાતીએ નાડી આવી. પણ મેં કહ્યું, 'ધરમની ગાયના દાંત નો જોવાય. પાયસા હેઠેથી ચડાવી દેજે.'

દલપતરામ જોશીએ ત્રીજે દિવસે પાછું ધોઈને પરત કરવાની શરતે પહેરણ પહેરવા આપ્યું. દલપતરામનું શરીર જાડું હોવાથી માત્ર પહેરણમાં જ વિઠ્ઠલ ઢંકાઈ ગયો. થોડો કચવાણો પણ અમે સમજાવ્યો, 'આપણા માપનાં કપડાં બીજા થોડા સીવડાવે? પહેરણ ચોરણીમાં નાખી માથે નાડી બાંધી દેજે. બેય હાથની બાંયો ચડાવી ઉપર કોટ પહેરી લેજે. સમજતો હો તો રાતના પણ કોટ કાઢીશ મા, જો કોટ કાઢવો પડે તો મોડી રાતે કાઢજે અને વહેલી સવારે પાછો પહેરી લેજે...'

વિઠ્ઠલ કહે, 'અરે, પણ કોટ વગર હું ઉપર શું પહેરીશ?'

વળી સૌ પહોંચ્યા સુલેમાન પટેલ પાસે. સુલેમાને હાઈક્લાસ પ્રિન્સ કોટ આપ્યો. મૂળ તો જીજીની શેરવાની. અમારા ડૉ. રાણાસાહેબના પિતાશ્રી ડૉ. ચંદ્રસિંહજી રાણાની શેરવાની ડૉ. રાણાસાહેબે સુલેમાન પટેલને આપેલી અને સુલેમાને તેમાંથી પ્રિન્સ કોટ સિવડાવેલો, અર્ધી કપાવીને. એ વિઠ્ઠલને આપતાં સુલેમાનનો જીવ કોચવાણો, પણ જો વિઠ્ઠલ મંજુનું મોં ભાળતો હોય તો ભલે લઈ જતો. આમ વિચારી તેણે ઉદારતા દાખવી.

મુકુંદરાયે મોજાં આપ્યાં જે ધોયા વગર પહેરી શકાય તેમ નહોતાં અને ધોઈને પાછાં આપવાની તેની શરત હતી. વિઠ્ઠલે બધું માન્ય રાખ્યું. ધનુકાકાએ કાયમ પહેરવા બૂટ આપ્યા અને હરભમસિંહ રાણાને ત્યાંથી સાફો પહેરવા મેળવ્યો.

ઘોડાથી જોડા સુધી અને મોજાંથી સાફા સુધી વિઠ્ઠલને જરૂરિયાતો એકત્રિત કરતાં સમય ઘણો થઈ ગયો. માગીમાગીને ભેગું કરવામાં મોડું તો થાય જ ને? બપોરના પણ વિઠ્ઠલ ન નીકળી શક્યો. છતાં થાય તેટલી ઉતાવળથી એ રવાના થયો. અમે વિઠ્ઠલને વિદાય આપી અને કાલે પાછા મળી જશું એમ જણાવ્યું.

વિઠ્ઠલને કુંવારિકાઓનાં શુકન થયાં,

બે-ત્રણે કહ્યું પણ ખરું, 'જો જો, કાલે જ પરણીને ન આવતા. અમારે જાનમાં આવવાનું રહી જશે!'

વિઠ્ઠલ કહે, 'હા...હા...તૈયારીમાં રહેજો. લગ્નનું નક્કી કરવા જ જઉં છું.'

વિઠ્ઠલને સતાપરનો પંથ લાંબો થઈ પડ્યો. પંથ પૂરો થયા પહેલાં દિવસ પૂરો થવા લાગ્યો અને હવે રાતે પહોંચીશ તો આ ઠઠારો જોશે કોણ? સાસુ-સસરા, સગાં-સંબંધીઓમાં અને ખાસ કરીને મંજુને જે મોભો બતાવવો હતો એ મનની મનમાં રહી જશે. ત્યાં તો બાળેકદાસ બાપુની જગ્યાએ વિઠ્ઠલનો ઘોડો અવાડામાં પાણી પીવા ઊભો રહ્યો.

અને તરત વિઠ્ઠલને વિચાર આવ્યો. એમ કરું : અહીં ઠાકર મંદિરે બાળેકદાસ બાપુ પાસે રોકાઈ જાઉં. વહેલી સવારે નીકળી નવ વાગ્યામાં પહોંચું. ઊભી બજારે નીકળું. ગામવાળાનાં પણ ભલે મોઢાં ફાટ્યાં રહે.

વિઠ્ઠલે ઘોડો લીમડે બાંધ્યો અને 'બાપુ નારાયણ' કહી જગ્યામાં દાખલ થયો. મંદિર પાસેના ઓરડામાં બાપુની બેઠક ખાલી હતી. ધૂણીમાં લાકડું જલતું હતું. વિઠ્ઠલે ચારે તરફ જોયું. પાછળના જમવાના લાંબા ઓરડામાં એક બાવાજી બેઠા હતા. તેણે વિઠ્ઠલને જોઈ કહ્યું. 'એ આવો, દરબાર, આવો,' વિઠ્ઠલ રાજી થયો. તેણે ચોખવટ ન કરી અને પૂછ્યું, 'બાળેકદાસ બાપુ નથી?' બાવાજી કહે, 'આણંદપર ગયા છે. કાલે આવશે. પણ તમે, દરબાર, ચિંતા કરશો નહિ.' બાવાજીએ વિઠ્ઠલ માટે ગોદડું પાથરી બે ઓશીકાં મૂક્યાં. પાણીનો લોટો લાવી આપ્યો. સવારથી દોડધામ કરી થાકેલો વિઠ્ઠલ આડે પડખે થયો. પાણી પીને સૂઈ જવાનો ઘણો પ્રયાસ કર્યો પણ કોઈ વાતે ઊંઘ આવી નહિ. છેવટે તેણે બાવાજીને પૂછ્યું, 'બાપુ, હરિહરનું શું છે?'

બાવાજી કહે, 'બાજુના સતાપર ગામે કોઈ દયાળુને ઘેર લગ્ન છે. હું તો ભિક્ષા માટે ગયો હતો, પણ મને જમાડીને બે લાડવા હારે આપ્યા. થાળીમાં ઢાંક્યા છે ક્યો તો લાવી દઉં.'

વિઠ્ઠલે હા પાડી અને બાવાજીએ બે લાડવા મૂક્યા. વિઠ્ઠલ લૂખેલૂખા, દાળ, શાક વગર આરોગી ગયો. પણ બે લાડવા ખાઈને ઊલટાની તેની દાઢ ડળકી.

'આહાહા...આવા હજી ચાર-પાંચ બીજા હોય, હારે દાળ હોય, શાક હોય...' અમારા ગામમાં વિઠ્ઠલની ખાધે રાડ્ય. નવ લાડવા ખાય પછી વિઠ્ઠલ દાળ ભાત તરફ વળતો.

બાવાજી તો મંડ્યા નસકોરાં ઢસરડવા. એમાં વિઠ્ઠલને કમત સૂઝી. ઊઠીને પોતાનાં કપડાં કાઢી બાવાજીની લાંબી કફની પહેરી, માથે ભગવું કપડું વીંટ્યું. હાથે-મોઢે રાખ ચોળી, ભિક્ષાપાત્ર અને ચીપિયો લઈ હાલી નીકળ્યો સતાપરના મારગે. વિઠ્ઠલે વિચાર્યું, બાવાના વેશમાં કોઈ ઓળખશે નહિ. સાસરાના ઘેર ભિક્ષા માગવા ઊભો રહીશ. જમાડવો હશે તો ધરાઈને ખાઈ લઈશ. ભિક્ષા આપશે તો લઈને મારંમાર આવતો રહીશ. બાવાજી ક્યાં સવાર પહેલાં ઊઠવાના છે?

વિઠ્ઠલ સતાપર પહોંચ્યો. તેના સસરાના ઘેર આવ્યો. દરવાજે ઊભાં રહીને બોલ્યો, 'દયા પ્રભુની, ધરમની જે...'

વિઠ્ઠલનો સાળો સવશી પેટ્રોમેક્સ લઈને અને તળશી તૈયાર ભાણું લઈને આંગણે આવેલા અભ્યાગતને ભિક્ષા આપવા લાગ્યા. પેટ્રોમેક્સના પ્રકાશમાં ઓળખી જશે તો? એ બીકે વિઠ્ઠલ પાછો હાલવા મંડ્યો. સવશી ઝડપથી આગળ આવવા મંડ્યો...સવશી સામે મોઢું રાખી પાછા પગે હાલતા વિઠ્ઠલનું ધ્યાન રહ્યું નહિ અને રાંધવાની ટાઢી ચૂલમાં પડ્યો. ઠર્યા વગરના રહી ગયેલા અંગારાથી દાઝ્યો. પગ મરડાઈ ગયો. હાથ છોલાઈ ગયો. માથું સામે ભટકાણું. 'વોય માડી, મરી ગયો!' કહી રાડો પાડવા મંડ્યો.

ચારે તરફ 'બાવાજી ચૂલમાં પડ્યા, બાવો ચૂલમાં ટિટકાણો. એમ હોહા થઈ પડી. સૌની સાથે મંજુ પણ જોવા નીકળી. એ ઓળખે એ પહેલાં જાદવજીએ વિઠ્ઠલને ઓળખ્યો, 'તમે? બાવાના વેશે? કેદીથી બાવા બન્યા? મારી દીકરીનો ભવ બગાડવા બાવા બન્યા છો?'

વિઠ્ઠલ કહે, 'એક રાત પૂરતો બાવો બન્યો છું. પહેલાં બહાર કાઢો. હું બધું કહું છું.'

વિઠ્ઠલે માંડીને વાત કરી. એ ભૂખ્યો નો રહી શક્યો તેમાં આ હોળી સળગી. રાતની રાત પડ્યો રહ્યો હોત તો કાંઈ વાંધો નહોતો.

વિઠ્ઠલના સાળાઓએ ભેગા થઈ વિઠ્ઠલની ભારે ઠેકડી ઉડાડી. મંજુના ક્રોધનો પાર ન રહ્યો. મંજુને થયું : તાવીથો ગરમ કરીને ડામ દઉં! વળી થયું : દાઝ્યા માથે ડામ દેવો? એ લાગ જોઈ ઓરડામાં આવી.

વિઠ્ઠલને ચૂલમાંથી બહાર કાઢ્યો સૌએ મળીને, પછી જીવલાએ હળદર ભરી, પાટાપિંડી કરી, ઓરડામાં સુવરાવી દીધો. બાજુમાં સગડી મૂકી. બધા ગયા પછી વાઘણ આવે એમ મંજુ આવી. ક્રોધના આવેશમાં એનું શરીર ધ્રૂજતું હતું. વિઠ્ઠલને કહે 'ભૂખડી બારસ! એક રાત ભૂખ્યા રિયા હોય તો મરી જાત? રાંકાની જેમ ભિખારી બની દોડ્યા આવતાં તમને શરમ નો આવી?'

મંજુએ ભાવિ પતિની ધૂળ કાઢી નાખી. વિઠ્ઠલ કહે, 'અરે, પણ કોક તો સાંભળો...આ ખાવા સારું હું બાવો થયો અને ઊલમાંથી ચૂલમાં પડ્યો, તે મહેમાનને કોક ખાવાનું તો પૂછો.'

'અરે મરી જાવ! ખબરદાર ખાવાનું નામ લીધું છે તો...'

વિઠ્ઠલ કહે, 'તો પછી બે મીઠી વાતો કર, જરાક નિરાંતે બેસ.'

મંજુ કહે, 'આવા ભૂખડ હારે વાત કરવાની હોય?' એમ કહી તે ચાલી નીકળી.

વિઠ્ઠલે કહ્યું, 'તો છેવટે પાણી મૂકી જાજે.'

મંજુનો ક્રોધ કાંઈક શાંત પડ્યો. એ જઈને પાછી આવી. દાળ-શાક સાથે ચાર લાડવાની થાળી અને લોટો ભરી પાણી મૂકી ગઈ અને કાંઈ બોલ્યા વગર મોઢું ચડાવી જતી રહી. વિઠ્ઠલે લાડવાનો સ્વાદ ઓળખ્યો. બસ એ જ સ્વાદ. બસ આ લાડવે ભેરવજપ ખવરાવ્યો. નહિતર સૌ સારાં વાના થઈ રહેત. ભૂખ્યો બળદ ખોળ ખાય તેમ વિઠ્ઠલ બધું ખાઈ ગયો. કળતર કાંઈક ઓછું થયું. સગડીના ધીમા તાપથી થોડી રાહત મળી અને વિઠ્ઠલ ઘસઘસાટ ઊંઘી ગયો.

બીજે દિવસે અમે થાનથી હાલીને

**(અનુ. : જુઓ પાના નં.-૭૩ ઉપર)**




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાણ મડે ગાભુકાકા જે ઘરે જમેલા વ્યા વા તડેં અનીંજે પુત્તરજી નોં દૂધપાક ભનાય વે ને દૂધપાક જો રંગ પણ કેસરીયો વો. પણ અનજો સ્વાદ બોરો વિચિત્ર લગો વો. સે જરા તપાસ ત કર, ગાભુકાકાજી નોં કઈ કંપનીજો કેસર વાપરે વે...? કાં ત કેસર ભગડે વ્યો હુંધો...સે અનીકે ફગાયજો ચે અચીજ.

બચુડો : (તપાસ કે ને ચેં) અધા, દૂધપાકમેં જોકો કેસર વી સે ભગડેલી ન વી પણ અનીંજે ઘરમેં કેસર વી જ ન. તેંલા અનીંજી નોં ટી.વી. તે જાહેરાત નેરે વે કે વિમલ મસાલેજે દાણે દાણેમેં કેસર જો દમ... સે કેસરજે ધમવારા પંજ પડીકા દૂધપાકમેં વજે છડે. તેંમેં દૂધપાકજો સ્વાદ પનજે મસાલે જેડો થે વ્યોવો... હેડો દૂધપાક ભનાય તેલાં કે નોં કે મણીંજી લોસ ખાણી પઈ વી.

## ખિલજા મ ભલા

હર્ષ : ગપ્પા મારવાની હરીફાઈમાં મારો પહેલો નંબર આવ્યો.

દર્શ : સરસ... પણ કહેતો ખરો કે તે એવું તો કયું ગપ્પું માર્યું હતું કે તારો પહેલો નંબર આવ્યો?

હર્ષ : મેં કહ્યું હતું કે આવતો આખો મહિનો વડાપ્રધાન મોદીસાહેબ ભારતમાં જ રહેશે.

☺ ☺ ☺ ☺ ☺

પત્રકાર : (સાહિત્યકારને) તમે તમારો ઍવોર્ડ પાછો આપ્યા પછી તમને કેવું લાગ્યું?

સાહિત્યકારઃ મેં ઍવોર્ડ પાછો આપ્યો ત્યાર પછી જ લોકોને ખબર પડી કે મને કોઈ ઍવોર્ડ મળ્યો હતો. ત્યાં સુધી લોકો જાણતા નહોતા.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આપણા વડાપ્રધાન માટે તારો શું અભિપ્રાય છે?

આદિત્ય : સાહેબ, આપણા વડાપ્રધાન એવા મહાન છે કે એમને એક વર્ષમાં જ ૪ પદ્મભૂષણ, ૧૨ રાષ્ટ્રીય ઍવોર્ડ અને ૩૩ સાહિત્ય અકાદમી ઍવોર્ડ મળી ચૂક્યા છે.

☺ ☺ ☺ ☺ ☺

ચિરાગ : દોસ્ત જીગર, શું ચાલે છે?

જીગર : બસ, ખાસ કંઈ નહીં. અત્યારે ડીનર અને પછી સ્કોચ.

ચિરાગ : વાહ ભાઈ વાહ, જલસા છે ને...?

જીગર : શું ખાક જલસા...? ડીનર પછી સ્કોચ બ્રાઈટથી વાસણ સાફ કરવાના...

☺ ☺ ☺ ☺ ☺

ચંદુ : બધા સાહિત્યકારોની જેમ મારે પણ સર્ટીફિકેટ પાછું આપવું છે.

મનુ : તારે વળી કયું સર્ટીફિકેટ પાછું આપવું છે?

ચંદુ : મેરેજ સર્ટીફિકેટ...

મનુ : કેમ?

ચંદુ : વધતા જતા... રોજબરોજ વધતા જતા જુલમ અને ઘટતી જતી સ્વતંત્રતાના વિરોધમાં.

☺ ☺ ☺ ☺ ☺

ભગુ : દિવાળીમાં રોકેટને જોઈને એક ખ્યાલ આવે છે — એક વિચાર આવે છે...

જગુ : શું?

ભગુ : જો જીવનમાં ઊંચાઈઓને આંબવી હોય - ઊંચે જવું હોય તો એના માટે બાટલીનો સહારો તો લેવો જ પડશે.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : ઘડિયાળ હોય તો 'રોલેક્ષ' જેવી જ!

સોહન : કેમ 'રાડો' વિશે તારો શું મત છે?

મોહન : એ તો ઘરવાળી રોજેરોજ પાડ્યા જ કરે છે.

☺ ☺ ☺ ☺ ☺

કરોડીમલ : બેટા, તું નર્સરીથી ૧૨મા સુધી અંગ્રેજી મીડિયમમાં ભણ્યો પણ બધું નકામું ગયું...

લખોટીમલ : કેમ બાપુ, તમે એવું કેમ કહો છો?

કરોડીમલ : તો મને એ કહે કે ફાફડા અને જલેબીને અંગ્રેજીમાં શું કહેવાય?

લખોટીમલ : આવું તો મને આવડતું જ નથી.


☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : પહેલાના વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ અને શ્રી નરેન્દ્રમોદી વચ્ચે શું ફરક છે?

શ્રેય : પહેલાના વડાપ્રધાન સાઈલન્ટ મોડ પર હતા અને અત્યારના વડાપ્રધાન ફ્લાઈટ મોડ પર છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

મોન્ટુ : અરે દોસ્ત ચીન્ટુ કેમ છે?




### સ્વામિવાત્સલ્યના દિવસનો કાર્યક્રમ

આ વર્ષે સ્વામિવાત્સલ્યના દિવસના સમગ્ર કાર્યક્રમ માટે એક જ શબ્દ કહેવો હોય તો તે છે — "સરસ."

સંગીત હાઉસીનું આયોજન સારું રહ્યું, પણ ગીતોમાં એક પણ ગુજરાતી ગીત નહીં! સ્વભાષા પ્રત્યે આટલી ઉદાસીનતા કેમ?

ત્યારબાદનો સાંસ્કૃતિક કાર્યક્રમ સમગ્ર રીતે સરસ રહ્યો. બાળકોને મોકળું મેદાન આપીને આવડે એમ નમાવ્યા. તેઓની મમ્મીઓ શા માટે પાછળ રહે! સમાજની કર્મચારી બહેનોને પણ ભાગ લેતી કરી.

હાઉસીના ગીતોના ગાયકોમાં ઠીક ઠીક નવા અવાજો સાંભળવા મળ્યા. જેમાં સૌથી મધુર અવાજનો શ્રેય સમાજના ડૉ. શિલ્પાબહેનના ફાળે જાય.

નવકાર અને સરસ્વતીની સ્તુતિઓ શાસ્ત્રીય નૃત્યો દ્વારા પ્રસ્તુત થઈ, એ પણ એક નવો અભિગમ ગમ્યો. ત્રણે કલાકારોએ તેને સરસ ન્યાય આપ્યો. અભિનંદન.

નૃત્યોના કાર્યક્રમમાં પ્રાચીન શાસ્ત્રીયથી કરીને આધુનિકતમ નૃત્યોને પ્રસ્તુત કર્યા એ પણ એક નવો અભિગમ ગમ્યો. અને પૂરા કાર્યક્રમમાં પ્રેક્ષકગણે છેલ્લે સુધી પૂરી હાજરી આપી એ માટે આયોજકોને ધન્યવાદ. પ્રેક્ષકોને જમવા માટે બોલાવવા પડ્યા!

લલિત કલાઓ પ્રત્યે સમાજનું વલણ હવે જૂનવાણી નથી રહ્યું. સમાજે હવે અભ્યાસ સાથે ઊગતા કલાકારોને પણ નાણાંકીય સહાય માટે વિચારવું જોઈએ. સહાય સમિતિ, એ માટે ટ્રસ્ટ મંડળ પાસે માંગણી કરે એ જરૂરી છે.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

★

### આપણી બહેનોએ આવી 'સેના' ઊભી કરવી જોઈએ

મુંબઈમાં થોડી બહેનો ફૂડ આર્મિ (FOOD ARMY) ખાદ્યાન્ન સેના નામનું મંડળ ચલાવે છે. નાત-જાત કે વયની કોઈ વાત વગર. આ મંડળે હમણાં ચેન્નાઈ (મદ્રાસ) વિસ્તારમાં ભયંકર વર્ષાતાંડવ ટાણે ૧૦૦૦ કિલો થેપલાં ૩ દિવસમાં ત્યાં પહોંચાડેલા. સંગઠન દ્વારા કેટલી સરળતાથી સુંદર કામો થઈ શકે તે આ સેનાએ બતાડી દીધું.

આપણી બહેન - દીકરીઓએ આવું કરવું જોઈએ.

કોઈપણ સ્થળે, આવી કુદરતી અથવા માનવસર્જિત આફત વખતે, આ બહેનો ઝડપથી નાની-મોટી જરૂરિયાતની જણસો પહોંચાડે છે. ઉપર કહી એ વખતે દરેક બહેને ૨૫થી ૩૦ થેપલા બનાવવાના હતા! ઝાઝા હાથ રળિયામણા!

બહાર નહીં તો ગુજરાત - કચ્છ પૂરતી આવી રાહત બહુ ઉપયોગી થઈ શકે. બહેનો વાંચો છો ને?

કોઈ નેતાની રાહ જોયા વગર શરૂ કરી દો. કિટ્ટી-પાર્ટી, ભક્તિ મંડળોમાંથી તમને સભ્યો મળી જ રહેશે. યાત્રા અને અન્ય પ્રવાસો માણતા સૌ કોઈ હકારાત્મક રવૈયો અપનાવે, એટલે કામ સહેલું થઈ જાય.

શરૂઆત ભલે નાની થાય, પણ કરો. હવે તો SMS વગેરે જેવી સગવડો હાથવગી છે. મોદી સાહેબની ભાષામાં કહીએ તો "સૌનો સાથ, સૌનો હાથ" એમ કહેવાયને?

મારા આ પત્ર વિષે પણ ૪ લીટી 'આંજો કાગર'માં લખજો. આભાર.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ (ફોન : (૦૭૯) ૨૬૬૦૭૫૦૨)***

★

અમો શ્રી કે.કે.એચ.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ - અંજાર, જિ. કચ્છ, અમદાવાદ - ગાંધીનગરના પ્રવાસે આવેલ. આપના સેવા સમાજમાં રોકાણ કરેલ. ત્યાંનું શાંત, સ્વચ્છ અને રમણીય વાતાવરણ અનુભવીને અમો સર્વે ખૂબ જ આનંદિત થયેલ છીએ. કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત અમારી બાળાઓ અને સાથે આવેલ સ્ટાફ મિત્રોએ લીધી અને એ જોઈને સર્વે ખૂબ જ અભિભૂત થયેલ. સ્ટાફનું વિનયી વલણ અમોને પ્રભાવિત કરેલ છે. અમો સર્વે, એ માટે કચ્છી જૈન સેવા સમાજના ઋણી બનીએ છીએ. જૈન સેવા સમાજ દ્વારા આ રીતે નિરંતર સેવા થતી રહે અને સમાજના લોકોને લાભ મળતો રહે એ જ અભ્યર્થના.

***અરવિંદ સી. સોની - આચાર્ય • મો. ૯૮૭૯૨ ૩૮૦૪૧***

★

### 'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક

'મંગલ મંદિર'નો માહે નવેમ્બરનો દીપોત્સવી અંક — વાર્તાસાગર વિશેષાંક બેમિસાલ અને માતબર રહ્યો. અંકમાં સમાવિષ્ટ પ્રત્યેક વાર્તા અત્યંત ભાવાત્મક, રોચક અને પ્રેરણાદાયક લાગી. 'પ્રેરણાની પળોમાં' અને 'ભણતરનું ભાવજગત'માંથી જે પ્રેરણાદાયી ફકરાઓ આપવામાં આવે છે તે અત્યંત બૌદ્ધિક અને જ્ઞાનરૂપી જડીબુટ્ટી સમાન હોય છે. માણસ ધારે તો આવા પ્રેરણાદાયી ફકરાઓનું મનન કરી જિંદગીનો રાહ પણ નક્કી કરી શકે. ટૂંકમાં આવો સુંદર, નજરાણારૂપ વાર્તાઅંક દિવાળીની ભેટરૂપ આપી મંગલ મંદિરે અનોખી સેવા બજાવેલ છે.

માહે ડિસેમ્બરના અંક વિષે પણ લખું તો 'મંગલ મંદિર' નવા કલેવર ધારણ કરતું જાય છે એવું દૃષ્ટિગોચર થયા વિના રહેતું નથી. ભાર્ગવી દોશીની સમજણ માટે તેને ખૂબ ખૂબ અભિનંદન આપવા જ પડે.

શ્રી પ્રતાપભાઈ દંડને તંત્રીભાર સંભાળવા બદલ મારા આશીર્વાદ સાથે અભિનંદન.

'મંગલ મંદિર' પ્રકાશયાત્રા અવિરત ચાલતી રહે એવી શુભ કામના.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***
***મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## મુંદ્રામાં ડાયાલિસિસ સેન્ટરની સુવિધા

કચ્છ મુંદ્રામાં લક્ષ્મીચંદ માણેકલાલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત કુદરતી ઉપચાર કેન્દ્રમાં નવનિર્મિત મણિલાલ લક્ષ્મીચંદ વોરા ડાયાલિસિસ સેન્ટરનો પ્રારંભ, એક સમારોહ દ્વારા કરવામાં આવ્યો. આ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારંભનું અધ્યક્ષપદ મંજુલાબેન વોરાએ શોભાવ્યું હતું. ટ્રસ્ટના ચેરમેન ડૉ. કૌશિક શાહે જણાવેલ કે આ ટ્રસ્ટના દિવંગત ટ્રસ્ટી મૂલચંદભાઈ શેઠ (મુંબઈ)ની પ્રેરણાથી આ સુવિધા ઊભી થઈ છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ દાતા કુંવરજી નાનજી કેનિયા તેમજ વાસંતીબેન પૂનમભાઈ શાહ હાજર રહ્યા હતા. ડાયાલિસિસ મશીન માટે રૂા. ૬,૪૦,૦૦૦/-નું દાન માતા કસ્તુરબેન કુંવરજી કેનિયા તથા તેટલી જ રકમનું અનુદાન પૂનમભાઈ હંસરાજ શાહ તરફથી મળેલ હતું.

આ ડાયાલિસિસ સેન્ટરના નિભાવ ખર્ચ માટે રૂા. ૨૧,૦૦૦/-ની તિથિની ટહેલ નાખતાં ૨૧ જેટલી તિથિઓ નોંધાઈ હતી. રૂા. ૧૦૦/-ના ટોકન ચાર્જથી ડાયાલિસિસની સેવા, ટ્રસ્ટ તરફથી પૂરી પાડવામાં આવશે તેવું જણાવ્યું હતું.

## શ્રદ્ધા સુમન

### વરિષ્ઠ ચિંતક માવજીભાઈ સાવલાનું નિધન

કચ્છના સાહિત્ય જગતમાં આદરણીય નામ ગણાતા ‘કચ્છ કલામ’ના તંત્રી માવજીભાઈ સાવલાનું તા. ૧૫-૧૧-૨૦૧૫ના રોજ ૮૫ વર્ષની વયે નિધન થતાં સાહિત્ય વર્તુળોમાં શોક ફેલાયો હતો. કચ્છમાં નાની તુંબડીમાં તા. ૨૦-૬-૧૯૩૦ના રોજ જન્મેલા માવજીભાઈએ ૧૯૬૮માં રાજકોટની ધર્મેન્દ્રસિંહ કૉલેજમાંથી ફિલોસોફી વિષય સાથે એમ.એ. કર્યું હતું. ૧૯૭૪થી ૧૯૭૭ દરમ્યાન આદિપુરની તોલાણી આર્ટસ કૉલેજમાં ફિલોસોફીના વ્યાખ્યાતા પણ રહ્યા હતા. તેમણે ૧૯૭૩થી ૧૯૮૪ દરમ્યાન “કચ્છ કલામ” નામના સામાયિકનું સંપાદન કર્યું હતું. એ ગાળામાં ઘણા કચ્છી લેખકોને તેમણે લખતા કર્યા હતા. મેઇલ આર્ટના નામે વૈશ્વિક સ્તરે ચાલતી ચિત્રકળાની પ્રવૃત્તિ સાથે પણ તેઓ વીસેક વર્ષથી સંકળાયેલા હતા. ૧૯૮૪થી તેમણે લેખન પ્રવૃત્તિ અવિરત ચાલુ રાખી હતી. અનુવાદો અને સારાનુવાદોનાં પાંત્રીસથી વધુ પુસ્તકો બહાર પાડ્યાં છે. આકાશવાણી - ભુજ પરથી તેમના વાર્તાલાપો પણ પ્રસારિત થતા રહ્યા છે.

જીવ્યા ત્યાં સુધી કલમ સાથેનો નાતો જાળવી રાખી તેઓએ ‘મંગલ મંદિર’ સહિત અનેક સામયિકોમાં માતબર પ્રદાન કર્યું હતું.

દિવંગત આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

### ‘જવનિકા’ના કટાર લેખકનું નિધન

‘કચ્છમિત્ર’માં ‘જવનિકા’ કટાર દ્વારા ઘરઘરમાં જાણીતા કટાર લેખક અને આકાશવાણી સાથે પ્રારંભથી સંકળાયેલા સર્જક બિપિન ધોળકિયાનું અવસાન થયું છે. છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમય સુધી કચ્છમિત્ર સાથે અને પાંચ દાયકાથી વધુ સમય આકાશવાણી સાથે સંકળાયેલા બિપિનભાઈના નિધનથી કચ્છના સાહિત્ય ક્ષેત્રે મોટી ખોટ પડી છે.

દિવંગત સર્જકના આત્માને પ્રભુ શાંતિ અર્પે.

## મારી ભૂલ

*આખી જિંદગી હું વારંવાર એક પાપ કરતો રહ્યો,*
*ધૂળ મારા પર હતી ને હું અરીસો સાફ કરતો રહ્યો.*

*કેવી અજીબ વાત બની ગઈ જીવનમાં મારી સાથે,*
*ભૂલ હતી મારી ને, હે દોસ્ત! હું તને માફ કરતો રહ્યો.*

*ન્યાય દેવાવાળો મારી ઉપર બેઠો છે એ ભૂલીને,*
*હું ન્યાયાલય ખોલીને બધાનો ઈન્સાફ કરતો રહ્યો.*

*જે મારી વિરુદ્ધ હતા એમને મનાવવાના પ્રયત્નોમાં,*
*જે મારી સાથે હતા એમને મારી ખિલાફ કરતો રહ્યો.*

*ખુદ મારા વિશે તો રતિભારનું જાણતો ના હતો,*
*ને ખુદાના અસ્તિત્વ વિશે વાદવિવાદ કરતો રહ્યો.*

*જીવન આખું કેવળ હવામાં કિલ્લાઓ જ બાંધ્યા,*
*ને જે આંખ સામે હતું એ બધું બરબાદ કરતો રહ્યો.*

*મારી પોતાની જાતને સમજવામાં હું જબરી થાપ ખાઈ ગયો,*
*ત્યાગના બહાને વરસોનાં વરસો પ્રમાદ કરતો રહ્યો.*

*વર્તમાનમાં શું થઈ રહ્યું છે એનું ધ્યાન ના રહ્યું*
*ભવિષ્યમાં શું થશે એ વિશે બહુ જ સંતાપ કરતો રહ્યો.*

*બીજાઓને પણ કંઈક કહેવું છે એ સમજ્યા વગર,*
*ખુદની સાથે જ આખું જીવન વાર્તાલાપ કરતો રહ્યો.*

*મારી કવિતાઓ ખુદ મને જ કહી સંભળાવીને,*
*હું ખુશ થઈને ‘વાહ જનાબ, વાહ જનાબ’ કરતો રહ્યો.*

***દિનેશકુમાર ઓધવજીભાઈ બગીયા - જૂનાગઢ***
***સૌજન્ય : “પંગુમિત્ર”***

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)***

૧લી જાન્યુઆરીને ગ્રેગોરિયન પંચાંગ તેમજ જુલિયન કેલેન્ડર મુજબ ઍંગ્લીએન ચર્ચ અને લ્યુથરીઅન ચર્ચ ખ્રિસ્તી નવા વર્ષ તરીકે ઊજવે છે. આ દિવસે ઘણા બધા દેશોમાં મધરાતે આતશબાજી કરીને નવા વરસને આવકારાય છે.

નવા વરસની ઉજવણીની શરૂઆત મેસોપોટેમિયા - હાલના ઈરાકમાં ઈસુ ખ્રિસ્તના જન્મના ૨૦૦૦ વરસ પહેલાંથી થઈ હતી. ઈ.સ.ના ૧૫૩ વરસ પહેલાં રોમન લોકોએ જાનુસ દેવતા કે જે કિલ્લા અને દરવાજાના દેવતા તરીકે ઓળખાતા હતા, તેમના નામ પરથી વરસના પ્રથમ મહિનાને જાન્યુઆરી નામ આપ્યું અને તેના પ્રથમ દિવસને નવા વરસ તરીકે ઊજવવા લાગ્યા. આ જાનુસ દેવતાને બે ચહેરા હતા. તેમાંથી એક ચહેરો ભવિષ્ય જોઈ શકતો હતો જ્યારે બીજો ચહેરો ભૂતકાળમાં ડોકિયું કરી શકતો હતો.

ઈ.સ. ૧૭૫૨માં ઈંગ્લેન્ડે ગ્રેગોરિયન પંચાંગનો સ્વીકાર કર્યો હતો. આના પહેલા યુરોપના ઘણા દેશો આ પંચાંગને સ્વીકારી ચૂક્યા હતા. ઈસુ ખ્રિસ્તના જન્મ નાતાલથી આઠમા દિવસને એટલે કે ૧લી જાન્યુઆરીને કેથોલિક લ્યુટરીજિકલ કેલેન્ડર તરીકે સ્વીકારવામાં આવ્યું હતું. આ ગ્રેગોરિયન પંચાંગને વિશ્વના ઘણા બધા દેશો સ્વીકારી ચૂક્યા છે.

કોઈપણ વરસે નવા વરસને સૌપ્રથમ કિરબીતી દેશના લોકો આવકારે છે. સૂર્યનું પ્રથમ કિરણ આ દેશ ઉપર પડે છે જ્યારે યુ.એસ.એ.માં આવેલું બેકર આઈસલેન્ડ સૌથી છેલ્લે નવા વરસને આવકારે છે. વિશ્વના કેટલાય દેશો પોતાની રીતે નવું વરસ મનાવે છે.

ઈથોપિયા દેશના લોકો અગિયારમી સપ્ટેમ્બરના દિવસે અને લીપ વરસ હોય તો બારમી સપ્ટેમ્બરના દિવસે નવા વરસને ઊજવે છે. અને આ નવા વરસને તેઓ 'એન્કુટાયસ' તરીકે સંબોધે છે.

આફ્રિકામાં જૂન માસના બીજા શનિવારને આફ્રિકન નવા વરસ તરીકે ઉજવવામાં આવે છે. આ તહેવાર 'યોરુબા' આફ્રિકન સંસ્કૃતિ તરીકે ફિલાડેલ્ફિયા પેનીસિલ્વેનિયા યુ.એસ.એ.માં ઓળખાય છે.

'ચૌલ ચનમ થીમી' તરીકે ઓળખાતો તહેવાર, એ કમ્બોડિયન નવા વરસ તરીકે ઉજવાય છે. આ તહેવાર ૧૩મી એપ્રિલે અથવા ૧૪મી એપ્રિલે મનાવવામાં આવે છે. આ તહેવારની ઉજવણી ત્રણ દિવસ સુધી ચાલે છે. તેઓ પ્રથમ દિવસને 'મોહાસોંગકરન', બીજા દિવસને 'વિરક વણવાટ' અને આખરી દિવસને 'વિરાક લોએરંગ શાક' તરીકે ઓળખાવે છે. આ ત્રણે દિવસ લોકો 'પગોડા'માં દર્શન કરવા જાય છે અને સાંસ્કૃતિક રમત રમે છે.

ચીનમાં લુનાર કેલેન્ડર તરીકે ઓળખાતા પંચાંગના પ્રથમ દિવસને નવા વરસ તરીકે ઊજવવામાં આવે છે. આ તહેવાર સામાન્ય રીતે ૨૦મી જાન્યુઆરી અને ૨૦ ફેબ્રુઆરીની વચ્ચે આવે છે. આ તહેવાર કુટુંબીજનોની હાજરીમાં સ્વાદિષ્ટ વાનગી આરોગીને ઊજવવામાં આવે છે. આ દિવસે લાલ કવરમાં નાણાં મૂકીને 'લક્કી મની' તરીકે ભેટ આપવામાં આવે છે. આ સિવાય ઘણી બધી લાલ રંગની વસ્તુઓ 'ગુડલક' તરીકે આપવામાં આવે છે.

અત્યાર સુધી જાપાનમાં ચાઈનીઝ કેલેન્ડર વપરાતું હતું. પરંતુ થોડા સમયથી હવે ગ્રેગોરિયન પંચાંગ પ્રમાણે ૧લી જાન્યુઆરીને નવા વરસ તરીકે વધાવવામાં આવે છે.

કોરિયન લોકો નવા વરસને 'સિઓલાલ'' તરીકે ઓળખે છે. તેઓ 'લુનાર કેલેન્ડર'ના પ્રથમ દિવસને નવા વરસ તરીકે મનાવે છે. તેઓ 'સૂર્ય સંવત' તરીકે ૧લી જાન્યુઆરીને નવા વરસ તરીકે મનાવે છે. આ દિવસે જાહેર રજા હોય છે.

થાઈ નવું વરસ ૧૩ અથવા ૧૪ એપ્રિલના ઊજવવામાં આવે છે. ત્યાંની ભાષામાં તેને 'સોંગ કરણ' કહે છે.

વિયેટનામમાં ૨૦ જાન્યુઆરીથી ૨૦ ફેબ્રુઆરી વચ્ચે 'ટેટ' તરીકે જાણીતું નવા વરસ તરીકે ઉજવાય છે.

ગુવાન વેલી (યુરોપ)માં ૧૩ જાન્યુઆરીના દિવસને નવા વરસ તરીકે ઊજવવામાં આવે છે.

ઈસ્લામિક કેલેન્ડરના પ્રથમ માસ 'મહોરમ'ના પ્રથમ દિવસને 'હિજરી સંવત' તરીકે ઊજવવામાં આવે છે.

ઈરાનમાં વસંતઋતુના પ્રથમ દિવસ, જે સામાન્ય રીતે ૨૧ માર્ચ અથવા તેના પહેલા કે પાછળના દિવસે આવે છે ત્યારે ઉજવવામાં આવે છે. જે નવરોઝ તરીકે ઓળખાય છે. 'નવરોઝ' ૩૦૦૦થી પણ વધારે વરસથી ઉજવાય છે. આ દિવસ મધ્ય એશિયા, દક્ષિણ એશિયા, ઉત્તર પૂર્વ ચીન, ક્રીમિયા અને બાલ્કન સમુદ્રના કેટલાક દેશોમાં ઊજવવામાં આવે છે. જ્યારે આધુનિક ઈરાનીઓ ભારતમાં 'જર્થોસીસ' વરસ તરીકે ઊજવે છે.

ઈઝરાયેલના લોકો 'રોશહન્સ' તરીકે યહૂદી નવા વરસ તરીકે સપ્ટેમ્બર અથવા ઑક્ટોબરમાં મનાવે છે.

ભારતમાં જુદાં જુદાં રાજ્યોમાં અને ધર્મ પ્રમાણે નવા વરસની ઉજવણી જુદા જુદા દિવસે કરવામાં આવે છે.

વિક્રમ સંવત : ભારતના મુખ્ય સંવત્સરોમાંનો એક છે.


ગુજરાત - કાઠિયાવાડમાં વિક્રમ સંવતનો આરંભ કારતક માસથી થાય છે. કચ્છ અને હાલારમાં અષાઢ માસથી થાય છે. ઉત્તર મારવાડ વગેરે સ્થળોએ ચૈત્ર શુક્લ એકમથી વર્ષારંભ થાય છે. મહારાષ્ટ્ર અને બાકીના ભાગમાં શાલીવાહન સંવત પ્રચલિત છે.

ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણથી 'વીર સંવત'ની શરૂઆત કારતક સુદ એકમથી થાય છે. બંગાળી નવું વરસ સૂર્ય મેષ રાશિમાં પ્રવેશે ત્યારથી થાય છે. 'મલયાલમ સન' સૂર્ય સિંહ રાશિમાં પ્રવેશે અને 'ઓરિસ્સા સન' સૂર્ય કન્યા રાશિમાં પ્રવેશે ત્યારથી શરૂ થાય છે.

**(અનુ. : જુઓ પાના નં.-૯૦ ઉપર)**

## NanoNine™ શબ્દ રમત-૧૧૨

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૧-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. તપાસ, શોધ (૨)
૩. આવવું ને જવું તે (૫)
૬. શરીરની ત્રણ પ્રકૃતિ : _____, પિત્ત અને વાયુ (૨)
૯. મગનું નામ _____ ન પાડે (૨)
૧૨. અંધારું (૨)
૧૪. સહેવું, ખમવું તે (૩)
૧૬. મરનારની મિલ્કતનો હક્કદાર (૫)
૧૮. જીદ, ખોટો આગ્રહ (૨)
૨૦. અમીર, ઉમરાવ, મારવો તો _____ (૨)
૨૧. આંગળીથી _____ વેગળા તે વેગળા (૨)
૨૨. આકાશ, ગગન મંડળ (૪)
૨૩. માછલા પકડવા માટેની જાળી (૨)
૨૫. લોઢું (૨)
૨૭. _____ મોટાં ને દર્શન ખોટા (૨)
૨૮. દુનિયા, જગત (અ) (૩)
૩૦. મર્દ, વીર પુરુષ (૩)
૩૨. દોરડું, લગામ (૨)
૩૩. પરવા, દરકાર, ખોટ (૨)
૩૫. દાબવું તે, દબાણ (૨)
૩૬. નબળું, અશક્ત (૪)
૩૮. વેલ (૨)
૪૦. એક સંખ્યા (૨)
૪૨. હોઠ (૨)
૪૩. વૈરાગી સાધુ, અભ્યાગત, પરોણો (૩)
૪૪. જીવ વગરનું (૩)
૪૬. આબુનું _____ તળાવ પ્રસિદ્ધ છે (૨)
૪૯. દોરડા પર નાચનારો (૨)
૫૧. આંખનો ગોળો (૨)
૫૨. ધૂપસળી (૫)
૫૩. _____ તે સૌને ગમે (૨)

### ઊભી ચાવીઓ

૨. કટાક્ષમાં જમાઈને _____ પણ કહે છે (૨)
૪. ઠીંગણું (૩)
૫. લશ્કરી વહાણ (ઇં) (૪)
૭. ત્યાગી, વૈરાગી (મુસલમાન) (અ.) (૩)
૮. પિતા, બાપ (૨)
૧૦. વહુની _____ ને સાસુનો સંતોષ (૨)
૧૧. બેસવાની વસ્તુ, આસનિયું (૩)
૧૩. મોટું (૩)
૧૫. દાવો, અધિકાર (૨)
૧૭. દૃષ્ટાંત, ઉદાહરણ (૩)
૧૯. નિરાંતે, અસલ ઠેકાણે (૪)
૨૦. અમદાવાદ _____ને લીધે માન્ચેસ્ટર કહેવાતું (૨)
૨૨. અંગરૂપ બનેલું (૪)
૨૩. નજરના _____ છલકાવીને ચાલ્યા ક્યાં તમે? (૨)
૨૪. _____ સે _____ મિલા, ગાયનના ઠોકનું માપ (૨)
૨૬. વારંવાર આવવું જવું તે (૪)
૨૭. અવાજ, ઘોષ, ધ્વનિ (૨)
૨૮. પારકી _____ સદા નિરાશ (૨)
૨૯. એક બારીક પાતળું કાપડ (૪)
૩૧. જ્યાં ન પહોંચે _____, ત્યાં પહોંચે કવિ (૨)
૩૨. કાંજી, ઘેંસ, ભરકડું (૨)
૩૪. એક સુગંધી ફૂલવેલ (૩)
૩૫. સેવક (૨)
૩૭. જુવાની (૩)
૩૯. ખેડૂતને જગતનો _____ કહે છે (૨)
૪૦. રાગ - આસક્તિ વિનાનું (૪)
૪૧. મિયાં બીબી રાજી તો ક્યા કરેગા _____ ?(૨)
૪૩. કસરત શાળા, કુસ્તી કરવાની જગ્યા (૩)
૪૪. અદ્‌ભુત, આશ્ચર્યકારક (૩)
૪૫. લીલા _____ ના સૂડા ઘણાં (૨)
૪૭. ક્ષીર, દૂધ, દૂધ ભાતની એક વાનગી (૨)
૪૮. _____ ખોદે તે પડે (૨)
૫૦. આશરે ૫૬ મણ અથવા ૧૦૦૦ કિ.ગ્રા.નું વજન (૨)

### શ્રદ્ધા

*જીવનની નૌકા શ્રદ્ધાના*
*હલેસાંથી જ પાર પડે છે.*
*આત્મામાં શ્રદ્ધા, પરમાત્મામાં શ્રદ્ધા,*
*વ્યક્તિમાં શ્રદ્ધા, સમષ્ટિમાં શ્રદ્ધા,*
*સર્જનમાં શ્રદ્ધા, સર્જકમાં શ્રદ્ધા,*
*ભૂત - વર્તમાન - ભવિષ્યમાં શ્રદ્ધા.*

*શ્રદ્ધા વિનાનું જીવન અસહ્ય છે.*

*– ભાર્ગવી દોશી*
*સૌજન્ય : "સમજણના સૂર"*

## જાણવા જેવું

**(અનુ. પાના નં.-૮૮ ઉપરથી ચાલુ)**

જાન્યુઆરી માસથી શરૂ થતા નવા વરસના આ મહિનાની વિશિષ્ટતા :

સામાન્ય રીતે દરેક હિંદુ તહેવાર 'તિથિ' પ્રમાણે આવે છે પરંતુ ઉત્તરાયણ એ એક જ એવો તહેવાર છે, જે ૧૪મી જાન્યુઆરી એટલે કે ગ્રેગોયિરન પંચાંગ પ્રમાણે આવે છે. આ માસની એવી જ એક અદ્ભુત તારીખ છે ૨૬મી જાન્યુઆરી – જે દિવસે ભારત પ્રજાસત્તાક દેશ જાહેર થયો. આ ૨૬ – છવ્વીસના આંકડાએ દેશ અને દુનિયાને હલાવી દીધા છે તેના પર એક દૃષ્ટિપાત :

| | | |
|---|---|---|
| ૧૭૦૦ | ૨૬ જૂન | ઉત્તર અમેરિકામાં ભૂકંપ |
| ૧૯૨૬ | ૨૬ જૂન | રોડ્સમાં ભૂકંપ (૪૧૦૦૦થી વધુ મોત) |
| ૧૯૩૨ | ૨૬ ડિસેમ્બર | કાન્સુ ચીન ભૂકંપ (૭૦૦૦૦થી વધુ મોત.) |
| ૧૯૩૯ | ૨૬ ડિસેમ્બર | તુર્કી ભૂકંપ. (૬૦૦૦૦થી વધુ મોત.) |
| ૧૯૫૧ | ૨૬ જાન્યુઆરી | પોર્ટુગલ ભૂકંપ |
| ૧૯૬૩ | ૨૬ જુલાઈ | યુગોસ્લાવિયામાં ભૂકંપ |
| ૧૯૭૬ | ૨૬ જુલાઈ | ચીનમાં ભૂકંપ. (૩૦,૦૦૦થી વધુ મોત.) |
| ૨૦૦૧ | ૨૬ જાન્યુઆરી | ગુજરાતમાં ભૂકંપ. |
| ૨૦૦૩ | ૨૬ ડિસેમ્બર | બૈમા ઈરાનમાં ભૂકંપ. |
| ૨૦૧૦ | ૨૬ ફેબ્રુઆરી | જાપાનમાં ભૂકંપ. |
| ૨૦૧૦ | ૨૬ જૂન | તાસીકમાં ભૂકંપ |
| ૨૦૧૦ | ૨૬ જુલાઈ | તાઈવાનમાં ભૂકંપ. |
| ૨૦૧૫ | ૨૬ એપ્રિલ | નેપાળમાં ભૂકંપ. |
| ૧૯૯૬ | ૨૬ ડિસેમ્બર | સબા ભરતીની લહેરમાં ૧૦,૦૦૦થી વધુ મૃત્યુ. |
| ૨૦૦૪ | ૨૬ ડિસેમ્બર | હિંદ મહાસાગર સુનામી અને આર્ચ સુનામી. |
| ૨૦૦૫ | ૨૬ જુલાઈ | મુંબઈમાં પૂર. |
| ૨૦૧૦ | ૨૬ ઑક્ટોબર | મેન્ટોવાપી સુનામી. |
| ૧૮૮૩ | ૨૬ ઑગસ્ટ | કારાકટા જ્વાળામુખી વિસ્ફોટ. ૩૬૦૦૦થી વધુ મરણ. |
| ૨૦૧૦ | ૨૬ ઑક્ટોબર | મેરાથી જ્વાળામુખી વિસ્ફોટ. |
| ૨૦૦૮ | ૨૬ નવેમ્બર | પાકિસ્તાનના આતંકવાદીઓ દ્વારા મુંબઈ પર હુમલો. |

## "સમય"

*સમયની શી કરવી વાત,*
*માનવીની નહીં કશી વિસાત.*
*સમય ક્યારે બદલે રંગ,*
*ભલભલાના થઈ જાય મોહભંગ.*
*માતબર ને માલેતુજાર, વાડી-વજીફા, મોટરકાર,*
*સમય અચાનક પલટી ખાય, પલભરમાં નિર્ધન થઈ જાય.*
*સમયની જો લાગે થપાટ,*
*પડે ભોંય પર ચત્તોપાટ.*
*મજૂરી કરતો આમ આદમી,*
*મજબૂરીમાં જીવતો આદમી*
*અચાનક લોટરી લાગી જાય,*
*ઍમ્પાલામાં ફરતો થઈ જાય.*
*સમય રાયને રંક બનાવે,*
*નિર્ધનને ધનવાન બનાવે.*
*સમય સાનુકૂળ તો માનવ બળવાન*
*માનવ નહીં કદી, સમય બળવાન.*
*"અલ્પ" સમયને પારખી લે, અહં - અહંકારને દફનાવી દે*
*સમય માનવીને શીખવે એમ, સદા, સંયમિત, જીવવું કેમ...*

**મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ**

## દીકરીનો પ્રશ્ન

*આજે હું કંઈક કહેવા માગું છું*
*કશુંક તમને જણાવવા માગું છું*
*બસ આજનો દિન છે આખરી,*
*પછી તો હું તમને ક્યાં સતાવવા માગું છું*
*સુખ હોય કે દુઃખ, હું તો માત્ર કહેવા માગું છું*
*માતાને ન કદી ભૂલવા માગું છું*
*કૉલેજથી આવી તારી પાસે વહાલ કરાવવા માગું છું*
*પણ એક સાથે જુડવા તને મૂકવા માગું છું*
*પપ્પાને કે'જે સ્કૂટી ધીમે ચલાવે,*
*હવે પછી હું એમને ક્યાં ટોકવા માગું છું*
*ભાઈ, તારો સેલફોન હવે કદી નહીં માગું*
*પણ તારી યાદ પણ હું ક્યાં ભૂલવા માગું છું*
*દાદાજી હવે ન્યુઝપેપર શાંતિથી વાંચશે*
*બાકી હું ક્યાં એમને શાંતિ આપવા માગું છું*
*દાદીમાની કવિતાઓ હવે કવિતા જ બનીને રહેશે*
*હવે હું ક્યાં એવું કશુંય સાંભળવા માગું છું*
*બસ આટલું તો ભૂલવા માગું છું*
*પણ 'મા' તમારો હસીન ચહેરો મને ક્યાં ભૂલાય છે*
*બસ મા મારો એક જ પ્રશ્ન છે....???*
*શું કામ આટલું બલિદાન એક દીકરીને જ કરવું પડે...?*

**અલીફિયા સજ્જાદભાઈ ચૌહાણ - સાવરકુંડલા**
**સૌજન્ય : "તમન્ના"**

## NanoNine™ Sudoku

**શરતો** : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3 ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

નવેમ્બર-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૬૭ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ

૧. ઉષ્મા શાહ - અમદાવાદ
૨. સ્મિતા શાહ - અમદાવાદ
૩. ચંદ્રા મ. શાહ - અમદાવાદ
૪. અવંતી દંડ - અમદાવાદ
૫. નિલીમા શાહ - અમદાવાદ
૬. ગીતા મહેતા - અમદાવાદ
૭. અલકા શાહ - અમદાવાદ
૮. દીપા પરીખ - અમદાવાદ
૯. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૦. હેમલતા દેઢિયા - અડાલજ
૧૧. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૧૨. ત્રિશા પારેખ - સિકંદ્રાબાદ
૧૩. મુલકુમારી લાલકા - ગદગ

ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.

**વિજેતાઓ** :

૧. મુલકુમારી લાલકા - ગદગ
૨. સ્મિતા શાહ - અમદાવાદ
૩. નિલીમા શાહ - અમદાવાદ

*તમારી જાતનું મૂલ્યાંકન લોકોના તમારા વિશેના અભિપ્રાય ઉપરથી કદી ન કરો. તમારા વિશેનો તમારો પોતાનો અભિપ્રાય હોવો જ જોઈએ અને ઉત્તરોત્તર એ વધારે સારો બને એ દિશામાં ગતિ કરો.*

*– ભાર્ગવી દોશી*

*સૌજન્ય : "સમજણના સૂર"*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૬૯ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ માર્ચ-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________ ફોન/મોબાઈલ : ______________

### ક્રમાંક - ૧૦૬૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | 6 | 7 | | | | |
| | | 8 | | | 1 | 6 | | |
| | 5 | 6 | | | | | 7 | 1 |
| 6 | 3 | | | | 7 | | | 9 |
| | | | | 9 | | | | |
| | | | 1 | | | | 2 | 6 |
| 2 | 8 | | | | | 5 | 6 | |
| | | 4 | 2 | | | 9 | | |
| | | | | 5 | 9 | | 1 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | | | 8 | | | |
| 2 | | | | 7 | 5 | | | 6 |
| | | 6 | | | | 4 | | |
| 1 | | 7 | | | 3 | | 8 | |
| | 4 | | 7 | | 6 | | 3 | |
| | 6 | | 8 | | | 7 | | 5 |
| | | 1 | | | | 9 | | |
| 6 | | | 2 | 9 | | | | 7 |
| | | | 6 | | | | 4 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | 5 | 2 | | 9 | | |
| | 4 | | | | 7 | | 6 | 8 |
| 5 | | | | | 6 | 2 | | |
| | | 3 | | 1 | 8 | | | |
| 7 | | | | | | | | 9 |
| | | | 6 | 7 | | 1 | | |
| | | 6 | 9 | | | | | 7 |
| 2 | 8 | | 7 | | | | 9 | |
| | | 7 | | 4 | 5 | 8 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 3 | | 9 | | 7 | |
| | 4 | | | | 7 | | | |
| 2 | | | | 6 | | | 5 | 3 |
| | 8 | | 2 | | | | | |
| | | 2 | | 7 | | 6 | | |
| | | | | | 1 | | 3 | |
| 6 | 5 | | | 8 | | | | 9 |
| | | | 4 | | | | 6 | |
| | 1 | | 9 | | 6 | 7 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૬૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 8 | 9 | 2 | 6 | 5 | 7 | 3 |
| 5 | 6 | 2 | 7 | 3 | 1 | 4 | 8 | 9 |
| 9 | 7 | 3 | 5 | 8 | 4 | 6 | 2 | 1 |
| 7 | 9 | 4 | 2 | 1 | 8 | 3 | 6 | 5 |
| 6 | 2 | 1 | 3 | 9 | 5 | 8 | 4 | 7 |
| 3 | 8 | 5 | 6 | 4 | 7 | 9 | 1 | 2 |
| 8 | 5 | 9 | 4 | 7 | 2 | 1 | 3 | 6 |
| 2 | 4 | 6 | 1 | 5 | 3 | 7 | 9 | 8 |
| 1 | 3 | 7 | 8 | 6 | 9 | 2 | 5 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 8 | 5 | 3 | 4 | 9 | 7 | 1 | 2 |
| 1 | 9 | 4 | 7 | 2 | 8 | 3 | 5 | 6 |
| 7 | 3 | 2 | 6 | 1 | 5 | 8 | 9 | 4 |
| 4 | 2 | 7 | 8 | 9 | 3 | 5 | 6 | 1 |
| 3 | 1 | 6 | 2 | 5 | 7 | 9 | 4 | 8 |
| 9 | 5 | 8 | 1 | 6 | 4 | 2 | 3 | 7 |
| 2 | 4 | 3 | 9 | 7 | 1 | 6 | 8 | 5 |
| 5 | 7 | 9 | 4 | 8 | 6 | 1 | 2 | 3 |
| 8 | 6 | 1 | 5 | 3 | 2 | 4 | 7 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 5 | 3 | 2 | 8 | 7 | 1 | 6 |
| 2 | 7 | 3 | 6 | 1 | 4 | 5 | 8 | 9 |
| 6 | 8 | 1 | 5 | 9 | 7 | 3 | 4 | 2 |
| 4 | 2 | 9 | 8 | 5 | 6 | 1 | 3 | 7 |
| 7 | 5 | 8 | 1 | 3 | 9 | 2 | 6 | 4 |
| 3 | 1 | 6 | 7 | 4 | 2 | 8 | 9 | 5 |
| 1 | 6 | 2 | 9 | 7 | 3 | 4 | 5 | 8 |
| 5 | 9 | 7 | 4 | 8 | 1 | 6 | 2 | 3 |
| 8 | 3 | 4 | 2 | 6 | 5 | 9 | 7 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 1 | 9 | 2 | 6 | 7 | 8 | 5 |
| 8 | 6 | 9 | 4 | 7 | 5 | 2 | 3 | 1 |
| 7 | 2 | 5 | 8 | 1 | 3 | 4 | 9 | 6 |
| 1 | 9 | 2 | 5 | 3 | 7 | 8 | 6 | 4 |
| 6 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 5 | 2 |
| 3 | 5 | 8 | 6 | 4 | 2 | 1 | 7 | 9 |
| 2 | 1 | 6 | 3 | 5 | 8 | 9 | 4 | 7 |
| 9 | 7 | 3 | 2 | 6 | 4 | 5 | 1 | 8 |
| 5 | 8 | 4 | 7 | 9 | 1 | 6 | 2 | 3 |

Nano 9™ ®
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **જીવદયા :** કચ્છમાં વરસાદની અછત કાયમી રહે છે. અને તે કારણે કચ્છના માલધારીઓ ઉનાળામાં પશુઓના પેટનો ખાડો પૂરવા હંમેશાં ચિંતિત રહે છે. તેના ઉપાય તરીકે નાના લાયજા ગામના યુવાનોએ સંગઠિત થઈ ૫૦ એકર જેટલી જગ્યામાં સામૂહિક શ્રમ દ્વારા જુવારનું પશુચારા માટે વાવેતર કરી આવતા ઉનાળા માટે પશુચારાની ચિંતા દૂર કરેલ છે.

★ **કુદરતની કહેર :** ચોમાસા દરમ્યાન કચ્છમાં પડેલ સચરાચર વરસાદે ન્યાલ કરી દીધેલ છે. જેથી કચ્છના રણ વિસ્તાર બન્ની પ્રદેશ પણ જળબંબાકાર થયેલ છે. જેના કારણે મોટા રણની ૧૮,૦૦૦ ચો.કિ.મી. જમીનમાંથી ૧૨,૦૦૦ ચો.કિ.મી. જમીન જે મીઠીસરી તરીકે ઓળખાય છે તેમાં પાલર પાણીનો ભરાવો થતાં તે જમીન ફળદ્રુપ થયેલ છે. અને હાલે તે પાણી સૂકાતાં તેના ઘાસિયા મેદાનોમાં અવનવી ૨૪ જેટલી ઘાસની જાત ઉગી નીકળતાં તે મેદાનો લીલાંછમ થતાં પશુઓ માટે તેમજ યાયાવર પક્ષીઓ (કુંજ પક્ષીઓ) માટે ખોરાક ઉપલબ્ધ થતાં તેમના માટે આશિર્વાદરૂપ બનેલ છે. આ ઘાસના કારણે મોટી સંખ્યામાં માલધારીઓ પોતાના પશુધન સાથે વાડા બાંધી દૂધ ઉત્પાદનમાં પણ લાગેલ છે. જેના કારણે હાલે કચ્છના દૂધ ઉત્પાદનમાં પણ ખૂબ ઉછાળો આવેલ છે. આમાંની કેટલીક જમીન ખૂબ જ ફળદ્રુપ હોઈ લોકો મબલક ખેત ઉત્પાદનમાં પણ જોડાઈ ગયા છે.

★ **અહો! વૈચિત્ર્યમ :** વાતાવરણની આડઅસર સાથે ઋતુફેરની અનુભૂતિ છેલ્લા કેટલાય સમયથી અનુભવાય છે. જેના કારણે ગઢશીશાની એક વાડીમાં કારતક માસમાં હાફુસ જાતની કેરીનો ફાલ અમુક વૃક્ષોમાં જોવા મળેલ છે. આમ કમોસમમાં આંબા જોવા મળતાં ખરેખર અચરજ પમાડે તેવી કુદરતી ઘટના જોવા મળેલ છે.

★ **અભિનંદન :** કેરળ રાજ્યના કલીકટ ખાતે રહેતા જયશ્રીબેન કીર્તિકુમાર શાહ તાજેતરમાં સંપન્ન થયેલ સ્થાનિક સ્વરાજ્ય (મ્યુનિ.) ચૂંટણીમાં કલીકટ મહાનગર પાલિકામાં તેમના હરીફ કરતાં ૫૧૭ વધુ મતો મેળવી, સર્વપ્રથમ એકમાત્ર કચ્છી ગુજરાતી મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે ચૂંટાયેલ છે. આમ, તેમણે કચ્છનું નામ રોશન કરેલ છે. સાલ ૧૯૮૦માં કેરળ વિધાનસભામાં ચૂંટાનાર સર્વપ્રથમ એકમાત્ર કચ્છી - ગુજરાતી સ્વ. પોપટલાલ ગોવર્ધન લાલન બાદ પુનઃ ૩૫ વર્ષ બાદ, જયશ્રીબેન શાહ કોર્પોરેટર તરીકે ચૂંટાયેલ છે.

★ **નર્મદા નીર :** ગુજરાત રાજ્યના પૂર્વ નાણામંત્રી બાબુભાઈ મેઘજી શાહે કચ્છ સિંચાઈ વર્તુળને કચ્છ માટે નર્મદા યોજનામાં ફાળવેલ વધારાના ૧.૦ એમ.એ.એફ. વરસાદી પૂર પાણી લાવવા અંગે લખેલ પત્રના ઉત્તરમાં ભુજના જળ સંશોધન વિભાગે જણાવેલ કે આ બાબતે યાંત્રિક અને આર્થિક સર્વે - ચકાસણી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ રજૂઆત બાબતે અધિક્ષક ઈજનેર કચ્છ વર્તુળે વ્યાજબી ગણાવી એવી લાગણી વ્યક્ત કરેલ કે સત્વરે યાંત્રિક રિપોર્ટના આધારે ગાગોદર - વાંઢિયા બ્રાંચમાં વધારાના વરસાદી પૂર પાણીનો જથ્થો વધારી કચ્છને પાણી મળી રહે તેવી લાગણી વ્યક્ત કરાઈ છે.

★ **શિક્ષણ સુવિધા :** કચ્છના મુંદ્રા ખાતે મુંબઈના આરતી ગ્રૂપ ઈન્ડસ્ટ્રીઝના સંપૂર્ણ સહયોગથી પરપ્રાંતીય હિંદીભાષી શ્રમિકોના બાળકોના શિક્ષણ અંગે હિંદી માધ્યમિક શાળા નિર્માણાધીન કરવા માટે રૂા. ૨ કરોડનો ખર્ચ કંપની આપશે. જેમાં ૧૩૦૦ ચો.વારની જમીન રૂા. ૭૦ લાખના ખર્ચે ખરીદ કરવામાં આવી છે. તેમજ દાતાઓ તરફથી પણ બાળકોને જરૂરી ચીજવસ્તુ ખરીદવા બદલ દાન મળેલ છે.

★ **કેન્સર હોસ્પિટલ :** સમગ્ર કચ્છ જિલ્લામાં વધતા જતા કેન્સરના દર્દીઓને આધુનિક સારવાર મળી રહે તેમજ તેમને અમદાવાદ રાજકોટ સુધી સારવાર માટે જવાની મુશ્કેલી દૂર કરવા રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ - ગાંધીધામ દ્વારા તથા અહીંની સ્ટર્લિંગ હૉસ્પિટલના સંયુક્ત સહકાર દ્વારા સ્ટર્લિંગ હૉસ્પિટલના પ્રાંગણમાં ૭૫૦૦ ચો.વારની જમીન ઉપર રૂા. ૨૫ કરોડના ખર્ચે તેમજ દાતાઓના સહકારથી કેન્સર માટેની અત્યાધુનિક હૉસ્પિટલનું ભૂમિપૂજન તાજેતરમાં કરવામાં આવેલ. આ પ્રસંગે સ્ટર્લિંગ હૉસ્પિટલના ચેરમેન ગિરીશ પટેલ દ્વારા રૂા. ૨૧ લાખનું અનુદાન મળેલ. આ અત્યાધુનિક હૉસ્પિટલમાં કેમોથેરાપી સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે તેવું સૂત્રોએ જણાવેલ.

★ **ઐતિહાસિક દસ્તાવેજ :** કચ્છના ધોરડો ખાતે ડી.જી. કોન્ફરન્સ માટે પધારેલ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલને ભુજ ખાતે કચ્છી સપૂત અને ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માની અગાઉ બ્રિટીશ રાજ્ય દ્વારા રદ કરાયેલ વકીલાતની સનદ્ લંડન ખાતેથી લાવી ક્રાંતિ તીર્થ - માંડવી ખાતે મૂકવા માટે અર્પણ કરી હતી.

★ **સિદ્ધિ બદલ રાષ્ટ્રીય એવોર્ડ :** તાજેતરમાં વર્ષ ૨૦૧૪ માટેનો કચ્છી વણાટકામની શાલ તથા ભરતકામ માટેનો

રાષ્ટ્રીય ઍવોર્ડ કચ્છના કુકમાનાં શ્રીમતી લચ્છુબેન બેચરલાલ વણકરને દિલ્હીમાં એનાયત કરવામાં આવેલ હતો. આ શાલની અંદાજિત કિંમત રૂા. ૧.૧૦ લાખ જેટલી છે. આ અગાઉ લચ્છુબેનના કુટુંબીજનોને વર્ષ ૨૦૧૦માં તેમના પતિ બેચરલાલ વણકરને શાલ માટે, ૨૦૧૨માં તેમના પુત્ર અમૃતલાલને શાલ માટે, વર્ષ ૨૦૧૨માં પુત્રવધૂ કંકુબેનને તથા વર્ષ ૨૦૧૩માં તેમના પુત્ર મહેન્દ્રને કોટન તથા કોટન સિલ્ક સાડી માટે રાષ્ટ્રીય તથા અન્ય ઍવોર્ડો પણ મળેલ છે.

જ્યારે બીજી બાજુ કચ્છ અંજારના સતાપર ગામના સરપંચ દિનેશભાઈ શામજીભાઈ મોતા કચ્છ જિલ્લાના 'આદર્શ' ગામ માટે રાષ્ટ્રીય ઍવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

★ **રાષ્ટ્રીય એવોર્ડ :** કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ઍવોર્ડની હારમાળામાં મુંદ્રા તાલુકાના સમાઘોઘા ગામના સરપંચ અજિતસિંહ જાડેજાને રાજ્ય સરકાર તરફથી 'આઈકોનિક સરપંચ' રાષ્ટ્રીય ઍવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. આ વર્ષે કચ્છ જિલ્લામાં ત્રણ સરપંચોને આ ઍવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

★ કચ્છના ધોરડો ખાતે ચાલનારી ત્રણ દિવસની ડીજી કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલ, મા. શ્રી નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા બાદ પહેલી વખત કચ્છ આવેલ. જ્યારે તેઓ ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે સત્તા પર હતા ત્યારે ૬૬ વખત કચ્છ આવી ગયેલ. તેમના આગમન વખતે ભુજના હવાઈ મથકે પંડિત શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક સમિતિના અધ્યક્ષા તથા ગુજરાત રાજયના મુખ્યપ્રધાન મા. શ્રીમતી આનંદીબેન પટેલને શ્યામજી કૃષ્ણવર્માની બેરિસ્ટરની પદવી માંડવીમાં ક્રાંતિવીર સ્મારકમાં મૂકવા માટે સુપરત કરેલ.

★ ગૃહ વિભાગના નેજા હેઠળ આવતી પોલીસ અને સલામતી એજન્સીઓના વડાઓની ધોરડો ખાતે બોલાવેલ ડીજી કોન્ફરન્સમાં દેશભરના પોલીસવડાઓ હાજર રહેલ હતા.

★ છેલ્લા કેટલાયે સમય થયા કચ્છના ધોરડો ખાતે આવેલ સફેદ રણના રણોત્સવ પ્રસંગે અત્યાર સુધી દેશ વિદેશની છ લાખ વ્યક્તિઓએ તેની મુલાકાત લીધેલ છે. ■

***નિષ્ફળતાઓની ચિંતા કરશો નહીં. તેઓ તદ્દન સ્વાભાવિક છે, જીવનમાં સૌંદર્યરૂપ છે. એમના વગરનું જીવન કેવું હોય? જો સંઘર્ષો ન હોય તો જીવનની પ્રાપ્તિનું પણ કશું જ મૂલ્ય નથી. એમના વિના જીવનનું કાવ્ય પણ ક્યાં હોય? સંઘર્ષોની, ભૂલોની પરવા કરશો નહીં. મેં કોઈ ગાયને જૂઠું બોલતી કદાપિ સાંભળી નથી, પણ એ તો ગાયની કોટિ થઈ, માણસની નહીં. એટલે આ નાની નાની નિષ્ફળતાઓની, નાનાં નાનાં સ્ખલનોની, પરવા કરશો નહીં. તમારા આદર્શને હજારવાર ઊંચો ધરી રાખો અને જો હજારવાર નિષ્ફળતા સાંપડે તો વધુ વખત પ્રયત્નો ચાલુ રાખશો.***

***— સ્વામી વિવેકાનંદ (સૌજન્ય : 'શક્તિદાયી વિચાર')***

## ૨૬ તારીખ — એક સંયોગ

| | |
|---|---|
| ★ ઉત્તર અમેરિકામાં આવેલ ભૂકંપ | ૨૬ જાન્યુઆરી, ૧૭૦૦ |
| ★ કાકાટાઉ જ્વાળામુખી વિસ્ફોટ | ૨૬ ઓગસ્ટ, ૧૮૮૩ |
| ★ રોડ્સ ભૂકંપ | ૨૬ જૂન, ૧૯૨૬ |
| ★ કાન્સુ - ચીન ભૂકંપ | ૨૬ ડિસેમ્બર, ૧૯૩૨ |
| ★ ભારત પ્રજાસત્તાક રાજ્ય બન્યું | ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ |
| ★ પુર્તગલ ભૂકંપ | ૨૬ જાન્યુઆરી, ૧૯૫૧ |
| ★ યુગોસ્લાવિયા ભૂકંપ | ૨૬ જુલાઈ, ૧૯૬૩ |
| ★ ચીન ભૂકંપ | ૨૬ જુલાઈ, ૧૯૭૬ |
| ★ ભારત - ગુજરાત ભૂકંપ | ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ |
| ★ બૈન - ઈરાનમાં ભૂકંપ | ૨૬ ડિસેમ્બર, ૨૦૦૩ |
| ★ હિંદ મહાસાગરમાં ત્સુનામી | ૨૬ ડિસેમ્બર, ૨૦૦૪ |
| ★ મુંબઈ આતંકવાદી હુમલો (૨૬/૧૧) | ૨૬ નવેમ્બર, ૨૦૦૮ |
| ★ જાપાન ભૂકંપ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૦ |
| ★ તાસીક ભૂકંપ | ૨૬ જુલાઈ, ૨૦૧૦ |
| ★ મોન્ટાવાઈ ભૂકંપ | ૨૬ ઓક્ટોબર, ૨૦૧૦ |
| ★ નેપાલ ભૂકંપ | ૨૬ એપ્રિલ, ૨૦૧૫ |

## જસ્ટ, એક મિનિટ....

એક પ્રોફેસરે ક્લાસમાં આવીને વિદ્યાર્થીઓને એક સરપ્રાઈઝ ટેસ્ટ આપવા તૈયાર થઈ જવા કહ્યું.

પ્રોફેસરે બધા વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર આપ્યા. પ્રશ્નપત્ર વહેંચાઈ ગયા પછી પ્રોફેસરે પ્રશ્નપત્રનું પાનું ખોલીને શરૂ કરવા કહ્યું. બધાએ પ્રશ્નપત્રમાં શું જોયું? બધાના આશ્ચર્ય વચ્ચે પ્રશ્નપત્રમાં એક પણ પ્રશ્ન નહોતો! આખા કોરા કાગળની વચ્ચોવચ એક કાળું ટપકું હતું.

બધાના ચહેરા પરના હાવભાવ જોઈને પ્રોફેસર કહે, 'તમારે ફક્ત એટલો જવાબ આપવાનો છે કે તમને એમાં શું દેખાય છે?'

વિદ્યાર્થીઓ ગૂંચવાઈ ગયા. આવી અનપેક્ષિત પરીક્ષા માટે કોઈ તૈયાર નહોતું. જો કે બધાએ જવાબ લખ્યા. છેવટે પ્રોફેસરે બધા પાસેથી પેપર એકત્રિત કરી, જવાબ મોટેથી વાંચવાનું શરૂ કર્યું. એક પણ અપવાદ સિવાય બધાએ કાળા ટપકા વિશે કંઈ ને કંઈ લખ્યું હતું.

પ્રોફેસર કહે, 'હું તમને આના માર્કસ આપવાનો નથી. પરંતુ તમને કંઈક વિચારવા પ્રેરું છું. કાગળ પરના સફેદ હિસ્સા વિશે કોઈએ લખ્યું નહીં. બધાએ કાળા ટપકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આપણા જીવનમાં પણ આવું જ બને છે ને? એવા કેટલાય પ્રસંગ હોય છે, જેનો આપણે આનંદ માણી શકીએ, પરંતુ આપણું ધ્યાન હોય છે ક્ષુલ્લક બાબત પર... નાની નાની બાબત માટે દુઃખી થઈને સુખદ પળો માણવાનું આપણે ચૂકી જઈએ છીએ.'

તાત્પર્ય એ કે આરોગ્યની મામૂલી ફરિયાદો, મોજશોખ માટે નાણાંનો અભાવ, ગૂંચવણભર્યા સંબંધ, મિત્ર સાથેની નારાજગી, અંતરંગ વ્યક્તિનું અણગમાભર્યું વર્તન, એવાં નાનાં કાળાં ટપકા છે, જેના પરથી ધ્યાન હટાવીને કુદરતે આપણને નવાજેશ કરેલી અનેક મોટી ભેટ-પ્રેમ, એકમેકની દરકાર, આયુષ્ય અને આશીર્વાદને હર પળ માણી લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

***- રાજુ અંધારીયા (સૌજન્ય : "ગૌરક્ષા પાત્ર")***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તબીબી સાધનો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરના તબીબી સેવા પૂરી પાડતા અમુક સાધનો ખૂબ જ રાહત દરે દૈનિક ભાડા મુજબ જરૂરિયાતમંદ કોઈ પણ દર્દીઓને આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં નીચેની વિગતો મુજબ, દર્દીઓ દ્વારા સાધનોનો લાભ લેવામાં આવેલ છે.


| | તબીબી સાધન | લાભ લીધેલ દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ઑક્સિજન સિલિન્ડર | ૮ દર્દી |
| ૨. | ઑક્સિજન કોન્સ્ટ્રેટર મશીન | ૧ દર્દી |
| ૩. | ઍર બેડ | ૮ દર્દી |
| ૪. | ફાઉલર બેડ | ૧૦ દર્દી |
| ૫. | વ્હીલ ચેર | ૧૧ દર્દી |
| ૬. | વૉકર | ૨૦ દર્દી |
| ૭. | વોકિંગ સ્ટીક | ૫ દર્દી |
| ૮. | કમોડ ચેર | ૨ દર્દી |
| ૯. | બેડ પાન | ૨ દર્દી |
| ૧૦. | ટેબલ ટોપ | ૧ દર્દી |

***માસ એપ્રિલ-૨૦૧૫થી ડિસેમ્બરની તા. ૭-૧૨-૨૦૧૫ સુધી નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી તબીબી સાધનો સંસ્થાને ભેટ સ્વરૂપે મળેલ છે.***

| | દાતાશ્રીનું નામ | ભેટ મળેલ સાધન |
|---|---|---|
| ૧. | શ્રીમતી મધુબેન બી. વોરા | ઍર બેડ |
| ૨. | શ્રી હીરેન કુંવરજી શાહ | વૉકર |
| ૩. | શ્રીમતી કુસુમબેન વીરેન્દ્રભાઈ મૈશેરી | વ્હીલચેર |
| ૪. | શ્રી કમલબેન શાંતિલાલ છગનલાલ શાહ | ઑક્સિજન મશીન, કફ ખેંચવાનું મશીન, ઍર બેડ, વ્હીલચેર, કમોડ ચેર |
| ૫. | શ્રી વિપિન રસિકલાલ શાહ | વોકર |
| ૬. | શ્રી સુરેશભાઈ જયંતીલાલ પૂજ | સીટિંગ ચેર |
| ૭. | શ્રીમતી દમયંતીબેન દિલીપભાઈ દંડ | કમોડ ચેર |
| ૮. | શ્રીમતી સૂરજબેન રસિકલાલ શાહ | વ્હીલ ચેર |
| ૯. | શ્રી અનિલ સી. શાહ | વોટરબેડ, વૉકર, કમોડ ચેર, બેલ્ટ, વોકિંગ સ્ટીક |
| ૧૦. | શ્રી રમેશચંદ્ર એ. ગુપ્તા | ઍર બેડ |

***<u>નોંધ</u>*** : તા. ૧-૪-૨૦૧૫થી અત્યાર સુધીમાં કુલ ૬૮ દર્દીઓએ ઉપરોક્ત સાધનોનો લાભ લીધેલ છે તથા તેની કુલ આવક રૂા. ૧૪,૮૩૧/- સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

*નિર્બળતાનો ઉપાય તેનો વિચાર કર્યા કરવો એ નથી, પણ શક્તિનો વિચાર કરવો એ છે. મનુષ્યોમાં જે શક્તિ પહેલેથી જ છે તેની કેળવણી આપો.*



### ફોન નંબર ફેરફાર

- **અમૃતલાલ મોણશી ગાલા**
  ફોન : (૦૭૯) ૨૬૬૦૭૨૮૫
  મો. ૯૦૯૯૯ ૩૫૪૨૬

### શરણાઈ

- **ગુરુવાર, તા. ૨૬-૧૧-૨૦૧૫**
  **ચિ. નીલમ જિતેન્દ્ર મૂલચંદ રાંભિયા (રામાણિયા - અમદાવાદ)**
  **ચિ. પલક રમેશચંદ્ર પાસુભાઈ શાહનંદ (ડુમરા - અમદાવાદ)**
- **શુક્રવાર, તા. ૨૭-૧૧-૨૦૧૫**
  **ચિ. અમી કિશોર ગોરધનદાસ મહેતા (લલિયાણા - અમદાવાદ)**
  **ચિ. દર્પિતકુમાર બિપિનભાઈ દવે (અમદાવાદ)**
- **સોમવાર, તા. ૧૪-૧૨-૨૦૧૫**
  **ચિ. દર્શિત કાંતિલાલ રામજી શાહ (રામાણિયા - અમદાવાદ)**
  **ચિ. મિલિ લલિતાંગ હિંમતલાલ શાહ (અમદાવાદ)**

### પુત્રી જન્મ

- **શુક્રવાર, તા. ૨૦-૧૧-૨૦૧૫**
  **ચિ. શાન્વી નિધિ પૂજન અશોકભાઈ ગોરજી (તેરા - અમદાવાદ)**

### અવસાન

- **ગુરુવાર, તા. ૩-૧૨-૨૦૧૫**
  **હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા - અમદાવાદ)**
- **શનિવાર, તા. ૧૨-૧૨-૨૦૧૫**
  **સોનલબેન મૂકેશભાઈ મૈશેરી (લાલા - અમદાવાદ)**
- **રવિવાર, તા. ૨૦-૧૨-૨૦૧૫**
  **સ્વરુપીબેન નાનચંદભાઈ સંઘવી (લાકડિયા - અમદાવાદ)**

*કાર્ય કરવું એ ઘણું સારું છે. પરંતુ તે વિચારમાંથી આવે છે.... માટે મસ્તિષ્કને ઉન્નત વિચારોથી, સર્વોચ્ચ આદર્શોથી ભરી દો. તેમને અહર્નિશ તમારી દૃષ્ટિ સમક્ષ રાખશો તો તેમાંથી જ મહાન કાર્યોનો જન્મ થશે.*

***– સ્વામી વિવેકાનંદ***
*સૌજન્ય : 'શક્તિદાયી વિચાર'*

## અભિનંદન



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય શ્રી આશિષ ધીરુભાઈ શાહે ૩૨ વર્ષની નાની વયે પાલડી વોર્ડ (અમદાવાદ)ની કોર્પોરેશનની ચૂંટણીમાં જંગી બહુમતીથી જીત મેળવેલ છે. જીવનની પહેલી ચૂંટણીમાં જ્વલંત સફળતા મેળવવા માટે સમાજ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

મૂળ વતન સાંતલપુર (વાગડ - કચ્છ)ના આશિષભાઈ, ૧૭ વર્ષની ઉંમરે સુરત, મુંબઈ, બેલ્જિયમ વગેરે સ્થળોએ હીરા બજારનો બહોળો અનુભવ મેળવી, જે.બી. એન્ડ બ્રધર્સ - સુરતની કંપનીમાં સિનિયર મેનેજરનું પદ નિભાવેલ. આમ જીવનમાં ઘડતરનો અનુભવ મેળવેલ છે.

તેમના પિતાશ્રી સ્વ. ધીરુભાઈ સ્વરુપચંદ શાહ (માજી અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા)ની તબિયત બગડતાં, માતાની આજ્ઞા અને પરિવારજનોની ઈચ્છા માથે ચડાવી અમદાવાદ સ્થાયી થવાનું નક્કી કરેલ. આત્મવિશ્વાસ, અનુભવ અને પરિશ્રમની મૂડીના જોરે એક નવું જ સાહસ એ.ડી. સર્જિકલના નામે ઘૂંટણના, થાપાના સર્જિકલ પાર્ટનો અમદાવાદ ખાતે સફળતાપૂર્વક વ્યવસાય શરૂ કર્યો.

વર્ષ ૨૦૧૦માં પાલડી વોર્ડ (અમદાવાદ - ભાજપ)ના મંત્રી તરીકે રહી રાજકીય સફર શરૂ કરી. ૨૦૧૧માં કચ્છ વાગડ સાત ચોવીસી મંડળ - અમદાવાદમાં મંત્રી તરીકે અનેક સામાજિક કાર્યોમાં કાર્યરત રહ્યા. સાથે સાથે જીવદયાની અનેક સંસ્થાઓમાં કમિટી મેમ્બર તરીકે જીવદયા અંગે પિતાજીના ગુણો જીવનમાં ઉતારી સક્રિય રહેલ છે. કચ્છમાંથી ૮૦થી ૧૦૦ જેટલી ઘૂંટણના સાંધા બદલાવવા માટે આવેલ વ્યક્તિઓને ઑપરેશનમાં મદદગાર થઈ સુંદર સેવાકીય કાર્ય કરેલ છે.

પૂ. દાદીમા વિદ્દુલાબા, માતુશ્રી વનીતાબેન, પ્રેરણામૂર્તિ ધર્મપત્ની અમીબેન અને પારિવારિક સભ્યોના આશીર્વાદથી તેમજ સમાજના સભ્યોના સાથ - સહકારથી અમદાવાદ મ્યુનિસિપલ ચૂંટણીમાં અનોખો વિજય પ્રાપ્ત કરેલ છે. તેઓ યુવાનોને સંદેશ આપતા જણાવે છે કે ચર્ચાઓમાં સમય વેડફવા કરતાં સમાજ અને રાજકારણમાં સક્રિય થઈ સમાજના તથા દેશના વિકાસમાં ભાગ લેવાનું આયોજન કરવાની સમજણ કેળવવી જરૂરી છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે અંતઃકરણપૂર્વક સંકળાયેલા યુવાન અને કર્મઠ લોક સેવકને હાર્દિક અભિનંદન અને એમની ભવિષ્યની કારકિર્દી માટે અઢળક શુભેચ્છાઓ. એમના દિવંગત પિતાશ્રી, શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદનું અણમોલ રત્ન હતા. મોરનાં ઈંડાં ચીતરવાનાં ન હોય.

આશા રાખીએ કે શ્રી આશિષભાઈ એમના પૂજ્ય પિતાશ્રીના પગલે ચાલીને ઉમદા લોકસેવક તરીકે ગુજરાતમાં સમાજને પ્રતિષ્ઠા અપાવશે. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ધ્વજવંદન પ્રસંગે જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તા. ૨૬-૧-૨૦૧૬ના રોજ સ્વતંત્ર ભારતનો ૬૭મો ગણતંત્ર દિવસની ઉજવણી કરે છે. કાર્યક્રમ નીચે મુજબનો રહેશે.

- સવારના ૯.૦૦ કલાકે : ધ્વજવંદન કાર્યક્રમ
- સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ : ટાઈફોઈડ માટેની રસીકરણનો નિઃશુલ્ક કેમ્પ.<br>હિપેટાઈટીસ-બી માટેની રસીકરણનો નિઃશુલ્ક કેમ્પ.

અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ...

## ટાઈફોઈડ માટેની રસીકરણનો નિઃશુલ્ક કેમ્પ

ટાઈફોઈડ એ ખાદ્યપદાર્થો અને પાણીથી ફેલાતો રોગ છે. ગુજરાત રાજ્યમાં એ એપેડેમિક છે. ટાઈફોઈડમાં તાવ અને નબળાઈ **બે થી ત્રણ અઠવાડિયા** રહે અને એના ઘણાં કોમ્પ્લિકેશન્સ જેમ કે અલ્સર અને પરફોરેશન પણ થઈ શકે.

આવી બીમારી અટકાવવા માટે ટાઈફોઈડની રસી મૂકાવવી હિતાવહ છે. સાદી ટાઈફોઈડની રસીની અસરકારકતા ૬૦% - ૭૦% છે અને તે દર ત્રણ વર્ષે મુકાવવી જરૂરી છે.

તો આવો, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો, આપણે પોતાનું સ્વાસ્થ્ય જાળવવા સજાગ થઈએ.

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ યોજાનાર નિઃશુલ્ક ટાઈફોઈડ રસીકરણનો લાભ લેવા.

***મેડિકલ સેન્ટરમાં વહેલા તે પહેલાના ધોરણે તા. ૮-૧-૨૦૧૬થી તા. ૧૮-૧-૨૦૧૬ સુધી નામ નોંધાવો.***

***(મર્યાદિત સંખ્યામાં નામ લેવામાં આવશે)***

***કેમ્પનો સમય : સવારના ૯.૩૦થી ૧૦.૩૦***

## *હિપેટાઈટીસ-બી માટે રસીકરણનો નિઃશુલ્ક કેમ્પ*

હિપેટાઈટીસ અર્થાત્ લીવરનો સોજો જે મુખ્યત્વે હિપેટાઈટીસના વાઈરસ જેમ કે હિપેટાઈટીસ A, B, C, D અને E નાં કારણે થાય છે. હિપેટાઈટીસ-બી નું વાઈરસ લીવરને નુકસાન કરતું વાઇરસ છે. તેનાથી લીવર પર સોજો આવવો, લાંબા સમયની લીવરની બીમારી, લીવર ફેઈલ થવું – જેવી બીમારીઓ થઈ શકે. આ વાઇરસ માતાથી બાળકમાં પણ ટ્રાન્સમિટ થઈ શકે. બ્લડ ટ્રાન્સફ્યુશન તથા ઈન્જેક્શનની સોયનો પુનઃ ઉપયોગ કરવાથી પણ ફેલાઈ શકે છે.

તેની રસી મૂકાવવાથી આપણે આ તમામ બીમારીઓ અટકાવી શકીએ. આ વાઈરસની રસીના કુલ ૩ ડોઝ – ૦, ૧ અને ૬ મહિને મૂકાવવા જ જોઈએ. કોઈપણ ઉંમરની વ્યક્તિ આ રસી લઈ શકે છે.

આ રસીની ઉપયોગીતા તથા અગત્યતા ધ્યાનમાં રાખી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ૨૬ જાન્યુઆરી, ૨૦૧૬નાં રોજ સમાજના સભ્યો માટે હિપેટાઈટીસ-બી ની રસી નિઃશુલ્ક આપવાનું નક્કી કરેલ છે.

***મેડિકલ સેન્ટરમાં વહેલા તે પહેલાના ધોરણે તા. ૮-૧-૨૦૧૬થી તા. ૧૮-૧-૨૦૧૬ સુધી નામ નોંધાવો.***

***(મર્યાદિત સંખ્યામાં નામ લેવામાં આવશે)***

***કેમ્પનો સમય : સવારના ૯.૩૦થી ૧૦.૩૦***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

સંચાલિત

## શ્રી રતનવીર ગૃહઉદ્યોગ

*નવનીત ભવન, શેઠ કલ્યાણજી આણંદજી બ્લોક, બહેરામપુરા, અમદાવાદ.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ તથા શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે નીચે મુજબની પ્રવૃત્તિઓ શ્રી નવનીત ભવન, શેઠ કલ્યાણજી આણંદજી બ્લોક, બહેરામપુરા, અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવેલ છે. દરેક કાર્યક્રમમાં વહેલા તે પહેલાના ધોરણે એક બેચમાં ૨૦ વ્યક્તિઓ લેવામાં આવશે. દરેક કોર્સમાં સરકારી અધિકારીઓ શીખવાડવા માટે આવશે. જુદી જુદી આઈટમ શીખવા માટે ત્રણ મહિનાનો કોર્સ કરવાનો રહેશે. જે તે કોર્સની એક સત્ર (૩ મહિના)ની ફી રૂા. ૨૦૦/-થી રૂા. ૫૦૦/-ની રહેશે. કોર્સ પૂરો કર્યા બાદ સરકાર તરફથી સર્ટીફિકેટ આપવામાં આવશે. જેના આધારે પણ શીખનાર વ્યક્તિ ટ્રેનર તરીકે નોકરી મેળવી શકશે.

આ ટ્રેનિંગ જુદા જુદા કોર્સ માટે સવારના ૧૦થી ૧૨, બપોરનાં ૨ થી ૪ તથા સાંજે ૪ થી ૬ દરમ્યાન આપવામાં આવશે.

| | ટ્રેનિંગનું નામ | સમય | ભરવાપાત્ર ફી |
|---|---|---|---|
| ૧. | મોન્ટેસરી ટ્રેનિંગ | ૧૦ થી ૧૨ | રૂા. ૫૦૦/- |
| ૨. | ડ્રોઈંગ, વુડન પેઈન્ટિંગ, ફેબ્રિક પેઈન્ટિંગ, લેન્ડ સ્કેપ, મોડર્ન આર્ટ | ૧૦ થી ૧૨ | રૂા. ૫૦૦/- |
| ૩. | કૂકિંગ – ચાઈનીઝ, પંજાબી | ૧૨ થી ૨ | રૂા. ૨૦૦/- |
| ૪. | બ્યુટી કલ્ચર એન્ડ હેલ્થકેર | ૨ થી ૪ | રૂા. ૩૫૦/- |
| ૫. | ઈંગ્લીશ સ્પીકિંગ (ફક્ત ૧ મહિનામાં ટ્રેઈન્ડ કરી આપવામાં આવશે) | ૨ થી ૪ | રૂા. ૫૦૦/- |
| ૬. | કોમ્પ્યુટર કોર્સ – બેઝીક, MS Office, Tally, DTP | ૨ થી ૪ | રૂા. ૫૦૦/- |
| ૭. | બેકરી આઈટમ બનાવવાનો કોર્સ | ૪ થી ૬ | રૂા. ૩૫૦/- |
| ૮. | બ્રોચ, ટેડીબેર બનાવવાનો કોર્સ | ૪ થી ૬ | રૂા. ૨૦૦/- |
| ૯. | હેન્ડિક્રાફ્ટ, સીલાઈ વર્ગ, બ્યુટી ક્લાસીસ | ૪ થી ૬ | રૂા. ૫૦૦/- |
| ૧૦. | બિઝનેસ મેનેજમેન્ટ, ચાઈલ્ડ ડેવલપમેન્ટ, ચાઈલ્ડ સાઈકોલોજી, એક્યુપ્રેશર | ૪ થી ૬ | રૂા. ૫૦૦/- |

દર રવિવારે બાળકો માટેના કાર્યક્રમો – ક્લે વર્ક, અંગ્રેજી વાંચતા - લખતા શીખવવા, પેઈન્ટિંગ, રમત-ગમતના કાર્યો, રંગોળી, મેજીક શો અને એ સિવાય અન્ય પ્રવૃત્તિઓ મહિલાઓ દ્વારા કરાવવામાં આવશે. નાસ્તા બનાવવા, સંગીત, અથાણાં દરેક પ્રકારના (સીઝન પ્રમાણે) તથા બચત યોજના વગેરે પ્રવૃત્તિમાં ભાગ લેનારને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

આ તમામ પ્રવૃત્તિઓ એક્સપર્ટ દ્વારા કરાવવામાં આવશે. સમાજનાં બાળકો તથા બહેનોને આ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લઈ પોતાની આવક વધારવા તથા જ્ઞાન વધારવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. ■

## આભાર – ઋણ સ્વીકાર

*અમારા વડીલ સ્વ. શ્રી હરખચંદ કુંવરજી સાવલાના દુઃખદ અવસાન નિમિત્તે ડિસેમ્બર મહિનામાં અસંખ્ય હિતેચ્છુઓ તથા સ્નેહીજનો તરફથી મેસેજ અને ફોનકોલ મળ્યા અને ઘણા લોકો પ્રત્યક્ષ મળવા પણ આવેલ. તે સર્વેનો અમારા સમસ્ત પરિવાર તરફથી વિનમ્ર હૃદયથી આભાર માનીએ છીએ.*

લિ.

**સમસ્ત સાવલા પરિવાર - વોરા પરિવાર**

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની***
***વિવિધ સેવાકીય યોજનાઓ માટે***
***નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧૨,૦૦૦/- શ્રીમતી હંસાબેન રમેશભાઈ ઉમરશી સાવલા - અમદાવાદ
રૂા. ૧૦,૦૦૦/- શ્રી વિશાલ મહેન્દ્ર વિશનજી શાહ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી કોકીલાબેન ભોગીલાલ પ્રેમચંદ શાહ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી - અમદાવાદ

### 'મંગલ મંદિર' ભેટ ખાતે

રૂા. ૫૦૧/- શ્રી જિતેન્દ્ર મૂલચંદ રાંભિયા
પુત્રી ચિ. નીલમના લગ્ન પ્રસંગ નિમિત્તે.
રૂા. ૫૦૧/- શ્રી પૂજન અશોક ગજેન્દ્ર ગોરજી
પુત્રી ચિ. શાન્વીના જન્મ નિમિત્તે.

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫૦૧/- શ્રી કિશોર ગોરધનદાસ મહેતા
પુત્રી ચિ. અમીના લગ્ન નિમિત્તે

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫૦૧/- શ્રી રશ્મિનભાઈ શાહ - મુંબઈ

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

*જે-જે દુર્ગુણોનું સેવન મારા જીવનમાં ગુપ્તપણે ચાલુ છે એ જ દુર્ગુણોના સેવન બદલ સામી વ્યક્તિ જ્યારે પકડાઈ જાય છે ત્યારે મારા હૈયામાં ઊંડે ઊંડે એક જાતનો આનંદ અનુભવાય છે.*

*સમજાતું તો મને એ નથી કે આ આનંદના અનુભવના મૂળમાં છે શું? સામી વ્યક્તિ બે-આબરૂ થઈ ગઈ એ, કે હું બે-આબરૂ થતો બચી ગયો એ?*

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

***<u>આગામી કાર્યક્રમ</u>***

★ શું આપ ૩થી ૯ વર્ષના બાળકોના માતા-પિતા, વાલી કે વડીલ છો?

★ શું આપ જાણો છો કે દરેક વ્યક્તિ પુખ્ત ઉંમરે જે કાંઈપણ બને છે, કરે છે અને વિચારે છે તે બધું જ તેના બાળપણના અનુભવોના આધારે જ હોય છે.

જો આ સંપૂર્ણ સત્ય હોય, તો દરેક મા-બાપ, વાલી કે દાદા-દાદી, નાના-નાનીએ જાણવું ખૂબ જ જરૂરી છે કે, આપણા કુટુંબના સંતાનોનો આવનાર ભવિષ્યને અનુરૂપ ઉછેર કેવી રીતે કરવો જોઈએ?

તો આવો, "Positive Parenting" વિષેના સેમિનારમાં જાણીતા સાઈકોલોજિસ્ટ શ્રીમતી રચના દલાલ દ્વારા.

*જાણીએ શ્રીમતી રચના દલાલ વિષે :*

■ *અભ્યાસ :*
- ★ MA - Clinical Psychology (Gold Medalist, MS Uni. Baroda)
- ★ Diploma in Counselling (UGC)

■ *અનુભવ :*
- ★ Clinical Psychologist - 2 year Hari Om Hospital.
- ★ હાલમાં અમૃત જ્યોતિ સ્કૂલ - આંબાવાડી ખાતે Counsellor તરીકે કાર્યરત.

*રવિવાર, તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬*
*સમય : બપોરે ૪.૦૦થી ૭.૦૦ કલાકે*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*
*રજિસ્ટ્રેશન ચાર્જ : ફક્ત રૂા. ૨૦/-*

***<u>રજિસ્ટ્રેશન માટે સંપર્ક</u>*** :
★ *શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. ફોન : ૨૬૫૮૧૫૦૧*
★ *કુ. દીશા છાડવા : ૯૭૨૨૯ ૨૧૪૨૭ (સાંજે ૪ વાગ્યા પછી)*
★ *શ્રીમતી રશ્મિ ગાલા : ૯૮૨૪૧ ૬૦૧૧૧ (બપોરે ૧૨ થી ૫)*

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.
***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ • ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

*આ વર્ષ દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરેલ છે, જેની નોંધ લેવા વિનંતી.*

*જાન્યુઆરી-૨૦૧૬* : Positive Parenting (૧૭-૧-૨૦૧૬ – બપોરે ૪.૦૦થી ૭.૦૦ દરમિયાન)

*ફેબ્રુઆરી / માર્ચ ૨૦૧૬* : 'જ્ઞાન સાથે ગમ્મત' – એક દિવસીય પિકનિક.

*એપ્રિલ - ૨૦૧૬* : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

*જૂન-૨૦૧૬* :
(૧) "આપના બાળકને ઓળખો" – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટેની વર્કશોપ.
(૨) "વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?" વિષય ઉપર ૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટેની વર્કશોપ.

*જુલાઈ-૨૦૧૬* :
★ "કેવી રીતે ભણવું?" વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
★ ૮ થી ૧૦ ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

*ઓગસ્ટ-૨૦૧૬* : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ ૫, ૬, ૭ના બાળકોનાં વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

*સપ્ટેમ્બર-૨૦૧૬* : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે.' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

*ઓક્ટોબર-૨૦૧૬* : "Multiple Intelligence & Life Skills"– ધોરણ ૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

*ડિસેમ્બર-૨૦૧૬* : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટેના એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

***નોંધ*** :

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. કાર્યક્રમ માટેના Experts જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૪. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) - ખૂબ જ વિચારક વાલીઓ બની શકે, તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૫. સૂચનો / નાવિન્યસભર ફેરફારને અવકાશ છે જ.
૬. Parentsની વ્યાખ્યા 'માત્ર માતા' નથી જ. પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો આ પ્રયત્ન છે.
૭. મા-બાપ સિવાય, ફેમિલીમાં રહેતાં વડીલો, દાદા-દાદીઓ, કાકા-કાકી કે નાના-નાની પણ Parentsની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો કાર્યક્રમોમાં આવે, તે આવકાર્ય છે.

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

સંચાલિત

# મેડિકલ સેન્ટર

## ન્યુરોપથી કેમ્પનો અહેવાલ

તબીબી સેવા સમિતિ દ્વારા મેડિકલ સેન્ટરમાં આ કેમ્પનું આયોજન મંગળવાર, તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ સવારે ૧૦થી ૧૨ તથા ગુરુવાર, તા. ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ બપોરે ૪ થી ૬માં કરવામાં આવ્યું હતું. બંને દિવસ મળીને કુલ ૧૧૦ વ્યક્તિઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. તેમાંથી ૩૦%થી વધારે વ્યક્તિઓને નોર્મલથી ઓછું સેન્સેશન એટલે કે ન્યુરોપથીની શક્યતા લાગેલ હતી, જેમને દવા તથા આગળ કન્સલ્ટેશનની જરૂર હતી. આશરે દશેક વ્યક્તિઓએ ફિઝિશિયન ઓર્થોપેડિક સર્જનને બતાવીને દવા તેમજ અન્ય સલાહ લીધી હતી. ડૉ. નીતુ પરીખે આશરે ૩૦ મિનિટનું લેક્ચર આપેલ. જેમાં ન્યુરોપથી એટલે શું? તેના લક્ષણો, કારણો અને કઈ કઈ વ્યક્તિઓએ ટ્રીટમેન્ટ લેવી જોઈએ વગેરે સમજાવેલ હતું, જેના દ્વારા કેમ્પમાં આવનાર દર્દીઓને ઉપયોગી માહિતી મળી હતી.

---

ફેમિલી ડૉક્ટર જેમ દર્દીની તાસીર ઓળખતા હોય તેમ પીડિયાટ્રિશિયન (બાળ નિષ્ણાત) પણ તમારા બાળકની તાસીર જાણી શકે, બાળક માટે ફેમિલી ડૉક્ટરની ગરજ સારી શકે અને બાળકના વિકાસને યોગ્ય રીતે ફૉલોઅપ કરી શકે, તે માટે મેડિકલ સેન્ટરમાં સોમથી શુક્રવાર – દરરોજ સવારે એક પીડિયાટ્રિશિયન, શનિવારે સવારે એક પીડિયાટ્રિશિયન તથા સોમથી શનિ દરરોજ સાંજે એક પીડિયાટ્રિશિયનની સેવા ઉપલબ્ધ છે.

તો આવો, તમારા બાળકનો 'તંદુરસ્ત બાળક' (Healthy Child) તરીકે વિકાસ સાધવા નિયમિતરૂપે બાળ આરોગ્ય વિભાગમાં ડૉક્ટરને મળો, બાળકને બતાવો અને માર્ગદર્શન લો...

બાળ વિભાગમાં સ્ટાન્ડર્ડ કંપનીની રસીઓ (વેક્સિન) પણ મૂકવામાં આવે છે.

---

## બાળ આરોગ્ય કેમ્પ (નિઃશુલ્ક)

***૧૫ વર્ષ તથા તેથી નાની ઉંમરના બાળકો માટે ચેક-અપ સાથે આનંદપ્રદ પ્રવૃત્તિ***

*(કોઈપણ સમાજ કે જ્ઞાતિની વ્યક્તિ ભાગ લઈ શકે છે.)*

★ બાળ આરોગ્ય નિષ્ણાતો દ્વારા બાળકનું ચેક-અપ.
★ દાંતના નિષ્ણાતો દ્વારા દાંતની તપાસ.
★ આંખના નિષ્ણાતો દ્વારા તપાસ.
★ આર્ટ ક્રાફ્ટ તથા વિવિધ પ્રવૃત્તિઓ સાથે.

***તારીખ : રવિવાર, ૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ • સમય : સવારે ૯ થી ૧૨***

***સ્થળ : મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.***

***તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૬થી રજિસ્ટ્રેશન કરવામાં આવશે.***

---

## ફેબ્રુઆરી-૨૦૧૬માં આયોજિત કરે છે....

### ડિપ્રેશનના દર્દીઓના પરિવારજનો તથા આ બાબતે રસ ધરાવતા વ્યક્તિઓ માટે ડિપ્રેશન વિષય અંગે એક વર્કશોપ

★ *ડિપ્રેશન શું છે?*
★ *તેના દર્દીને કેવી રીતે મેનેજ કરવો?*

વગેરે બાબતે નિષ્ણાત મનોચિકિત્સક તથા સાઇકોથેરાપિસ્ટ દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે પરિસંવાદ.

***કન્વીનર, તબીબી સેવા સમિતિ***

# વયસ્ક સમિતિ

સમિતિ તરફથી ૧લી ડિસેમ્બરના રોજ એક રંગારંગ કાર્યક્રમ એકસો પચાસેક વડીલોની હાજરીમાં યોજાઈ ગયો.

સૌપ્રથમ કન્વીનર શ્રી રજનીકાંત પારેખે વયસ્ક સમિતિ વતી સૌ વડીલોને આવકાર્યા હતા. આ કાર્યક્રમ ૮૦ વર્ષ અને તેથી ઉપરની ઉંમર ધરાવતી વ્યક્તિઓના પરીપ્રેક્ષ્યમાં યોજવામાં આવેલ હતો. આ સમાજની સૌથી વડીલ વ્યક્તિ ૯૪ વર્ષના શ્રી ખુશાલચંદ શાહ છે. સૌથી વયસ્ક યુગલ શ્રી મગનલાલ સંઘવી અને શ્રીમતી દમયંતીબેન સંઘવી છે, જેઓ ૮૬ વર્ષના છે. સમાજમાં આશરે ૮૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ૧૪ દંપતિઓ છે. ૮૦ વર્ષથી વધુ વયની ૧૭ સ્ત્રીઓ અને ૧૯ પુરુષો છે.



*કાર્યક્રમની રંગત માણતાં વડીલો*

આ કાર્યક્રમ રીધમ ગ્રુપના કલ્પેશ વ્યાસ દ્વારા પ્રાર્થનાથી આરંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંગીતની રસલ્હાણ કરવામાં આવી હતી. ગુજરાતી ગીતો 'નયનને બંધ રાખીને', 'તારી આંખનો અફીણી', 'મન મોર બની થનગટ કરે', 'કસુંબીનો રંગ' વગેરે ગાઈને સૌને રસ તરબોળ કર્યા હતા. તો આંધળી માં નો કાગળ અને દેખતા દીકરાના જવાબથી સૌની આંખો અશ્રુભીની કરી દીધી હતી. તેમના સહ કલાકારો અરુપ ઘોષ અને મયુરી સોનીએ 'ચાંદસી મહેબૂબા', 'ફૂલ તુમ્હે ભેજા હૈ', 'કજરા મહોબ્બતવાલા', 'મેરા નામ ચું ચું ચું', 'અફસાના લીખ રહી હું' વગેરે સદાબહાર ગીતોના સ્વર સાગરમાં નવડાવ્યા હતા.

આ કાર્યક્રમ માટે શ્રી રમેશભાઈ સાવલા અને શ્રીમતી હંસાબેન સાવલા તરફથી રૂા. ૧૨,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. સમિતિના સભ્યો દ્વારા શ્રી રમેશભાઈ સાવલા અને બહેનો દ્વારા શ્રીમતી હંસાબેન સાવલાનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી મહેન્દ્રભાઈ વિશનજી શાહ તરફથી તેમના ૮૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં રૂા. ૧૦,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. શ્રી મહેન્દ્રભાઈનું બહુમાન શ્રી હીરજીભાઈ શાહે તેમજ શ્રીમતી ચંદ્રાબેનનું બહુમાન શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા અને શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રીમતી નયનાબેન કિશોર ચુનીલાલ પારેખ તરફથી રૂા. ૧૦,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. તેમનું બહુમાન શ્રીમતી હંસાબેન સાવલા તેમજ શ્રીમતી કોકીલાબેન ભોગીલાલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ તરફથી રૂા. ૫,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. શ્રી ભોગીલાલભાઈનું બહુમાન શ્રી ભોગીલાલ છગનલાલ શાહ અને મગનભાઈ સંઘવીએ કર્યું હતું. તેમજ શ્રીમતી કોકીલાબેનનું બહુમાન શ્રીમતી જયાબેન જીવરાજભાઈ નાગડાએ કરેલ હતું.

શ્રી ધીરજલાલ કરશનજી તરફથી રૂા. ૫,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. શ્રી ધીરજલાલ સંઘવીનું બહુમાન આદર્શ અમદાવાદના શ્રી કિરીટભાઈ શાહ અને શ્રીમતી હસુબેન સંઘવીનું બહુમાન શ્રીમતી ચંદ્રાબેન શાહ, શ્રીમતી ઉર્મિલાબેન વસા અને શ્રીમતી ભારતીબેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

અંતમાં સૌ સુરુચિ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

## આગામી કાર્યક્રમ

★ **તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૧૬ને બુધવારે** બપોરે ૪ વાગ્યાથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવશે. આ દિવસે વયસ્ક સમિતિને દસ વરસ પૂર્ણ થતાં હોઈ વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૫૦ ફેમિલીને એક ગીફ્ટ આપવામાં આવશે.

**કાર્યક્રમ**

- અરવિંદ જાની – હાસ્ય કલાકાર દ્વારા કાર્યક્રમ.
- હાઉસી.

*અંતમાં સૌ ભોજન લઈને છૂટા પડીશું.*

★ **૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૬ને બુધવાર**ના રોજ મોડાસા ખાતે 'દાદા-દાદી રિસોર્ટ'માં એક દિવસનો કાર્યક્રમ.

**કાર્યક્રમની વિગત**

| | |
|---|---|
| સવારે ૬.૩૦ | પાલડી ભવનથી પ્રસ્થાન |
| સવારે ૮.૦૦ | બબલપુરા આગમન, દર્શન, નવકારશી. |
| સવારે ૧૦.૦૦ | રિસોર્ટ આગમન. |
| | વિવિધ રમતો, ભોજન, ચા-પાણી |
| સાંજે ૬.૦૦ | રિસોર્ટથી પરત. |
| રાત્રે ૮.૦૦ | પાલડી ભવન પરત, ભોજન, વિદાય. |

કાર્યક્રમમાં સામેલ થવા ઈચ્છતી વ્યક્તિઓએ વ્યક્તિદીઠ રૂા. ૫૦૦/- પાલડી ભવન ખાતે ભરી, લખાવી દેવા. પેસેન્જરની સંખ્યા પૂર્ણ થયા બાદ પૈસા સ્વીકારવામાં આવશે નહીં.

***રજનીકાંત પારેખ - કન્વીનર, વયસ્ક સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન મહિલા ઉત્કર્ષ સમિતિ

## સ્વબચાવ ટ્રેનિંગ માટેનો ત્રિ-દિવસીય કેમ્પ – અહેવાલ

મહિલા સુરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત સ્વબચાવની તાલીમ આપતો ત્રિ-દિવસીય કેમ્પ, પાલડી ભવન ખાતે તા. ૩૦-૧૦-૧૫, ૩૧-૧૦-૧૫ અને તા. ૧-૧૧-૧૫ના રોજ યોજાઈ ગયો.

**શ્રી ઉજ્જવલ જયસ્વાલ,** જેઓ કરાટે કુંગફૂ ફેડરેશનના સંચાલક અને 2nd Den Black Beltના ધારક પણ છે, તેમણે બહેનોના પાયાની તાલીમ આપી હતી. સ્વબચાવ માટે સૌપ્રથમ આપણે આપણી જાતને સજ્જ કરવી જરૂરી છે અને એટલા માટે જ એમણે ***flexibility*** વધારે તેવી કસરતોથી તાલીમની શરૂઆત કરી હતી. એમના મતે, આ કળા શીખવા માટે ૪ મુદ્દા ધ્યાનમાં રાખવા ખૂબ જરૂરી છે : (૧) **આત્મવિશ્વાસ** (હિંમત), (૨) **તાકાત**, (૩) **ટેકનિક**, (૪) **Presence of mind** (સતર્કતા).

આ basic exercise થી હાથ, મુઠ્ઠી, હથેળી, કોણી, પગ, પગનો પંજો વગેરે અંગો મજબૂત બનાવી શકાય. ત્યારબાદ માર્શલ આર્ટની મદદથી સ્વબચાવ માટેની ટેકનિક શીખવી હતી. જેમાં 7 Vital Points (નાજુક અંગો) પર ભાર મૂક્યો હતો. **7 Vital Points** માં **આંખ, નાક, ગળું, માથાનો પાછળનો ભાગ, કાનની બુટ નીચેનો ભાગ, આંગળીઓ અને સેન્ટર પોઈન્ટ**નો સમાવેશ થાય છે. જયારે કોઈ attack કરે ત્યારે જો **આત્મવિશ્વાસથી, તાકાતની સાથે** અને **ટેકનિકની મદદથી** Vital Points ઉપર પ્રહાર કરવામાં આવે તો સ્વબચાવ માટે કમ સે કમ ભાગી છુટવાનો સમય ચોક્કસ મળી શકે. આવા સમયે કઈ ટેકનિક વાપરવી વધારે યોગ્ય રહેશે તે ઝડપથી નક્કી કરવા માટે ***Presence of mind*** ખૂબ જરૂરી છે. છેલ્લે એમણે ટકોર કરી હતી કે મોડી રાત્રે એકલા જવાનું કે નિર્જન - એકાંત જગ્યાએ એકલા જવાનું ટાળવું અને મુશ્કેલીને આમંત્રણ આપે તેવા કપડા પહેરવાનું ટાળવું.

સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહે, બહેનોનો અને કાર્યકરોનો ઉત્સાહ વધારવા ખાસ હાજરી આપી હતી. શ્રી ઉજ્જવલભાઈની સાથે બે ટ્રેઈનર (assistant) આવ્યા હતા. જેના કારણે બહેનોને વ્યક્તિગત ધ્યાન અપાયું હતું. પચાસેક જેટલી બહેનોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ૧૩ વર્ષથી ૫૩ વર્ષ સુધીના બહેનો હાજર રહ્યા હતા. દરેકે પોતાની ઉંમર અને ક્ષમતા પ્રમાણે તાલીમ ગ્રહણ કરી હતી.

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

**સ્ત્રીઓ માટે આજના જમાનામાં આ કળા શીખવી અનિવાર્ય છે.**

***Clothes are not only for your beauty but such as for you Safety too...***

## આગામી કાર્યક્રમ

### લેટેસ્ટ બેકરી વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન

સમિતિના ઉપક્રમે તા. ૩-૨-૨૦૧૬ને બુધવારના રોજ કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન અંતર્ગત બેકરી વાનગીઓની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં અવનવી, ઇંડા વગરની, યંગસ્ટર્સને ભાવે તેવી વાનગીઓ જેવી કે Muffins, Cup cakes, Dezerts વગેરેનો સમાવેશ કરેલ છે.

આ કાર્યક્રમ માટે 'બેકર્સ સ્ટુડિયો' (સ્થળ નીચે આપેલ છે) પહોંચી જવાનું રહેશે. આ સ્ટુડિયો અદ્યતન સગવડોથી સજ્જ હોવાના કારણે બહેનો સારી રીતે શીખી શકશે. તે ખાસ હેતુસર આ કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર રાખેલ નથી. આ સ્પેશિયલ વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન હોવાથી બેચની સાઈઝ નાની રાખેલ છે, જેથી બહેનો મર્યાદિત સંખ્યામાં જ ભાગ લઈ શકશે. માટે વહેલા તે પહેલાના ધોરણે ટોકન ફી ભરીને પાલડી ભવન ખાતે રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી.

★ *કાર્યક્રમ* : *લેટેસ્ટ સ્પેશિયલ બેકરી વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન*
★ *તારીખ* : બુધવાર, તા. ૩-૨-૨૦૧૬
★ *સમય* : બપોરે ૨.૩૦ વાગ્યાથી
★ *રજિસ્ટ્રેશન ટોકન ફી* : રૂા. ૫૦/- માત્ર
★ *નવું સ્થળ* : બેકર્સ સ્ટુડિયો
૫, કેમ્પસ કોર્નર-૧, ગૃહશોભાની ઉપર,
પ્રહલાદનગર ગાર્ડન ક્રોસ રોડ, અમદાવાદ-૧૫.

***ખાસ નોંધ*** : કાર્યક્રમના નવા સ્થળની ખાસ નોંધ લેવા વિનંતી. અગવડતા બદલ ક્ષમા.

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

## તમામ સુખો

એક શાંત, સુંદર ઘર,
એક સંપભર્યો પરિવાર,
થોડાં સુંદર પુસ્તકો,
ચાહવા ગમે એવાં અને તમને ચાહતા મિત્રો,
થોડી નિર્દોષ, નિષ્કલંક હસી-મજાક,
સત્ય પરત્વે નિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ,
પ્રેમ અને આશાથી ભર્યોભર્યો
એક નિર્દંભ ધર્મ –

*બસ આટલું હોય તો સમગ્ર સૃષ્ટિનાં*
*તમામ સુખો તમારાં ચરણ ચૂમતાં હશે.*

*– ભાર્ગવી દોશી*
*સૌજન્ય : "સમજણના સૂર"*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## પર્યાવરણ સંતુલન અભિયાન - વિહંગાવલોકન

'સ્વસ્થ જીવન માટે સ્વસ્થ ભૂમિ'નું નિર્માણ કરવું અનિવાર્ય ગણાય. આ સૂત્ર સંયુક્ત રાષ્ટ્રોએ માનવ વિકાસ સાધવા માટે 'ભૂમિ'ની અનિવાર્યતા પર ભાર મૂકી અને તેનું મહત્ત્વ સમજાવવા માટે વર્ષ ૨૦૧૫ને "આંતરરાષ્ટ્રીય ભૂમિ વર્ષ" તરીકે ઉજવવા ઠરાવ પાસ કર્યો.

'ભૂમિ' શબ્દનો વ્યાપક અર્થમાં સંયુક્ત રાષ્ટ્રોએ અર્થઘટન કરી રણ વિસ્તાર કે ઉજ્જડ થતી જમીનોની પ્રક્રિયાઓને અટકાવવા માટે પર્યાવરણલક્ષી અનુકૂલન અને તેના ઉપશમનના ભાગરૂપે આવી ભૂમિમાં વૃક્ષારોપણ કરી અને તેને ઉછેરવાનું અભિયાન, એટલે Healthy Soil for a Healthy Life.

આ વિશ્વવ્યાપી અભિયાનનું મૂળ ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સંયુક્ત રાષ્ટ્રોએ પસાર કરેલ ઠરાવમાં અપાયેલ છે. આ ઠરાવથી ૫મી ડિસેમ્બર, ૨૦૧૩ને "વિશ્વ ભૂમિ દિવસ" તરીકે સ્થાપિત કરવામાં આવ્યું. આ ઠરાવને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેમના સુવર્ણ જયંતી વર્ષના ઉપલક્ષને ધ્યાનમાં રાખીને "કચ્છી માડુ"ની "માતૃભૂમિ"ને રસાતળ બનાવવા માટે આ વિશ્વવ્યાપી પહેલમાં સહભાગી થવા માટે સંસ્થાના 'સુવર્ણ જયંતી વર્ષ'ને આ અભિયાનને 'કર્મનિષ્ઠ' બનાવીને સુવર્ણ જયંતીને યાદગાર ભેટ સ્વરૂપે પર્યાવરણ સંતુલન અભિયાનના નિર્માણનું આયોજન કર્યું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા 'પર્યાવરણ સંતુલન અભિયાન'નો મુખ્ય ધ્યેય માત્ર વૃક્ષને રોપવાનું જ કાર્ય કરવા પૂરતું મર્યાદિત નથી પણ રોપાયેલ રોપાને ચાર-પાંચ વર્ષ સુધી તેને ઉછેરવાની જવાબદારી પણ આ કાર્યની સાથે અભિપ્રેત છે.

આ અભિયાનની કામગીરી કરવાની શરતો પણ સરળ અને વ્યવહારું છે. જે સંક્ષિપ્તમાં જોઈએ તો :

રોપાઓના રોપણ કર્યા બાદ તેમના ઉછેરવાની માવજત એ મહત્ત્વની અને અનિવાર્ય ગણાય. જેમાં મુખ્યત્વે (૧) રોપાઓને સમયસર પાણીનું સિંચન કરવું. (૨) રોપાઓને ખાતર આપવું. સાથોસાથ જે સંસ્થા કે વ્યક્તિએ આ રોપાઓની વૃધ્ધિ માટેની જવાબદારી લીધેલ છે, તેમણે રોપાઓને સુરક્ષિત રાખવા માટે સ્વૈચ્છિક જવાબદારી જેવી કે રોપાઓ રોપવા માટે જે જમીન ફાળવેલ હોય તે જમીનની આસપાસ રોપાઓની સુરક્ષા માટે સંસ્થા કે વ્યક્તિએ જમીનની આસપાસ ચારેબાજુ દીવાલ અથવા વાડ અથવા તારની જાળી બાંધવાની જવાબદારી સંસ્થા કે વ્યક્તિની રહેશે. વૃક્ષારોપણ કરવા માટેની પાયાની જરૂરિયાત અને આનુસંગીક સુવિધાની વિગતો જોયા બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આ અભિયાનમાં પ્રાપ્ત કરેલ સિધ્ધિના સરવૈયા પર દૃષ્ટિપાત કરીએ તો....

૧. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં ગત વર્ષે મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ તેમજ સ્થાનિક કોર્પોરેટરોની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ અને એ બધી શાળાઓમાં સમાજના કાર્યકરોની દેખરેખ હેઠળ શાળાના બાળકો અને શિક્ષકો વૃક્ષોને ઉછેરી રહ્યા છે.

| *ક્રમ* | *શાળાનું નામ* | *રોપાઓની સંખ્યા* |
|---|---|---|
| ૧. | મ્યુનિસિપલ શાળા નં.-૨૯/૩૦ | ૧૫ રોપાઓ – પાંજરા સાથે |
| ૨. | મ્યુનિસિપલ શાળા નં.-૨૬ | ૨૦ રોપાઓ – પાંજરા સાથે |
| ૩. | મ્યુનિસિપલ શાળા નં.-૮ | ૧૮ રોપાઓ – પાંજરા સાથે |
| ૪. | મ્યુનિસિપલ શાળા નં.-૨/૩ | ૧૫ રોપાઓ – પાંજરા સાથે |
| ૫. | સ્કાઉટ ભવન - પાલડી | ૪૦ રોપાઓ – પાંજરા સાથે |

૨. કચ્છના મુંદ્રા અને માંડવી તાલુકામાં નીચે મુજબના ગામોમાં વૃક્ષવાટીકાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ છે અને સમાજના કાર્યકરોની સીધી દેખરેખ નીચે કાળજીભરી માવજતના ફળસ્વરૂપે છેલ્લા એક વર્ષથી આ વૃક્ષો ખૂબ જ સારી રીતે વિકાસ પામી રહ્યા છે.

| *ગામ* | *રોપાની સંખ્યા (આશરે)* |
|---|---|
| ભુજપુર | ૧,૦૦૦ |
| મોટી ખાખર | ૯૦૦ |
| નાની ખાખર | ૪૦૦ |
| ગોધરા | ૧,૦૦૦ |

૩. કચ્છના અબડાસા તાલુકામાં (૧) લાંગાપીર વિસ્તારમાં ૫૦૦ રોપા, (૨) તેરા પાંજરાપોળમાં ૪૫૦ રોપા તેમજ (૩) તાલુકાની આઠ ગ્રુપની જુદી જુદી પ્રાથમિક શાળાઓમાં ૩,૦૦૦ જેટલા રોપાઓ આ વર્ષે જ વાવવામાં આવેલ છે અને સારી રીતે ઉછરી રહ્યા છે.

૪. આગામી વર્ષમાં કચ્છના અન્ય વિસ્તારો પણ આ વૃક્ષ ઉછેર કાર્યક્રમ નીચે આવરી લેવાનું સંસ્થાનું આયોજન છે.

સંસ્થાના આ વૃક્ષઉછેર અભિયાનને પ્રોત્સાહન આપવા માટે (૧) શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન પરિવાર (નાની ખાખર - મુંબઈ, અમદાવાદ) તેમજ (૨) શ્રી નવનીત પરિવારે (રાયણ - અમદાવાદ) કચ્છના એક એક ગામની વૃક્ષવાટિકા દત્તક લીધેલ છે. તે ઉપરાંત કેટલાય વતનપ્રેમી કચ્છીઓ તરફથી પણ ૫, ૧૦, ૨૦ વૃક્ષો દત્તક લઈને સહયોગ આપેલ છે.

કચ્છમાં જાન્યુઆરી-૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસનો ગ્રાફ નવા ઉન્મેશની દિશાસૂચન કરી રહ્યું છે. સાથોસાથ પર્યાવરણને લગતા પ્રશ્નો પણ સ્વસ્થ જીવન માટે સ્વસ્થ ભૂમિના નિર્માણ માટે પણ વતનપ્રેમી કચ્છી માડુઓ અને કચ્છના ઉદ્યોગપતિઓ પણ અમારા આ અભિયાનમાં જોડાઈને વૃક્ષોને દત્તક લઈને અમારા આ અભિયાનની ફળશ્રુતિના પરિણામે આ વર્ષની ઉજવણી કરવામાં આપના સાથ અને સહકાર, એ 'ઝાઝા હાથ રળિયામણા' આ કહેવતને ખરા અર્થમાં ફળીભૂત કરવા માટે કટીબધ્ધ થઈએ.

***પર્યાવરણ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૫

- **તા. ૨૦-૧૧-૨૦૧૫**

★ આજરોજ બપોરે ૨.૦૦ વાગે નવનીત ભવન, આવાસ યોજના, બહેરામપુરા ખાતે શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ સમિતિ તથા શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશનનાં સંયુક્ત ઉપક્રમે બ્યુટી કલ્ચર એન્ડ હેલ્થકેર અને બેકરી કોર્સ ચાલુ કરવામાં આવ્યા હતા. જેમાં બ્યુટી કલ્ચરમાં ૨૦ બહેનોએ તથા બેકરી કોર્સમાં ૨૦ બહેનોએ હાજરી આપેલ હતી. આ ટ્રેનિંગ બપોરના ૨ થી ૪ તથા સાંજે ૪ થી ૬ આપવામાં આવી હતી.

- **તા. ૨૧-૧૧-૨૦૧૫**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મંગલ મંદિર સલાહકાર સમિતિની એક બેઠક મળી હતી. જેમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી મનુભાઇ ગોવિંદલાલ શાહ તથા ડૉ. કેશુભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. 'મંગલ મંદિર'ની સમગ્ર રૂપરેખા અંગે તથા શરૂઆતના ગેટ અપ અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

★ આજરોજ સાંજના ૬.૩૦ વાગે સંસ્થાના પાલડી ભવન ખાતે અઘટીત બનાવ બની જતા કાર્યવાહી કરવામાં આવી હતી તથા સંસ્થા તરફથી પીડિતના કુટુંબીજનોને પૂરતો સહયોગ આપવામાં આવ્યો હતો.

- **તા. ૨૨-૧૧-૨૦૧૫**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર શ્રી કચ્છી જૈન કો.ઓ. ક્રેડિટ સોસાયટીની મિટિંગ મળેલ હતી. જેમાં સારી એવી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. જેમાં ક્રેડિટ સોસાયટીના તમામ હિસાબોની રજૂઆત કરવામાં આવી હતી, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

★ આજે સવારના ૧૧ વાગે સ્વ. શ્રી લબ્ધિભાઈ મોમાયાના સુપુત્ર ચિ. સ્વરાજ મોમાયા તથા તેમના કુટુંબીજનોને સ્વ. શ્રી લબ્ધિભાઈની કચ્છી જૈન ભવન પર પડી રહેલ ચીજવસ્તુઓ - માલસામાન સુપરત કરવામાં આવી હતી.

- **તા. ૨૩-૧૧-૨૦૧૫**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના અતિથિ રૂમની સગવડો અંગે આવેલ ફરિયાદો તથા હાઉસ કિપીંગ અંગે ચર્ચા વિચારણા કરી હતી તથા તાત્કાલિક ધોરણે ૪થા માળના ૪ રૂમોનું રિનોવેશન કરાવી લેવાનું નક્કી કર્યું હતું. આ માટે ભવન ઉપર આવેલ શ્રી અનિલ સથવારાને સાથે રાખીને ટૂંકા સમયમાં શું શું કામ કરવાનું છે તેની વિગતવાર નોંધ કરી ૪/૫ દિવસમાં કામ શરૂ કરી દેવાનું જણાવવામાં આવ્યું હતું અને આ અંગેની જાણ રિનોવેશન સમિતિને કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૨૬-૧૧-૨૦૧૫**

★ આજે સવારના ૧૦.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રિનોવેશન સમિતિની મિટિંગ મળી હતી. જેમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી આશિષ મહેતા, શ્રી દિનેશ મણિલાલ શાહ તથા શ્રી પીયૂષ પારેખ હાજર રહ્યા હતા. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના ૪થા માળના અતિથિ ગૃહના રૂમો રિનોવેશન અંગે ચર્ચા વિચારણા કરી હતી.

- **તા. ૨-૧૨-૨૦૧૫**

★ આજે બપોરે આવાસ યોજનાના શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ ખાતે બહેનો રોજગાર મેળવી શકે તે બદલ એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૬ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. બહેનો નવરાશની ક્ષણોમાં કોઈ એવું

કામ કરી શકે કે જનાથી વધારાની આવક ઊભી થઈ શકે, તે અંગેનું સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

★ આજે બપોરે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે હિસાબી સમિતિની એક મિટિંગ મળી હતી. જેમાં શ્રી મગનલાલ સંઘવી, શ્રી કે.ડી. શાહ, શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર અને એકાઉન્ટન્ટ શ્રી કિશોર ઠક્કર હાજર રહ્યા હતા. ત્રણેય ભવનોના તા. ૩૦-૯-૨૦૧૫ સુધીના ૬ માસિક હિસાબો તૈયાર કરી આપવામાં આવ્યા હતા. હાજર રહેલ સભ્યોએ હિસાબની વિગતવાર છણાવટ કરી હતી તથા ૩૧-૧૦ સુધીના હિસાબો ઑડિટ થઈ ગયેલ છે અને નવેમ્બર માસના હિસાબો ઑડિટ થઈ રહેલ છે તેમ વધુમાં જણાવ્યું હતું.

● **તા. ૩-૧૨-૨૦૧૫**

★ આજે બપોરના ૨ વાગે આવાસ યોજના - શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ ખાતે વેદાંત ઈન્ટરનેશનલ ગ્રુપના શ્રી રજનીકાંત વેદાંત આવ્યા હતા, જેઓ નિવૃત્ત નાયબ કલેક્ટરશ્રી છે અને વેદાંત ગ્રુપના ચેરમેનપદે છે. તેઓશ્રીએ હાજર રહેલ તમામ બહેનોને આર્થિક રીતે પગભર થવા માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. તે ઉપરાંત આદર્શ સ્કૂલના વ્યવસ્થાપક શ્રી મફતભાઈ મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પણ મહિલાઓને વધારાના રોજગાર મેળવવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી ઈમરાનભાઈએ બેકરીની અમુક આઈટમ્સ જેવી કે બ્રેડ, સુપ સ્ટીક્સ, પાંઉ તથા પીઝાના રોટલા જેવી આઈટમો બનાવવાનું શીખવાડ્યું હતું.

● **તા. ૪-૧૨-૨૦૧૫**

★ શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસરે આજે વિશ્રામ ગૃહ - શાહીબાગની મુલાકાત લીધી. ત્યાં ઉતરેલા પેશન્ટો અને પેસેન્જરો સાથે સગવડતા બારામાં ચર્ચા કરી અને સ્ટાફ / કેન્ટીનમાં જરૂરી સૂચનો આપ્યા.

● **તા. ૭-૧૨-૨૦૧૫**

★ આજે શ્રી અશોકભાઈ શુક્લા, આપણા સમાજના લેબર કન્સલટન્ટ સાથે સફાઈના કોન્ટ્રાક્ટ અંગે ચર્ચા કરવા એક મિટિંગ પાલડી ભવનમાં મળી હતી. શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી હસમુખભાઈ શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી પરાશર વ્યાસ (મેનેજર) હાજર હતા.

● **તા. ૮-૧૨-૨૦૧૫**

★ આજરોજ બપોરના આવાસ યોજના - શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ ખાતે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલા એવા શ્રી ઈમરાનભાઈના સહયોગ તથા શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશનના સહયોગથી મહિલા સશક્તિકરણના વિષય ઉપર વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. તેમાં શ્રીમતી પુષ્પાબેન કવિ, શ્રીમતી ગીતાબેન મહેતા, શ્રીમતી ફિરોઝાબેન તથા અન્ય કેટલીક સંસ્થાઓ સાથે સંકળાયેલ બહેનો પણ હાજર રહી હતી. શ્રી આણંદજી કલ્યાણજી બ્લોક્સના પ્રમુખ શ્રી નીતિનભાઈ પણ હાજર રહ્યા હતા.

● **તા. ૧૧-૧૨-૨૦૧૫**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશનવાળા શ્રીમતી નિશાબેન તથા લલિત એકેડેમિના શ્રી ભટ્ટ સાહેબ સાથે શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ માટેના આગામી કાર્યક્રમો અંગે શ્રી પ્રતાપ નારાણજી દંડ સાથે મળીને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

● **તા. ૧૨-૧૨-૨૦૧૫**

★ આજરોજ સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર ભુજ ખાતે શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ભુજ તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ યોજાયેલ સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપવા ગયા હતા. જ્યાં બપોર પછી કલા કસબની જુદી જુદી સંસ્થાઓની મુલાકાત લઈ છેલ્લે શ્રી મૂકેશભાઈ ઝવેરી સાથે તેઓની સંસ્થાના સંકુલમાં તેઓની સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવનારા મેડિકલ સેન્ટર અંગે ચર્ચા વિચારણા કરી હતી.

● **તા. ૧૩-૧૨-૨૦૧૫**

★ આજરોજ સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર ભુજ ખાતે શ્રી કચ્છી વીસા ઓસવાલ જન મહાજન - ભુજ તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા યાજાયેલ સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપી હતી તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશ જૈનને સંસ્થા તરફથી શુભેચ્છા પાઠવી હતી.

● **તા. ૧૫-૧૨-૨૦૧૫**

★ આજે પાલડી ભવનમાં ભવન સમિતિની મિટિંગ ૧૦ વાગે મળી હતી. શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીકાંત પારેખ, શ્રી લહેરચંદ મૈશેરી અને શ્રી બચુભાઈ રાંભિયાએ હાજરી આપી હતી. મિટિંગમાં રિનોવેશન થયેલ શાહીબાગના રૂમો અને પાલડી ભવનના રૂમોના ભાડા અંગે ચર્ચા કરી હતી. રૂમોની સફાઈ અંગે જે કોન્ટ્રાક્ટ આપવાનો છે એના અંગે ચર્ચા કરી હતી.

● **તા. ૧૭-૧૨-૨૦૧૫**

★ શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસરે વિશ્રામગૃહ શાહીબાગની સવારના મુલાકાત લીધી હતી. અંજાર કચ્છમાંથી કંકુબેન ખટાઉ માવજી શેઠિયા ગર્લ્સ સ્કૂલના વિદ્યાર્થીઓ (૧૦૫) અને શિક્ષકો (૧૫) સાથે વાર્તાલાપ કર્યા હતા અને મ્યુઝિયમની મુલાકાત લેવડાવી હતી. વિશ્રામ ગૃહમાં સગવડતા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. વિશ્રામ ગૃહમાં ઉતરેલા પેશન્ટોની મુલાકાત લીધી હતી. ડાયાલિસિસ સેન્ટર / કેન્ટીનની કાર્યવાહી ચેક કરી હતી. ■

## ઊડતી નજરે....

**માસ નવેમ્બર-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ............ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | ૯,૧૮૧ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ ૩૪૫ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ ૪૨ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............ ૧૪ | |
| | ● | સોનોગ્રાફી ............ ૭૬૯ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............ ૧૬ | |
| | ● | બોડી ચેક-અપ ............ ૩૦૯ | |
| | ● | અન્ય ............ ૭,૬૮૬ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૯૪૬ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૨,૮૭૩ | ૩,૮૧૯ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૧,૯૨૫ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૫,૪૪૪ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૫૦૧ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ............ ૧,૧૪૫ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .. ૪૩૪ | ૯,૪૪૯ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૪૮૪ | ૪૮૪ |
| | | માસ નવેમ્બર - ૨૦૧૫ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............ | ૨૨,૯૩૩ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

: મુંબઈ ઓફિસ :

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

**Since 1958** **Leading. Innovating. Growing.**







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

**ISO 9001 : 2008**

## V-Trans offers unmatched service edge to all its customers

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

- **Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates**
- **Expertise in multi point door pickup and door delivery**
- **Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations**
- **Geographical presence across India at 400 locations in 26 states - further expanding**
- **Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof**

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West), Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**

# ROMAN
GROUP

*Give Your Society The Best!*



*Pest Control*

*Water Purifier*

*Water Proofing*

*Building Facilities*

*Silicon Acrylic Paint*

*Water Treatment Plant*

*Rain Water Harvesting*

*Solar Water Heating Systems*

*Tank And Ringwell Cleaning*

*Property Redevelopment And solutions*

*Landscaping And Play Equipment For Gardens*

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,